
# રોશની

## (વાર્તાસંગ્રહ)




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *


<u>e-book</u>

| | |
|---|---|
| Title | : Roshani (રોશની) |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 135 |
| Created | : October 4th 2018. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## <u>પ્રકાશકીય</u>

વડોદરા

તા. ૨૦-૧૧-૭૭

પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા સ્વ. શ્રી મોતીભાઈ ન. અમીનની સ્મૃતિ જીવંત રાખવા માટે વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળે વડોદરા રાજ્યના પુસ્તકાલયો પાસેથી ભંડોળ એકત્ર કર્યું હતું. અને તેમાંથી દર વર્ષે સદ્ગતની સંવત્સરી પ્રસંગે લોકોપયોગી ગ્રંથ પ્રસિદ્ધ કરવા ઠરાવ્યું હતું.

વડોદરા રાજ્યનું વિલિનકરણ થતાં એ ભંડોળ, ઉપર્યુક્ત ઉદ્દેશ પાર પાડવા માટે ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ. વડોદરાને સુપ્રત થયું છે, એ યોજના અનુસાર અમારા મંડળે જાણીતા લેખકોનાં ૨૧ પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. તે પછી સદર ગ્રંથમાળાનાં પુસ્તકો સદ્ગતની જન્મજયંતી પ્રસંગે પ્રસિદ્ધ કરવાનું ઠરાવ્યું હોઈ આ શુભ અવસરે આ અગાઉ ૧૩ પુસ્તકો પ્રગટ થયાં છે અને આ ચૌદમું પુસ્તક પ્રગટ કરીએ છીએ. ચાલુ વર્ષે સદ્ગતની જન્મજયંતી પ્રસંગે '**રોશની**' નામનું આ ૩૫મું પુસ્તક પ્રગટ કરતાં અમે આનંદની લાગણી અનુભવીએ છીએ.

**રોશની**ના લેખક શ્રી યોગેશ્વરજીએ એમાં માનવજીવનની ખુશ્બો, ખરાબીઓ પર રોશની પાથરતી વીસેક વાર્તાઓ આલેખી છે. જે વાચકોને અવશ્ય ગમશે એવી શ્રદ્ધા છે,

સ્વ. મોતીભાઈ ન. અમીન ગ્રંથમાળાના આ પુસ્તકને વાચકવર્ગ આવકારશે - વધાવી લેશે એની ખાતરી છે.

- અંબુભાઈ ડી. પટેલ

(અધ્યક્ષ, ગુજરાત પુસ્તકાલય સ. સ. મંડળ લિ.)

* * *

## <u>શ્રી યોગેશ્વરજી</u>


**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



'રોશની'નો આ વાર્તાસંગ્રહ સાહિત્યરસિક જનતા સમક્ષ રજૂ કરતાં અનોખી ઊર્મિ અનુભવી રહ્યો છું. આ સંગ્રહ મારી ટૂંકી વાર્તાઓનો પ્રથમ સંગ્રહ છે. એમાંની વાર્તાઓ ઈ.સ. ૧૯૬૦ થી માંડીને ઈ.સ. ૧૯૭૦ ના દશક દરમિયાન સમય સમય પર લખાયેલી છે. વાચકોને એ વાર્તાઓ ગમશે અને આનંદ આપશે એવી આશા રાખું તો તે વધારે પડતી નહિ મનાય અને અસ્થાને નહિ ગણાય. વાર્તાઓનું આલેખન મારે માટે નવું નથી, પુરાણું છે, અને એણે મને હંમેશાં અસાધારણ રસ પૂરો પાડ્યો છે.

સાહિત્ય પ્રજાના જીવન ઘડતરનું અગત્યનું અંગ મનાય છે. એ સાચું છે. એ માન્યતા મુજબ આ સંગ્રહની વાર્તાઓ એક અથવા બીજા પ્રકારે જીવન ઘડતર માટે ઉપયોગી થશે ને પ્રેરક બનશે તો એમનું આલેખન સફળ ઠરશે.

- **યોગેશ્વર**




*   *   *

# અનુક્રમણિકા


૧. ઢાલની ભેટ

૨. મહાપુરૂષની વાસના

૩. હૃદયની રાણી

૪. રોશની

૫. મોતી

૬. ભાભીનું અંતર

૭. પાપનું પ્રાયશ્ચિત

૮. મથુરદાસ દાદા

૯. ગીતાની સ્મૃતિ

૧૦. રોજનીશીનાં પૃષ્ઠ

૧૧. પરમાત્માનું દર્શન

૧૨. ગુમાન

૧૩. પાગલ

૧૪. ફરજ

૧૫. જીવદયા

૧૬. યજ્ઞની આહુતિ

૧૭. મંગલમય મૃત્યુ

૧૮. પતન

૧૯. દમયંતીનું દિલ

૨૦. જન્મદિવસ

૨૧. સ્વાનુભવ


* * *

## ૧. ઢાલની ભેટ

હિમાલયના સુંદર પર્વતો ચારે તરફ શોભી રહ્યા છે. ચોમાસાના વરસાદી દિવસો પૂરા થયા છે, ને શિયાળાની શરૂઆત છે, એટલે લીલાછમ બનેલા પર્વતો વધારે રમણીયતા ધારણ કરીને ઊભા રહ્યા છે. યુગોયુગના સાક્ષી જેવા એ પર્વતો ધ્યાનસ્થ યોગી કે કોઈક સ્થિતપ્રજ્ઞ જેવા શાંત બનીને ઊભા રહ્યા છે. એમનું દર્શન કરનાર એક પ્રકારના ઊંડા આનંદ, એક જાતની અસીમ શાંતિ, ને અનેરી સ્વસ્થતાનો અનુભવ કરે છે. એ પર્વતો પોતે જ સાચેસાચ સુંદર છે, પરંતુ એમની સુંદરતામાં વધારો કરનારું એક બીજું તત્ત્વ તેમને મળી ગયું છે. એ તત્ત્વ બીજું કોઈયે નહિ પણ ગંગા છે. કહે છે કે ભગીરથની તપશ્ચર્યાના પરિણામરૂપે એનું અવતરણ સ્વર્ગના સુખમય પ્રદેશમાંથી પાવન મનાતી પૃથ્વી પર થયું- પૃથ્વીને વધારે પાવન તથા મહિમાવંતી કરવા, ને સગરના સાઠ હજાર પુત્રોનો ઉદ્ધાર કરવા. એ વાતમાં તથ્ય હોય કે ના હોય, અને એ અતિશયોક્તિ ભરેલી હોય કે ના હોય, એ વાતને બાજુ પર મૂકીએ તોપણ, એક વાતનો સ્વીકાર તો સર્વાનુમતે કરી શકાય તેમ છે, કે જે પ્રદેશ પરથી તે પસાર થઈ છે. તેને તેણે સ્વર્ગીય બનાવી દીધો છે, તથા પાવન કર્યો છે. પર્વતો પણ એનો સ્પર્શ પામીને કૃતાર્થ થયા છે, અને એના સુખદ સહવાસથી સુખના સ્વરૂપ જેવા બની ગયા છે. એ બંનેની સુંદરતાનું દર્શન કરવાનું સૌભાગ્ય મને આજે એકાએક સાંપડી ગયું. એથી મને અતિશય આનંદ થયો. એ આનંદને વર્ણન કરીને નહિ કહી શકાય. કેમકે એ અંતરાત્માનો આનંદ છે. ને અંતરાત્માને વાણી ના હોવાથી, આજ સુધી જગતના ન જાણે કેટકેટલા હર્ષ ને શોક, અક્ષરોમાં આલેખાયા વિનાના, એમને એમ જ રહી ગયા છે !

વારુ ત્યારે, મારી કથાને આગળ કહું. પર્વતો ને ગંગાના એ સુંદર પ્રદેશમાં મેં પ્રવેશ કર્યો, ત્યારે સાંજનો સમય થઈ ચૂક્યો હતો. સંધ્યાની સુરખિ આકાશમાં ચારેકોર ફેલાઈ ગઈ હતી; પંખીની પંક્તિ એના અવલોકનથી આનંદ પામતી તથા કિલકિલાટ કરતી પોતપોતાના પર્વતીય માળામાં પ્રવેશ કરવા પ્રયાણ કરી રહી હતી, જંગલમાં ચારો ચરવા ગયેલી ગાયો સંતોષ સાથે ધીમી ગતિથી ગામ તરફ પાછી ફરતી હતી; અને એ સૌની સાથે સંવાદ સાધતાં, કેટલાક ધાર્મિક પ્રકૃતિના પુરૂષો ગંગાના પવિત્ર પ્રદેશ તરફ આવી રહ્યા હતા. એમાંના કોઈ ગંગાતટ પર બેસીને જપ કરવાનું શરૂ કરતા, કોઈ આંખ મીંચીને ધ્યાનમાં ડૂબી જતા, તો કોઈ ગંગામાં સ્નાન કરવાનો લ્હાવો લઈને, એની અંદર ફૂલથી ભરેલા પડિયા મુકતા. એ પડિયા એકલાં ફૂલથી ભરેલા ન હતા, પણ દીવેટવાળા રહેતા. દીવેટને સળગાવીને એમને ભાવિક લોકો ગંગાના પ્રસન્ન પાણીમાં વહેતા મૂકતા, ને એ પોતપોતાના ભાગ્યની ગતિ પ્રમાણે આગળ ને આગળ ચાલ્યા જતા, ત્યારે અત્યંત આકર્ષક લાગતા, અથવા અસાધારણ દેખાવ ઉત્પન્ન કરતા.

એ અસાધારણ દૃશ્યનો આનંદ લેતો હું ગંગાના કિનારે ફરવા માંડ્યો. હિમાલયમાં મોટામોટા મહાપુરૂષો કે સંતો વસે છે, તથા તપસ્વીઓ તપ કરે છે, એવું મેં મોટા માણસો પાસેથી સાંભળ્યું હતું. એ બધું મને એ વખતે યાદ આવ્યું. મને થયું કે મને પણ કોઈ લોકોત્તર મહાપુરૂષ મળી જાય તો કેવું સારું ? કોઈ સમર્થ સંતના દર્શન સમાગમનો લાભ મળે, અથવા કોઈ તપસ્વીની પ્રાપ્તિ થાય, તો મારું જીવન ધન્ય બની જાય, ને આ અલૌકિક મહિમાવાળા મુલકની મારી મુસાફરી સફળ થાય. પરંતુ એવા મહાપુરૂષની મુલાકાત

મારા જેવા સાધારણ મુસાફરને કેવી રીતે થાય ? એ માટે તો કેટલો ભારે પુણ્યનો ભંડાર જોઈએ ? કહે છે કે એવા મહાપુરૂષો પોતે જ પોતાની મેળે કૃપા કરીને દર્શન આપે, તો તો એક સામાન્ય માણસ પણ તેમનો લાભ મેળવી શકે. પરંતુ એવો અનુકૂળ યોગ પણ કાંઈ જેના તેના જીવનમાં બની જાય છે કે ? એવો યોગ પણ કોઈ વિરલને જ મળી શકે.

એવી વિચારધારામાં મશગુલ બનીને હું આગળ ને આગળ વધ્યે જતો હતો, ત્યાં જ મારી નજર મારી સામેની એક વિશાળ શિલા પર પડી. એ શિલા જડ નહતી, પરંતુ જાણે કે સજીવ બની હતી. એના પર કોઈક દિવ્ય તપસ્વિની બેઠી હતી. એની આંખ અર્ધોન્મિલિત હતી. સફેદ ને સ્વચ્છ વસ્ત્રોમાં સજ્જ એ યુવાન તપસ્વિનીના વાળ છૂટ્ટા હતા. ઘડીભર તો એનું દર્શન કરીને મને થયું કે આ એકાંત ગંગાતટ પર આ કોણ હશે ? શું ગંગા પોતે જ આ રૂપમાં પ્રકટ થઈને, વિચારમગ્ન બનીને બેઠી હશે ? કે એ કોઈ ગંગાના દર્શન માટે પધારેલી દેવી હશે ? કે પછી મારી કોઈ લોકોત્તર મહાપુરૂષને મળવાની ઈચ્છા પૂરી કરવા માટે પરમાત્મા પોતે જ આ સ્વરૂપમાં પ્રકટ થયા હશે ? કે પછી આ કોઈ ગંગાના તટ પર તપ કરતી તપસ્વિનિ હશે ? આવા સમીસાંજના સમયે અહિં બેસીને એ ઈશ્વર સ્મરણમાં મગ્ન બનવા માટે આજે મારે ખાતર જ આવી હશે ? અથવા શું તે અહિં દરરોજ આવીને આવી રીતે ધ્યાનમગ્ન બનીને બેસતી હશે ?

મારા વિચારને સમજી ગઈ હોય તેમ તેણે આંખ ઉઘાડીને મારા તરફ દૃષ્ટિ કરી. એ દૃષ્ટિ કેટલી દૈવી અથવા અમૃતમય હતી એ હું નહિ કહી શકું : અથવા કહો કે મારાથી નથી કહી શકાય તેમ. એવી દૈવી દૃષ્ટિ મેં એ પહેલાં અથવા એ પછી કોઈ પણ કાળે જોઈ હોય એનું મને સ્મરણ નથી. નથી જ જોઈ. એ દૃષ્ટિ નહિ પરંતુ કોઈ સંગીતની સુરાવલિ હતી. એની સુમધુરતા મારા હૃદયને સ્પર્શી ગઈ.

શિષ્ટાચારને ખાતર મેં એને પ્રણામ કર્યા. એણે સ્મિત સાથે ઉત્તર આપ્યો. પ્રણામની જરૂર ક્યાં રહે છે ? જ્યારે ભેદભાવ હોય છે ત્યારે જ તે કરવામાં આવે છે, અને એની આશા પણ એ વખતે જ રહેતી હોય છે. અભેદભાવમાં પ્રતિષ્ઠિત થયા પછી પ્રણામ અનાવશ્યક થઈ પડે છે, તથા સ્મિત શિષ્ટાચાર બને છે. એટલે જ મેં કેવળ સ્મિત કર્યું. એનો અર્થ એવો નથી કે મારે મન તમારી તથા તમારા પ્રણામની કીંમત ઓછી છે. ના. ના. એવું ના સમજતા. હું જાણું છું કે તમે મહાન છો, કવિ છો, ને તત્ત્વવેત્તા છો. તમારા પ્રવેશથી આ પ્રદેશ પાવન થયો છે. સાધારણ માણસોને માટે હું સુલભ નથી. દેવો ને સિદ્ધોને પણ મારું દર્શન દુર્લભ છે. પરંતુ તમારી વાત જુદી છે. તમારી યોગ્યતા અજોડ જેવી છે. તેથી જ હું તમને આજે મળી શકી છું.

હું શું સાંભળી રહ્યો હતો ? જેને માટે મારી કામના હતી, તેજ વસ્તુ આમ અચાનક મારી આગળ ઊભી રહી છે એ જાણીને મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. બાલાશંકર કંથારિયાની પેલી પ્રસિદ્ધ પંક્તિ મારા સ્મૃતિપટ પર તાજી થઈને ગૂંજવા લાગી, અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો, ન માગે દોડતું આવે...

પરંતુ મારે માટે વાત એથી વિપરીત બની હતી, મારે માટે પ્રારબ્ધ ઘેલું મટીને ડાહ્યું થયું હતું. તેથી તે માગવાથી દૂર રહેવાને બદલે સમીપે આવ્યું હતું. મારા જેવો બડભાગી બીજો કોણ હશે ?

તપસ્વિનીએ મારા વિચાર વાંચી લઈને કહેવા માંડ્યુ : હા. તમારા જેવું બડભાગી બીજું કોઈ જ નથી. મારી મુલાકાત એ સત્યની સાક્ષી પૂરે છે. નહિ તો હું તમને જોતી હોત, પરંતુ તમે મને ના જોઈ શકત. મારામાં એવી શક્તિ છે. ને એવી તો અનેકાનેક અસાધારણ શક્તિઓની હું સ્વામિની છું.

સાચું કહું તો મારું મન એની અસાધારણ સુંદરતા ને શક્તિને જોઈને મોહાઈ ગયું હતું. અંધકારના ઓળા આજુબાજુ બધે ઉતરી ચૂક્યા હતા. પરંતુ પૂર્ણિમાના પ્રકાશથી વાતાવરણ પ્રકાશિત હતું. ગંગાતટ હવે તદ્દન શાંત ને સૂનો હતો. ફક્ત અમે બે જ ત્યાં બેઠાં હતાં. એ પેલી શિલા પર ને હું બાજુના ઉત્તુંગ પત્થર પર. મને થયું કે રાત આગળ ના વધે ને તપસ્વિની આમ જ બેસી રહે તો સારું.

બેસી રહેવાનું નથી બની શકે તેવું : તપસ્વિની ત્યાં તો એજ અસામાન્ય શક્તિનો પરિચય આપતાં બોલી ઊઠી : બેસી રહેવાનું નથી બની શકે તેવું, મારો સમય સમાપ્ત થાય છે. મારે બીજા કાર્યમાં જોડાવાનું છે. જવું પડે છે તે માટે લાચાર છું, પણ ગયા સિવાય છૂટકો નથી તેથી જવું પડે છે. હું પણ તમારાથી મુગ્ધ ને મોહિત છું. પરંતુ...

ને તે ઊભી થઈ. મને થયું કે છૂટા થવાનો વખત આવી પહોંચ્યો. ત્યાં તો તેણે મને આલિંગન આપ્યું ને કહ્યું : કવિ, છૂટા પડવાનો વખત આવી પહોંચ્યો. પરંતુ મારો સ્નેહ ને મારી સહાનુભૂતિ તમારી સાથે છે. તે નહિ છૂટી શકે. કોઈ વાર અહિં આવી પહોંચજો. આપણે ફરી પણ મળીશું. ને એમ મળતાં રહીશું. આ મારી ભેટ છે, તેનો સપ્રેમ સ્વીકાર કરવાની મારી પ્રાર્થના છે.

એની બાજુમાં એક વસ્ત્ર હતું ને તેની નીચે ઢાલ. તેણે મને તે ઉપહારમાં આપી. જતી વખતે કહ્યું : આ ઢાલને હાથમાં નથી રાખવાની, પરંતુ હૃદય પર રાખવાની છે. એનાથી મદદ મળશે, તેમજ સ્નેહ હોવા છતાં સેવા કરી શકાશે.

એટલું બોલી એ અદૃશ્ય થઈ.

મારું હૃદય આકુળવ્યાકુળ બનીને રડી ઊઠ્યું... પરંતુ આંખ ઉઘડી ત્યારે જ સમજી શક્યો કે એ તો સ્વપ્ન હતું. ઢાલ તો ના દેખાઈ, પણ હૃદય ઢાલ જેવું બની ગયું હતું; ને તપસ્વિનીનું સ્મરણ પણ તાજું હતું.

ફરી વાર હિમાલયના એ પુનિત પ્રદેશમાં જવાના ઘાટ ઘડું છું. પરંતુ હજી નથી જઈ શક્યો એ એક હકીકત છે.

* * *

## ૨. મહાપુરૂષની વાસના

કહે છે કે મહાપુરૂષોને કોઈ ઈચ્છા, તૃષ્ણા કે વાસના નથી હોતી. સામાન્ય રીતે એમ મનાય છે કે માનવ ઈચ્છા, તૃષ્ણા કે કામનાનો જ બનેલો છે, તથા તેનાથી પર નથી થઈ શકતો. પરંતુ એ માન્યતાને પણ અપવાદ છે. મહાપુરૂષો સામાન્ય માનવ કરતાં ઊંચી કક્ષાએ પહોંચ્યા હોવાથી ઈચ્છા, તૃષ્ણા, કામના કે વાસનાના પાશથી પર હોય છે એમ કહેવાય છે. તેમનામાં ઈચ્છા કે કામના ઉત્પન્ન થાય છે તો તે પણ ઉત્તમ હોય છે, ને કોઈ શુભ હેતુને માટે જ ઉત્પન્ન થતી હોય છે, એવું અનુભવી પુરૂષોનું કહેવું છે. એ કથન કાંઈક વિચિત્ર લાગે એવું છતાં સાચું છે, અને અનુભવ સિવાય સમજાય તેવું નથી, એ ચોક્કસ છે. હું પોતે તેના મર્મને સારી પેઠે નહોતો સમજી શકતો, પરંતુ દેવાનંદના સંગમાં આવવાથી સમજી શક્યો.

દેવાનંદ વૃંદાવનમાં વાસ કરતા ત્યારથી જ હું એમને ઓળખતો થયેલો. એ વખતે હું સકુટુંબ મથુરાની યાત્રાએ નીકળેલો, ને મથુરાના દર્શન પછી સ્વાભાવિક રીતે જ ગોકુલ તથા વૃંદાવનના દર્શન માટે તૈયાર થયેલો. એ વખતે દેવાનંદ વૃંદાવનના એક સુંદર મઠના મહંત હતા. એ બાલપણથી જ ભગવાન કૃષ્ણની ભક્તિમાં ડૂબેલા રહેતા, તથા મીરાં, સુરદાસ ને બીજા ભક્તોનાં પદો અત્યંત પ્રેમપૂર્વક ગાયા કરતા. રાધા ને કૃષ્ણનાં ભાવભક્તિપૂર્વક રચાયેલાં ગીતો એમને ખૂબ પસંદ પડતાં, તથા તે પોતે પણ સાચા પ્રેમથી પ્રેરાઈને એવાં અનુરાગપૂર્ણ ગીતોની રચના કરતા. વૃંદાવન શ્રીકૃષ્ણની વિહાર ભૂમિ હોવાથી; એમને આરંભથી જ એને માટે અજબ જેવું આકર્ષણ હતું, અને એ આકર્ષણથી પ્રેરાઈને, અત્યંત નાની અવસ્થામાં ઘરનો ત્યાગ કરીને એ ચાલી નીકળેલા. એ વખતે વૃંદાવનની પુણ્યભૂમિમાં કેટલાય ઉત્તમ ભક્તો નિવાસ કરતા. એ ભક્તોના સમાગમમાં એમની સુષુપ્ત ભાવનાઓ જાગ્રત થઈ ને પોષાતી ગઈ. દૈવયોગે એક ઈશ્વરદર્શી મહાપુરૂષની એમને મુલાકાત થઈ ગઈ, ને પછી તો એમના અંતરની અવસ્થા અત્યંત અનેરી બની ગઈ. ભક્તિના સાચા ને પ્રબળ ભાવો એમાં પેદા થયા, તથા એની અંદર ભગવાન શ્રીકૃષ્ણના દર્શન માટેની આતુરતા ઉત્પન્ન થઈ. કૃષ્ણના સાક્ષાત્કાર માટે એમનું હૃદય રોવા માંડ્યું. એમના રોમેરોમમાં લગન લાગી. ભૂખ, તરસ, નિદ્રા, આરામ, બધું ગૌણ બની ગયું. એ પછી કહે છે કે એક ધન્ય દિવસે એમને યમુના તટ પરના એમના એકાંત આશ્રમમાં કૃષ્ણ ભગવાનના સાક્ષાત્કારનો લાભ મળ્યો. જીવન આનંદની મૂર્તિ જેવું બની રહ્યું, ને તન, મન તથા અંતરમાં, સર્વત્ર શાંતિ શાંતિ છવાઈ ગઈ.

*

એ પછી તો એ મહાપુરૂષના જીવનનો નવો પ્રવાહ શરૂ થયો. ફૂલની ફોરમ જેમ આપોઆપ ફેલાયા કરે છે, તેમ તેમના ઉત્તમ અથવા આદર્શ જીવનનો યશ અનેક ઠેકાણે પ્રસરી રહ્યો. એમની આજુબાજુ શિષ્યો ને સેવકોનું મોટું મંડળ રહેવા લાગ્યું : એકાંત મઢૂલી એક વિશાળ મઠમાં ફેરવાઈ ગઈ, અને એ એના અધિપતિ બન્યા. લક્ષ્મીની રેલમછેલ થઈ રહી. શ્રીમંતો ને અમલદારો જ નહિ, પરંતુ રાજામહારાજા પણ એમના દર્શને આવવા લાગ્યા. જે કોઈને નમે નહિ તે એમની આગળ બે હાથ જોડીને ઊભા રહેવા લાગ્યા. એમનો પડ્યો બોલ ઝીલવા માટે તૈયાર રહેવા માંડ્યા. દેવાનંદ સૌના પૂજ્ય ને ઈષ્ટ બની ગયા.

પરંતુ એ બધી સુખ, સમૃદ્ધિ, સંપત્તિ કે સાહ્યબીની વચ્ચે વસીને પણ, એમનો આત્મા તો એથી અલિપ્ત જ રહ્યો. કૃષ્ણના પ્રેમમાં એ આઠે પહોર તરબોળ રહેતા. એમના ઉપદેશથી લોકોને કૃષ્ણાભિમુખ થવાની પ્રેરણા પાતા, અને એમનાં ભાવભરપૂર ગીત ગાઈને કેટલાયના નીરસ હૃદયને રસે ભરીને કામણ કરતા. એમનો કંઠ ખૂબ મીઠો હોવા ઉપરાંત, એમના અનુભવપૂર્ણ અનુરાગી આત્માના અવાજ જેવો હતો. એટલે શ્રોતાજનોને મુગ્ધ કરતો, હલાવી નાખતો, ને રસાનુભૂતિની એક નવી જ દુનિયામાં પ્રવેશ કરાવતો. એમનાં ભાવભરપૂર ગીત સાંભળીને જ હું પણ એમનો પ્રેમી અથવા પ્રશંસક બનેલો. મને એમની મુલાકાતનો લાભ મળ્યો ત્યારે તો એ સાધક મટીને સિદ્ધ થયેલા, ઈશ્વરદર્શી બનેલા, ને સમૃદ્ધિ તથા કીર્તિના ઊંચામાં ઊંચા શિખરે વિરાજી ચૂકેલા. છતાં, એવી લોકોત્તર દશાએ પહોંચ્યા પછી પણ એ એક નાના બાળક જેવા જ સરળ, નિર્દોષ ને નમ્ર લાગતા.

વખત વહેતો ગયો તેમ, મારી ને દેવાનંદની વચ્ચેની પ્રીતિ પણ વધતી કે ગાઢ બનતી ગઈ. દેવાનંદ એક અસાધારણ અવસ્થાએ પહોંચેલા મહાન તથા પ્રતાપી પુરૂષ હતા. તોપણ, કોઈ જન્માંતર સંસ્કારના સુપરિણામરૂપે, અમે એકબીજાની વધારે ને વધારે નજીક આવતા ગયા. એમના અંતરના ગહનમાં ગહન પડદા પણ મારી આગળ ઊઘડી ગયા, અને એવી જ રીતે મારા અંતરના એમની આગળ. વિધિની લીલા ન્યારી છે. બે અંતરને એ જ્યારે એક કરવા માગે છે, ત્યારે એમની આગળના બધા જ અંતરાય હઠાવી દે છે, ને ભેદ ભૂંસી નાખે છે : વયના ભેદ, વિદ્યાના ભેદ, વિકાસ ને ધન કે દેશ, કાળ ને જાતિના ભેદ પણ, ત્યાં ગૌણ બની જાય છે. દિવસો સુધી વૃંદાવનમાં એમના સમાગમમાં રહીને હું એમના ઉપદેશ સાંભળતો, તથા ગીતોનો સ્વાદ લેતો. મને જોઈને એ ખૂબ જ ખુશ થતા. આગ્રહ કરીને મને દિવસો સુધી એમની પાસે રોકી રાખતા. મઠ જાણે મારા જ હાથમાં હોય તેમ, મારે માટે બધી પ્રકારની, સંપૂર્ણ છૂટ મૂકતા. મને હસતો જોઈને એમનું હૈયું હરખે ભરાતું. ને કોઈકવાર વિષાદમગ્ન હોઉં કે ચિંતાતુર થઉં ત્યારે એ પણ ચિંતાતુર બનીને, મને મદદ કરવા તત્પર બનતા. અમારો સંબંધ એવો અનેરો હતો. આજે એનું સ્મરણ કરીને પણ મને એટલો જ આનંદ થાય છે.

*

એકવાર મથુરાની યાત્રાએ આવેલું એક રાજકુટુંબ દેવાનંદના દર્શને આવ્યું. એ વખતે હું એમની બાજુમાં જ બેઠો હતો, ને એમનું તાજેતરમાં તૈયાર કરેલું રાધા પરનું એક પદ વાંચીને, એ વિશે મારો અભિપ્રાય આપતો હતો. એ રાજકુટુંબ એ પહેલાં એકવાર દેવાનંદના દર્શને આવી ગયેલું. પરંતુ એ વખતે હું ઘેર હોવાથી, મારા જીવનમાં તો એની પ્રત્યક્ષ મુલાકાતનો આ પહેલો જ પ્રસંગ હતો. એટલે શરૂઆતના શિષ્ટાચાર પછી, દેવાનંદે એ કુટુંબના સભ્યોનો મારી સાથે પરિચય કરાવ્યો.

એ કુટુંબ અત્યંત ધાર્મિક હતું. ઈશ્વરપરાયણતા એને વારસામાં મળી હતી. સૌજન્યતાની મૂર્તિસમું એ કુટુંબ પોતાના સત્કર્મોની સૌરભ માટે નામાંકિત હતું. મારે કહેવાની વાત અત્યંત અંગત અને વિશ્વસનીય હોવાથી, એ પ્રસિદ્ધ રાજકુટુંબના નામઠામની માહિતી હું નહિ આપી શકું; ને ના આપું એજ ઉચિત છે. વાચકને એ માહિતી કરતાં વાર્તા સાથે જ વધારે સંબંધ છે. એટલે એ મને એ માટે દરગુજર કરશે એવી આશા છે.

થોડી ઉપલક વાતચીત પછી, દેવાનંદે એ કુટુંબની ત્યાં આવેલી એક કન્યાને કહ્યું : ભદ્રા, તારો કંઠ આટલો બધો સરસ છે છતાં તું ચૂપ કેમ બેઠી છે ? તને ગીતો તો ઘણાં આવડે છે. ગયે વખતે તું અહિં આવી ત્યારે તેં કેટલાં સુંદર ગીતો સંભળાવેલાં ! એ ગીતોનો આનંદ અથવા રસાસ્વાદ તો હજુ મારા મનમાં તાજો જ છે. આજે એક ઉત્તમ પ્રસંગ છે. મારી બાજુમાં બેઠેલા આ કૃપાનિધિ મારા ખાસ પ્રેમી ને ગીતોના રસિક છે. એ એક મોટા શહેરની કોલેજના પ્રાધ્યાપક છે, અને અવારનવાર અવસર મેળવીને મને મળવા માટે આવ્યા કરે છે. એમનો આત્મા અલૌકિક છે. તારાં ગીતો ભક્તિભાવથી ભરેલાં હોય છે, એટલે એ સાંભળીને એમને પણ આનંદ થશે. લોકો કહે છે કે રાજકુટુંબમાં તો વૈભવ ને વિલાસ અથવા અવિવેક ને ઉદ્ધતાઈ હોય : એમાં વળી ભક્તિભાવ કેવો ? એ તો એક મરીચિકા છે. એમાં પીયૂષ  જેવા, પ્યાસને મટાડનારા, પાણીના પવિત્ર પ્રવાહો ના હોઈ શકે. પરંતુ તારા સંસર્ગમાં આવનારની એવી ભ્રાંતિ ટળી જાય છે. તારાં માતાપિતા, ભાઈબેન, બધાં અહિં બેઠાં છે. એમની આગળ તારાં વધારે પડતાં વખાણ નથી કરતો. એમના સંસ્કાર સમન્વય પામી ને સંપૂર્ણ બનીને તારામાં સાકાર બન્યા છે. તું તો રાજકુટુંબના પંકની પદ્મિની છે. તને જોઈને મને કેટલો બધો આનંદ થાય છે તે કેમ કહી બતાવું ? તારાં ગીત સાંભળીને આ કૃપાનિધિને પણ મારી વાતની ખાતરી થશે.

ભદ્રા આ બધું સાંભળીને સહેજ પણ ચંચળ ના થઈ. એના મુખ પર એવી જ શાંતિ ને નિશ્ચલતા તથા નમ્રતા હતી. એની આંખ નીચે ઢળેલી હતી તેવી જ ઢળેલી રહી. એની તરફ મેં દૃષ્ટિપાત કર્યો તો મને થયું કે દેવાનંદની વાત સાચી હતી. ભદ્રા કોઈ સાધારણ કન્યા નહતી; પદ્મિની હતી. પ્રશંસા એને ચલાયમાન ન હતી કરી શકતી, એવી અસાધારણ કન્યાના દર્શનથી મને સાચોસાચ થયું કે પૃથ્વી રત્નવતી નથી એમ નહિ. એ રત્નો જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતાં એ સાચું, પરંતુ કોઈ ધન્ય આત્માને, ધન્ય પળે, પ્રાપ્ત થાય છે, પોતાના પ્રકાશથી મુગ્ધ જ નહિ પરંતુ પાવન કરે છે.

*

દેવાનંદે ફરી એકવાર સૂચના કરી, ને ભદ્રાનું ગીત શરૂ થયું. એને ગીત કહું કે અંતરનો અવાજ કહું, કવિતા કહું કે કાળજાની કથા, ગાવાનું કહું કે પીયૂષના પ્યાલા પર પ્યાલા પાવાનું, એ ના સમજાયું. એ ગીત આમ તો સાવ સાધારણ હતું એમ કહું તો ચાલે. રાધા વરસાદી વાદળને વિલોકીને, શ્યામનું શ્યામલ શરીર યાદ કરીને, વ્યાકુળ બની ગઈ હતી. જમનાનાં જળ અને વૃંદાવનનાં સ્થળ એને એની જ યાદ આપતાં હતાં. એથી બેચેન બનીને એ એક સખીને કહેતી હતી કે કૃષ્ણ કઠોર છે કે કોમળ ? મેં તો એની મસ્તીભરી મુખાકૃતિને નિહાળી તે જ ઘડીથી અંતર ઓવારી દીધું છે : એના અંતરનો વિચાર નથી કર્યો પરંતુ એનું મન માખણ ખાઈખાઈને મુલાયમ બની ગયું હશે. નહિ તો મારી સાથે એને પ્રીત ના થાય. વાદળ આવ્યાં છે, પરંતુ હજી એનું આગમન નથી થયું, એથી મારૂં હૃદય રડુંરડું થઈ રહ્યું છે. આજે આ કુંજમાં મળવાનો એણે મને કોલ આપ્યો છે કે પછી એ કોઈક બીજીને પણ કોલ આપી બેઠો ? સ્નેહનું બંધન સનાતન છે. પરંતુ ભ્રમરનો ભરોસો ક્યાં છે ? ફૂલ તેની રાગપૂર્વક રાહ જુએ, પણ તે તો ભમવાની ટેવ પડી તેથી ભમ્યા કરે. જરાક મારાવતી એને આટલી યાદી આપજે.

એ રીતે ગીતનો ભાવ સાધારણ હતો. પરંતુ ભદ્રાનો કંઠ છેક જ સુમધુર હોવાથી, શ્રોતાજનો એક પ્રકારની ઊંડી મોહિનીમાં ડૂબી ગયા. ગીત પૂરું થયું ત્યારે મેં એ કોકિલકંઠી કુમારી તરફ ધારીને જોયું, તો એની આંખમાં આંસુ હતાં. કેટલું સરસ ગીત ! અને ભદ્રાનો કંઠ પણ કેટલો બધો અમૃતથી ભરેલો ? મારા મનમાં એ કન્યા માટે ખરેખર આદરભાવ થયો. કન્યા સાથે આ મારો પહેલો જ પરિચય હતો, અને એ પણ અત્યંત અલ્પ, છતાં પણ મારાથી ઉત્સાહપૂર્વક બોલી જવાયું, ઘણું સુંદર ગાયું, ભદ્રાબેન; ઈશ્વરે તમને ખૂબ જ ઉત્તમ હૃદય ને કલ્પનાતીત, મીઠું ગળુ આપ્યું છે. તમારા ગીતથી સૌને આનંદ થયો છે. હરકત ના હોય તો એક વધારે ગીત સંભળાવો એમ ઈચ્છું છું. ધૃષ્ટતા લાગે તો માફ કરજો.

દેવાનંદ અત્યાર સુધી શાંત હતા. તે તો જાણે ભાવના કોઈ ઊંડા, દૈવી દરિયામાં ડૂબી ગયા હતા. તે પણ હવે બોલી ઊઠ્યા—હું નહોતો કહેતો કે ભદ્રા એક રતન છે ? હવે તને ખાતરી થઈ ગઈ તેથી મને અતિશય સંતોષ થયો. એ તો એક યોગભ્રષ્ટ કન્યા છે. દેવી છે. હજુ તો તારો પ્રથમ મેળાપ છે. લાંબે વખતે તને મારી વાત સાચી લાગશે. હજુ તો પાશેરામાં પહેલી પૂણી છે. ભદ્રા, ગાયું તો ખૂબ સરસ હોં ! રાધા રાગવાળી હતી, તેમ તું પણ રાગવાળી છે. તારો આત્મા અલૌકિક અને ઊંચો છે. ઈચ્છું છું કે તને પણ કૃષ્ણને માટે પ્રેમ થાય, લગન લાગે, વ્યાકુળતા જાગે, અને એ કૃષ્ણ તને મળે !

ભદ્રાના પિતા સહેજ સંકોચ સાથે કહેવા માંડ્યા : ગુરૂદેવ ! ભદ્રા કૃષ્ણભક્તિમાં જ આનંદ માને છે. કૃષ્ણને માટે એને પ્રેમભાવ છે, ને થોડી લગન પણ લાગવા માંડી છે. દરરોજ જપ તથા માનસપૂજા કરીને પછી જ ભોજન કરવાનો એનો વર્ષોથી નિયમ છે. આજે તો એ વીસ વરસની થઈ ગઈ છે, પરંતુ છેક દસ વરસની ઉંમરમાં એને એક મહાન સંતે આશીર્વાદ આપેલો. ત્યારથી તેની વૃત્તિ કૃષ્ણ તરફ વધારે ને વધારે વળતી ગઈ, અને આજે તો તે ફાલીફૂલીને મોટી થઈ છે.

એ બધી વાત સાંભળીને મને થયું કે ભદ્રા કોઈ બીજી મીરાં છે કે શું ? એના સંસ્કાર ઘણા ઊંચા છે એમાં શંકા નહિ. અને હજી તો એ નાની છે છતાં આટલી અસાધારણ ભાવભક્તિ સંપન્ન છે, તો મોટી ઉંમરે તો કેવીયે થશે ? પરંતુ...મારા મનમાં એક બીજો જ વિચાર પેદા થયો. મને ખબર હતી કે કેટલીક વાર કુમારિકાઓ કોઈના પ્રેમમાં પડે છે. કોઈને પોતાનું હૃદય ધરે છે, ને કોઈના સાહચર્ય સારુ ઝંખે છે કે તલસે છે, અને એવા પ્રેમ તથા તલસાટને લીધે જ રાધા ને કૃષ્ણનાં પ્રેમગીતો ગાવાનું ઉચિત માનતી હોય છે. તે રાધાભાવનો અનુભવ કરે છે, ને કોઈ કૃષ્ણની કલ્પનાછબી પોતાની આંખ આગળ હાજર રાખે છે. ત્યારે ભદ્રાને પણ કોઈ એવા કૃષ્ણે કામણ કર્યું હતું ? તેનું હૈયું પણ કોઈકે હર્યું હતું ? અથવા એનું અનુરાગી અંતર અવસર મળવાથી કોઈને વર્યું હતું ? કોઈકની પ્રેમપૂજાનું ફૂલ બન્યું હતું ?

પરંતુ એ તો પ્રશ્નો હતા. એવા પ્રશ્નો તો બીજા કેટલાય ઊઠી શકે. એની પાછળ કલ્પના હતી, વાસ્તવિકતા નહિ. એ ઉપરાંત, મારે એ બધા પ્રશ્નોમાં શા માટે પડવું ? આ તો મારી કૉલેજમાં મારા હાથ નીચે ભણતી કુમારિકાઓના માનસનો મને અનુભવ હતો, એથી મને એવા વિચારો આવી ગયા. બાકી ભદ્રા ક્યાં કોઈ કૉલેજકન્યા હતી ? એ રાજકન્યા જરૂર હતી. અને રાજકન્યાનું જીવન કૉલેજ કન્યા કરતાં વધારે વિકારપ્રેરક, ઉત્તેજક ને વિલાસી હોય એ વાતનો ઈન્કાર કોણ કરી શકે એમ છે ? તો પણ એના પિતાના

કહ્યા પ્રમાણેની એની દિનચર્યા જોતાં તો એમ જ કહેવું પડે કે એ ધાર્મિક હતી. ઈશ્વરપ્રેમથી એનું હૈયું હરાઈ ગયું હતું—કોઈ માનવપ્રેમથી નહિ.

ભદ્રાનું ગીત હજુ મારા કાનમાં ગૂંજી ને હૃદયમાં રમી રહ્યું હતું. બીજું ગીત સાંભળવાની ઈચ્છા ઘણી હતી. પણ તે પૂરી ના થઈ શકી. કેમકે થોડી જ વારમાં એ રાજકુટુંબ ઊભું થયું, ને દેવાનંદના ચરણમાં પ્રણિપાત કરીને વિદાય થયું.

જતાં જતાં ભદ્રાએ મારી તરફ અત્યંત ભાવભરી નજરે જોઈને મને નમસ્કાર કર્યાં. મેં પણ એને નમસ્કાર કર્યા, ને કહ્યું : તમારું ગીત બાકી રહી ગયું છે. હજુ અહિં છો ત્યાં સુધી સમય કાઢીને એકાદ વાર જરૂર આવજો તો સાંભળવાનો આનંદ થશે.

દેવાનંદ તરત બોલી ઊઠ્યા : એ તો આવશે જ, પરંતુ કાલે સવારે રાજાશ્રીના આગ્રહને લીધે મેં હા કહી હોવાથી, આપણે જ એમને ત્યાં જવાનું છે. જમવાનું પણ ત્યાં જ છે.

દેવાનંદ ને રાજાશ્રી વચ્ચે અંદરના ઓરડામાં થોડો વાર્તાલાપ થઈ ચૂક્યો હતો તેની મને ખબર હતી. એટલે એમના શબ્દો સાંભળીને મને અત્યંત આનંદ થયો. ખાસ આનંદ તો એટલા માટે થયો કે મારા મનમાં ભદ્રા તરફ ભાવ થયો હતો, અને એના સમાગમમાં બહુ થોડા જ વખતમાં, એક વાર ફરી આવવાનો અવસર મળ્યો હતો.

*

રાતે આશ્રમની અગાસીમાં હું આંટા મારતો હતો, ત્યારે દેવાનંદ મારી પાસે આવી પહોંચ્યા. આમ તો મારું નામ કૃપાનિધિ હતું, ને બીજાની હાજરીમાં મને તે એજ નામે બોલાવતા; પરંતુ એકલા હોય ત્યારે મને કૃષ્ણ કહીને સંબોધતા, ને કોઈ વાર અત્યંત અનુરાગમાં પ્રોફેસર સાહેબ પણ કહી દેતા. આજે એમનો અનુરાગ માતો નહોતો. એટલે એમણે મને, કેવા વિચારમાં મશગુલ છો પ્રોફેસર સાહેબ? એમ કહીને બોલાવ્યો.

એ વખતે હું ભદ્રાના વિચારમાં જ મશગુલ હતો. એનું ગૌર, તેજસ્વી, વહાલથી વીંટળાયલું વદન, એની અસાધારણ અમૃતથી અલંકૃત આંખ, એની સુમધુર સુરાવલિ, ને ચિત્તને ચોરનારી પેલી ચંચલ છતાં ચારુ ચાલ, એ સૌનું સ્મરણ મને થઈ રહ્યું હતું. ચંદ્રમાનો પ્રકાશ ચારેકોર પથરાઈ ચૂક્યો હતો. ભદ્રાના વિશદ વ્યક્તિત્વનો પ્રકાશ પણ એવો જ શાંતિદાયક, આરામ આપનારો, ને નયનમનોહર હતો.

ભદ્રાના જ વિચારમાં મશગુલ હોઈશ એ હું જાણું છું. એમાં તારો દોષ નથી. એ છોકરી જ એવી છે કે એની અસરથી કોઈયે અલિપ્ત ના રહી શકે. જે એને જોઈ લે તે એનું થઈ જાય. માનવની જ વાત નથી કરતો, પશુપંખી પણ એના પ્રેમના પ્રભાવ નીચે આવી જાય છે. કાલિદાસની શકુંતલા જેવી છે એ. ભેદ એટલો કે એ આશ્રમવાસિની હતી, અને આ હર્મ્યમાં વાસ કરનારી છે. પરંતુ છે ત્રિભુવનમોહિની, અનેરી અને અજોડ. કામણ કરનારી. એનું રૂપ જોયું ને ? એની આગળ રતિ પણ હારી જાય. ને કંઠ તો જાણે કોકિલનો કામણગારો કંઠ વિધાતાએ એમાંથી જ બનાવ્યો હશે એમ લાગે. કાલિદાસ કે પ્રેમાનંદ જેવા મહાકવિ જો ભૂલેચૂકે પણ એને જુએ તો એક શૃંગારશતક કે મહાકાવ્ય જ બનાવી કાઢે. એવી એ રૂપાળી છે. રૂપરૂપનો

અંબાર. પણ જવા દે એ વાત. એ તો તું પ્રોફેસર છે એટલે તું પણ જાણી શકે છે. પણ તારી કૉલેજમાં કોઈયે કન્યા આવી દેખાય છે ? દેવાનંદ અત્યંત અનુરાગપૂર્વક બોલતા રહ્યા.

મને મુંબાઈ યાદ આવ્યું. ત્યાંની પેલી કૉલેજ ને પેલી કન્યાઓ, ભદ્રાની સુંદરતા, સરળતા ને સંસ્કારિતા ક્યાંય ના જોઈ. મારા પરિચયમાં ઘણી કન્યાઓ હતી, પરંતુ ભદ્રા આગળ બધી ચંદ્રની આજુબાજુના તારા જેવી. બીજી કન્યાઓ કુસુમ જેવી લાગે ખરી, પરંતુ ભદ્રા તો કુસુમની માળા જેવી. મને થયું કે દેવાનંદ જેવા પ્રતાપી પુરૂષ પણ એનાથી આટલા બધા પ્રભાવિત થાય, તો મારે કે બીજાને માટે તો કહેવું જ શું ? સૌન્દર્ય ને સંસ્કારની સુવાસ એવી અનેરી છે. એ સૌનેય આકર્ષે છે અને આનંદ આપે છે. અવસ્થા ને વયના ભેદ એને સ્વીકાર્ય નથી થઈ શકતા.

હું ભદ્રાના જ સ્મરણમાં ડૂબેલો છું એ જાણીને દેવાનંદ રાજી થયા. એ મને પોતાની પાસે એકાંત અગાસીમાં બેસાડીને વાતે વળ્યા. એ વાર્તાલાપે મારા અંતરને કેવું કરુણ કરી દીધું એ મારાથી સંપૂર્ણપણે નથી કહી શકાય તેમ. દર વખતની જેમ મારું મુખમંડળ હસતું ના રહી શક્યું, ને મારી માનસિક સ્વસ્થતા મટી ગઈ. મારે માથે વીજળી પડી હોય એવું લાગ્યા વિના ના રહ્યું. પગની નીચેથી ધરતી ખસતી હોય એવો અનુભવ થયો. એકી સાથે વિપત્તિના અનેકાનેક પહાડ તૂટી પડે, ને નીચે દબાઈ જઉં એવી મારી દશા થઈ.

*

દેવાનંદે મારા મુખમંડળને જોઈને બધું માપી લીધું, ને થોડીક વાર સુધી મારી સામે તાકી રહીને મને કહેવા માંડ્યા : મને લાગતું'તું જ કે મારા શબ્દોની અસર તારા પર આવી કરુણ થશે. હું તને ચાહું છું, છતાં તારે માટે મારા મનમાં આવો વિચાર પેદા થયો છે, એ માટે તું દુઃખી ના થઈશ. જે પોષે છે તે મારે છે એવા તર્કનો આશ્રય પણ ના લઈશ. તારે માટે મારા દિલમાં ખૂબ જ પ્રેમ અને આદર છે. પરંતુ આના વિના બીજો કોઈ રસ્તો જ નથી. ભદ્રાની પાછળ મારું મન મુગ્ધ થયું છે. આજથી નહિ પણ વરસોથી. તે તું જાણે છે. મેં તને એ બધી વાત કરેલી જ છે. તેની સાથે લગ્ન કરવાની મારી ઈચ્છા છે, ને તેને પૂરી કરવા માટે આ સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. રાજરાણી એમનેમ માને તેવી છે જ નહિ. તેણે જ રાજા દ્વારા આ પ્રસ્તાવ રજૂ કર્યો છે. આમ તો એ બંને મારાં ભક્ત છે, એટલે મારા પડ્યા બોલને ઝીલે તેમ છે. ભદ્રાના મનને પણ હું જાણું છું. દસેક દિવસ પહેલાં મારે એની સાથે વાત પણ થઈ ચૂકી છે. એ ઈશ્વરપરાયણ છે, ને રાજકુમાર સાથે પરણવાનું નથી પસંદ કરતી. એનું લગ્ન મારી સાથે થવાથી એ એના ધાર્મિક સંસ્કારોને પણ પોષી શકશે. એને માટે તારે મને મદદ કરવાની છે. કાલે આપણે રાજાને ત્યાં જઈએ તે પહેલાં આ વાતનો નિર્ણય થઈ જાય તો મને શાંતિ થાય. મારા માથા પરથી મોટો ભાર ઉતરી જાય; ને મને સુખપૂર્વક ઊંઘ આવી શકે. એ માટે જ આ હકીકત તારી આગળ રજૂ કરી છે. તું મને મદદ કરવામાં પાછી પાની નહિ કરે એવી આશા તો મને છે જ. આશા નહિ પણ શ્રદ્ધાયે છે.

દેવાનંદને શો ઉત્તર આપું એ મને તરત તો ના સમજાયું. મારી આગળ એક કટોકટી ભરેલી પરિસ્થિતિ ઊભી થઈ હતી. દેવાનંદ પ્રત્યે મને પ્રેમ હતો. એ મારા પૂજ્ય હતા. છતાં પણ મારું મન એમના શબ્દોની અસરથી હતાશાનો અનુભવ કરવા લાગ્યું, એમાં ભયંકર ગડમથલ પેદા થઈ. દેવાનંદ ભદ્રાની સાથે લગ્ન કરવાની ઈચ્છા રાખે છે. એની મને આ અગાઉ એમણે કરેલી વાતચીત પરથી ખબર હતી. કોઈ

કોઈની સાથે લગ્ન કરવા ઈચ્છે, કરે, ને સુખી બને, એમાં કાંઈ ખોટું પણ નથી. બંનેની ઈચ્છા હોય તો એવું લગ્નજીવન સફળ પણ બની શકે. દેવાનંદ પ્રત્યેના પરમ પ્રેમ ને પૂજ્ય ભાવથી પ્રેરાઈને, રાજા ને રાણી ભદ્રાની ઈચ્છા હોય તો એવા લગ્નની હા પાડે, એ પણ સમજી શકાય તેવું છે. ફક્ત ના સમજાય તેવી વાત એક જ છે કે એ માટે મારા માથાની જરૂર શા માટે પડે ? હું તો એ મહાપુરૂષનો શિષ્ય છું. એમના લગ્નમાં કોઈ રીતે વચ્ચે પણ નથી આવવાનો. ઉલટું, એમના લગ્નથી મને આનંદ જ થવાનો છે. તો પછી રાજાએ એમના લગ્નને મંજૂર રાખવાની શરત તરીકે, હું એમનો સૌથી પ્રિય શિષ્ય છું એ જાણવા છતાં, મારા માથાની માગણી શા માટે કરી ? લગ્નને માટે એવી શરતની કોઈ જ જરૂર ના હોઈ શકે.

મને થયું કે રાજાએ એ શરત એટલા માટે પણ મૂકી હોય કે એમને એ સીધી રીતે લગ્નની ના, ના પાડી શકતા હોય. એમના મનમાં એમ કે પોતાના પ્રિયમાં પ્રિય શિષ્યનું માથું દેવાનંદ નહિ લાવી શકે, એને એ રીતે એમની વાત આપોઆપ ટાળી શકાશે. આખરે દેવાનંદ સંત છે. લગ્નને માટે એ એવી ભયંકર શરતને પૂરી કરવા તૈયાર નહિ થાય, ને વાત એટલાથી જ અટકી જશે.

પરંતુ ... દેવાનંદ તો મક્કમ હતા. એમણે લગ્નને માટે જાણે નિશ્ચય કરી લીધો હતો, અને એની આગળ મારું માથું આપવામાં પણ એમને શોક નહતો. હું પણ ભદ્રાને - એને જોઈ ત્યારથી જ- ચાહતો થયો હતો. એનું રૂપ અને એનું આદર્શ વર્તન હજી મારી આંખ આગળ જ રમી રહ્યું હતું. એ મને આજ સુધી જોયેલી બધી જ કન્યાઓમાં અજોડ લાગી હતી. કાલે એને ફરી મળવાનું છે એ વાતની સ્મૃતિથી હું આનંદમાં ડૂબી ગયો હતો. હું એવી જ કોઈક આદર્શ કન્યાની શોધમાં હતો, ને એવી કન્યા મળે તોજ લગ્નગ્રંથિથી જોડાવું એવો સંકલ્પ કરી બેઠો હતો. ભદ્રા રાજકન્યા હોવાથી, એને મેળવવી મુશ્કેલ હતી. તો પણ, એને જોઈને મને અત્યંત સુખ મળ્યું હતું, ને ફરીવાર જોવાનો લોભ થયો હતો. પરંતુ હવે એને નહિ જોઈ શકું. આજે જ મારા માથાને મેળવવાની દેવાનંદની ઈચ્છા છે. તેના વિના તેમને શાંતિ નહિ મળે, ને ઉંઘ પણ નહિ આવે. હવે એ મીઠી, મધઝરતી, મોહિનીભરી આંખ અને એ ફોરમથી ભરેલા શરીરને જોવાનો લાભ પણ મને નહિ મળે. એ કોમળ કંઠને પણ નહિ સાંભળી શકું.

મને અચાનક એક વિચાર આવ્યો. એને લીધે મને જાણે નવું જીવન મળ્યું. મને થયું કે રાજાએ મારું માથું માગ્યું છે તેની પાછળ તેમનો હેતુ દેવાનંદને કદાચ લગ્નની માગણીથી મુક્ત કરવાનો હોય તો ? દેવાનંદ મારું માથું લેવાની હદે નહિ જાય, ને લગ્નનો પ્રસ્તાવ પડતો મૂકશે, એવી જ એમની માન્યતા હોય તો ? એ વિચારથી સહેજ સ્વસ્થ થઈને મેં દેવાનંદને કહ્યું : તમારી માગણી મને મંજૂર છે. પરંતુ મારું માથું લઈ જવાને બદલે, તમે મને જ લઈ જઈને રાજાને સુપ્રત કરી દો તો ? હું એમના અનુચર તરીકે આજીવન રહેવા તૈયાર છું. અને એ રીતે જો રાજા માને જ નહિ, તો આવતીકાલે મારું માથું તમે જરૂર કપાવી લેજો. તમારા લાભ માટે મારા જીવનનો ઉપયોગ થતો હોય તો મને એ જીવનની આહુતિ આપવામાં હરકત નથી.

મારા શબ્દો દેવાનંદને ઘણા ગમી ગયા. તેમણે મને આવો ભારે ભોગ આપવા તૈયાર થવા બદલ શાબાશી આપી. પછી અમે સુવા ગયા.

*

બીજે દિવસે સ્નાનાદિથી પરવારીને અમે કેટલાક ભક્તો સાથે રાજાના ઉતારા પર આવી પહોંચ્યા. દેવાનંદ રાજાએ મોકલેલી ખાસ પાલખીમાં બેઠા હતા. રાજા, રાણી અને એમના પરિવારે એમનો સત્કાર કર્યો. ભદ્રાએ આરતિ ઉતારી આસન સુધી સાથ આપ્યો. બીજા ભક્તો થોડીવારમાં વિદાય થયા. દેવાનંદ રાજા તથા રાણીની સાથે અંદરના વિશાળ કક્ષમાં વાતે વળગ્યા. હું સમજી ગયો કે વાતો મારા માથા વિશેની જ હોવી જોઈએ. મને જરા દુઃખની લાગણી થઈ આવી. પરંતુ ભદ્રા પાસે જ બેઠી હતી એટલે મનને મજબુત કરીને હું બેસી રહ્યો.

કાલે ભદ્રાને જે રૂપમાં જોયેલી તે રૂપ આજે નહતું. આજે એ સદ્યસ્નાતા હતી. એટલે એના કેશ કમરની નીચે પથરાયેલા. દેહ પર દૈવી આભૂષણ ન હતાં. ફક્ત ફૂલના બાજુબંધ ને ગળે ફૂલની માળા હતી. શરીર પર સફેદ વસ્ત્રો હતાં. તોપણ એ ઓછી આકર્ષક અથવા આહલાદક નહતી લાગતી. કાલિદાસે દુષ્યંતના મુખમાં મૂકેલો વનવાસિની શકુંતલાની સુંદરતાનું વર્ણન કરતો પેલો શ્લોક મને એ વખતે યાદ આવ્યો, ને થયું કે મધુર આકૃતિથી મંડિત થયેલાને કયી વસ્તુ મંડનરૂપ નથી થતી ? જેમનું શરીર જ સુંદર છે તેમને સઘળું શણગાર રૂપ થઈ પડે છે. બહારનાં આભૂષણ હોય કે ના હોય તો પણ, એ ઓપી ઊઠે છે.

વિનયને ખાતર મેં એને કહ્યુ : કાલનું અધુરૂં રહેલું ગીત આજે તો સંભળાવશો ને, ભદ્રાબેન ? એનો સ્વાદ તો હજુ બાકી જ રહી ગયો છે.

ભદ્રાની આંખ અત્યાર સુધી નીચી હતી તે હવે મારા તરફ સ્થિર થઈ. હું ક્યાં એટલું સરસ ગાઈ શકું છું ? મારો કંઠ તો સાધારણ છે. પરંતુ દેવાનંદ પાસેથી સાંભળ્યું છે કે તમારો કંઠ અતિશય મધુરો છે, ને તમે ગીતોની રચના પણ કરી શકો છો. તમારા કંઠને સાંભળવાનું કાલે ઘણું મન હતું. પણ બોલી ના શકી. આજે તમે એકાદ ગીત જરૂર સંભળાવજો.

થોડીવાર સુધી શાંતિ છવાઈ ગઈ.

ભદ્રા એક વાર ઊભી થઈને અંદર કોઈ કામે જઈ આવી. દેવાનંદની વાતચીત હજુ ચાલુ હતી. એટલે બહારના ખંડમાં અમે એકલાં જ હતા. પરિવારના બીજા બે સભ્યો ધર્મમાં રુચિવાળા ન હોઈ, દેવાનંદનો સત્કાર કરીને કામ કરવા માટે બહાર ગયા હતા.

ભદ્રાએ વળી કહ્યું : સાંભળ્યું છે કે તમે કુંવારા છો. ઉંમર તો ઘણી નાની છે. તો શું તમે લગ્ન ના કરવાનો નિર્ણય કર્યો છે ?

પ્રશ્ન અજબ હતો. છતાં મને એથી આનંદ થયો. ભદ્રાની સાથે વાત કરવાનો એ રીતે અવસર મળતો હતો. એથી મેં ઉત્તર આપ્યો : લગ્ન ના કરવું એવો કોઈ નિર્ણય નથી. પરંતુ કોઈ સુયોગ્ય કન્યા સાથે કરવાનો આગ્રહ છે. એવી કન્યા આજ સુધી નથી મળી એટલું જ.

તે તમે એવી તે કેવીક સુયોગ્ય કન્યાની શોધમાં છો? તમે તો તમારા પ્રાધ્યાપક તરીકેના વ્યવસાયમાં હજારો કન્યાઓને જોઈ નાખી હશે.

જોવું એ એક વાત છે, ને હૃદયમાં રમવું એ બીજી વાત છે, ભદ્રાબેન ! સાચું કહું તો તમારા વિના મારા આજ સુધીના જીવનમાં મારા હૃદયમાં કોઈ જ નથી રમી શક્યું. તમને જોયાં છે ત્યારથી એમ લાગ્યું છે કે મારી પ્રતીક્ષા પૂરી થઈ કે શોધ સફળ થઈ !

મને થયું તો ખરૂં કે બે વાક્યો મેં વધારે પડતાં બોલી નાખ્યાં, ને તે પણ એક રાજકન્યાની પાસે. પરંતુ ભદ્રાએ એ માટે અણગમો કે ક્રોધ ન બતાવ્યો, એ જોઈને મને નિરાંત થઈ. મારી નિખાલસતાને લીધે જ હું એ વાક્યો બોલી શક્યો હતો.

હું પણ તમારા જેવા અત્યંત સુયોગ્ય કુમારની જ શોધમાં હતી. ગઈ કાલથી મારૂં મન તમારી આજુબાજુ જ ભમ્યા કરે છે. તમારી મુલાકાતથી મને લાગ્યું કે મારી મથુરાયાત્રા સફળ થઈ, ને જે કૃષ્ણની હું આરાધના કરૂં છું તેણે મારા પર કૃપા કરી.

ભદ્રાના એ શબ્દોએ મારા શરીરે રોમાંચ ખડાં કરી દીધાં. ભદ્રા શું બોલી રહી છે એ સ્પષ્ટ જ હતું. તેના પર મને પણ પ્રેમ થયો હતો, ને તે દેવાનંદ સાથેની કાલની વાત પછી પણ, ઘટવાને બદલે વધતો જ જતો હતો. ત્યારે શું દેવાનંદ તેની સાથે લગ્ન કરવા માગે છે તેની ભદ્રાને ખબર ન હતી ? તે લગ્નની પૂર્વશરત રૂપે રાજાએ—મને ચાહનારી ભદ્રાના પિતાએ—દેવાનંદ પાસે મારા માથાની માગણી કરી છે એ વાતથી પણ શું એ અજ્ઞાત હતી ? એ વાત હું એને કહું કે નહિ એ મને ના સમજાયું. મેં મારા મનને જરા આનંદમય કરી લીધું ને કહ્યું : દૈવની ઈચ્છા વિના તમારા જેવી આદર્શ કન્યાની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. એ તો કોઈક પુણ્યશાળીને જ મળી શકે.

તમારાથી વધારે પુણ્યશાળી મને તો કોઈ નથી મળ્યું. તમારામાં રૂપ છે, ગુણ છે, વિદ્યા છે, અને એ બધાથી ચઢી જાય એવી સજ્જનતાની સુવાસ છે. તમારા જેવા સાથી સાંપડે તો જીવન સુખી જ ના થાય, ઉત્તમ અથવા અસાધારણ પણ બની જાય.

ભદ્રા એક જ વખતની મુલાકાતમાં મારા પર આટલી બધી વારી ગઈ છે એ વાતની ખબર મને ત્યારે જ પડી. મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો. મને થયું કે દૈવ મારા પર આશીર્વાદની વૃષ્ટિ વરસાવે છે. ભદ્રા જો જીવનસંગિની બને તો જીવન સફળ થાય. એથી વધારે ભાગ્ય બીજું કોઈ હોઈ જ ના શકે. એની હૂંફ પામીને આત્મા અમૃતમય બને ને દુઃખ, દુઃખ ના રહે. એની અમીમય આંખમાં આંખ માંડીને જીવન એક મહોત્સવ જેવું મીઠું બનાવી શકાય.

મેં પૂછ્યું : તો શું તમારા પિતાની તમને ગમે તેની સાથે લગ્ન કરવાની છૂટ છે ખરી ?

છૂટ ? એ તો મારો સ્વભાવગત અધિકાર છે. એ એમાં રાજી છે. એ મારી પ્રકૃતિથી પૂરેપૂરાં પરિચિત છે. વળી મને સંપૂર્ણ સુખી જોવાની એમની ઈચ્છા છે. એટલે મારી ઈચ્છા પ્રમાણેના પતિની પસંદગી કરૂં એમાં એ રાજી છે.

તો પછી તમારો શો વિચાર છે ? એ માટે તમે શું કરશો ?

કરવાનું કાંઈ જ નથી. મારી માગણી મંજૂર હોય, તો એક કામ કરો. આ ફૂલની માળાનો સ્વીકાર કરો. એના રૂપમાં હું તમને વરી છું એમ માની લો.

હું બીજો વિચાર કરૂં કે ઉત્તર આપું એ પહેલાં તો એ ઊભી થઈ, ને પાસેના પાત્રમાં રાખેલી માળાને મારા ગળે અર્પણ કરીને વળી કહેવા લાગી : મારૂં વર્તન તમને નવાઈ ભરેલું લાગશે. પરંતુ એવું કાંઈ જ ના લગાડશો. મારા કૃષ્ણની કૃપાથી જ તમે મને મળી ગયા છો. આજે સવારે જ એણે મને સ્વપ્નું આપીને તમને

એની સાક્ષીમાં વરવા સારું સૂચન કર્યું છે. એની ઈચ્છાથી જ આ બધું બની રહ્યું છે. એના દરેક વિધાનમાં મંગલ જ હોય છે.

*

એટલામાં તો દેવાનંદ, રાજા ને રાણી બહાર આવ્યાં. દેવાનંદના મુખ પર પ્રસન્નતા હતી. મને થયું કે એમની માગણી રાજાએ મંજૂર રાખી હશે. એની સાથે મારા મસ્તકની વાત અને અત્યાર સુધીમાં ભદ્રા સાથે થયેલી વાત મને યાદ આવી. દેવાનંદ ભદ્રાને વરવા માટે મારું માથું માગે છે. પરંતુ ભદ્રા તો મને વરી છે. દેવાનંદ એ જાણશે તો ?

જમી પરવારીને અમે આશ્રમમાં આવવા વિદાય થયા, ત્યારે રાજા, રાણી ને ભદ્રા અમને વળાવવા આવ્યાં. ભદ્રા આનંદમાં હતી, પરંતુ રાજા ને રાણીના વદન પર, દેવાનંદ સાથે વાત કરીને બહાર આવ્યાં ત્યારથી જ, ઉદાસી હતી. ભદ્રાએ જમ્યા પછી મને ગીત ગાવાનું કહ્યું, પરંતુ એટલા માટે જ ફરી ગાઈશ, કહીને એ વાતને મેં ભારે દુઃખ સાથે ટાળી દીધી. મને થયું કે ભદ્રાને મળવાનો કદાચ આ છેલ્લો જ વખત. દેવાનંદ સાથે થયેલી વાત તેને જણાવ્યા વિના, તેની માળા મેં આટલી જલદી સ્વીકારી લીધી એ માટે મને દિલગીરી પણ થઈ. પરંતુ એ વાત હવે વીતી ગઈ હતી. એના અફસોસથી કોઈ હેતુ સરે તેમ નહતો.

આશ્રમમાં આવ્યા ત્યારે સાંજ પડવાને થોડો વખત જ બાકી હતો. એ વખતે શરદ ઋતુ ચાલતી હતી. એટલે દિવસો ટૂંકા ને રાત લાંબી રહેતી. આશ્રમમાં આવીને દેવાનંદે મને રાજા ને રાણી સાથેના વાર્તાલાપથી માહિતગાર કર્યો. એ વાર્તાલાપનો સાર એટલો જ હતો કે દેવાનંદ મારા માથાને બદલે મારા શરીરનું સમર્પણ, અથવા કહો કે મારૂં જીવતું સમર્પણ, રાજાને કરવાનું સમજાવવામાં સફળ થયા હતા, ને રાજા તથા રાણીએ એમને આખરી ઉત્તર આપવા માટે એક રાતની મુદત માગીને વિદાય કર્યા હતા. એનો અર્થ એ થયો કે રાજા તથા રાણી ભદ્રાનું લગ્ન દેવાનંદ સાથે કરવા હા પાડે, તો મારે એમના અનુચર મટીને રાજાના અનુચર તરીકે મારૂં સમસ્ત જીવન ગુજારવું પડે. મને ભદ્રાની વાતની સ્મૃતિથી દુઃખ તો થયું. પરંતુ બીજો કોઈ ઉપાય ના દેખાવાથી, તે વખતે તો હું લાચાર બનીને બેસી રહ્યો.

*

બીજે દિવસે રાજાએ દેવાનંદને લેવા માટે પાલખી મોકલી. તેમાં બેસીને એ વિદાય થયા. હું એમના બેત્રણ સેવકો સાથે એમની પાછળ ચાલ્યો. રાજાને ત્યાં પહોંચ્યા ત્યારે આગલા દિવસની પેઠે જ અમારૂં સ્વાગત થયું. ભદ્રા મને જોઈને અતિશય આનંદમાં આવી ગઈ. એની મુખાકૃતિ પરથી એ જાણી શકાયું. આજનું એનું સ્વરૂપ જુદું જ હતું. વેણીને લીધે એ વધારે કમનીય દેખાતી અને આકર્ષક લાગતી. એ રંગીન વસ્ત્રો ને ભાતભાતનાં આભૂષણથી ભભકભરી દેખાતી. અમને એ અંદરના કક્ષમાં લઈ ગઈ, અને અમે બેઠા પછી અમારી સામે જ બેસી ગઈ.

દેવાનંદ રાજા ને રાણી સાથે વાતે વળગ્યા એટલે ભદ્રાએ મને સંકેત કરીને બહાર આવવા કહ્યું. હું એની સાથે બહાર ગયો તો એના આનંદનો પાર ના રહ્યો. એણે યમુનાના શ્યામ જળ તરફ અંગુલિનિર્દેશ કરીને કહ્યું : કેવી શ્યામ છે આ યમુના ? એનો મહિમા કૃષ્ણને લીધે વધી ગયો છે, તેમ મારું જીવન પણ તમારે લીધે મહિમાવંતુ બનશે એ નક્કી છે.

મને ભદ્રાની વાતે હલાવી દીધો. એ વખતે ત્યાં બીજું કોઈ જ નહતું. એથી હિંમત કરીને એણે મારા હાથમાં એનો સુકોમળ કર મૂકી દીધો ને કહ્યું: આ હાથ તમારા હાથમાં શોભે તેમ છે, તથા તમારા હાથમાં જ રહે એમ ઈચ્છું છું.

ભદ્રાના શીતળ સ્પર્શથી મારા રોમેરોમમાં રસના ફુવારા ફૂટી નીકળ્યા. કેટલો બધો સુખદ સ્પર્શ ! મેં કહેવા માંડ્યું : ભદ્રા, દુઃખ ને સુખમાં તારા હાથમાં મારો હાથ રહે એજ અભિલાષા છે. તું મારી થાય તો જીવન ઉત્સવ બને. ને ચાહવા જેવું બીજું કાંઈ જ ના રહે.

દેવાનંદ એટલી વારમાં તો મને અંદર ના જોતાં બહાર આવ્યા. એમણે ભદ્રાની ને મારી વાત સાંભળી લીધી. એમના શબ્દો પરથી એની સમજ પડી. કેમકે એમણે સાથે આવેલાં રાજા ને રાણીને સત્વર કહ્યું : આનાથી વધારે સુંદર શું ? આ બંને કેટલાં બધાં સુંદર લાગે છે ? રાધા ને કૃષ્ણ જેવી એમની જોડી છે. મારા કરતાં ભદ્રાને આ કૃપાનિધિ સાથે જ પરણાવી દો. એમની જોડી જ વધારે સુંદર ને શ્રેષ્ઠ છે !

એ શબ્દો સાંભળીને હું ને ભદ્રા બેઠાં થઈ ગયાં. દેવાનંદે મને આશીર્વાદ આપ્યો. ભદ્રાને પણ આશીર્વાદ આપ્યો. રાજા ને રાણીના આનંદનો પાર રહ્યો નહિ. આખોયે પ્રસંગ આમ એકાએક પલટાઈ ગયો તેથી તેમને શાંતિ થઈ ને રાહત મળી.

દેવાનંદની ઉપસ્થિતિમાં જ થોડા દિવસ બાદ મારું ને ભદ્રાનું લગ્ન થયું ત્યારે સૌથી વધારે આનંદ એમને જ થયો. ભદ્રા આજે વખત મળે છે ત્યારે એ વાતનું સ્મરણ કરીને રોમાંચ અનુભવે છે. દેવાનંદ ને રાજારાણી આજે હયાત નથી, પરંતુ એમના આત્મા આજે પણ પ્રસન્ન થઈને શુભાશિષ વરસાવતા હોય એમ લાગ્યા કરે છે.

* * *

## ૩. હૃદયની રાણી

દસેક દિવસ પહેલાંની વાત છે. ઈંગ્લેન્ડની રાણી ઈલીઝાબેથ ભારતના પ્રવાસે સૌથી પહેલી વાર પધારી હતી, અને મુંબાઈ આવવાની હતી. છવ્વીસમી જાન્યુઆરી હજુ હમણાં જ પસાર થઈ હતી : ૨૬ મી જાન્યુઆરી ૧૯૬૧. મુંબઈમાં એ દિવસે દર વરસની પેઠે સરઘસ નીકળ્યું હતું, સભા થઈ હતી, ને રોશનીને જોવા માટે મોટરો તેમજ ખટારાઓમાં માણસો અસંખ્યની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. એ પછી ગણ્યાગાંઠ્યા દિવસોમાં જ રાણી ઈલીઝાબેથનું આગમન થવાનું હતું. એટલે એ સમય દરમ્યાન મુંબઈનું વાતાવરણ જોવાજેવું હતું.

દરિયાની હરીફાઈ કરનારી માનવમેદની રાણીના સત્કાર તથા દર્શન માટે શહેરના જુદા જુદા માર્ગ પર એકઠી થયેલી. કોઈ કુતૂહલથી પ્રેરાઈને તો કોઈ આદરભાવે, કોઈ વિનોદ ખાતર તો કોઈ રજાનો વખત આનંદપૂર્વક પસાર કરવા, તો કોઈ વળી ભીડનો લાભ લઈને પોતાની મેલી મુરાદ બર લાવવા, એ મેદનીમાં એકઠા થયેલા. રસ્તાઓ ભરચક હતા, તથા ફૂટપાથ પરથી પસાર થવાનું પણ મુશ્કેલ હતું. વાહનવ્યવહાર માટે અમુક માર્ગ જ મુકર્રર કરવામાં આવેલા. બીજા બધા જ રસ્તા બંધ હતા. એટલે લોકોને જવા આવવાની પણ મુશ્કેલી હતી. મુંબઈની પ્રજા તો હતી જ, પરંતુ રાણીને જોવા માટે બહારની પ્રજા પણ ભેગી થયેલી. એટલે મુંબાઈ નગરી એક મોટા માનવ મહેરામણ જેવી બની ગઈ હતી, એમ કહીએ તો ચાલે.

એ અવસરનો આનંદ લેવા માટે લોકો વહેલી સવારથી જ તૈયાર થયેલા. રાણીને આવવાનો વખત દૂર હતો, પરંતુ અધીરા મનના માણસો વહેલી સવારથી જ ઘેરથી વિદાય થઈને બહાર નીકળી આંટાફેરા કરવામાં પોતાનો સમય પસાર કરતા હતા. મદનમોહન ને માલતી એવાં અધીરાં નહતાં. તેથી જમીપરવારીને થોડો વખત આરામ કરીને, છેક સાંજ પડી એટલે રાણીને જોવાની ઈચ્છાથી બહાર નીકળ્યાં. રાણી ગવર્નરના બંગલામાં આવવાની હતી, એથી એમને ઉતાવળ કરવાની આવશ્યકતા પણ ન હતી. એમનું મકાન બાણગંગા પર હોવાથી, રાણીને આવવાનો રસ્તો છેક પાસે હતો. બહાર નીકળીને રસ્તા પર આવીને તપાસ કરી તો હેન્ગીંગ ગાર્ડન તેમજ ચોપાટી બંને બાજુની બસ ચાલુ હતી, તેથી તેમને નિરાંત થઈ. ચોપાટીના રસ્તા પર વિલ્સન કૉલેજની પાસે જ એમના કુટુંબીનું મકાન હતું. ત્યાંથી બારી આગળ ઊભા રહીને, રસ્તા પરથી પસાર થતી રાણીને, કોઈ પણ પ્રકારની મુસીબત વિના જોઈ શકાય તેમ હતું. વળી એમના કુટુંબીએ આ ખાસ અવસર પર આવવા માટે એમને અગાઉથી આમંત્રણ પણ આપ્યું હતું. એટલે એમને બધી રીતે અનુકૂળતા હતી. એ બધા વિચારથી ઉત્સાહિત થઈને તો એ બહાર નીકળ્યાં હતાં. એટલે મલબાર હીલના બસ સ્ટેન્ડથી ચોપાટી તરફ વિદાય થતી બસમાં બેસી ગયાં.

પરંતુ એમની અત્યાર સુધીની અનુકૂળતા એકાએક પ્રતિકૂળતામાં પલટાઈ ગઈ. મલબાર હીલથી ઉપડતી વખતનો આનંદ થોડા જ વખતમાં અદૃશ્ય થઈ ગયો. બસ ગવર્નરના બંગલા તરફ જવાના દરવાજા આગળ આવ્યા પછી આગળ જ ના વધી શકી. બહાર રસ્તા પર માણસોની એટલી બધી ભીડ હતી કે કીડીને જવાનો રસ્તો પણ નહોતો રહ્યો એમ કહીએ તો ચાલે. મદનમોહન થોડાક વખત સુધી રાહ જોઈને કંટાળી ગયા. તેમનું જીવન અત્યંત ધમાલિયું હતું. વકીલ તરીકે મશહુર હોવાથી એક મિનિટની ફુરસદ પણ

તેમને ના મળતી. રજાને દિવસે કંટાળો લાગવાથી તે ઘરમાં ભાગ્યે જ રહેતા. આજે તો રહેવું પડવાથી રહ્યા હતા. માલતી તેમને વારંવાર ફરિયાદ કરતી કે તમારો પ્રેમ મારા પરથી ઓછો થતો જાય છે. તમારા હૃદયમાં મારું તો કોઈ સ્થાન જ હોય એમ નથી લાગતું. હું એમ. એ. ભણતી ને તમે એલ. એલ. બી. ત્યારે જે પ્રેમ હતો, આકર્ષણ હતું. ને જેથી પ્રેરાઈને, માબાપનો સામનો કરીને તથા એમનું ઘર છોડીને, મેં તમારી સાથે સ્નેહલગ્ન કરેલું, તે પ્રેમ અને એ આકર્ષણ લગ્ન પછીના બે વરસમાં તો ક્યાંય અલોપ થઈ ગયું એમ લાગે છે. માલતીને તમે રાણી કહેતા. મારા હૃદયની રાણી કહીને સંબોધતા, એ વખતે એને કેટલો બધો આનંદ થતો ? પરંતુ લગ્ન પછી તમારું એ સંબોધન પણ સૂકાઈ ગયું છે. તમને મારાં વસ્ત્રો ગમતાં, મારી વાતો ગમતી. મારા મોઢા પરનું સ્મિત ગમતું, મારો કેશકલાપ ગમતો, ને મારી ચાલ તથા વાણીની મધુરતા પર તો તમે ફિદાફિદા થઈ જતા. પરંતુ હવે તમને મારું કશું જ નથી ગમતું ને મારા કશામાં જાણે રસ જ નથી રહ્યો. વકીલાત વિના તમને બીજા કશામાં જાણે રસ જ નથી.

એવે વખતે મદનમોહન જરા શાંતિ રાખતા, ને તેને જેમતેમ કરીને આનંદ આપતા. પરંતુ સાચી વાત તો એ હતી કે એમને માલતી હવે ગમતી નહતી. ચોપાટી પર રહેતા એમના કુટુંબીજનની એકની એક છોકરી નીનાની એમને બાલપણથી જ ઓળખાણ હતી, ને એ છોકરીના પ્રેમમાં પડીને એના તરફ એ વધારે ને વધારે ઢળતા જતા હતા. માલતી તરફના અણગમાનું મુખ્ય કારણ એજ  હતું. એ બાબતની માલતીને ગંધ પણ નહોતી.

માલતીના આગ્રહથી જ એને લઈને આજે છ મહિના પછી પહેલીવાર જ બહાર નીકળ્યા હતા. તેમાં પણ ઈલીઝાબેથને જોવા કરતાં નીનાને મળવાની ઈચ્છા જ વધારે પડતો ભાગ ભજવી રહી હતી. પરંતુ બસને માટે આગળ વધવાનો રસ્તો જ નહતો. એટલે એ મુશ્કેલીમાં મૂકાઈ ગયા.

અર્ધા કલાક સુધી રાહ જોઈને થાક્યા પછી કેટલાય મુસાફરો નીચે ઉતરી પડ્યા, તો કેટલાક બીજો કોઈ ઉપાય ના હોવાથી બેસી રહ્યા. માલતી પણ આ અચાનક આવી પડેલી આફતથી અશાંત થઈ ગઈ. મદનમોહનને એણે કહેવા માંડ્યું : કોણ જાણે આ બસ હવે ક્યારે ચાલે છે ? કેટલાયે દિવસે સાથે ફરવા નીકળ્યાં ત્યારે આ મુસીબત આવીને ઊભી રહી. નસીબ બે ડગલાં આગળ ને આગળ છે.

તારી સાથે બહાર નીકળવામાં મુશ્કેલી જ આ છે. ગયે વખતે બસ ચૂકી જવાથી, મરીન ડ્રાઈવથી છેક ચાલીને ચોપાટી આવવું પડેલું. ને ચોપાટીથી બસ એવી ભરેલી મળી કે ઊભાં ઊભાં મલબાર હીલ પહોંચ્યા, એ ખબર છે ને ? એટલે જ હું બહાર લઈ જવાનો આગ્રહ નથી રાખતો. તેમાં તને મારો પ્રેમ ઘટી ગયો એમ લાગે છે. પરંતુ મારા મનને તો કોઈ સમજનાર મને નથી મળ્યું.

મદનમોહનના એ શબ્દો માલતીને માટે બાણ બરાબર થઈ પડ્યા. એવા જ કાતીલ કે મર્મભેદી. એણે તરત પરખાવી દીધું : હવે તો તમને મારો સાથ પણ સારો નથી લાગતો. પહેલાં તો તમે વકીલાતના કામમાંથી નવરા નહિ પડતા હો એમ માનીને હું સંતોષ વાળતી. પણ આજના તમારા શબ્દોએ મારી આંખ ઉઘાડી દીધી. તમને મારો સાથ અમંગલ કે અપશુકનિયાળ જ લાગતો હોય તો મારે તમારી સાથે ફરવા નીકળવાનો મોહ પણ નથી. તમે તમારે રાણીને જોઈને ઘેર આવજો, હું મારે આ ચાલી ! મારે લીધે તમે દુઃખી થાવ એ મારે નથી જોઈતું.

ભરાયેલા કંઠે અને આંસુભીની આંખે એ નીચે ઉતરી પડી. રંગમાં ઓચિંતો ભંગ પડી ગયો.

મદનમોહનને તો જોઈતું'તું તે વૈદે આપ્યું. તેમણે એને રોકવાનો કે પાછી બોલાવવાનો જરાય પ્રયાસ ના કર્યો. ઉલટું, એ આનંદ પામ્યા. અને મનોમન કહેવા માંડ્યા કે બલા ગઈ ! એ સાથે હોય એટલે નીનાને મળતાં પણ મારે સંભાળવું પડે. આ તો હવે બસ છોને ઊભા રહેવું હોય ત્યાં લગી ઊભી રહે, આપણો રસ્તો ચોક્ખો થયો. રાણીને જોવાનું તો બહાનું. ઈલીઝાબેથની અહિં કોને પડી છે ? એ છોને ઈંગ્લાંડની રાણી હોય ! આપણી રાણી તો ચોપાટી પર છે ! એને મળીશું, ટેક્ષીમાં લઈને ક્યાંક ઉપડીશું અને આનંદ કરીશું !

દાવાનલમાંથી બચીને બહાર નીકળી શકી હોય એવા ભાવનો અનુભવ કરતી માલતી બસમાંથી ઉતરીને આગળ તો ચાલી, પણ એને થયું કે આટલી વહેલી ઘેર જઈને કરીશ પણ શું ? રસોઈ તો આજે બંને ટાઈમની સવારે જ બનાવી લીધી છે, ને બીજું કોઈ કામ નથી. તો પછી ઘેર જઈને મૂઢની માફક એકલી બેસી રહું, એના કરતા કમલા નહેરૂ પાર્ક જઉં તો શું ખોટું ? ગમગીન થયેલું મન જરા હળવું બનશે, ને જરાક શાંત થઈ શકશે. વળી એ તો હવે ચોપાટી જઈને કોણ જાણે ક્યારે પાછા આવે છે ? રાતના દસ અગિયાર પહેલાં ઘેર આવે એમ નથી લાગતું. માટે મારે માટે એજ કાર્યક્રમ બરાબર છે. એમ વિચારીને એ ત્રણ બત્તીથી કમલા નહેરૂ પાર્કને રસ્તે આગળ વધી.

કમલા નહેરૂ પાર્કમાં આજે એકદમ શાંતિ હતી. રાણી ઈલીઝાબેથનું આગમન થવાનું હોવાથી, માનવમેદની શહેરના માર્ગ પર તથા મકાનોમાં જમા થઈ હતી. એટલે બગીચો લગભગ ખાલી જેવો જ હતો. બેચાર કુટુંબને બાદ કરતાં બીજું કોઈ તેમાં નહતું દેખાતું.

એ બગીચામાં પોતાના લગ્ન પહેલાં એ મદનમોહનની સાથે અનેકવાર છૂપી રીતે આવી હતી, એનું એને આજે સ્મરણ થયું. એ વખતે એના અંતરમાં કેવો આનંદ હતો, ઉરમાં કેટકેટલા ઉમળકા હતા, ને કેવો અનેરો ઉત્સાહ હતો ! એવા જ એક પ્રસંગે, એ મદનમોહનની સાથે સામેના સમુદ્રનું નિરીક્ષણ કરતી, આજ એકાંત બાંકડા પર અંધારામાં બેઠી હતી, એ દૃશ્ય એની આંખ આગળ આવીને ઊભું રહ્યું. મદનમોહન તે વખતે છેક જ સાધારણ સ્થિતિના વિદ્યાર્થી હતા, ને પોતે એક ધનવાનની એકની એક પુત્રી હતી, તેથી એ કાંઈક દુઃખ વ્યક્ત કરીને બોલી ઉઠ્યાં : માલતી, મારી માલા ! હું તને કેવી રીતે સુખી કરી શકીશ ? તું તો શ્રીમંતની છોકરી છે, ને હું છેક ગરીબ છું, હું કોઈ રાજકુટુંબમાં જન્મ્યો હોત તો તને જીવનભર..

પરંતુ એ વાક્ય પૂરું થાય એ પહેલાં તો પોતાના હાથને મદનમોહનના મોઢે દબાવી દીધો ને રોષ સાથે સંભળાવી દીધું : જુઓ, હવે તમે મને શ્રીમંતની છોકરી ના કહેતા. હું તમારી છું, ને તમે મને તમારી તરીકે સંબોધો એ જ ઈચ્છું છું. તમે ભલે ગરીબ હો, પણ હૃદયના રાજા છો. તમારા હૃદયની રાણી રહી શકું તો મારે મન ઘણું છે, બીજી કોઈયે વસ્તુની હું ભૂખી નથી : મારે બીજા કશાની કામનાયે નથી.

એ શબ્દોને યાદ કરીને એ આજે રડી પડી. કોઈકોઈવાર આ રીતે મનદુઃખ થયું હોય ત્યારે, એ આ બગીચામાં એકલી આવી જતી એથી એનું હૃદય રાહત મેળવતું. પરંતુ આજે એને આ બગીચો જાણે ખાવા ધાવા લાગ્યો. એને થયું કે ઘેર જ જતી રહું, ને ધ્રૂસકે ધ્રૂસકે, મન મૂકીને, રડી લઉં ! એ ઊભી થઈને ચાલવા માંડી. ત્યાં તો ફુવારાની પાસેથી પસાર થતી વખતે જ, એને કોઈએ બૂમ પાડીને બોલાવી.

અંધારું ક્યારનુંય થઈ ગયું હતું. પરંતુ પોતાને બૂમ પાડીને બોલાવનારને એણે ઓળખી કાઢ્યાં. એ હતાં ઉમા અને એના પતિ મનસુખ. આજે કેટલેય વખતે એમને મળેલાં જોઈને આનંદ થયો. ઉમા એની સહાધ્યાયિની હતી. એની સાથે એને બહુ માયા ન હતી, પરંતુ એકંદરે સારાસારી હતી. એના લગ્નમાં એ વિશેષ આમંત્રણથી આવેલી પણ ખરી. એ બહુ માયાળુ હતી. એટલે તરત બોલી ઊઠી : કેમ રાજીમાં છો ને ? આપણે તો લાંબે વખતે મળ્યાં. મદનમોહન મજામાં તો છે ને ? આજે તો રાણી આવવાની છે એટલે જોવા ગયા હશે. પણ તમને જોવા માટે ના લઈ ગયા ?

મારું જરા માથું દુઃખતું'તું એટલે એ એકલા જ ગયા છે. હું જરા અહિં ચક્કર મારવા ઉતરી પડી, અને એ આગળ ગયા.

માલતીએ મદનમોહનનું ખોટું ના દેખાય એટલા માટે ઉત્તર આપ્યો; ને સામું પૂછ્યું : તે તમે કેમ રાણીને જોવા ના ગયા ?

આપણે તો રાજા ને રાણી બધું સરખું છે. એમાં જોવા શું જવું છે ? એય માણસ જેવું માણસ છે. બાકી રાણી છે તે એના ઘરની. એનું નસીબ કે એને આટલું માન મળે છે : ઉમાએ શાંતિથી કહ્યું : ને જો માલતી, હું તો એક રાજ્યસુખને ભોગવી રહી છું. મારા મનસુખનું ભણતર હાઈસ્કૂલ સુધીનું છે. મીલની નોકરીમાં પગાર થોડો છે. બે છોકરાં પણ મોટાં કરવાનાં છે. છતાં મનસુખનું મન મોટું છે. એના હૃદયમાં મારે માટે રાગ છે. એટલે મને તો રાજપદ જ મળી ગયું છે. એના ઘરની અને હૃદયની રાણી હોઉં એવું જ લાગે છે. આપણે વળી ઈંગ્લાંડની રાણીને જોવા માટે દોડાદોડ કરવાની ને ભીડમાં ધક્કા ખાવાની શી જરૂર છે ?

માલતી તમે રડો છો શા માટે ?

માલતી ખરેખર રડી રહી હતી. આંખમાંથી શ્રાવણ ને ભાદરવો ઊમટી પડ્યા હતા.

ઉમા એ જોઈને અધીરી બની ગઈ. તમારો દુઃખાવો વધી ગયો હશે, બેન ! પવન ભરાય તોપણ માથાનો દુઃખાવો વધે છે. ચાલો, અમે એ બાજુ જ આવીએ છીએ. તમને ત્રણ બત્તી આગળ ઉતારતાં જઈશું.

માલતીએ ઘણી આનાકાની કરી, પણ ઉમા ને મનસુખે ના માન્યું. ટેક્ષીમાં બેસાડીને જ ઉમા ને મનસુખને નિરાંત વળી. છોકરાં એમના મામાની સાથે રાણીને જોવા ગયેલાં. એટલે એ બંને એકલાં જ હતાં.

ત્રણ બત્તીથી આગળ વધીને માલતી ઘેર આવી ત્યારે રાતના નવ વાગવાની તૈયારી હતી. બારણું બંધ કરીને તે ટાઢ ચઢી હોવાથી ટૂંટિયું વાળીને શાલ ઓઢીને પલંગ પર સુઈ ગઈ. એનું ઓશીકુ ભીનું થતું ગયું. ઊંઘ ક્યારે આવી કે આંખ ક્યારે મળી તેની ખબર પણ ના પડી.

નીનાના આગ્રહથી મદનમોહન મોડું થયું હોવાથી, જમીને નીનાના અતિથિરૂપે ત્યાં જ રહી ગયા. બીજે દિવસે બૂમ પાડ્યા છતાં કોઈ ના બોલ્યું ત્યારે બારણું તોડાવીને એ અંદર ગયા, તો કાંઈ સમજી જ ના શક્યા. માલતીના શરીરમાં જીવ નહતો રહ્યો. રાણીને જોવા ગયેલા મદનમોહન રાણીને જોઈ આવ્યા એટલું જ નહિ પણ નીનાના નેહનો રસાસ્વાદ માણી આવ્યા, એટલે આનંદમાં હતા. માલતી એમને મન છ મહિનાથી જીવતી છતાં મરેલી જ હતી.

* * *

## ૪. રોશની

છવ્વીસમી જાન્યુઆરી. આઝાદી પછી દેશમાં એ દિવસે સભા થાય છે, સરઘસ નીકળે છે, ને ઠેકઠેકાણે રોશની થાય છે. એ બધું એવું તો પરંપરાગત કે રુઢ બની ગયું છે કે વાત નહિ. છતાં લોકો એ દિવસને ઊજવે છે એટલું સારૂં છે. એ દિવસની સાથે દેશનો ગૌરવવંતો, ઉજ્જવળ, પ્રાણવાન અથવા પ્રેરણાસ્પદ ઈતિહાસ સંકળાયેલો છે. દેશની આશા, આકાંક્ષા, મહત્વાકાંક્ષા કે નવજાગૃતિનું સરવૈયું સમાયલું છે. એટલે એ દિવસને ખાસ મહત્વ આપવામાં આવે એ બરાબર જ છે. જે પ્રજા ઈતિહાસની ધન્ય ક્ષણોનાં સંભારણાં રાખીને એમના ઉત્સવ નથી કરી શકતી, તે રાષ્ટ્રીય અસ્મિતાને ટકાવી શકતી નથી, અને પલટાતા જતા ઈતિહાસને વફાદાર રહીને પોતાનો વિકાસ પણ નથી કરી શકતી.

દર વરસની જેમ મુંબાઈમાં એ દિવસે કેટલાંય મકાનોને રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં. લોકો એ રોશનીને જોવા માટે ટોળે વળેલા. કેટલાક પગે ચાલીને, કેટલાક મોટરોમાં, તો કેટલાક ખટારાઓ ભાડે કરીને નીકળી પડેલા. કીકિયારી કરતા, બૂમો પાડતા, ઠઠ્ઠામશ્કરી કરતા, રસ્તે ચાલનારા પર બીડી કે સળગતી સિગારેટ ફેંકતા, સ્ત્રીઓની છેડતી કરવાની તક ઝડપી લેતા, તથા કોઈ વાર તકરાર કરી બેસતા, ખટારા, મોટરો, ને પગનો આધાર લઈને શહેરમાં ફરનારા મુંબાઈ નગરાઓ આઝાદી આવ્યે ચૌદચૌદ વરસ થયાં તોપણ, હજી ચારિત્ર્ય ઘડતરની દૃષ્ટિએ છેક જ જંગલી દશામાં જીવી અને આ મહાન, દેશભરમાં વખણાતા, શિક્ષણ, સુધારણા તથા સંસ્કૃતિની દૃષ્ટિએ સર્વોત્તમ કહેવાતા, શહેરની પ્રતિષ્ઠામાં ઘટાડો કરી રહેલા. રાતે સાત વાગ્યા ત્યારથી જ શહેરના મુખ્ય માર્ગો પર ઘોંઘાટ કરતા એ ફરવા લાગેલા.

એ વખતે માટુંગાના રેલ્વે પુલની પાસેની મજૂર વસ્તીમાં એક ડોશી એના આઠ વરસના દીકરાના દીકરા સાથે ઝૂંપડી જેવા ઘરમાં ચિંતાતુર બનીને બેઠી હતી. ડોશીનો દીકરો ક્ષયની ભયંકર બિમારીમાં મરણ પામ્યો ત્યારથી એ વિધુર દીકરાના આ એકના એક દીકરાના પોષણ અથવા ઉછેરની જવાબદારી એને માથે આવી પડેલી.

છોકરાએ કહ્યું :

‘મા ! આપણી બાજુમાં રહેનારો મગન તો એના બાપા સાથે ક્યારનો રોશની જોવા ગયો છે. મને તો તેં રોશની કોઈ દા’ડો નથી બતાવી, મા ! મને તું લઈ જઈશ ?’

ડોશી ગળગળી થઈ ગઈ.

‘તારો બાપ હોત તો તને લઈ જાત. હું તો હવે ઘરડી થઈ. બરાબર ચાલી ને ભાળી શકતીયે નથી. વરસ એવાં આવતાં જાય છે કે વાત નહિ. ચિંતામાં ને ચિંતામાં મારી આંખની રોશની પણ ઓછી થઈ છે. માણસ શું કરે ? જોને, ચાર વરસ પહેલાં તારો બાપ માંદો પડ્યો ત્યારે દવાદારૂય ના કરાવી શકી. ખાવાના જ સાંસા ત્યાં દવાદારૂ ક્યાંથી કરાવું ? ભરજવાનીમાં એની રોશની જતી રહી. હવે બેટા, તને જોઈને આંખ ઠારું છું. ઈશ્વરે એના કરતાં તો મને લઈ લીધી હોત તો સારું થાત. મનખા દેહના દિલની રોશનીય હવે જતી રહી છે. પહેલાં સાવ આવું ન્હોતું, બેટા !’

છોકરો કાંઈ ના બોલ્યો. ડોશીની વાત એ પૂરેપૂરી સમજી શક્યો પણ નહિ. ઉંમરના પ્રમાણમાં વાત એને માટે મોટી હતી. છતાં એને એટલું તો લાગ્યું જ કે મા કોઈ ભારે દુઃખની વાત કરી રહી છે.

‘લાવ, બેટા ! દીવાસળીની પેટી. ઘરમાં અજવાળું કરીએ. એ આપણી રોશની.’

છોકરો પેટી લઈ આવ્યો. પણ જોયું તો અંદર દીવાસળી જ ના મળે.

‘અરે દીવાસળીયે નથી ?’

ડોશીએ લૂગડાને છેડે બાંધેલા પૈસા છોડ્યા.

‘લે બેટા ! નાકા પરની દુકાનેથી પેટી લઈ આવ.’

પેટી આવી ગઈ એટલે ડોશીએ ફાનસ કાઢ્યું. પણ તેમાં તેલ નહતું.

કેરોસીન ભરાવવા પૂરા પૈસા નહોતા.

‘હવે તો કાલે કો’કની મજૂરી કરું ત્યારે તેલ લાવી શકાય, બેટા ! આજે છ જ આના મળ્યા’તા. તેમાંથી પાંચ આનાનો તો કાલને માટે લોટ લાવી. કેટલાય દા’ડાથી તનેય ક્યાં પૂરું ખવડાવી શકું છું ? આજે તો સવારનો રોટલો રાખ્યો છે તે ખાઈ લે, બેટા ! ફાનસ ના થાય તો કાંઈ નહિ, અંધારામાં. આપણે કાંઈ આજનું અંધારું છે ? રોજનું છે. જન્મ્યો ત્યારથી તે સુખનો દાડો નથી દેખ્યો.’

કોઈ રસ્તે જનારો ભલો માણસ આ બધું રસપૂર્વક સાંભળી રહેલો. એના અંતરમાં અનુકંપા થઈ, અને એ અંદર આવ્યો.

‘લાવો માજી, ફાનસ. હું તમને તેલ ભરાવી દઊં.’

ડોશી વિચારમાં પડી. આ વળી કોણ આવ્યું ?

‘શંકા ના કરશો. હું તમારો દીકરો છું એમ માનો. છતાં વિશ્વાસ ના આવે તો લો આ રૂપિયાની નોટ. છોકરાને મોકલીને તેલ મંગાવી લો.’

‘પણ ભાઈ, તમારા પૈસા હું શા માટે લઊં ? હજુ તો શરીર સારું છે. અજવાળું તો આજે નહિ તો કાલે કરાશે. કાલે કાંઈ હું મજૂરી કર્યા વિના રહેવાની છું ?’

‘દીકરો હોય તો દીકરાની સેવા તમે ના સ્વીકારો ? હુંય તમારો દીકરો છું.’

ડોશીની આંખમાં આંસુ આવી ગયા.

‘દીકરો હોત તો પછી કહેવાનું જ શું હતું ?’

અત્યંત આગ્રહ કરીને એ સજ્જને ફાનસમાં તેલ ભરી આણ્યું. અને અંધારા ઘરમાં રોશની કરી. ઘર ઝૂંપડી જ હતી એમ કહીએ તો ચાલે. કોઈયે ઋતુમાં રક્ષણ ના આપે એવી એ ઝૂંપડીને દેખીને એનું દીલ દ્રવી રહ્યું. ફુટપાથ જેવી જગ્યા પર એવી તો દસેક ઝૂંપડીઓ હતી. ઝૂંપડીમાં એક બાજુ બેસીને એણે બહારથી આણેલાં નાસ્તાનાં બે પડીકાં કાઢ્યાં.

‘મા, આ ખવાય ?’ છોકરા સામે ખાવાનું ધર્યું એટલે છોકરો બોલ્યો.

‘ખવાય, ખવાય. તું તારે ખાવા માંડ.’ સજ્જને કહ્યું.

ડોશીને પણ અત્યંત આગ્રહ કરીને એણે નાસ્તો કરાવ્યો.

પરંતુ એ સજ્જનનું મન એટલાથી માન્યું નહિ.

'કાલથી તમે માટુંગામાં મારે ત્યાં રહી શકશો, માજી ? ઘેર ચાર છોકરાં છે, એમની મા છે, મોટર છે, કોઈ તકલીફ નથી. છોકરો ભણશે, ને તમે છોકરાંને સાચવવાનું કામ કરજો. જીવતાં પાળીશ, ને મર્યે ગતિ કરીશ. છોકરાની મા ચાળીસ વરસની છે. તે તો મારા કરતાં પણ ચઢી જાય તેવી છે.'

'પણ તમારે શા માટે ભાઈ ! મારે માટે...'

સજ્જને છેવટે ડોશીને સમજાવી લીધી.

બીજે દિવસે ડોશી ને છોકરાનું પ્રારબ્ધ પલટાયું.

*

ઉત્તમ રીતે રોશની કરવા માટે સરકાર તરફથી ઈનામ જાહેર કરવામાં આવ્યાં ત્યારે છાપું વાંચીને ઘરનાં છોકરાં બોલી ઊઠ્યાં.

'આ વખતે રોશની સરસ થઈ. કોટના લત્તાને સૌથી પહેલી પસંદગી મળી.'

ડોશી અને એના દીકરાનો દીકરો એ સમાચાર સાંભળી રહ્યાં. એમના ઘરમાં, હૃદયમાં અને સમસ્ત જીવનમાં, થયેલી રોશનીના છાપામાં સમાચાર નહતા. એ બાજુ પ્રવાસી, મોટર કે ખટારા નીકળ્યા જ નહતા : છાપાના ખબરપત્રીયે નહિ. ઈશ્વરને ત્યાં એ રોશનીની કીંમત કરાઈ હોય અને એને ઈનામ અપાયું હોય તો કોણ જાણે !

* * *

## ૫. મોતી

મારા આજ સુધીના જીવનમાં મને કેટલાય માણસોનો મેળાપ થયો છે. એમાંના કેટલાક મેળાપો ભારે યાદગાર બની ગયા છે. મોતીના મેળાપનું પણ એવું જ છે. એ મેળાપ લગભગ અવિસ્મરણીય બની ગયો છે. વરસો વીતી ગયાં છે છતાં પણ એની સ્મૃતિમાં અને એની અસરકારકતામાં કશો ફેર નથી પડ્યો. અને પડશે કે નહિ એ પણ શંકાસ્પદ છે, નહિ જ પડી શકે. એ સ્મૃતિ જીવનમાં એવી વણાઈ ગઈ છે.

મોતીના મેળાપની વાત સાંભળીને તમને પણ એને મળવાનું મન થશે તે જાણું છું. મોતીને મળવા માટે કદાચ તૈયાર પણ થશો. પરંતુ એને મળવાનું મુશ્કેલ છે અથવા તો અસંભવ છે એ મને અત્યારે જ, આ વાર્તાના આરંભમાં જ, કહી દેવા દો. તમે પૂછશો, કેમ ? તો તેનો ઉત્તર એજ છે કે મોતી આજે હયાત નથી. તેનું શરીર છૂટી ગયું છે. લગભગ બે વરસ પહેલાં જ એનો આત્મા આ ફાની દુનિયાનો ત્યાગ કરીને વિદાય થયો છે. હા, એના પેલા જૂના ને જાણીતા સ્થાનને તમે જરૂર જોઈ શકશો. બાકી એનું બીજું કોઈયે સ્મૃતિચિહ્ન આ સંસારમાં વિદ્યમાન નથી. મારી કલમ દ્વારા કરાયલા અક્ષરદેહના આ આલેખનની મદદથી જ એનો થોડો ઘણો પરિચય મળી શકશે.

આવો ત્યારે એનો પરિચય કરાવું.

મોતી મોચી હતો, મોચીકામ કરીને ગુજરાન ચલાવતો, અને મુંબાઈમાં મલબાર હીલના બસ સ્ટેન્ડ પાસે, બસ સ્ટેન્ડથી થોડાંક ડગલાં દૂર એક વિશાળ મકાનના દરવાજાની બહાર, કામ કરવા બેસતો. આમ તો હું વાલકેશ્વર લત્તામાં રહેતો હોવાથી, ત્યાંથી પસાર થતી વખતે એને અવારનવાર, લગભગ રોજ જોતો પણ એક દિવસ એને નજીકથી જોવાનો અવસર મળી ગયો. વાત એમ બની કે એ દિવસે મારી ચંપલની પટ્ટી તૂટી ગઈ એટલે એને સંધાવવા માટે સ્વાભાવિક રીતે જ મારે એની પાસે જવું પડ્યું.

આમ તો મેં બે ત્રણ જણને મોઢેથી સાંભળ્યું હતું કે મોતી એકદમ સાધારણ સ્થિતિનો હોવા છતાં વિલાસી ને શોખીન છે. સિનેમાનાં ગીતોનો પણ એટલો બધો રસિયો છે કે વાત નહિ. પરંતુ આજે તો મને એક જુદું જ ચિત્ર જોવા મળ્યું. મોતીની પાસે બેસીને બુટને પાલીશ કરાવી રહેલા એક નવજુવાને કહ્યું.

'મોતીદાદા ! તમને ફરી જવાની આવી લાગે છે.'

'કેમ ?' મોતીએ કામ કરતાં કરતાં જ પૂછ્યું.

'કેમ શું ? આટલી મોટી, લગભગ સાઠની ઉંમર થઈ તો પણ હજી છોકરીનો મોહ નથી છૂટ્યો ?'

'ના પણ છૂટે,કેમ ? મોહ ને ઉંમર સાથે કાંઈ થોડો જ સંબંધ છે ? પણ મને છોકરીઓનો મોહ છે એવું કેવી રીતે જાણ્યું ?'

'એમાં ના સમજાય એવું શું છે ? કેમ, હું તમને નથી ઓળખતો ? આ પેટી પર છોકરીનો ફોટો ચોંટાડ્યો છે તે તો કોઈપણ જોઈ શકે છે. અને જોઈને જરૂરી નિર્ણય પણ બાંધી શકે છે.'

'તો એમ કરો. તમને જેવો નિર્ણય બાંધવો ઠીક લાગે તેવો બાંધો.'

'ના. એમ નહિ. આ કાંઈ હસી કાઢવાની વાત નથી. સમાજમાં ચારે કોર નૈતિક અધઃપતન એટલું બધું વધતું જાય છે કે વાત નહિ. અમીર ને ગરીબ, ઘરડા ને જુવાન, બધા જ એનો ભોગ થઈ પડ્યા છે.

તમારા જેવા સાધારણ સ્થિતિના, માંડ કરીને પેટ ભરનારા, માણસ પણ એ બદીમાં પડ્યા છે એ જોઈને મને નવાઈ લાગે છે ને દુઃખ થાય છે.'

'તમારે એમ માનવું હોય તો એમ માનો.' કહીને મોતીએ બુટ આગળ ધર્યા.

એટલામાં બે કિશોરો રસ્તા પરથી પસાર થતા'તા તે મોતીની મશ્કરી કરવા માંડ્યા.

'આ પેટી પર કયી રૂપસુંદરીનો ફોટો રાખ્યો છે, મોતીભાઈ ? કોઈ સિનેમાની નટી છે કે શું ?'

'આટલે ઘરડે ઘડપણ કોઈને દિલ દઈ બેઠા ને કોઈની સાથે લગ્ન કરવા તૈયાર થયા કે શું ?'

'છોકરી તો રૂપનો કટકો છે હોં ! વાહ ! મોતીભાઈ વાહ ! જો એ પ્રસન્ન થશે તો તમારૂં નસીબ ફરી જશે.'

'લગ્ન થાય ત્યારે જાનમાં બોલાવજો જેથી એ છોકરીને જોઈ શકીએ તો ખરા.'

મારે ઉતાવળ તો નહતી એટલે હું શાંતિથી ઉભો રહીને આ બધું સાંભળી રહ્યો'તો. મારી નજર પણ એની સરસામાનની નાનકડી લાકડાની પેટી પર પડી તો મને પણ જરાક નવાઈ તો લાગી જ. એ પેટી પર કોઈક સુંદર છોકરીનો રંગીન ફોટો હતો. મોતીને આ ફોટો રાખવાનું કારણ બીજું શું હોઈ શકે એ પ્રશ્ન મારા મનમાં સહેજે પેદા થયો.

છતાં પણ, મારે એની સાથે તાત્કાલિક સંબંધ ના હોવાથી, મેં એને ચંપલ બતાવ્યાં. એની પટ્ટી તો તૂટી ગઈ'તી પરંતુ નીચે એડી પણ નાખવાની હતી. એટલે બધી વાત સમજાવીને મેં એને પૂછ્યું.

'શું લઈશ ? '

'આપજો જે આપવું હોય તે.'

'ના. એમ નહિ તને જે વ્યાજબી લાગે તે કહી દે.'

'વ્યાજબી ? વ્યાજબી તો ચાર આના લઈશ.'

'ચાર જ આના ?' મને આશ્ચર્ય થયું. બીજા બે મોચીએ મને આજ કામનો રૂપિયો ને સવા રૂપિયો કહ્યો હતો.

'હા. ચાર આના. મારી મહેનત પ્રમાણે એજ બરાબર છે. મારે કોઈનું હરામનું નથી ખાવું. ઈશ્વર મને ભૂખે નથી રાખતો. પેટપૂરતું આપી રહે છે. પણ જુઓ શેઠ, એડી રબરની લગાડીશ—ટાયરની, તો ચાલશે ને ?'

'ચાલશે.'

એણે કામ શરૂ કર્યું.

મને એની ફિલસુફી સાંભળીને ફરીવાર નવાઈ લાગી. એક ગરીબ ને સાધારણ માણસમાં કેવી સમજ, કેવી નિર્લોભવૃત્તિ ને કેવી ભાવના છે ? મને થયું કે મોતી જેવો તેવો માણસ નથી. મૂલવવા જેવો છે.

થોડી વાર પછી મેં પૂછ્યું.

'રોજનું શું મળે છે ?'

'મળે છે ચારથી પાંચ રૂપિયા જેવું કામ. કોઈવાર વધારે પણ મળે. મારા એકલાને માટે પૂરતું છે.'

'કેમ ? ઘરમાં કોઈ નથી ?'

'ના.'

'સ્ત્રી ?'

'હતી. પણ પાંચેક વરસથી મરી ગઈ છે.'

'છોકરા ?'

'છોકરાં થયાં જ નથી.'

'બીજા કોઈ વ્યસન હશે ને ?'

'વ્યસનમાં ખાવું પીવું, ભગવાનનું નામ લેવું, ને તુલસીકૃત રામાયણનો પાઠ કરવો.'

'તુલસીકૃત રામાયણ ?'

'હા. તુલસીકૃત રામાયણ. તમે કદાચ નહિ માની શકો, પરંતુ હું એનો પાઠ રોજ કરું છું.'

'ક્યારે ?'

'જ્યારે અવસર મળે ત્યારે. નહિ તો પછી રાતે. મને એથી શાંતિ મળે છે. મને બીજું કોઈ જ વ્યસન નથી.' એમ કહીને એણે કોટના ગજવાથી ગુટકો કાઢી બતાવ્યો.

મારું કુતૂહલ વધ્યું.

'તો પછી આ ફોટો કોનો રાખ્યો છે ?' પેટી પર લગાડેલા ફોટાને લક્ષ્ય કરીને મેં કોઈ પણ પ્રકારના સંકોચ વિના પૂછી નાખ્યું.

મોતીએ સહેજ પણ અટક્યા વિના શાંતિપૂર્વક ઉત્તર આપ્યો.

'મારી સ્ત્રીનો છે.'

'તારી સ્ત્રીનો ?'

'હા. મારી સ્ત્રીનો છે. તમને નવાઈ લાગે છે ? તમે નથી માની શકતા ?'

'તારી સ્ત્રીનો છે એવું નથી માની શકાતું, તારી સ્ત્રી શું આટલી બધી સુંદર હતી ? આ તો કોઈ સિનેમાની અભિનેત્રી લાગે છે.'

મોતી હસ્યો ને બોલ્યો.

'ના. એવું ના સમજતા. તમને એવું લાગતું હોય તો પણ એવું નથી એની હું ખાતરી આપું છું. આ ફોટો મારી સ્ત્રીનો છે. તે સાચેસાચ સુંદર હતી. આ ફોટા કરતાં પણ વધારે સુંદર.'

'પરંતુ એનો ફોટો અહિં શા માટે રાખ્યો છે. આ પેટી પર ?'

'એની યાદગીરી માટે. એ હંમેશાં મારી આંખ આગળ રહે એટલા માટે. એમાંથી પ્રેરણા મેળવવા માટે.'

મને એની વાત ભારે રહસ્યમય લાગી. સાથે સાથે એને માટે માન પણ ઉત્પન્ન થયું. એક ગરીબ માણસને પોતાની સ્ત્રીને માટે કેટલો બધો પ્રેમ !

પણ ત્યાં તો એ જરા ગંભીર થયો, ગમગીન બની ગયો, ને પછી કહેવા માંડ્યો.

'મારી સ્ત્રી જીવતી'તી ત્યારે હું એના પર એટલો બધો પ્રેમ નહતો રાખી શક્યો, હવે એ નથી ત્યારે મને એને માટે લાગણી થાય છે. એ વખતે જ જો એને સમજી શક્યો હોત તો કેટલો સુખી થાત ? પરંતુ

ભાગ્ય વિના કાંઈ બની શકે છે ? એમ કહોને કે મોડે મોડે પણ એને માટે મારા દિલમાં જે લાગણી પેદા થઈ તે ટકી રહી છે ! નહિ તો..'

એ વધારે બોલી ના શક્યો. એની આંખમાંથી એક બે આંસુ ટપકી પડ્યાં.

મને થયું કે એના હૃદયની સૂતેલી લાગણીઓ વધારે જોરથી જાગી ઉઠી છે, અને એ લાગણીઓને વધારે પ્રમાણમાં જગાડવાનું ઠીક નથી. એટલે હું મૂંગો રહ્યો.

તૈયાર થયેલાં ચંપલ લઈને હું એના વિચાર કરતો કરતો ઘેર ચાલી નીકળ્યો.

મોતીની સાથેનો એ વાર્તાલાપ મારે માટે ખરેખર યાદગાર બની ગયો. કેટલાય વખત સુધી મેં એને વાગોળ્યે રાખ્યો. એના પરિણામે મોતી સાથે વિશેષ વાતચીત કરીને એના ભૂતજીવનનો વધારે પરિચય મેળવવાની મને ઈચ્છા થઈ.

બે દિવસ પછી મોતીને મેં આગ્રહ કરીને મારે ઘેર બોલાવ્યો. એ આવ્યો તો ખરો પણ ભારે સંકોચ સાથે.

મેં કહ્યું.

'લોકો તો તારી કેવી મશ્કરી કરે છે ને તારે માટે કેવી વાતો ફેલાવે છે !'

'છોને ફેલાવે.' તેણે તરત કહ્યું. 'હું એમ કાંઈ કોઈનાથી નથી ડરતો. જેને જેમ બોલવું હોય તેમ બોલ્યા કરે. જેવી જેની બુદ્ધિ.'

'પરંતુ મોતી, તું બધાને કહેતો હોય કે આ ફોટો તારી સ્ત્રીનો છે તો ?'

'તો પણ શું ? બધા કાંઈ મારી વાતને થોડા જ માની લેવાના છે ? અને એવું કહેવાથી ફાયદો પણ શું ? મારા જીવનની બધી કહેવા જેવી વાત અથથી ઈતિ સુધી હું બધાંને કહેતો ફરું ? એમાં મજા પણ શી રહે ?'

વાત કાંઈ સાવ કાઢી નાખવા જેવી નહતી. સાચી હતી.

'છતાં પણ મને તો કોઈ હરકત ના હોય તો તારે તારા જીવનની વાત કહેવી જ પડશે. મને સાંભળવાની ઈચ્છા છે.'

'ભૂતકાળની વીતેલી વાતોને યાદ કરવાથી શું થવાનું છે ? એની યાદી માટે આટલો બધો આગ્રહ શા માટે કરો છો ?'

'યાદી માટે આગ્રહ નથી કરતો. યાદી તો તને છે જ, અને તું રોજ રોજ દિવસમાં કેટલીય વાર કર્યા કરતો હોઈશ. ફક્ત તારે મારી આગળ એને રજૂ કરવાની છે એટલું જ. તે પણ તેને લીધે તને કોઈ નુકશાન ના થતું હોય તો.'

'નુકશાન તો શું થવાનું છે ?' એમ કહીને તે જરા વિચારમાં પડ્યો ને બોલ્યો. 'તમારે જે જાણવું હોય તે પૂછો.'

'તને તારી પત્નીને માટે પહેલાં પ્રેમ નહોતો તેનું કારણ ? તારી પત્ની આટલી બધી સુંદર હોવા છતાં..'

'તેનું કારણ જરા જુદું છે. વાત એમ હતી કે એની સાથે મારું લગ્ન થયું તે પહેલાં જ હું એક બીજી સ્ત્રીના પ્રેમમાં હતો. એ સ્ત્રી મારી પત્ની કલાવતીના જેટલી રૂપાળી નહતી, પણ એના મોહમાં પડ્યો હોવાથી મને એના વિના બીજું કાંઈ દેખાતું જ નહિ. મારી કમાણી હું મોટે ભાગે એને માટે વાપરી નાખતો. એટલે મારી સ્ત્રીને ઘણું જ સોસવું પડતું.'

'એ સ્ત્રી પરણેલી હતી કે કુંવારી ?'

'પરણેલી હતી. પણ કુંવારી હતી ત્યારથી જ મારે એની સાથે સંબંધ બંધાયો'તો.'

'લીલાવતીને એની ખબર પડેલી ખરી ?'

'હા. પડેલી. એણે મારી સાથે એ વિશે વાત પણ કરેલી.'

'શી વાત કરેલી ?'

'એણે કહેલું કે મને આવી ખબર હોત તો હું આટલી જલદી તમને ના પરણત, પણ તમારું લગ્ન લીલા સાથે જ કરી લેવાનો આગ્રહ કરત. એ વાત તો વીતી ગઈ. હવે તમે મારી સાથે લગ્ન કરી ચૂક્યા છો. એટલે લીલા સાથેના ખરાબ સંબંધનો ત્યાગ કરો ને મારી સાથે જ સંબંધ રાખો એજ વધારે સારું કહેવાય. જો મારે માટે તમને લાગણી હોય તો. લાગણી ના જ હોય તો તો કોઈ પ્રશ્ન જ નથી.'

'પછી ?'

'એજ બાબત પર મારે અને એને વિરોધ થયો. મેં એની વાત ના માની. લીલા સાથે મારો સંબંધ ચાલુ રાખ્યો. એ તો ઠીક, પણ લીલાને એણે કરેલી વાત પણ કરી. લીલાએ મને એની વિરુદ્ધ ખરું ખોટું સમજાવીને ઉશ્કેર્યો. એને લીધે મેં એની સાથે અત્યંત ખરાબ વર્તન કરવાનું શરૂ કર્યું. '

'ખરાબ એટલે ?'

'મારપીટ, બોલવું નહિ, ખાવાનું ના આપવું, વિગેરે,'

'હા... !'

'સાચું કહું છું. મેં એને બહુ જ દુઃખી કરી. એટલી બધી દુઃખી કરી કે વાત નહિ. એ બધું યાદ કરીને આજે મને દુઃખ થાય છે. પણ હવે કોઈ જ ઉપાય નથી. હું લીલાની આંખે જ દેખતો. એના કાને જ સાંભળતો. એને માટે જ બોલતો. અને એના મગજથી જ વિચારતો. ટૂંકમાં કહું તો મારું જીવન લીલામય જ બની ગયેલું. લીલા વિના મને કાંઈ દેખાતું જ નહિ. મારી દુનિયા લીલાની જ બનેલી હતી. અહો, હું કેટલો મોટો અપરાધ કે કેવું મોટું પાપ કરી રહ્યો હતો ?'

તને શું ખરેખર એવું લાગે છે ?

'હા. મને ખરેખર એવું લાગે છે. એ વખતે પણ એવું લાગતું'તું. પણ બહુ મોડે મોડે લાગવા માંડ્યું. જો પહેલેથી કે થોડુંક વહેલું એવું લાગ્યું હોત તો કેટલો બધો ફેર પડી જાત અને કેટલો લાભ થાત ? પણ મારા ભાગ્યમાં એવું નહિ હોય. આખરે તો જે થાય છે તે બધું ભાગ્ય પ્રમાણે જ થાય છે ને ? એવી સદ્ગુણી ને સુંદર સ્ત્રીને દુઃખી કરવી, અને કોઈ પણ જાતના અપરાધ વિના દુઃખી કરવી, એને હું તો મોટામાં મોટું પાપ સમજું છું. એ સ્ત્રીનો અપરાધ એટલો જ કે એ મારી પત્ની બની. બસ બીજો અપરાધ કશો જ નહિ.'

મોતી થોડી વાર ચૂપ રહ્યો ને પછી કહેવા માંડ્યો.

'તમને જાણીને નવાઈ લાગશે પણ સાચેસાચું કહું છું કે મારી સ્ત્રી કલાવતીને હું મારી નાખવા પણ તૈયાર થયેલો.'

'એમાં મને કશી નવાઈ નથી લાગતી.' મેં કહ્યું. 'કામુકતા કે મોહવૃત્તિ હોય છે જ એવી. જેને માટે એ થાય છે એ એને અમૃત બરાબર લાગે છે, અને એનાથી વિરોધી વિષમય. એમાં નવું કશું જ નથી. છતાં પણ કલાવતીને તું મારી નાખવા તૈયાર થયો એ જરા વધારે પડતું તો કહેવાય જ. એ તદ્દન નિર્દોષ હતી તો પણ...'

'તો પણ હું એને મારી નાખવા તૈયાર થયો તેનું કારણ લીલાની શિખવણી હતું. એ મને વારંવાર કહ્યા કરતી કે કલાનું કાસળ કાઢી નાખવું જોઈએ તો જ આપણો માર્ગ કાયમને માટે ચોક્ખો થઈ શકે. એ મને એમ પણ ભરાવતી કે કલા બીજા કોઈના પ્રેમમાં છે. શરૂઆતમાં તો મને એ વાત સાચી ના લાગી. પરંતુ પછી થયું કે પ્રેમની ભૂખી કલા કોઈ બીજા તરફ પ્રેમના સ્વાદને માટે વળે એ કાંઈ સાવ ના માનવા જેવી વાત નથી. દુનિયામાં એવું બને છે.'

મેં કહ્યું.

'બને છે, પણ કલા તો સદ્‌ગુણી, સમજુ, ને વફાદાર હતી ને ?'

'એની પૂરી સમજ તો મને પાછળથી પડી.' મોતીએ કહ્યું. પણ એ વખતે તો મને લીલાની વાત સાચી લાગી. એક રીતે કહું તો હું લીલાના પ્રેમમાં આંધળો હતો. અને મોહાંધ બનીને મેં કલાનું કાસળ કાઢવાની તૈયારી કરી પણ ખરી.

'શી તૈયારી કરી ?'

'તૈયારી તો બીજી શી કરવાની હોય ? એનું ગળું દબાવીને મારી નાખવી કે છેવટે એને ગ્યાસતેલ છાંટીને બાળી નાખવી એવી બાજી મેં લીલાની સાથે મસલત કરીને ગોઠવી કાઢી. અને હું રાતે દસેક વાગે એને મારી નાખવાના ઈરાદાથી ઘેર ગયો પણ ખરો.'

'ત્યારે શું તેં એને મારી નાખી ?' મેં વચ્ચે જ પૂછ્યું.

'મારી નાખત.' એણે આગળ ચલાવ્યું. 'ઈશ્વરે એને બચાવી લીધી. અથવા કહો કે ઈશ્વરે મને એક બીજા ભયંકર પાપમાંથી બચાવી લીધો. હા, મનુષ્યની હત્યા કરવી એ પાપ જ કહેવાયને ? અને એ પણ પોતાની સ્ત્રીની ? હું એને મારવા તો ગયો પણ મારી અંધારી નાની ઓરડીના બારણા પાસે પહોંચ્યો કે ત્યાં જ મને અંદરથી કોઈનો અવાજ સંભળાયો. પ્યારી, તું મને આમ નિરાશ ના કર. મારી વાત માની જા. નહિ તો...'

મને ખાતરી થઈ કે અવાજ કલાના પ્રેમીનો હતો. બંનેની વાત વધારે સારી રીતે સાંભળવા હું બારણાની એક બાજુ ઉભો રહ્યો. મને એટલું તો લાગ્યું જ કે લીલાએ કલા મને વફાદાર નથી, કલાનું ચારિત્ર્ય સારૂં નથી, ને કલા પરપુરૂષના પ્રેમમાં છે જે કહ્યું'તું તે સાચું હતું. આજે મને એનો પૂરાવો મળ્યો. મને થયું કે આ નરાધમને પણ સાથે જ મારી નાખું. છતાં પણ મેં મારી જાતને કાબુમાં રાખી. ત્યાં કલાએ કહ્યું. 'નહિ તો શું ? તું શું કરીશ ?'

'ખૂન. તારૂં ખૂન. હું બધું જ કરી શકું તેમ છું. તેની તને ખબર છે ?'

'તું બધું જ કરી શકે તેવી શક્તિ નથી ધરાવતો. તેવી શક્તિ તો એક ઈશ્વરમાં જ છે. મને એની અંદર શ્રદ્ધા છે. એ મને બચાવશે ને મારા શીલને પણ બચાવશે.'

'તું અહિં એકલી છે તેની તને ખબર છે ને ?'

'એકલી નથી. મારી પાસે ઈશ્વરની હાજરી છે જ. અને એકલી તો સીતાયે ક્યાં ન હતી ? છતાં પણ રાવણ એનો વાળ પણ વાંકો ના કરી શક્યો. અશોકવનમાં એ સલામત રહી શકી. તું રાવણ જેવો પરાક્રમી તો નથી ને ?'

'સીતાની વાત જુદી હતી. તું સીતા નથી.'

'છતાં પણ એની જેમ મારી રક્ષા પણ રામ કરે છે ને કરશે એટલે તારી ધમકી મને ડરાવી નહિ શકે. એથી ડરીને હું તારે તાબે નહિ થઉં સમજ્યો ? કદાચ મારી પવિત્રતાની રક્ષા કરતાં મારે મરી જવું પડે તો પણ શું ? પરપુરૂષને તો સ્વપ્ને પણ સ્પર્શ નહિ કરૂં.'

'મરવા કરતાં જીવીને જીવનનો લહાવો લેને !'

'જીવનનો લ્હાવો વ્યભિચારમાં નથી પવિત્રતામાં છે.'

'હું તને સાચા દિલથી ચાહું છું, કલા ! તું વિચાર તો કર કે મોતીમાં શું છે ? એ તારી સંભાળે નથી રાખતો ને લીલામાં ફસાયેલો છે ?'

'તોપણ એ મારો પતિ છે, અને એના વિના હું કોઈની નહિ થઈ શકું, કોઈને અડી પણ નહિ શકું. તું તો શું પણ તારા જેવા બધા જ પુરૂષો મારે મન ભાઈ બરાબર છે. મહેરબાની કરીને તું હવે અહિં ના આવતો.'

મારા પગ નીચેની ધરતી સરકવા માંડી. મને થયું કે કલા આ શું બોલે છે ? હું આ શું સાંભળી રહ્યો છું. ?

ત્યાં તો કલા ફરી બોલી.

'મોતી ગમે તેવો છે તો પણ મને એને માટે પ્રેમ છે. મને શ્રદ્ધા છે કે એક દિવસ એ પોતાની ભૂલ સમજશે ને સુધરશે. ને નહિ સુધરે તો પણ શું ? મારાથી એના જેવી નહિ થઈ શકાય, અને એની નિંદાયે નહિ સાંભળી શકાય.'

'તો તું મોતીને હજી ચાહે છે ?'

'હા. ને જીવનના છેલ્લા શ્વાસ સુધી ચાહીશ. એ ખરાબ જીવન જીવતો હોય એટલે હું તને કે બીજા કોઈને ચાહવા માંડીશ એવું ના સમજતો. ઈશ્વરે મને એવા નબળા મનની નથી બનાવી.'

મને થયું કે હવે મારે અંદર જવું જોઈએ.

હું અંદર જઈ પહોંચ્યો. એજ વખતે પેલો માણસ મને જોઈને નાસી ગયો.

કલા મને જોઈને જરા વિસ્મય પામી, કારણ કે સવારે જ મેં કહેલું કે આજે રાતે હું ઘેર નથી આવવાનો. લીલાનો પતિ બહારગામ ગયો હોવાથી એ એકલી હતી અને એ રાત મેં એને ત્યાં પસાર કરવાનો વિચાર કરેલો.

કલાના શબ્દો સાંભળીને મારા મનમાં ઉથલપાથલ મચી હતી. મારૂં દિલ પલટાઈ ગયું. મારા કુકર્મને માટે મને ભારે પશ્ચાતાપ થઈ રહ્યો. કલાના પગમાં પડીને મેં એને કહ્યું.

'કલા ! હવે તને વધારે દુઃખી નહિ કરૂં. મારી આંખ ઉઘડી ગઈ છે. મેં તારો બધો જ વાર્તાલાપ સાંભળી લીધો છે. તારા જેવી દેવીને છોડીને હું બહાર ભટકતો'તો. તે માટે તું મને માફ કર. હવે હું એ માર્ગે નહિ જઉં.'

કલા તો આભી જ બની ગઈ. પાછી ખસી ગઈ. એ વખતે એ વધારે કાંઈ ના બોલી.

એ રાતે મેં લીલાને ત્યાં જવાનું માંડી વાળ્યું.

લીલાની સાથે મળીને કલાને મારી નાખવાનો મેં ઘાટ ઘડેલો એ જાણીને કલા હસી ને કહેવા લાગી.

ઈશ્વરની મરજી વિના કોઈ કોઈને મારી શકે છે ? અને તમે મને મારી નાખત તો પણ શું ?

પરંતુ એને આઘાત લાગ્યો.

થોડા દિવસ પછી એ માંદી પડી. મેં એની ખૂબ સારવાર કરી, પણ એ ના બચી શકી. દોઢેક મહિનામાં તો મરી ગઈ.

એના મરતાં પહેલાં એની પાસે બેસીને મેં કહ્યું. કલા ! વિશ્વાસ રાખજે, વચન આપું છું, કે તારા વિના બીજી કોઈયે સ્ત્રીને નહિ ચાહું, ને કોઈનાય તરફ કુદૃષ્ટિ નહિ કરૂં.

એણે આંખ મીંચી દીધી.

એ બધું મને હજી એવું ને એવું જ યાદ છે.

ત્યારથી કલાનો આ ફોટો મારી પેટી પર લગાડીને રાખ્યો છે. એનું દર્શન કરીને મને શાંતિ મળે છે. આ ફોટો એ પરણીને આવી તે જ વરસનો છે. લોકો એને કોઈ નટીનો ફોટો માને છે પણ એ નટી કરતાંયે સુંદર હતી. આ જીવનમાં તો એને સુખી નથી કરી શક્યો પણ એને સુખી કરવાની આશાથી બીજા જીવનની રાહ જોઈ રહ્યો છું. કોણ જાણે એ ફરી મળે છે !

મોતીએ એક ઊંડો નિસાસો નાખ્યો.

મેં પૂછ્યું.

'લીલાનું શું થયું ?'

એણે કહ્યું.

'લીલા હજી જીવે છે. પણ મને કોઈવાર અમસ્તી મળે છે એટલું જ. પેલા પ્રસંગ પછી મેં એનો સંબંધ નથી રાખ્યો. એને ત્યાં જતો પણ નથી.'

મેં એને શાબાશી આપતાં કહ્યું.

'મોડે મોડે પણ તું તારી ભૂલ સમજીને સુધરી ગયો તે ઘણું સારૂં થયું. કહ્યું છે ને જેનો અંત સારો તેનું બધું જ સારૂં. તારૂં બાકીનું જીવન બચી ગયું તે પણ સારૂં થયું.'

મેં એને આગ્રહ કરીને ભોજન કરાવ્યું અને અવારનવાર આવતા રહેવા કહ્યું.

એના મૃત્યુ બાદ એની જરૂરી ક્રિયામાં મદદ પણ મેં જ કરી. મને એને માટે લાગણી હતી.

લોકોએ કેટલાય વખત લગી વાતો કરવા માંડી.

'ફોટાવાળી છોકરીના પ્રેમમાં પડીને મરી ગયો ?'

'ક્યાં રાજા ભોજ ને ક્યાં ગાંગો તેલી ? એવી છોકરી એના તરફ થૂંકે પણ ખરી ?'

'ગરીબ લોકોને પણ કેવી જાતની મોહિની લાગે છે ?'

'અરે યાર, તું શું સમજે ? એનું નામ મહોબત કહેવાય મહોબત !'

બે ચાર ભલા ને ઠરેલા માણસોને મેં મોતીની વાત કહી બતાવી તો એમને ભારે નવાઈ લાગી. મોતીને માટે એમને માન ઉત્પન્ન થયું.

કોઈકે કહ્યું પણ ખરૂં,

'મોતી સાચે સાચ મોતી હતો. સંસારસાગરમાં પેદા થયેલું કોઈ મહામૂલુ મોતી. એના નામ પ્રમાણે એ મોતી થયો ખરો.'

* * *

## ૬. ભાભીનું અંતર

'ભાભી, કેટલું બધું રળિયામણું સ્થળ છે ? આ સ્થળ ગમ્યું તો ખરું ને ?'

'કેમ ના ગમે ? ચાર ધામમાં આની ગણતરી છે. એટલે આમેય એ ઉત્તમ મનાય છે. એ ઉપરાંત છે પણ સાચેસાચ સુંદર. કેટલું વિશાળ મંદિર છે ? મૂર્તિ તો એવી આબેહૂબ છે કે જાણે જોયા જ કરીએ, હમણાં જ બોલી ઊઠશે એવું લાગે છે. કહે છે કે ચૈતન્ય મહાપ્રભુ એ મૂર્તિની સામે ઊભા રહીને ભાવવિભોર બની જતા ને લાંબા વખત લગી અસ્ખલિત રીતે રડ્યા કરતા. એ મહાપુરૂષનું સ્થાન રાધાકાંત મઠ પણ જોવા જેવું છે. એમાં એમની ગોદડી ને તુંબડી જોઈને મને તો ખૂબ જ આનંદ થયો. એમના શિષ્ય હરિદાસની સમાધિ તો તમને પણ ગમી. તમને ત્યાં કેટલી બધી શાંતિ લાગી ? અને એની બાજુનો ઊછળતો પેલો દરિયો ! એવો વિશાળ દરિયો તો કોઈક જ ઠેકાણે જોવા મળી શકે. શાંતિ પણ અહિં કેટલી બધી છે ? કલકત્તામાં તો ધમાલ ને ધમાલ. અશાંતિનો પાર નહિ. કોઈકવાર રજા હોય ને વખત હોય, ત્યારે બેલુરમઠ કે દક્ષિણેશ્વર જઈએ ત્યારે કાંઈક શાંતિ મળે. બાકી અહિં તો બધે જ શાંતિ. સાચું કહું તો કલકત્તાનું ધમાલિયું જીવન છોડીને મને તો અહિં રહેવાનું હોય તો ખૂબ જ ગમે. કલકત્તા જવાનું હું તો નામ જ ના લઉં !

'મને પણ અહિં ગમે છે. પણ અહિં કાંઈ બેસી રહેવાય એવું છે ? આ તો હાલ નવરાત્રીની રજા છે, તો ફરવાને માટે સ્કૂલના છોકરા-છોકરીઓ સાથે આવી શક્યાં. હમણાં ચાર દિવસ પૂરા થશે, ને કલકત્તાની અશાંતિ ભેગું ભળી જવું પડશે. આ તો નવનીતભાઈએ સૂચવ્યું કે નિશાળમાં રજા પડે છે તો ચાલો ટ્રીપ પર જઈ આવીએ. છોકરા-છોકરીઓ ને જાણવાનું પણ મળશે. આજકાલ વાલીઓને પણ છોકરાં બહારની સામાન્ય માહિતી મેળવે તે સારું લાગે છે. એટલે સ્કૂલના પ્રિન્સીપાલ ને કમિટિના સભ્યો પણ એમને ટ્રીપ પર લઈ જવાનો આગ્રહ રાખે છે.'

એટલી વાત થઈ ત્યાં તો નવનીતભાઈ આવી પહોંચ્યા. એમની સાથે છોકરાંઓને લઈને એ બંને શંકરાચાર્યના મઠને જોવા ગયાં. નવનીતભાઈ મૂળ ઉત્તર ગુજરાતના. પણ દસેક વરસથી કલકત્તામાં જ વસી ગયેલાં. શિક્ષણ પ્રવૃત્તિમાં ઘણો રસ હોવાથી એ પ્રવૃત્તિમાં એ રચ્યાપચ્યા રહેતા. મધ્યમ કદના, ઘઉં વર્ણના દેખાતા, નવનીતભાઈ ચારેક વરસથી વિધુર થયા હતા. એમને કોઈ સંતાન ન હતું. ફરીવાર ફેરા ફરવાની તક એમને મળી શકે તેમ હતી. પરંતુ એકપત્ની વ્રતમાં માનનારા નવનીતભાઈ એવી તકનો લાભ લેવાની ઈચ્છા નહતા રાખતા.

સ્કૂલમાં એમની પ્રતિષ્ઠા સૌ કરતાં સારી હોવાથી જ એમને પ્રિન્સીપાલે છોકરાંને લઈને જગન્નાથપુરીના પ્રવાસે મોકલ્યા હતા. જયાબેન બાલવિધવા હતાં અને એ સ્કૂલમાં શિક્ષિકા તરીકે કામ કરતા હોવાથી એ પણ બીજા બે શિક્ષકો અને બે શિક્ષિકાબેનોની સાથે આવ્યા હતાં. વરસ જેટલા વખતથી પરણીને કલકત્તા આવેલાં એમનાં ભાભી સુધા પણ પુરીની યાત્રા કરવા સાથે આવેલાં. સુધાબેન ભાવનગરનાં વતની હતાં. બાપને ઘેર પાર વિનાની સાહ્યબી હતી. કલકત્તાનું સાસરું તો સાવ સાધારણ સ્થિતિનું હતું. નોકરચાકરની વચ્ચે ઉછરેલાં સુધાબેનને શરૂશરૂમાં તો એકદમ આકરું લાગ્યું, પરંતુ સુશિક્ષિત તથા સંસ્કારી હોવાથી સમજી ગયાં કે આની અંદર આનંદ માનીને રહ્યા વિના છૂટકો જ નથી. પછી તો બધું ઘરકામ એમણે

હાથે કરવા માંડ્યું. ઘરમાં સાસુ-સસરા ઉપરાંત દિયર તથા એક નાની નણંદ હતી. એ તથા જયાબેન બંને એમને ઘરકામમાં મદદ કરાવતાં, એટલે એમને જરા ઓછો પરિશ્રમ પડતો. છતાં એટલો શ્રમ પણ એમને માટે ઘણો વધારે થઈ પડતો. અધુરામાં પૂરું જેમની સાથે લગ્ન થયેલું એ દયારામ એટલા બધા સુશિક્ષિત ને સંસ્કારી પણ ન હતા. બીજે ક્યાંય થઈ શકે એવું ન હતું એટલે દયારામની સાથે સુધાનું લગ્ન એના પિતાએ કરી નાખેલું-નાતમાં ને નાતમાં કરવાની ઈચ્છાથી. પરંતુ સુધાને એથી જોઈતો સંતોષ નહોતો મળ્યો.

પોતાની બાલવિધવા નણંદ જયા એના પર પ્રેમ રાખતી, તથા એના તરફ મમતાથી વર્તન કરતી, એટલે એનો આત્મા કૈંક અંશે આનંદમાં રહેતો. એ સમજતો કે ભાઈ કરતાં ભાભીના ગુણ વધારે છે, અને આવી ભાભી ભાગ્ય વગર ના મળે. ચારેક મહિના પહેલાં કોઈએ સુધાને વાત કરેલી કે જયાને એની સ્કૂલમાં નોકરી કરતા, અને એને ઘેર અવારનવાર આવતા, નવનીતભાઈ સાથે સારો સંબંધ નથી, ને નવનીતભાઈ સાથે એ પ્રેમમાં છે, ત્યારે એને સહેજ શંકા થયેલી. ત્યારથી નવનીતભાઈ ઘેર આવતા ત્યારે એમના ને જયાના વર્તનને એ ખાસ ધ્યાન રાખીને જોતી; અને પરિણામે એનો નિશ્ચય થયો કે એ બંનેને એકમેક તરફ ઊંડો પ્રેમ અને આકર્ષણ છે. એની શંકા દિવસે દિવસે વધતી ગઈ. અને સાચું કહીએ તો, જગન્નાથપુરીના પ્રવાસના બહાને, જયા ને નવનીતભાઈના વર્તનનું નિરિક્ષણ કરવા માટે જ, એ ટ્રીપમાં જોડાઈને અહિં આવી હતી. અહિં આવ્યા પછી એની શંકા વધારે દૃઢ થઈ, અને એને લાગ્યું કે બંને લગ્નગ્રંથિથી જોડાઈ જશે, અથવા તો એમનો હેતુ સિદ્ધ કરવા માટે કલકત્તાથી ક્યાંક પણ ઊપડી જશે.

શંકરાચાર્યના મઠનાં દર્શન કરીને પાછા આવતાં અનુકૂળતા જોઈને એણે વાતવાતમાં જયાને કહ્યું પણ ખરું.

‘હવે તો વિધવાવિવાહ ઠેરઠેર થાય છે.’

‘હા. થાય છે.’ જયાએ જવાબ આપ્યો.

‘એમાં ખોટું પણ શું છે ? દસ ને બાર વરસે વિધવા થયેલી છોકરીઓ ને બીજી નાની ઉંમરની છોકરીઓનો તોટો નથી. તેમાંથી જેમની ઈચ્છા હોય તે લગ્ન કરે તો શું હરકત છે ? છૂપી રીતે અનીતિ કરવા કરતાં છડેચોક લગ્ન કરવું હજાર દરજ્જે સારું છે.’

‘પણ એ તો કોઈ હાથ પકડનાર મળે ત્યારે ને ? એવી હિંમત કરનાર પણ કોઈ ભાગ્યે જ મળે છે.’

‘નસીબમાં હોય તો મળી જાય. બીજા શું કહેશે તેનો ડર છોડી દે તો જ કાંઈક કરી શકાય. મને તો એમાં કાંઈ જ ખોટું નથી લાગતું. કેમ નવનીતભાઈ, તમને શું લાગે છે ?’

‘લગ્ન કરવામાં ખોટું શું છે ? એ ક્યાં અનીતિ કે પાપ છે ? જેને જ્યાં ઠીક લાગે ત્યાં લગ્ન કરે એજ બરાબર છે. વિધવા પણ બે જાતની હોય છે. કવિ નાનાલાલની ભાષામાં કહીએ તો, દેહ લગ્નની ને સ્નેહલગ્નની. આપણે ત્યાં મોટાભાગની વિધવાઓ દેહલગ્નની જ હોય છે. લગ્ન જ વધારે ભાગે દેહનાં અને દેહને માટે થાય છે, તો સ્નેહલગ્નની વિધવા કે સ્નેહલગ્નનો વિધુર મળે જ ક્યાંથી ? ને સુધાબેન, જેણે સ્નેહથી પ્રેરાઈને લગ્ન કર્યું છે, અથવા જેનું લગ્ન સ્નેહથી સભર બન્યું કે પોષાયું છે, તેને તો વિધુર થવાપણું રહે છે જ ક્યાં ? તેના સ્નેહલગ્નની ગાંઠ તો અતૂટ છે. બાકી દેહ લગ્નવાળાંની વાત જુદી છે. તેમને માટે ફરી લગ્ન કરવાનું દોષપ્રદ નથી લાગતું. નાનાલાલે કહ્યું છે જ કે

દેહલગ્નની વિધવાને પુનર્લગ્નસમું પુણ્ય નથી :
સ્નેહલગ્નની વિધવાને પુનર્લગ્નસમું પાપ નથી.'

*

સુધાને થયું તો ખરૂં કે નવનીતભાઈને પૂછું કે તમે ને જયા દેહલગ્નનાં વિધવા વિધુર છો કે સ્નેહલગ્નનાં ? પરંતુ એવી રીતે ખુલ્લી ભાષામાં પૂછવું સારું નહિ એમ માનીને એ ચૂપ રહી પરંતુ એણે કહ્યું.

'તે નવનીતભાઈ, તમારા જેવા સમજનારા તો કોઈક જ મળે ને ? વધારે ભાગના લોકો તો ડરપોક હોય એટલે કોઈને મદદ પણ ના કરી શકે. વળી સમજ હોય પણ હિંમત ના હોય એટલે પણ કાંઈ ના કરી શકે.'

'હિંમત વિના તો કશું થાય જ નહિ. ડર પણ માણસે ઈશ્વર સિવાય બીજા કોઈનો શા માટે રાખવો ? સાચું કામ કરવામાં વળી ડર કેવો ?'

સુધાને થયું કે વાત ધાર્યા કરતાં ઘણી આગળ વધી ગઈ છે, ને ઘરમાં તો કોઈને એની ગંધ પણ નથી. નવનીતભાઈને તો બધાં જયાબેનના મિત્ર જેવા માને છે. પણ નવનીતભાઈ તો આટલા બધા ભોંયમાં છે. સારું થયું કે બેને થોડીક ઘરકામની ચિંતા બતાવી આનાકાની કરી તોપણ 'આવો અવસર ક્યારે મળે ?' કહીને હું સાથે આવી. નહિ તો મને આમાંનું કાંઈ જાણવા જ ના મળત, ને જયાબેન ને નવનીતભાઈ લગ્ન કરીને ક્યાંક પલાયન થઈ જાત, તથા કલકત્તા પાછાં પણ ના ફરત. વાહ રે ટ્રીપ ! ટ્રીપ શેની ? ટ્રીપનું નામ ને પોતાનું કામ !

*

એમાંયે જ્યારે સાંજે મંદિરની આરતિમાં ભાગ લઈને બધાં ધર્મશાળામાં પાછાં ફર્યાં, જમ્યાં, ને સુવા માટેની વ્યવસ્થા કરવા માંડ્યાં, ત્યારે ડબલ રૂમવાળા ખંડમાં નવનીતભાઈએ જયાની તથા એક બીજા એમના મળતિયા માસ્તરની સાથે એમની પોતાની પથારી કરવાની સૂચના આપી, ત્યારે તો એને ખાતરી થઈ કે ચાર દિવસની આ ટ્રીપનો લાભ નવનીતભાઈ પૂરેપૂરો ઉઠાવવા માગે છે !

જયાને એણે કહી દીધું પણ ખરું. 'બેન ! મારાથી આ અજાણ્યા સ્થળમાં અને અપરિચિત લોકોમાં તમારા સિવાય નહિ સુવાય. મારી પથારી તમારી પાસે જ કરજો !'

'હા હા. મારી પાસે જ કરીશ.'

એને નિરાંત વળી. કાંઈ નહિ તો પાસે રહીને રાતે પોતે એ બંનેની ચોકી તો કરી શકશે ?

*

રાત પડી ને બધાં પોતપોતાની નિશ્ચિત કરેલી જગાએ સુવા ગયાં. ડબલ રૂમવાળા ખંડમાં અંદર ચોકડી તથા પાણીનું માટલું હતું. ત્યાં માસ્તરની પથારી હતી, ને બહાર બીજી ત્રણ પથારી. નવનીતભાઈની, જયાની ને સુધાની. સારી રીતે ચોકી કરી શકાય એટલે સુધાએ પોતાની પથારી જયાની તદ્દન બાજુમાં લઈ લીધેલી. નવનીતભાઈની પથારી આડી અને એક ફુટ દૂર હતી.

માસ્તર તો આખા દિવસના થાકેલા હોવાથી, થોડીવારમાં ઊંઘી ગયા, ને નાક બોલાવવા લાગ્યા. જયા સાથે લાંબા વખત લગી વાતો કરીને નવનીતભાઈ પણ ઊંઘી ગયા. પણ જયા ને સુધા કોણ જાણે કેમ

પણ, જાગતાં રહ્યાં. પાસાં પર પાસાં ફેરવવા છતાં પણ, એમને ઊંઘ ના આવી. ઠંડો પવન ચાલતો હોવાથી, બારીબારણાં બંધ કરીને બધાં સુતાં હતાં. ફક્ત અંદરની અર્ધી બારી ઉઘાડી હતી. એટલે સાધારણ અજવાળું આવતું હતું એજ. બાકી તો શુકલ પક્ષ હોવા છતાં ઓરડામાં અમાસનું અંધારું ઉતરી પડ્યું હોય એવું લાગતું.

જયાના મનમાં શા વિચાર ચાલી રહ્યા હતા ? શંકરાચાર્યના મઠનાં દર્શન કરીને પાછા આવતી વખતે રસ્તામાં જે વાત થઈ હતી, તે એને યાદ આવતી હતી. એને થતું હતું કે હું હિંમત કરીને જો નવનીતભાઈની સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ રજૂ કરું, તો એની અસર બા ને બાપુજી, ભાઈ ને ભાભી તથા બીજા પર કેવી થાય ? હજુ મેં નવનીતભાઈને આ બાબત નથી પૂછ્યું. પરંતુ એમના વિચાર ઉદાર છે. એમને મારા પર પ્રેમ પણ છે. ને હું પૂછું તો એ ના ના પાડે. એય એકલા છે એથી મારા પ્રસ્તાવથી રાજી થાય અને મારા ને એમના જીવનમાં આનંદ આનંદ ફરી વળે. ઘરમાં ઓશિયાળા થઈને રહેવું પડે છે; એ ઉપરાંત કોઈવાર ટોણાં પણ ખાવાં પડે છે. એમાંથી હું પણ છૂટું તથા નવનીતભાઈ મને આટલા બધા ચાહે છે તો એમના જીવનને પણ હર્યુંભર્યું બનાવી શકું. આજે જ ગડભાંજનો ફેંસલો લાવી દેત. પણ સુધા પાસાં ફેરવે છે. એટલે વધારે છૂટ લેવી સારી નહિ હજુ ત્રણ દિવસ બાકી છે. તે દરમ્યાન લાગ જોઈને આ વાતનો ચુકાદો કરી લઈશ. મારું હૃદય નવનીતભાઈને દેખીને દોડી રહ્યું છે. એમ થાય છે કે એમને ભેટીને સુઈ જઉં. પરંતુ આજે એ નહિ બને. આજે તો હવે ઊંઘી જવું જ પડશે. બીજો ઉપાય નથી. પણ ઊંઘ આવે તો ને ? એય મારાથી રીસાઈ ગઈ છે !

સુધા વળી બીજું જ વિચારી રહી હતી. એને થયું કે જયાબેન કેવાં ઉસ્તાદ છે ? આજે મારી પથારી અહિં ના હોત તો એમને મજા પડી જાત. દેખાય છે સીધાં ને ભલાંભોળાં, પણ અંદરથી ભારે ચતુર છે ! એમનો એમાં દોષ પણ શું છે ? યુવાની છે જ એવી. હજુ તો હમણાં એમને છવ્વીસમું બેઠું. ને નવનીતભાઈ યે ક્યાં મોટા છે ? એકાદ બે વર્ષે એમનાથી મોટા હશે. સાથે કામ કરે ને હરે ફરે એટલે માયા લાગે જ. કુદરતનો એ કાનૂન છે. એક સરખા ભાવ, વિચાર તથા સંસ્કારવાળા જીવો એકમેક પ્રત્યે ખેંચાય જ. પેલા સંસ્કૃત કવિએ પણ ક્યાં નથી કહ્યું કે સરખા શીલ ને સરખી ટેવવાળાં વચ્ચે પ્રીત પાંગરે છે ? 'સમાનશીલવ્યસનેષુ સખ્યમ.' જયાબેન ને નવનીતભાઈની જોડી છે પણ બંધબેસતી. લગ્ન કરે તો શોભી ઊઠે એવી. મારા નસીબમાં તો દયારામ છે તે કોઈ રીતે ફાવે તેવા નથી. એમના ને મારા ભાવો વિચારો ને સંસ્કારોમાં મેળ જ નથી. ઉત્તરધ્રુવ તથા દક્ષિણધ્રુવ જેટલું છેટું છે. મારું નસીબ એવું ફૂટેલું છે. કોઈ નવનીતભાઈ જેવું સુંદર, ઉદાર મનનું ને સુશિક્ષિત મળ્યું હોત તો જીવન કેટલું બધું સુખી થાત ? આ તો હવે જિંદગી જેમતેમ પૂરી કરવાની. લાકડે માંકડું વળગાડ્યું પછી બીજું શું થાય ? થઈ પણ શું શકે ? જયાબેનની જગાએ હું હોત તો તો એક વિપળનોય વિલંબ ના કરત, ને નવનીતભાઈને પરણી જાત. કેવી સરસ આંખ છે, કેટલું રૂપાળું મોઢું છે. કેવી મીઠી વાણી છે, ને કેવા આદર્શ વિચાર છે ! 'કેમ સુધાબેન' કહીને બોલાવે છે ત્યારે મારું તો હૈયું હિંડોળે ચઢે છે, પરંતુ નસીબ એટલું સીધું હોત તો કહેવાનું જ શું હતું ? મનના ઉમળકા ઘણીવાર મનમાં જ મારી નાખવા પડે છે !

રાતના બારેક વાગ્યા ત્યાં સુધી બંને પાસાં ફેરવતાં પથારીમાં પડી રહ્યાં. એટલામાં સુધાબેનને તરસ લાગવાથી એ અંદરના રૂમમાં જઈને પાણી પીવા લાગ્યાં. પાણી પીને બહાર નીકળ્યાં તે વખતે નવનીતભાઈ જાગી ગયા તેમણે કહ્યું.. 'સુધાબેન ! મને જરા પાણી પાજો !'

સુધાબેન અંદર જઈને પ્યાલામાં પાણી લાવ્યાં. નવનીતભાઈએ પાણી પીધું ને પાછા સુઈ ગયા.

પરંતુ સુધાબેનને કોણ જાણે શું થયું કે પોતાની પથારીમાં જઈને સુઈ જવાને બદલે એ સીધાં નવનીતભાઈની પથારીમાં જ એમની પડખે જઈને સુઈ ગયાં.

નવનીતભાઈને નવાઈ લાગી. સુધાબેનને એકાએક શું થયું તેની તેમને સમજ ના પડી. જયાબેનને પોતાને માટે જે પ્રેમ હતો તે તો તે જાણતા હતા. પણ આ તો જયાબેન નહિ, સુધાબેન હતાં !

પણ હવે કરવું શું ? જો ઉહાપોહ કરીને એમને કાંઈ કહે, તો વાત વધી જાય, નકામી જાહેર થાય, ને પરિણામે એમનું ખોટું દેખાય. જયાબેન એમને ફોલી નાખે ને ઘેર જઈને કોઈને વાત કરે તો..

ને કાંઈ બોલે નહિ, ને બધું મૂંગેમૂંગે જોયા કરે, તો સુધાબેનને એમ લાગે કે એમને એમનું વર્તન ગમે છે, એ એથી રાજી થયા છે; એ રીતે એમને પ્રોત્સાહન મળે. જયાબેન કદાચ જાગતાં હોય કે જાગી જાય, તો એમને પણ કેવું લાગે ?

છેવટે એમણે વિચાર કર્યો કે ઉહાપોહ ના કરવો, પરંતુ સુધાબેનને મૂક રીતે સમજાવીને ઉઠાડવા માટે કોશીશ કરવી. એમ કરવાથી એમનો કામચલાઉ ઉભરો શમી જશે, ને એ પોતે જ શરમાઈને એમની પથારીમાં જતાં રહેશે. સવારે એમને એકલા મળતાં શીખામણના બે શબ્દો કહી સંભળાવવા.

પરંતુ સુધાબેનને આજે નશો ચઢ્યો હતો. તે મદોન્મત્ત બની ગયાં હતાં. પૂરથી પ્રમત્ત નદી જેમ તોફાને ચઢે, તેમ તોફાને ચઢીને તે નવનીતભાઈને ભેટી પડ્યાં. નવનીતભાઈએ ઘણો પ્રયાસ કર્યો, પણ એ દૂર હઠ્યાં જ નહિ. જયાબેન એ બધું જોતાં હતાં. તેમણે પાસેની પથારી પરથી શાલ લઈને સુધાબેન પર ફેંકી ને કહ્યું.. 'ઠંડી ઘણી છે. એમનેમ સુવા કરતાં શાલ ઓઢીને સુઈ જાવ !'

સુધાબેન શાલ ઓઢીને થોડીવાર સુધી સુઈ રહ્યાં. પછી પોતાની પથારીમાં આવી ગયાં. એમને ખબર નહિ કે જયાબેન હજુ પણ જાગતાં હશે ! એ શરમાઈ ગયાં.

સવારે જયાબેને એમને પૂછ્યું.. 'રાતે ઊંઘ નહોતી આવી કે શું ? શું થયું'તું ?'

'મને ય ખબર નથી કે શું થયું'તું !' સુધાબેન સંકોચ સાથે બોલી ઊઠ્યાં. 'પણ કાંઈક થયું'તું ખરું !'

ત્યારથી એ જયાબેન તથા નવનીતભાઈને માનથી ને વધારે સહાનુભૂતિથી જોવા લાગ્યાં. એમનાં પ્રશંસક બની ગયાં. ચોકી કરવાનો વિચાર પણ એમને શરમજનક લાગ્યો.

* * *

## ૭. પાપનું પ્રાયશ્ચિત

વડોદરાના શાંત લત્તામાં આવેલી એ સ્ત્રીસંસ્થામાં ભારતી દાખલ થઈ તેથી તેનું જીવન સ્થિર થયું કે અસ્થિર જ રહ્યું, એ તો ભારતી પોતે જ કહી શકે. એના જીવનનો પ્રવાહ જ એવો અસ્થિર, ચંચળ અને ગતિશીલ હતો કે વાત નહિ. એને સ્થિર કરવાનું કામ સહેલું નહતું. અશાંતિ અથવા અસ્થિરતા એનો જન્મજાત, સહજ સ્વભાવ હતો, એમ કહીએ તો ચાલે.

ભારતી અત્યંત આકર્ષક અને સુંદર હતી. એનું શરીર સુવર્ણનું બનાવ્યું હોય, અથવા તો સૂર્યનાં સેંકડો કિરણમાંથી ઘડ્યું હોય, એવું ગોરું તથા તેજસ્વી હતું. આંખમાં પૂનમના ચંદ્રનું પીયૂષ હતું. વાણી એની સિતારના સ્વરસમી સુરીલી ને સ્વાદુ હતી. ચાલમાં શરદની પવનલહરીની લલિતતા હતી. વિધાતાએ એને કોઈ ધન્ય ક્ષણે ઘડી કાઢી હોય એવી એ સુડોલ સર્વસુંદર ને સર્વોત્તમ હતી. એના રૂપ જેવું રૂપ કોઈનામાં નહતું. વીસ વરસની વયમાં તો એ સુંદરતા, સૌરભ ને સુમધુરતાના કોઈક સહસ્ત્રદલ કમળ જેવી કમનીય દેખાતી. કલાના કોઈ રસિયા, કળાકાર, કવિ ને ફિલસૂફ એને જોતાવેંત બોલી ઉઠતા કે શું રૂપ છે ! ઈશ્વરની દુનિયાની આ કેવી અનેરી અને અલૌકિક કળાકૃતિ છે ! કિરતારના વિશ્વના વિશાળ બગીચાનું કેવું ફોરમવંતુ ફૂલ છે ! ધન્ય છે આ રૂપને અને એના રચનારા વિધાતાને ! આવું સર્વોત્તમ રૂપ જોવા મળે છે એ પણ ઈશ્વરની કૃપા છે.

પરંતુ આંખ અને અંતરના મેલા લોકો ભારતીની પાછળ ભમરાની માફક ભમ્યા કરતા, ને એના મદભરેલા જોબનનો સ્વાદ માણવાનાં સ્વપ્નાં સેવતા. જે રૂપ એની શોભાની સામગ્રીરૂપ અને એને માટે ઈશ્વરના અસાધારણ આશીર્વાદરૂપ હતું. તેજ એને માટે એ રીતે આતંકરૂપ પણ થઈ પડ્યું. એને લીધે એને અત્યંત જાગ્રત રહેવું તેમજ સંભાળીને ચાલવું પડતું. રૂપરૂપના અંબાર જેવી હોવા છતાં પણ એ એકદમ નમ્ર ને સાદી તથા સરળ હતી. એનું હૃદય ધાર્મિક હતું, ને ઈશ્વર પર એને ભારે આસ્થા હતી. એ ઉપરાંત, જવાનીના ઝેરી નશાથી એ પર હતી. બુરા વિચારો એના મનમાં ઉત્પન્ન નહોતા થતા, ને બુરા માર્ગે જવાની કલ્પના પણ એ નહોતી કરી શકતી. આજ સુધીના જીવનને અનેક અંતરાયો અને આફતોની વચ્ચે પણ એણે જતન કરીને જાળવ્યું હતું. એમ કહેવામાં એને અન્યાય કરવા જેવું છે. કેમકે જીવનની નિર્મળતાની સાચવણી એને માટે સાવ સ્વાભાવિક બની ગઈ હતી; એને માટે એને કોઈ ઓછો કે વત્તો પ્રયાસ નહતો કરવો પડ્યો. બાલપણમાં માબાપ મરી ગયાં ત્યારથી એ એક રીતે નિરાધાર બની ગઈ. એ પછીનાં વરસો એણે દેશમાં ફરવામાં ને જેમતેમ કરીને પેટ ભરવામાં પસાર કર્યાં. પૂરાં સાત વરસ. એ સમય દરમ્યાન એને ભાતભાતના અનુભવ થતા રહ્યા. તેમાંય સોળ વરસની વય પછી તો એને ભારે કડવી કસોટીમાંથી પસાર થવું પડ્યું. કૂટણખાનાં ચલાવતી સ્ત્રીઓના ફંદામાંથી જેમ તેમ બચીને કોઈ શ્રીમંતને ત્યાં એ નોકરડી તરીકે રહી, તો રાતના વખતે એ વૃદ્ધ શ્રીમંતે એના પર બળાત્કાર કરવાનો પ્રયાસ કર્યો. એથી એણે હાહાકાર કરી મૂક્યો. બધાં ભેગાં થઈ ગયાં. અને આબરુ બચાવવા શ્રીમંતે ધરેલી ધનની લલચાવે તેવી રકમનો અસ્વીકાર કરી, વહેલી સવારે એ એના બંગલાનો ત્યાગ કરીને બહાર નીકળી ગઈ. એ પછી એક સંન્યાસીના આશ્રમમાં રહી, તો એ સંન્યાસીએ પણ 'બધું બ્રહ્મમય છે. આત્મા અકર્તા છે. ને કર્મ તો ઈન્દ્રિયો જ કરે છે.' એમ કહીને

એના વિશ્વાસ, પૂજ્યભાવ ને ભોળાપણાનો લાભ લેવાનો પ્રયાસ કર્યો, ત્યારે એને એના રૂપ પર રોષ ચઢ્યો, ને આશ્રમ છોડીને એ બહાર આવી. એ વાતો તો એ આજે પણ ભૂલી શકતી નહતી. આજે પણ એ પ્રસંગોના સ્મરણથી એ વ્યથિત થતી, અને આંસુ સારતી. એને થતું કે બધા માણસો શું આવા જ હશે ? સ્ત્રીઓને નીરખવાની બધા પાસે શું એક જ નજર હશે ? કોઈ નશેબાજ કે શિકારીની જેમ જ શું બધા સ્ત્રીઓને જોતા હશે ? બીજો કોઈ ભાવ કે વિચાર જ એમના મનમાં નહિ પેદા થતો હોય ? એવા વિચારથી એને એક જાતની ઉદાસીનતા પણ થઈ જતી. એ હવે ભૂલેચૂકે પણ કોઈનો વિશ્વાસ ના કરવાનો પાઠ શીખી ગઈ હતી. હવે એ જરાય અસાવધ કે ગાફેલ નહતી રહેતી.

વડોદરાની સ્ત્રીસંસ્થામાં એ શાંતિમય, સ્થિર ને સ્વાશ્રયી જીવન જીવવાની ઈચ્છાથી દાખલ થઈ. વડોદરા શહેર એને ખૂબ ગમી ગયું. અલકાપુરી, કેમ્પ, સયાજીગંજ, રાજમહેલ રોડ, સુરસાગર ને ગોયાગેટના લત્તા એને ઘણા પસંદ પડ્યા, અને એથી એણે એ શહેરમાં રહેવાનું પસંદ કર્યું. સંસ્થાનું મકાન સુંદર ને શાંતિમય હતું. પચાસ જેટલી દુઃખી ને નિરાધાર છોકરીઓ તેમાં રહેતી હતી. ધીરે ધીરે એ સૌમાં માનીતી થઈ ગઈ. એના રૂપ કરતાં પણ વધારે તો એના ઉત્તમ ગુણોને લીધે એ સૌનાં હ્રદયને જીતી ગઈ. સૌ કોઈ એની પ્રસંશા કરવા લાગ્યું.

સંસ્થાની સંચાલિકા એક પ્રૌઢ સ્ત્રી હતી, અને એના હાથ નીચે સમાજસેવામાં રસ લેનારા એક પરિણીત પ્રૌઢ ભાઈ કામ કરતા. એ સ્ત્રીઓના પ્રશ્નોના અજોડ અભ્યાસી હતા. આખું જીવન એમણે સ્ત્રીઓની સેવામાં ગાળ્યું હતું એમ કહીએ તો પણ ચાલે. ભારતી પર એ બંને પ્રસન્ન હતાં. એમનાં નામ અવંતિકાબેન અને જનમેજય.

અવંતિકાબેન પરિણીત હોવા છતાં નિઃસંતાન હતાં. છોકરીઓ પર તે પોતાના પેટની દીકરી જેવો જ પ્રેમ રાખતાં. તેથી છોકરીઓ એમને ખૂબ ભાવથી જોતી, ને પોતાના હ્રદયને એમની આગળ ખાલી કરવામાં સહેજ પણ સંકોચ ના રાખતી. ભારતીની આપવીતી સાંભળીને એમની આંખમાં આંસુ આવ્યાં. જનમેજય પણ કરુણતાનો અનુભવ કરી રહ્યા. સંસ્થામાં રહેતી છોકરીઓના જીવનના પ્રસંગોથી એ બંને માહિતગાર રહેતાં.

ભારતીની વાત પૂરી થઈ એટલે જનમેજય બોલી ઊઠ્યાં.. 'એ સંન્યાસી તો હમણાં અહિં જ છે. એ એમના કોઈ ભક્તના બોલાવવાથી આવ્યા છે, ને રાજમહેલ રોડ પર આવેલા રણમુક્તેશ્વર મહાદેવમાં ઉતર્યા છે. આપણી સંસ્થામાં રહેતી પેલી જયશ્રી તથા શારદાને તો એમનાથી સંતાન પણ થયેલા છે. બીજી પણ છોકરીઓને એમણે ફસાવી છે એવી વાત સાંભળી છે. એવા મેલા મનના, કાળાં કર્મો કરનારાને તો ઉઘાડા પાડવા જોઈએ કે જેથી લોકો એમને તિરસ્કારતા થાય, ને એમના સકંજામાં ના સપડાય. પેલા શેઠ તો અમદાવાદના નામાંકિત શેઠ છે. એ તો આપણી સંસ્થાને ફાળો આપે છે. એટલે એમના વિશે તો કશો ઉહાપોહ નહિ થાય. પણ આ સાધુમહારાજને તો બતાવી આપીએ ત્યારે જ એમની આંખ ઉઘડી શકશે.'

એજ દિવસે જનમેજય, અવંતિકાબેન ને જયશ્રી તથા શારદા ભારતી સાથે રણમુક્તેશ્વર મહાદેવની એકાંત જગ્યામાં જઈ પહોંચ્યા. સંન્યાસી મહારાજ એ વખતે એકલા હતા. જનમેજયે એમને ખૂબ જ ધમકાવ્યા. સંન્યાસી પચીસેકની આસપાસના હતા. ભારતી, જયશ્રી ને શારદાને જોઈને ડઘાઈ ગયા. એમણે પોતાના અપરાધ એક પછી એક કબૂલ કર્યા.

જનમેજયને આનંદ થયો, પરંતુ સંપૂર્ણ સંતોષ ના વળ્યો. એમણે અપરાધોના એકરારનું એક નિવેદનપત્ર તૈયાર કર્યું અને એની નીચે સંન્યાસી મહારાજની સહી લીધી. વડોદરાના વર્તમાન પત્ર ને માસિકમાં એ વિશે એમણે લેખ લખ્યા; ને છૂટા કાગળો છપાવી એનો એમણે થયો એટલો પ્રચાર કર્યો. સંન્યાસી મહારાજ તો જનમેજય સાથેની મુલાકાત પછીના બીજા જ દિવસે અમદાવાદ લોકલમાં બેસીને વિદાય થઈ ગયા

*

એ ઘટનાને એક અઠવાડિયું થયું ત્યાં તો સ્ત્રીઓની એ સંસ્થામાં કોલાહલ થઈ રહ્યો. જનમેજય ને એમની પત્ની વચ્ચે ઝઘડો થયો. પત્નીએ કહ્યું, 'હું તો તમારી નોકરડી છું એવું જ તમે માની બેઠા છો. મારી તરફ જોવાની તમને કુરસદ પણ ક્યાં છે ? અવંતિકાબેનની મોહિનીમાં આંધળા ભીંત જેવા બની ગયેલા, તે હવે એને મૂકીને પેલી કુમળી છોકરી પર મેલી નજર કરવા માંડ્યા. પણ નથી એ અવંતિકાબેન કે કોઈ બીજી જેવી. કુડી નજર કરીને મેલી મુરાદથી એની છેડતી કરવા ગયા તો એ કેવી છંછેડાઈ ગઈ ? કેવો તમાચો ચોડી દીધો ? એવી સ્વમાની છોકરી મળે ત્યારે જ તમને ખબર પડે. એ તો સારું થયું કે એની બૂમ સાંભળીને દસબાર છોકરીઓ તરત ભેગી થઈ, ને તમે જેમતેમ કરીને ઘર ભેગા થયા, નહિ તો એ ભારતી તમને સારી પેઠે ખોખરા કરત. એને ભગવાને સૌથી ચડિયાતું રૂપ આપ્યું છે. જાણે રૂપનો ટૂકડો છે. એટલે શું તમારા જેવા એના પર કાળી નજર કરે એને એ સાંખી લે ? એને શું પેલી જયશ્રી ને શારદા જેવી ધારો છો ? એમની સાથે કાળાં કર્મ કરવા છતાં કેવા ઉજળા થઈને ફરો છો તે તો હું જ જાણું છું. પેલા સંન્યાસીએ છોકરીઓના ભરમાવ્યાથી ભરમાઈને ભૂલ કરી હશે, પણ એમની લાચારી ને લોકલાજનો આ અવંતિકાબેન તરફ ઢળ્યા ત્યાં સુધી તમે લાભ લીધો, ને હવે પાછા ભારતીને કલંકિત કરવા માગો છો ? પણ એ તો હિંમતવાળી ને બહાદુર છે. ભૂખે મરશે, ભોંય સૂશે, ને ભટકશે, પણ તમારા જેવાને તાબે નહિ થાય. એ છોકરી જ જુદી છે.'

જનમેજય ઘણું બોલી ચુક્યા હતા. એટલે ઉપસંહાર કરતાં બોલ્યા..

તારા તરફથી મને શાંતિ હોત તો મારે જોઈતું'તું જ શું ? હવે તું બોલવાનું બંધ કરે તો સારું. નકામાં અહિં બધાં ભેગાં થશે. બે દિવસથી ભારતીને તાવ આવતો'તો એટલે વહેલી સવારે ઊઠીને હું એની ખબર જોવા ગયો ત્યાં તો મને એણે તમાચો મારી દીધો, છોકરીઓને ભેગી કરી, ને મારા પર ખોટું આળ મૂક્યું ! અવંતિકાબેન આવી પહોંચ્યાં, તે એ બધું દેખીને ડઘાઈ ગયાં !

'ડઘાઈ જ જાય ને ? તમે પાછા બહુ નિર્દોષ ખરાને ? એ તમારી રગને બરાબર જાણે છે. જુઓને હવે આ સંસ્થામાંથી એ તમને પાણીચુ અપાવે છે કે નહિ ? એ તો અવંતિકાબેન, ને નહિ હું, કે આંખ આડા કાન કરીને બધું નભાવ્યે રાખું. સ્ત્રીની જાત આમ ટાઢી, પણ વિફરે તો કોઈનીયે નહિ. નાગણ કરતાં ભૂંડી થઈ જાય.'

એટલી વારમાં તો અવંતિકાબેનનો સંદેશો આવી પહોંચ્યો, ને એ સ્નાનાદિથી પરવારીને ઓફિસમાં ગયા. ભારતી ત્યાં હાજર હતી, એ તો ઠીક, પણ શ્રીદેવી ને શારદા પણ એક બાજુ બેઠી હતી. સંસ્થાના ટ્રસ્ટી મંડળના મંત્રી અવંતિકાબેનના બોલાવવાથી થોડા જ વખત પહેલાં આવી પહોંચેલા. તે પણ અવંતિકાબેનની બાજુમાં બેઠા હતા.

જનમેજય હવે દલીલો કરીને છટકી શકે તેમ નહતા. શ્રીદેવી ને શારદા સાથેના એમના સંબંધ વિશે અવંતિકાબેન પૂરેપૂરાં માહિતગાર હતાં. પોતાની સામેના આરોપ એમણે નીચે મોઢે સાંભળી લીધા ને કબૂલ કર્યા.

બીજે જ દિવસે એમને સંસ્થામાંથી છૂટા કરવામાં આવ્યા. જતી વખતે ટ્રસ્ટી મંડળના મંત્રીને મળીને એમણે ફરિયાદ કરી. ‘અવંતિકાબેનના કહેવાથી તમે મને છૂટો કર્યો. પણ અવંતિકાબેન પણ શું સારાં છે ? મારી સાથેનો એમનો સંબંધ કાંઈ બહુ વખાણવા જેવો નહતો.’

‘એટલે જ તમને છૂટા કર્યા છે.’ મંત્રીએ ઉત્તર આપ્યો, ‘તમારા છૂટા થવાથી સંસ્થા એના દુર્ભાગ્યમાંથી છૂટી શકશે અને આદર્શ બનશે. અવંતિકાબેન માટેના તમારા આક્ષેપ પાયા વિનાના છે.’

ભારતીનું ભાગ્ય એ પછી ખીલી ઊઠ્યું. અવંતિકાબેનનો એને માટેનો સદ્‌ભાવ ઘણો વધી ગયો. એ એને દીકરીની જેમ સાચવવા માંડ્યાં, એમના એક કુટુંબી નવયુવક સાથે એમણે એનું લગ્ન પણ એક માતાની મમતાથી કરાવી દીધું, ને ભારતી વડોદરાની સંસ્થા છોડીને સુરતમાં રહેવા માંડી. આજે એ પાંત્રીસ વરસની થઈ ગઈ છે, પણ જોનારા કહે છે કે એ અજોડ છે : રૂપમાં ને ગુણમાં બંનેમાં.

* * *

## ૮. મથુરદાસ દાદા

દાદા શબ્દનો પ્રયોગ સામાન્ય રીતે બે જાતના અર્થમાં કરવામાં આવે છે. બાપને દાદા કહીને બોલાવવામાં આવે છે એ એનો એક અર્થ. પરંતુ બીજો અર્થ જરાક જુદી જાતનો છે. લોકોને ત્રાસ આપનાર, બીજાને માટે મુસીબત ને યાતના ઊભી કરનાર, અનીતિ અથવા અન્યાયને માર્ગે ચાલનાર, રંજાડનાર, ડરાવનાર કે દાદાગીરી કરનાર, માથાભારે માણસને પણ લોકો દાદાના વિશેષ નામથી ઓળખે છે. એવા દાદાઓથી લોકો ડરે છે પણ ખરા. તેમની સાથે કામનો પ્રસંગ પડે ત્યારે ભારે સંભાળપૂર્વક ચાલે છે. કેમકે તે ક્યારે તકરાર કરી બેસે, મારામારી પર આવી જાય, ને ખૂન કરી નાખે, એ વિશે કોઈનાથી કશું ચોક્કસપણે કહી શકાય જ નહિ. કોઈપણ પ્રકારની લાગણી, ભાવના કે સદ્‌વૃત્તિ વિનાના જડ જેવા એ દાદાઓ વજ્ર કરતાં પણ અત્યંત કઠોર દિલના હોય છે. લોઢાને તપાવવાથી કોમળ કરી શકાય, પરંતુ એમનું કાળજું કોઈ રીતે કોમળ થઈ શકે જ નહિ. એ શ્વાસ લે છે, તથા હાલતા ચાલતા દેખાય છે, એટલે એમને કાળજાવાળા ભલે કહેવામાં આવે, બાકી ખરેખર એમને કાળજું છે કે કેમ, એ વિશે પણ લોકોમાં મતભેદ છે. દયા, શાંતિ, સજ્જનતા કે સેવા ને સ્નેહ સાથે એમને કશું લાગેવળગે જ નહિ. એમની વાણી કઠોર, દૃષ્ટિ કઠોર, વૃત્તિ કઠોર, ને સર્વકાંઈ કઠોર. કઠોરતા ને નિર્દયતાના જ એ આરાધક. એમના જ નમૂનારૂપ કે પ્રતિક. માનવતાની સાથે એમને લેવાદેવા જ નહિ. કહો કે આદવેર. એમને ને એને ઉત્તર ને દક્ષિણધ્રુવ જેટલું છેટું. આકાશ ને પાતાળ જેટલું અંતર. ગીતાના સોળમાં અધ્યાયમાં કહેલી આસુરી સંપત્તિના સમુચ્ચયસમા એ દાદાઓ સામાન્ય મનુષ્યોને તો હેરાન કરે જ, પરંતુ સત્પુરૂષો, સંતો ને ઈશ્વરના પણ દુશ્મન થવામાં ગૌરવ ગણે. એમને પણ રંજાડવામાં બાકી ના રાખે. એમની સામે એ અહાલેક પોકારે, બળવો જગાવે, વિરોધના અકારણ અથવા સકારણ સૂર છોડે, અને એમના અનાદિ કાળના, જન્મજાત શત્રુ હોય એમ, એમની સાથે આખર સુધી વીલનના પાઠમાં જ કામ કરે. શાસ્ત્રોના કહ્યા પ્રમાણે ખુદ ઈશ્વરને પણ એમનો નાશ કરવા, અને એમના અતિશય વધી પડેલા જોરજુલમ ને આતંકમાંથી દુનિયાને બચાવવા યુગે યુગે અવતાર ધારણ કરવો પડે છે. કોઈકવાર એ હિરણ્યકશિપુ બનીને પોતાનું પ્રતિનિધિત્વ રજૂ કરે, તો કોઈવાર કંસના રૂપમાં કામ કરે. કોઈવાર રાવણ બનીને નીતિના સાર સમાન રામની સામે મેદાને કે જંગે ચઢે, તો કોઈવાર જરાસંધ ને શિશુપાલનો સ્વાંગ ધારણ કરીને પાઠ ભજવે. કોઈવાર એ આખી અવનીને માટે આતંકરૂપ થઈને જગજાહેર થાય, કોઈવાર કોઈ પ્રાંત, જીલ્લા કે તાલુકા ને નગરને રંજાડીને હદપાર થાય, ફાંસીએ ચઢે, સજા ભોગવે, છાપે ચઢે, કે સજા વિનાના જ રહી જાય; તો કોઈવાર કોઈ ગામ, મહોલ્લો, ચાલ કે માળો કે પછી ઘરને માટે જ આફત, અશાંતિ, દુઃખ કે કુસંપ ને ક્લેશના કારણરૂપ થાય. એમનું જીવન સમાજને માટે અતિશય અમંગલરૂપ થાય, ને મરણ ઉત્સવરૂપ બની જાય. એમના મરણથી ધરતી સુખી થાય, ભૂમિનો ભાર હળવો થઈ જાય, ને ઘર, ગામ, નગર, દેશ કે દુનિયા છૂટકારાનો દમ કે શાંતિનો શ્વાસ લે. એ રીતે જોતાં, દાદા શબ્દ શુભ નથી ગણાતો. બાપાના બાપ દાદા આવ્યા છે એમ કહેવાથી ઘરનાં સભ્યો રાજી થઈને એમનું આતિથ્ય કરવા તૈયાર થાય, તેજ સભ્યો આ બીજી જાતના દાદાની સંભવિત પધરામણીના સમાચાર માત્રથી ડરી જાય, છૂપાઈ જાય, કે ક્યાંક છટકી જાય. બીજાને ધમકાવતા કે ડોળા બતાવતા સત્તાધીશો એમની

આગળ નરમઘેંશ જેવા બની જાય, બહાદુર ડરપોક થાય, ને સૌની સલામો ઝીલતા શ્રીમંત શાહુકાર એમના દર્શનમાત્રથી કંપવા ને ધ્રુજવા તથા બે હાથ જોડીને નતમસ્તકે એમની કૃપાની ભિક્ષા માગવા માંડે. ગીતાના અગિયારમા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણે બતાવેલા વિશ્વરૂપનું દર્શન કરીને અર્જુનની જે દશા થઈ ગયેલી તેવી જ દીન, હીન, કરુણાતિકરુણ તથા વેદનામય એમની દશા થવા માંડે. આંખના ઈશારા પર સૌ કોઈને નચાવનારા પણ એમની આંખના ઈશારા પ્રમાણે નાચવા માંડે. પડ્યો બોલ ઝીલાવનારા પણ એમના પડ્યા બોલ ઝીલવા તૈયાર થાય. બીજા પર પ્રભાવ પાડનારા એમના પ્રભાવમાં આવી જાય. જ્યાં જાય કે વાસ કરે ત્યાં એ ચક્રવર્તી સમ્રાટની જેમ રાજ કરે. સુખને બદલે દુઃખ, ને અમૃતને ચૂસી લઈને ઝેર ધરે. ધરતી અને એના પરનાં જીવન એમને લીધે રસકસથી રહિત બને.

દાદાનો એ અર્થ સારી પેઠે જાણીતો અથવા આજસુધી ગવાઈ ગયેલો છે. મથુરાદાસ દાદાના સંબંધમાં એ લાગુ પડી શકે છે કે કેમ, એ વિશે વાચકો પોતે જ, કોઈપણ પ્રકારના પૂર્વગ્રહથી પીડાયા વિના, તટસ્થ કે નિષ્પક્ષપાત રીતે, નક્કી કરી લે એ વધારે સારું રહેશે. એમને કામ લાગે એવી થોડી ઘણી માહિતી આ વાતમાં મળી રહેશે.

*

મથુરાદાસ દાદાનું મૂળ નામ વિશ્વંભર હતું. પરંતુ એમનો જન્મ મથુરામાં થયો હોવાથી, એ મથુરાદાસને નામે જ ઓળખાતા. સાત ચોપડીનો અભ્યાસ કર્યો તે પછી એમના પિતાનું મરણ થયું. ઘરમાં એકના એક સંતાન હોવાથી, કમાવાની જવાબદારી એમને માથે આવી પડી. મથુરામાં મીઠાઈની દુકાનમાં દાખલ થઈને, ધીરેધીરે મીઠાઈના કામમાં હોશિયાર થયા પછી એક ભાગીદારની સાથે એમણે મીઠાઈની સ્વતંત્ર દુકાન ઊભી કરી. પરંતુ પાંચેક વરસમાં તો ભાગીદારે એમની સાથે વિશ્વાસઘાત કર્યો, તેમજ ક્લેશ વધતાં, એમનું ખૂન કરાવવાનો પ્રયાસ કર્યો. એમને એથી ભારે આઘાત લાગ્યો. ભાગીદારના ઉશ્કેરવાથી ગુંડાઓએ એમને અનેક રીતે હેરાન કર્યા, અને એક દિવસ એવો આવી પહોંચ્યો કે પોતાનો ને પોતાની એકની એક જનેતાનો જાન બચાવવા મથુરા છોડીને એમને મુંબાઈ આવવું પડ્યુ. એ વખતે મુંબાઈમાં મકાનોની આટલી હાડમારી નહતી, તથા પાઘડીના જીવલેણ અનિષ્ટનો આરંભ પણ નહતો થયો. આજના મરીન ડ્રાઈવનો એ વખતે જન્મ જ નહતો થયો. ત્યાં ધોળે દિવસે બીક લાગે એવું જંગલ હતું. મવાલીઓ ત્યાં રાત દિવસ પડ્યા રહીને મનમાન્યાં કામ કરી શકતા. એ વખતે એમણે કમાવાની ઈચ્છાથી બીજા અનેકની જેમ મોહમયી મુંબાઈ નગરીમાં પ્રવેશ કર્યો, ને કાલબાદેવીના ભરચક લત્તામાં એક મોટા મ્યુઝીયમ જેવા માળામાં દિવાનખાનાનો ભાગ ભાડે રાખીને રહેવા લાગ્યા. પડછંદ બાંધાના મોટી મૂછોવાળા મથુરાદાસ માળામાં આગળ તરી આવતા. એમનો સ્વભાવ મિલનસાર હોવાથી, લોકોમાં ભળી જતાં એમને વાર ના લાગતી. એથી એ જલદી લોકપ્રિય બની ગયા. ધીરેધીરે કાલબાદેવી રોડ પર એમણે મીઠાઈની દુકાન શરૂ કરી, અને એમાં કમાવા માંડ્યા. પછી તો ભુલેશ્વરમાં રહેતા એક મથુરાના બ્રાહ્મણ કુટુંબની કન્યા સાથે એમનું લગ્ન પણ લેવાયું અને એ વધારે સુખશાંતિથી રહેવા માંડ્યા.

પરંતુ સુખ ને શાંતિનો એ દેવે દીધેલો સોનેરી સમય વધારે ના ટક્યો. પરણ્યા પછી પાંચેક વરસમાં તો એમની જનેતાનું મૃત્યુ થયું. એ ઘાની વેદના હજી શમી ના શમી ત્યાં તો એક બીજો કારી ઘા એમના

જીવનમાં આવી પડ્યો. એમની સુંદર, સુશીલ, સેવાભાવી અત્યંત સ્નેહભરી પત્ની પણ એક મહિનાની ભયંકર બિમારીને પરિણામે એમને છોડીને સદાને માટે વિદાય થઈ. એમનું હૈયું કકળાટ કરી ઊઠ્યું, ને ભાંગી પડ્યું. દુકાનમાંથી એમનો રસ ઊડી ગયો ને બીજી પ્રવૃત્તિ પણ એમને હવે સૂકી લાગવા માંડી. એમના મિત્રો ને પરિચિતોએ એમને માટે પુનર્લગ્નની તજવીજ કરી, ને એક સુંદર કન્યા શોધી પણ ખરી, પણ એક પત્નીવ્રતમાં ચુસ્ત રીતે માનનારા મથુરાદાસે પ્રભુતામાં પગલાં ના માંડ્યાં તે ના જ માંડ્યાં. પોતાની મૃત પત્નીના સુમધુર સ્મરણોની સ્મૃતિ એમણે સદાને સારુ સાચવી રાખી. પત્નીનો એક સુંદર ફોટો પોતાના કબાટમાં એમણે રાખી મૂક્યો હતો. એની આગળ એ પુષ્પો અર્પણ કરતા, અગરબત્તી સળગાવતા, ને કલાકો લગી બેસી રહેતા. એ ફોટાની ઉપરના ભાગમાં પોતાની માતાનો એક રંગીન ફોટો પણ એમણે ટીંગાવી રાખ્યો હતો. એ પણ એમને માટે ઓછો શાંતિદાયક ને પ્રેરણાપ્રદાયક નહતો થતો. એ બે ફોટા વિના એમના જીવનમાં બીજું કાંઈ જ નહતું, અને એમને બીજા કશામાં રસ પણ નહતો, એમ કહીએ તો ચાલે.

એમના પરિચયમાં આવનારા અનુભવતા કે એ અત્યંત માયાળુ છે, ને બીજાને માટે નાનો કે મોટો ભોગ આપવા તૈયાર રહે છે. એને લીધે દીન ને દુઃખી એમની મદદની માગણી કરતાં એમની આગળ ટોળે વળતાં, વિદ્યાર્થીઓ, અનાથ સ્ત્રીપુરૂષો, રોગીઓ તથા પીડાગ્રસ્તો એમની પાસે ઉમળકાભેર પહોંચી જતાં. એ કોઈને ખાલી હાથે પાછા ના કાઢતા. એમની આગળ પોતાની વ્યથા, મુંઝવણ ને મુસીબતો સૌ કોઈ રજૂ કરતાં, ને બદલામાં શાંતિ, સહાયતા, અથવા છેવટે સાંત્વન મેળવીને પાછાં ફરતાં. ધંધામાં એમને મથુરાના પેલા ભાગીદારે દગો દીધો ત્યારથી એમના અંતરમાં અનીતિ, અધર્મ અથવા અન્યાય કરીને બીજા નિર્દોષને હેરાન કરનારા શાહુકારો તરફ એક જાતની નફરત પેદા થઈ હતી, તથા નિર્દોષને માટે હમદર્દી ને ખપ આવવાની કે ઘસાઈ છૂટવાની ભાવના જન્મેલી. એ ભાવના એમના અસ્તિત્વના આધારરૂપ અને જીવનના તાણાવાણા સાથે વણાઈને એકાકાર બની ગયેલી. એને લીધે એમનું જીવન રસમય થયેલું.

*

એ દાદાનું બિરદ મેળવીને મથુરાદાસને બદલે મથુરાદાસ દાદા કેમ કહેવાયા, એ વાત પણ જાણવા જેવી છે. કાલબાદેવીના એમના માળામાં ધોળે દિવસે એકવાર ધાડ પડી. બપોરના વખતે પુરૂષો બધા બહાર નોકરીધંધા પર હશે અને સ્ત્રીઓ એકલી હોવાથી સારું ફાવશે, એવા વિચારથી બે મવાલીઓ માળામાં આવી પહોંચ્યા, ને એક રૂમમાં પેઠા. રૂમની અંદર આડી પડેલી બાઈ એમને જોઈને ગભરાઈ ગઈ ને હોહા કરવા લાગી. એટલે મવાલીઓએ એનું મોં દબાવી દીધું, એના મોંમાં ડૂચો માર્યો, ને એના હાથપગ બાંધી દીધા. એ રૂમની બાજુના બે રૂમ એક જ પરિવારના હતા; ને એ પરિવાર કોઈના લગ્નપ્રસંગે બહારગામ ગયો હોવાથી, ફક્ત એક જ રૂમ ઉઘાડો હતો. એમાં રહેતી બાઈ એના બે નાનાં બાળકો સાથે સુતી હતી. તે એ ઉહાપોહથી એકદમ બેઠી થઈ ગઈ, ને મથુરાદાસના દિવાનખાનામાં દોડી ગઈ. મથુરાદાસ બપોરે જમવા માટે ઘેર આવેલા. તે કોઈ ગઠિયાના સમાચાર સાંભળીને ખાતાં ખાતાં ઊભા થઈ ગયા, ને લાકડી લઈને પેલી બાઈની રૂમ તરફ દોડી ગયા. એમને જોઈને ગઠિયાઓ ગભરાઈ ગયા. એક ગઠિયો તો એમના તરફ રામપુરી ચપ્પા સાથે ધસી આવ્યો. પરંતુ પહેલવાની શરીરવાળા મથુરાદાસે લાકડી ફેરવીને એનું ચપ્પુ નીચે પાડી નાખ્યું, ને પોતાની બોચી પકડવા આવતા બીજા ગઠિયાને પણ લાકડીથી એમણે ઘાયલ કરી દીધો. બીજા માળના

એ બનાવની બૂમાબૂમ સાંભળીને, પહેલા ને ત્રીજા માળના તથા ભોંયતળિયાના બેચાર પુરૂષો પછી ભેગા થઈ ગયાં. ને ગઠિયાઓ એમને જોઈને નાસવાની પેરવી કરવા લાગ્યા. મથુરાદાસ ને બીજા પુરૂષો થોડા ઘવાયા, પરંતુ ગઠિયાઓને એમણે પકડી રાખ્યા, ને પોલીસને સુપ્રત કર્યા. ત્યારથી મથુરાદાસ માળામાં જ નહિ પણ આખા લત્તામાં એક વીરપુરૂષ તરીકે પંકાઈ ગયા. સ્ત્રી—પુરૂષો એમને મથુરાદાસભાઈ કહીને બોલાવવા લાગ્યાં, તેમજ મવાલીઓ ને એમના મળતિયાઓ એમને એક ગઠિયા જેવા માનીને દાદા કહેવા લાગ્યાં. મથુરાદાસ દાદા.

એ પ્રસંગનું વેર વાળવા મવાલીઓએ બે વાર પ્રયાસ કરેલો. એક વાર રસ્તા પરથી પસાર થતી વખતે એના પર ભયંકર હુમલો થયો. તેમાંથી એ બે મહિનાની સારવાર બાદ માંડ બચી શક્યા. ને બીજી વાર એમની દુકાનને આગ લગાડવાનો બનાવ બનેલો. એથી એમને થોડુંક નુકસાન પણ થયું. જો સમયસૂચકતા વાપરીને એ મકાનોમાં રહેતા બીજા દુકાનદારે બંબાવાળાને ના બોલાવ્યા હોત, તો આગ એટલી વહેલી ના ઓલવાત, ને ભારે નુકસાનના ભોગ બનવું પડ્યું હોત. એ પછી મથુરાદાસ વધારે સાવધ બન્યા, ને કેટલાક મવાલીઓ સાથે એમણે મૈત્રી પણ કરી લીધી. એ પછી એમનું કોઈ નામ ના લેવા માંડ્યું.

*

એક દિવસ એમની પાસે એક ગરીબ રસોઈયો આવ્યો. સમય સવારનો હતો, ને પોતાના નિત્યનિયમ મુજબ એ સંધ્યાપૂજા કરીને બેઠા બેઠા છાપું વાંચી રહ્યા હતા. રસોઈયાનો એમણે પ્રેમપૂર્વક સત્કાર કર્યો. એણે એની આપવીતી કહી સંભળાવી. ચોપાટી પર રહેતા કોઈ શેઠે એને રસોઈયા તરીકે ત્રણ મહિનાથી નોકરીમાં રાખ્યો હતો. નોકરી એણે પૂરતી પ્રામાણિકતાથી કરી, પણ શેઠે એને પગાર ના આપ્યો. અને આખરે અઠવાડિયાથી એને છૂટો કરીને બીજા રસોઈયાને રાખી લીધો. એની પહેલાંના બીજા બે રસોઈયા સાથે પણ એમણે એવો જ અન્યાયપૂર્ણ વ્યવહાર કર્યો હતો. એ જાણવા છતાં પણ, પોતાની સાથે એ સારો વ્યવહાર કરશે એમ માનીને, વખાનો માર્યો એ ત્યાં નોકરી કરવા રહેલો. પણ નસીબ એવું કે એની નોકરી તો ગઈ, પણ એની મહેનતની મજૂરી પણ એને ના મળી. એમ કહીને એ રડી પડ્યો.

મથુરાદાસનું દિલ કરુણ થઈ ગયું. રસોઈયાની સાથે એ સીધા ચોપાટી પર રહેતા પેલા શેઠને ત્યાં ગયા. શેઠ એ વખતે કપડાં બદલીને બહાર જવાની તૈયારીમાં હતા. રસોઈયાને જોઈને એમણે મોં બગાડ્યું એ મથુરાદાસે જોઈ લીધું. શેઠની બાજુમાં સોફા પર બેસીને એ બોલ્યા.

'શેઠ આ માણસને તમે ઓળખો છો ?'

શેઠને એ પ્રશ્ન પાણી વિનાનો લાગ્યો. 'હા. હા. એને સારી રીતે ઓળખું છું.' એમણે ઉત્તર આપ્યો.. 'અઠવાડિયા પહેલાં તો એ મારો રસોઈયો હતો. કેમ ? તમે એને મહારાજ તરીકે રાખવા માગો છો ? મારો અભિપ્રાય લેવા આવ્યા હો તો રસોઈ સારી બનાવે છે.'

'પણ તમે તો એને છૂટો કર્યો છે !'

'હા.' શેઠ વિચારે ચઢ્યા. 'વાત એમ છે કે, બીજો વધારે સારો માણસ મળી જવાથી મેં એને છૂટો કર્યો છે.

'એનો પગાર શું કર્યો'તો તે કહી શકશો ?'

'પગાર ? પગાર બીજો કેટલો હોય ? એજ—ખાવુંપીવું ને વીસ રૂપિયા.'

'ત્યારે તમે એને ત્રણ મહિનાનો પગાર કેમ નથી આપ્યો ?'

શેઠ મૂંઝવણમાં મૂકાયા. 'તે તમે—તમે વળી કોણ છો ?'

'જુઓ શેઠ, હું આ રસોઈયાનો સંબંધી છું. તમે એના ત્રણ માસના પગારના સાઠ રૂપિયા અત્યારે ને અત્યારે આપી દો, નહિ તો....'

'અત્યારે ને અત્યારે ?' શેઠ જરા ઢીલા પડ્યા.

'હા. અત્યારે ને અત્યારે. આ ગરીબ માણસની આંતરડી કકળાવીને તમે સુખી નહિ થઈ શકો. અત્યારે જ આપી દો નહિ તો મારા જેવો ભૂંડો બીજો કોઈ નથી.'

એમ કહીને મથુરાદાસ આગળ આવ્યા, ને શેઠની સામે ચાકુ કાઢીને ઊભા રહ્યા. શેઠ તો કંપવા ને ધ્રૂજવા માંડ્યા.

'તે ભાઈસા'બ, હું ક્યાં ના કહું છું ? અઠવાડિયાથી એ પગાર લેવા આવ્યો જ નથી ત્યાં ?'

'પણ આજે તો આવ્યો છે ને ? હવે કાઢી આપ !' રોષને લીધે મથુરાદાસ રાતાપીળા થઈ ગયા. એમને થયું કે આ ઉજળા દેખાતા, મેલા મનના માણસને તૂંકારાથી બોલાવવો જ બરાબર છે.

'હજી કેમ બેસી રહ્યો છે ને વાર કરે છે ?'

મથુરાદાસનું રૌદ્ર રૂપ ભાળીને શેઠ તરત બેઠા થયા. ને બાજુની તિજોરીમાંથી સાઠ રૂપિયા કાઢી આપ્યા. મથુરાદાસે એ રકમ રસોઈયાને સુપ્રત કરીને કહ્યું. 'લો આ તમારો પગાર. ફરી મારા જેવું કામ હોય તો વિના સંકોચ જરૂર મળજો. મારાથી બનતું કરી છૂટીશ. ને શેઠ, ફરી કોઈ રસોઈયા કે નોકરને આવી રીતે હેરાન કરશો તો જોઈ લો વાત. પછી તમે છો કે હું છું !' ને ચપ્પુ ખીસ્સામાં મૂકી દાદર ઉતરી, રસોઈયા સાથે રવાના થયા.

*

એક બીજી વાત છે. સ્ત્રીઓ પ્રત્યે મથુરાદાસને માનની લાગણી રહેતી. સ્ત્રી માત્રને એ પવિત્ર ને પૂજ્ય માનતા. એવી માન્યતા કે લાગણી કોઈ ચિંતન, મનન કે અભ્યાસના પરિણામે ઊભી થઈ હતી એમ ન હતું એ એમના અંતરમાં આપોઆપ જ ઊગી નિકળેલી હતી, અને એમની રગેરગમાં સ્વાભાવિક રીતે જ ભળી ગયેલી. રામચરિતમાનસના એ રસિયા હતા, ને રોજ રાતે સુતાં પહેલાં એનો સ્વાધ્યાય કરતા. એમાં અરણ્યકાંડમાં જે અનસૂયા અને સીતાનો સંવાદ છે તે એમને ખૂબ જ ગમતો. એ સંવાદ વાંચીને એ કોઈવાર ભાવભીના બનીને બોલી ઊઠતા કે તુલસીદાસે જેમ અનસૂયાની પાસે સીતાને ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ સ્ત્રીઓનાં લક્ષણોનો ઉપદેશ અપાવ્યો છે, તેમ અત્રિ ઋષિ પાસે રામને બેસાડીને, ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ પ્રકારના પુરૂષો વિશે પણ સ્પષ્ટીકરણ કરાવ્યું હોત તો સારું થાત. સ્ત્રીઓની પેઠે પુરૂષોને એવા સ્પષ્ટીકરણથી પાઠ મળત, ને એમની આગળ પણ એક જાતના આદર્શની રજૂઆત થાત. પરંતુ સંતો ને ભક્તોએ સ્ત્રીઓને જ મોટા ભાગનો ઉપદેશ આપીને સંતોષ વાળ્યો છે, ને પુરૂષોને માટે પ્રમાણમાં છૂટો દોર રાખ્યો છે. જો કોઈ સ્ત્રીએ રામાયણ લખ્યું હોત તો અત્રિ ઋષિ પાસે રામને બેસાડીને એ એક પત્નીવ્રત અથવા પત્ની પ્રત્યેની

પ્રીતિ, અનન્યતા, વફાદારી, સેવાવૃત્તિ, લાગણી, નિષ્ઠા, અથવા સહાનુભૂતિ ને ફરજનો આદેશ જરૂર અપાવત. સ્ત્રીએ જેમ ઉત્તમ થવાની કે પતિવ્રતા થવાની જરૂર છે તેમ પુરૂષે પત્નીવ્રતને પાળવાની પણ એટલી જ, બલ્કે એથીયે વધારે આવશ્યકતા છે. છતાં પણ એ બીજા આદર્શનો આગ્રહ ઓછો રાખવામાં આવે છે. એટલે સમાજની દશા સ્ત્રીને માટે બોજારૂપ, બંધનકારક, તથા પુરૂષને માટે સ્વૈરવિહાર સાધનરૂપ થઈ ગઈ છે, પુરૂષોએ પોતાની ફરજ બજાવી હોત તો સ્ત્રીઓને પોતાના હકને નામે લડવું જ ના પડત. પરંતુ પરિસ્થિતિ એવી નથી. જુઓને, રામાયણમાં જ શું છે ? લક્ષ્મણ તરતની પરણેલી ઊર્મિલાને મૂકીને રામની સાથે વનમાં જવા વિદાય થાય છે. પરંતુ ઊર્મિલા એવી રીતે સીતાનો સંગાથ નથી કરી શકતી. રામ સીતાની પવિત્રતા માટે શંકા કરે છે અને અગ્નિપ્રવેશ કરાવીને એની કસોટી કરવાનો નિર્ણય કરી શકે છે, પણ સીતા રામના વિશે એવો વિચાર પણ નથી કરી શકતી, કેમકે ઉત્તમ પ્રકારની પતિવ્રતા સ્ત્રીને માટે એવો વિચાર પણ અપરાધ, ક્ષતિ કે કલંકરૂપ છે ! એવી વાતો કરીને એ કોઈકોઈ રામાયણના રસિયાને ઉત્તમ અથવા આદર્શ પતિવ્રતની સાથેસાથે આદર્શ પત્નીવ્રત માટે ઉપદેશ આપતા કે પ્રેરિત કરતા. એમના મીઠા ને બુલંદ કંઠમાંથી ગવાતું રામાયણ સાંભળવું એ જીવનનો એક ઉત્તમ લહાવો હતો.

*

સ્ત્રીઓ પ્રત્યેની ઉત્તમ ભાવનાથી પ્રેરાઈને, કેટલીક વાર સ્ત્રીઓની રક્ષા માટે એમણે મોટામાં મોટા જોખમ પણ ખેડ્યાં હતાં. અહિં તો એક નાનાસરખા બનાવનો જ ઉલ્લેખ કરી શકાશે.

એ દિવસ સૂર્યગ્રહણનો હોવાથી એ દરિયામાં સ્નાન કરવા આવેલા. ગ્રહણ હમણાં જ છૂટ્યું હતું. તેથી હજારો ભાવિક સ્ત્રીપુરૂષો દરિયાકાંઠે ભેગાં થયેલાં. ભીડ એટલી બધી હતી કે પગ મૂકવાની પણ જગા નહતી રહી એમ કહીએ તો ચાલે. કોઈ સ્નાન કરતાં, કોઈ સ્નાન કર્યા પછી જપ, પ્રાર્થના કે પાઠ કરતાં, તો કોઈ 'દે દાન, છૂટે ગ્રહણ' કરનારાને દાન આપતાં. મથુરાદાસે પણ સ્નાન કર્યું ને કપડાં બદલ્યાં. પછી એ ગજવામાંથી માળા કાઢીને મંત્રજપ કરવાની શરૂઆત કરવા માંડ્યા ત્યાં જ એક બનાવ બન્યો. ભીડનો લાભ લઈને કોઈ મવાલી સ્નાન કરીને કપડાં બદલતી એક નવયુવાન સ્ત્રી પાસે પહોંચી ગયો ને બિભત્સ રીતે બોલવા લાગ્યો. પેલી સ્ત્રી કોઈ બેનપણી સાથે એકલી જ આવેલી. એટલે તેની વતી બોલે કે વિરોધ કરે એવું બીજું કોઈ જ ન હતું. એની બેનપણી ડરપોક હતી. જેમ તેમ કરીને એણે ઉતાવળમાં કપડાં બદલી લીધાં ને પછી ભીનાં કપડાં લઈને દરિયા તરફ જવા લાગી. પરંતુ મવાલી ઉસ્તાદ હતો. એ એની પાછળ પડ્યો. એણે એનો હાથ પકડ્યો ને કહેવા માંડ્યો.

'મારી થઈને તું કપડાં નીચોવવા જાય એ સારું કહેવાય ? હું નીચોવી લાવું છું.'

યુવતી તો ગભરાઈ ગઈ. એ પણ કાંઈ બહાદુર ન હતી. મવાલીએ એના હાથમાંથી કપડાં લઈ લીધાં, ને એને કહ્યું.

'કપડાં તો ઘેર પણ નીચોવાશે. હાલ તો ઘેર જ જઈએ. મોડું ના થાય.'

અને એનો હાથ પકડીને ભીડની વચ્ચે એ ચાલવા માંડ્યો.

યુવતી અને એની બેનપણીની બુદ્ધિ હવે ઠેકાણે આવી ને હિંમત ભેગી કરીને એમણે બૂમ પાડી.

મથુરાદાસ એ બધું માળા કરતાં જોઈ રહેલા, તે બૂમ સાંભળીને મવાલીની પાસે વિપળનો ય વિલંબ કર્યા વિના પહોંચી ગયા, ને બીજા લોકો પણ ત્યાં જમા થયા.

મવાલી કહેવા માંડ્યો. 'ઘણીવાર એને આવું થઈ જાય છે. મગજની ખરાબી છે. એટલે એને હું બહાર જ નથી લઈ જતો. પણ આજે એણે હઠ કરી એટલે ગ્રહણ હોવાથી લાવ્યો છું. સ્નાન કર્યું ત્યાં સુધી સારું હતું. પણ પછી એનું દરદ ઉપડ્યું છે. શું કરું ? વહુ થઈને મને જ ગાળો દે છે, ના કે'વાનાં વચન કે'છે, ને દુશ્મન ગણે છે. દવાઓ કરાવવામાં બાકી નથી રાખ્યું. દોરાધાગા પણ કર્યા. પૈસાનું પાણી કરી નાખ્યું. પણ દરદ મટતું જ નથી. હુંય કંટાળી ગયો છું. પણ શું થાય ? પાનું પડ્યું તે નભાવ્યા સિવાય છૂટકો છે ? હવે તો ઘોડાગાડી કરીને ઘરભેગો થઈ જઉં એટલે શાંતિ.'

એમ કહીને એ પેલી યુવતીને લઈને ચાલવાનો પ્રયાસ કરવા લાગ્યો. કોઈ ડાહ્યા માણસે કહ્યું પણ ખરૂં. મારા ઘરમાં પણ કોઈ ભૂત વળગેલું તે તમારા જેવી જ દશા હતી, ભાઈ ! આ બે વરસથી હવે સારું છે. ને બેન ! હવે મનને કબજામાં રાખીને શાંતિથી ઘર ભેગાં થઈ જાવ એટલે આરામ થઈ જશે.

'ભાઈયે મૂરખ જેવા છે ને ? કપડાં પરથી તો કોઈ સુખી ઘરના લાગે છે. પણ આવા બૈરાને લઈને બહાર નીકળાતું હશે ?' કોઈક બીજાએ પાછળથી ગણગણાટ કર્યો.

'અરે, બાઈ આવી રૂપાળી છે તે કોઈની નજર પણ લાગી જાય.'

પણ યુવતી મક્કમ બની. એની બેનપણી ડઘાઈને ઊભી હતી તેણે ને યુવતીએ બંનેએ કહેવા માંડ્યું. 'આ મવાલીની બધી જ વાત બનાવટી છે. એ બદમાશ છે. ગુંડો છે. હરામી છે. સ્નાન કરતા'તાં ત્યારથી જ અમારી પાછળ પડ્યો છે. મવાલી છે.'

'જોયું ભાઈ ?' મવાલીએ લાચારી બતાવીને ખુલાસો કર્યો, 'દરદ ઉપડે છે ત્યારે આ બાઈ આવું જ કરે છે. એનું સાન ને ભાન બધું જ ભૂલાઈ જાય છે. બીજાની સાથે તો ડહાપણથી વર્તે છે પણ એક મારી સાથે જ આવું કરે છે. કોણ જાણે એને શું થયું છે કે વળગ્યું છે !'

'ના. આ બદમાશ છે. મવાલી છે. ગુંડો છે. એ તો રસ્તાનો રખડનારો છે. મારે ને એને કશો જ સંબંધ નથી.' યુવતી રડી પડી ને નીચે બેસી ગઈ.

મથુરાદાસ આગળ આવ્યા. યુવતીને એમને આશ્વાસન આપ્યું ને ઠામ ઠેકાણું પૂછ્યું. એ પછી મવાલીની તરફ જોઈને એમણે કહ્યું.

'આ બેનનું નામ શું છે ?'

'નામ ?' મવાલી એ આકસ્મિક પ્રશ્નથી ગૂંચવાયો. પણ પૂરી ચતુરાઈથી કહેવા માંડ્યો. 'તમે ય ભાઈ, કેવું પૂછો છો ? સ્ત્રીનું નામ તે પુરૂષથી લઈ શકાતું હશે ? તમે તો મને શરમમાં નાખવા જેવું કરો છો !'

'તમારું ઘર ક્યાં છે ? ચાલો હું તમારી સાથે આવું છું. આડોશીપાડોશીને બેનની ભલામણ કરીને હું પાછો આવીશ.'

'અરે ભાઈ, તમે પણ ખરા છો. આવા મોટા શહેરમાં ઘર વિના તે કોઈનાથી રહેવાતું હશે ? તમારે શા માટે અમારે માટે તસ્દી લેવી પડે ? એ તો અમે જેમતેમ કરીને પહોંચી જઈશું.'

પણ યુવતી એકની બે ના થઈ ને મવાલીના હાથમાંથી કપડાં ખેંચીને કહેવા લાગી. 'આ મવાલી મારાં કપડાં લઈને ઊભો છે. કોઈ એને જરા ખોખરો તો કરો.'

દરમ્યાન એની બેનપણી પણ જેમ ફાવે તેમ બોલવા માંડી.

મથુરાદાસ જમાનાના ખાધેલ હતા. મવાલીઓનાં કરતૂતને જાણતા.

એ ક્રોધે ભરાઈને બોલી ઊઠ્યા. 'બદમાશ ! આ સ્ત્રીની લાચારીનો તું લાભ લઈ રહ્યો છે ? મૂકી દે કપડાં ને ચાલતી પકડ, નહિ તો હમણાં જોયા જેવું થશે.'

'અરે આ તો મવાલી છે. મારી બેન નહાતી'તી ત્યારે એની ને બીજી છોકરીઓની મશ્કરી કરતો'તો એજ છે આ. બેચાર જણે ભેગા થઈને મેથીપાક જમાડ્યો તે ત્યાંથી નાસી આવ્યો ! ને હવે આની પાછળ પડ્યો છે ?' તાજા આવેલા બે ભાઈઓ મવાલીને જોઈને બોલી ઊઠ્યા ને તેના પર તૂટી પડ્યા. મથુરાદાસે પણ એની ખબર લીધી.

વારંવાર માફી માગી ત્યારે અધમૂઆ જેવા મવાલીને એમણે છૂટો કર્યો. મથુરાદાસ બંને યુવતીને લઈને ઘોડાગાડીમાં બેઠા અને એમને ઠેકાણે પહોંચાડીને પછી જ ઘેર ગયા.

*

મથુરાદાસ એવા માનવતાની મૂલ્યવાન માટીમાંથી બનેલા માનવ હતા. એમનું અંતર અસહાય અને આશ્રયહીન માટેની અપાર અનુકંપાથી અલંકૃત બનેલું. જેમનો કોઈજ આધાર ના હોય એમના એ આધાર બનતા, ને મૂંઝાયલાં કે પીડિતને માટે બનતું બધું જ કરી છૂટતા. એકવાર એક લંગોટિયો મિત્ર એમની પાસે આવીને કહેવા માંડ્યો. 'લગ્નનો દિવસ નક્કી થઈ ગયો છે પણ ખરચ માટેના પૂરતા પૈસા નથી. વળી લગ્ન પછી ક્યાં રહેવું એની પણ ચિંતા છે. મુંબાઈ શહેરમાં ભાડાની રૂમ કોઈ સંબંધીની હતી. તેમણે તે ખાલી કરાવી છે. હમણાં તો એક દોસ્તની સાથે રાતે સુઈ રહું છું. પણ લગ્ન પછી કાંઈ એવી રીતે રહી શકાય ? મારું તો મન જ કામ નથી કરતું કે શું કરવું ? લગ્નની કામચલાઉ ના પાડી આવું તો તે પણ હવે બને તેવું નથી. છોકરી મોટી છે. એનાં માબાપ આ માગશરમાં એનું પતાવી દેવાનો નિર્ણય કરી બેઠાં છે.'

એમ કહીને એ રડી પડ્યો એટલે મથુરાદાસનું હૈયું હાલી ઊઠ્યું. એ ગમે તેવા પત્થર દિલના હતા પરંતુ કોઈના રુદનને ના જોઈ શકતા. આર્ત અથવા અનાથનું એકાદ આંસુ પણ એમના પ્રબળ પ્રાણને પીગળાવી નાખવા માટે પૂરતું થઈ પડતું. આંસુ છે તો આમ છેક સાધારણ પરંતુ અસાધારણ બનીને હૈયાને હલાવી નાખે છે, મોટામોટા મલ્લોથી પણ ના થાય તે કામ સહેજમાં કરી દે છે, એ સાચું છે. એમના સંબંધમાં આવનારને એની ખાતરી થયા વિના ના રહેતી.

દયાથી દ્રવી જઈને એ તરત બોલી ઉઠ્યા. 'ચિંતા નહિ. હું તને આવે અણીને વખતે કામ નહિ આવું તો ફરી ક્યારે કામ આવવાનો હતો ? હું તને મારાથી બનતી બધી જ મદદ કરીશ. તને રૂમ મળે તે માટે પણ કોશીશ કરીશ. ને બીજી રૂમ ના મળે ત્યાં સુધી આ ઘર તારે માટે ઉઘાડું છે. તું લગ્ન અહિં જ કરજે, ને લગ્ન પછી બીજી સગવડ ના થાય ત્યાં લગી રાજીખુશીથી અહિં જ રહેજે. તારી ભાભી નથી પણ હું તો છું ને ? તને ને તારી સ્ત્રીને અહિં કોઈપણ પ્રકારની તકલીફ નહિં પડે.'

મથુરાદાસે એ લંગોટિયા મિત્રનું લગ્ન તો કરાવી દીધું પણ ઘરમાં એને આશ્રય પણ આપ્યો. બે મહિના પછી બીજી રૂમ મળી ત્યારે એ મિત્રને એમણે વિદાય આપી.

*

વિધુર થયા પછી મથુરાદાસના લગ્નને માટે કેટલેય ઠેકાણેથી માગાં આવ્યા. પરંતુ અડગ મનના મથુરાદાસ ચલાયમાન ના થયા અને એક પત્નીવ્રતના પાલનમાં જ સંતુષ્ટ રહ્યા. કેટલાક દલીલો પણ કરતા કે 'પત્ની હતી ત્યાં સુધી તમે તેને વફાદાર રહ્યા તે તો બરાબર હતું પણ હવે શું ? હવે તો તે પરલોકમાં છે. હવે તમે બીજું લગ્ન કરો તો તમારું જીવન સુખી બની શકે, રસમય થઈ શકે, ને આટલી બધી સંપત્તિ છે તે પણ લેખે લાગી શકે. હાલમાં તો હરકત નથી પણ ઘડપણ આવશે કે માંદા પડશો ત્યારે સ્ત્રીની ખોટ જરૂર સાલશે. માટે ભલા થઈને હવે ફેરા ફરી લો. ફરીવાર ફેરા ફરશો એટલે પહેલીવારની પત્ની પ્રત્યેનો પ્રેમભાવ કાંઈ ઓછો મટી જવાનો છે ?' પરંતુ મથુરાદાસ એકના બે ના થતા. કોઈકોઈ ઈર્ષાળુ મનના લોકો વાતો પણ કરતા કે 'એ તો કોઈકની મોહિની લાગી હશે, એટલે ફરી ફેરા ફરવાની ના પાડે છે, તે દિવસે ગ્રહણનું નહાવા ગયેલા ત્યારે કોઈ બે જણીને જોઈને ઊંચાનીચા થઈ ગયેલા. ઘોડાગાડીમાં બેસીને એકને તો એને ઘેર પણ મૂકી આવેલા. ત્યારથી સાંભળ્યું છે કે અઠવાડિયામાં ત્રણવાર ત્યાં જાય છે ત્યારે જ તેમને ચેન પડે છે. કેમ ના પડે ? આપણે તો એ બાઈને નથી જોઈ, પરંતુ છૂપી રીતે બાતમી મેળવવા ગયેલા એકબે જણે કહ્યું કે બાઈ તો જાણે રાજરાણી હોય એવી છે. રતિનો અવતાર જ જોઈ લો. જે જુએ તે એનાથી મોહાયા વિના રહે જ નહિ. એવી છેલછબીલી, કામણગારી છે એ. અધૂરામાં પૂરું એને કોઈ સંતાન નથી અને એનો પતિ પણ બે મહિનાથી મરી ગયો છે. કોણ કહેનાર છે કે શા માટે આવો છો ? મથુરાદાસને તો જોઈતું'તું તે નસીબે વગર માગ્યે સામે આવીને આપ્યું છે ! એવી સુંદર સ્ત્રીને છોડીને એ કોઈ સાધારણ છોકરીને માટે હા પાડે ખરા કે ? એ તો જોજો ને, એને ઘરમાં લાવશે ત્યારે જ જંપશે.'

એવી વાતો થાય એમાં નવાઈ પણ નહતી. મવાલીના સકંજામાંથી છોડાવેલી એ સ્ત્રીને ઘેર મથુરાદાસ અવારનવાર આંટા મારતા. એને જોતા ત્યારે જ એમને શાંતિ વળતી. એ સ્ત્રીની સાથેનો એમનો સંબંધ ઉત્તરોત્તર ગાઢ બનતો ગયો. એના પતિની માંદગીમાં એમણે ઉજાગરા કર્યા, તન તોડીને મહેનત કરી, ને દવા કરાવવામાંય બાકી ના રાખ્યું. પણ એ ના ઉગરી શક્યા. છેલ્લી ઘડી હતી ત્યારે એમણે પત્નીને પાસે બોલાવીને કહ્યું. 'આજે મારો કાળ આવી ગયો છે એવું લાગે છે. મારૂં મરણ થાય તો શોક ના કરતી. દુનિયામાં દરેકને આખરે તો એજ રસ્તે જવાનું છે. મથુરાદાસ વિના બીજા કોઈનો ભરોસો ના કરતી. એમણે આપણી કરી છે એ રીતે જરૂર પડ્યે એમની સેવા મન મૂકીને કરી છૂટજે !' અને એમનો જીવ જતો રહ્યો.

મથુરાદાસે એમની ઉત્તરક્રિયા પૂરી કરી અને સ્ત્રીને સાંત્વન આપ્યું. હવે તે એ સ્ત્રીને મળવા રોજ જવા લાગ્યા. એમને એવો વિચાર પણ આવ્યો કે આ સ્ત્રીને ઘેર લઈ જઉં ને મારી સાથે જ રાખું પરંતુ સ્ત્રીનું મન એ માટે નહોતું માનતું તેથી એ વિચાર એમણે પડતો મૂક્યો. એ બધી હકીકતથી લોકોમાં એ રોજની વાર્તાનો વિષય બન્યા હતા : અલબત્ત, અમુક ખાસ પ્રકારની પ્રકૃતિવાળા લોકોમાં.

એમાં વળી એક ઘટનાએ ઉમેરો કર્યો. કામિની-એ સુંદર સ્ત્રીનું નામ કામિની હતું-એકાએક માંદી પડી. એટલે અત્યંત આગ્રહ કરીને એને મથુરાદાસ સારવારમાં સરળતા થાય એ માટે એમના દિવાનખાનામાં લઈ

આવ્યા. લોકોને શંકા થઈ કે કામિની હવે મથુરાદાસની પ્રેમિકા તરીકે જીવનભર એમની સાથે જ રહેશે ને મથુરાદાસના મરણ બાદ બધી મિલ્કતની માલિક બનશે. કોઈએ વળી એવી અફવા ફેલાવી કે કામિનીને દહાડા રહ્યા છે એટલે આ રીતે બિમારીનું બહાનું બતાવીને મથુરાદાસ એનો ઉકેલ કરવા માગે છે. કોઈ એમાં સૂર પૂરાવવા માંડ્યા કે દાદાને શું ? એ તો દાદો છે દાદો. આપણે એનાં કરતૂતો જોયાજાણ્યા સિવાય એને સારો માની બેઠા'તા. પણ સાચું કાંઈ છૂપું રહે છે ? કહે છે કે સાચાને ઘરમાં પૂરી રાખો તો એ છાપરે ચઢીને પણ બોલે છે. આખરે દાદાનું દાદાપણું જણાઈ આવ્યું !

પરંતુ મથુરાદાસથી બધા ડરતા હોવાથી, એમની આગળ બધા જૂદી જ જાતનો અભિનય કરતા, ને સેવાભાવના માટે એમનાં ભાટ કે ચારણની જેમ પેટ ભરીને વખાણ કરતા. મથુરાદાસ એમનામાંના લગભગ દરેકને એક કે બીજી રીતે મદદરૂપ થયા અથવા થઈ રહ્યા હતા. એટલે સૌ એમના આભાર નીચે ડૂબેલા દેખાતા.

*

એમાં વળી એક વહેલી સવારે કામિનીનું મૃત્યુ થયું. મથુરાદાસ એ પ્રસંગથી આકુળવ્યાકુળ બની ગયા અને એક નાના બાળકની જેમ પોક મૂકીને રડવા લાગ્યા. લોકોને થયું કે કામિની એમના કાળજાને કામણ કરી ચૂકી હતી. હવે એ એકલા પડી ગયા ! સ્ત્રીની મોહિની એવી અજબ છે. મોટામોટા મુનિ ને તપસ્વી પણ એમાંથી નથી છૂટી શક્યા તો મથુરાદાસ જેવા સાધારણ માણસનો શો હિસાબ ?

જે મિત્રનું લગ્ન કરાવી દઈને એને ઘરમાં આશ્રય આપેલો, તે મિત્રે કહ્યું. 'મથુરાદાસ, હવે રડો નહિ. રડવાથી કાંઈ કોઈ પાછું નથી આવતું. આમ તો પત્થર જેવા છો ને આટલા બધા ઢીલા શા માટે થઈ જાવ છો ?'

'અરે ભાઈ, મારું તો જીવન જ જતું રહ્યું !' મથુરાદાસ દુઃખી દિલથી પોકારી રહ્યા. 'કામિનીનું મોં જોઈને મને મારી મૃત માતાની યાદ આવતી'તી. એથી એને જોતો ત્યારે મને શાંતિ મળતી અને એના સ્વરૂપમાં મારી માતા મારી સંભાળ લઈ રહી છે એવું લાગ્યા કરતું. કામિનીના જેટલી હતી ત્યારે મા એવી જ હતી. તને તેની ક્યાં ખબર નથી ? હવે હું કોનું મોઢું જોઈને શાંતિ મેળવીશ ?'

'કામિનીનો સુંદર ફોટો વરસો સુધી મથુરાદાસે પોતાની જનનીના ફોટાની પાસે ટીંગાવી રાખ્યો. લોકો એને જોતા ને આગળ નહિ પણ પીઠ પાછળ વાતો કરતા કે ભાઈ, દાદો છે દાદો. એ ગમે તેમ કરે એને કોણ કહી શકે એમ છે ? બાકી આપણે કરો જોઈએ, કેવી આફત આવી પડે છે ? '

* * *

## ૯. ગીતાની સ્મૃતિ

બ્રહ્માનંદ પોતાના પ્રવચનમાં વારંવાર કહ્યા કરતા કે યુવાન પ્રજામાંથી ધર્મની શ્રદ્ધા ઘટતી જાય છે. એ કથન એમના વરસોના વિશાળ અનુભવના પડઘારૂપ હતું. વિદ્યાર્થીઓને ધર્મનું શિક્ષણ આપવું જોઈએ એવો એમનો દૃઢ અભિપ્રાય હતો. એ ધર્મ કોઈ એક ચોક્કસ ધર્મ કે સંપ્રદાય ના હોય, પરંતુ સર્વ ધર્મના સમન્વય કે સારરૂપ માનવધર્મ હોય, ને તે માનવતાની તાલીમ તથા ધર્મ ને તત્ત્વજ્ઞાનના મહામૂલ્યવાન, જીવનોપયોગી સિદ્ધાંતોથી સંપન્ન હોય, એવી એમની માન્યતા હતી. એ માન્યતાના સ્પષ્ટીકરણ માટે એમણે એક પુસ્તક પણ પ્રકટ કરેલું, અને એનો બહોળો પ્રચાર કરવા જનતામાં એને વહેંચેલું હતું. આજે એમને મળવા માટે કોલેજના બે વિદ્યાર્થીઓ આવ્યા, ત્યારે પણ એજ વાતની ચર્ચા થઈ. ચર્ચાની શરૂઆત જરા વિચિત્ર રીતે થઈ. પ્રસ્થાનત્રયીનો ઉલ્લેખ કરી બ્રહ્માનંદે કોલેજના એ છોકરાઓને પૂછ્યું. 'ગીતા વિશે તમે શું જાણો છો ?'

બેમાંથી એક છોકરાએ ઉત્તર આપ્યો. 'તમે પણ આ વિષયમાં રસ લો છો તે સારી વાત છે. તમારી જિજ્ઞાસા જોઈને ખરેખર આનંદ થાય છે. પણ તમે કયી ગીતા વિશે પૂછો છો ? સીનેમા લાઈનમાં ગીતા એક નથી પણ બે છે. એક તો હમણાં જ જાહેર રીતે પરણી ચૂકી છે, એનું એક ચિત્ર પણ અત્યારે શહેરમાં ચાલી રહ્યું છે, ને બીજી કુંવારી છે. બંને મુંબાઈમાં રહે છે, ને તેમનાં સરનામા પણ મારી ડાયરીમાં લખેલાં છે. એ ઉપરાંત, ત્રીજી ગીતા મારા કલાસમાં છે : બી. એ. માં, અને એને મારા પર પ્રેમ પણ ઘણો છે. તે ત્રણમાંથી તમે ખરેખર કયી ગીતા વિશે જાણવા માગો છો તે તો કહી બતાવો ?'

થઈ રહ્યું ! બ્રહ્માનંદનો બધો ઉત્સાહ મરી પરવાર્યો તથા ચહેરો ફીક્કો પડી ગયો. તો પણ બે ત્રણ મિનિટ બાદ એમણે સ્વસ્થતા મેળવીને ફરી કહ્યું.

'એમાંની કોઈયે ગીતા વિશે જાણવાની ઈચ્છા હું નથી કરતો. મને એમાં રસ પણ નથી. હું તો બીજી ગીતા વિશે પૂછું છું : ભગવદ્‌ગીતા. એના સંબંધી માહિતી માગું છું.'

'અમને એની પૂરી ખબર તો નથી. પણ એટલું સાંભળ્યું છે કે એ એક ચોપડી છે અને એમાં સંગીતશાસ્ત્ર વિશે સારો પ્રકાશ ફેંકવામાં આવ્યો છે. એના લખનારનું નામ બરાબર યાદ નથી આવતું, પણ ભૂલ ના થતી હોય તો એ તાનસેને લખેલી છે.' બીજા છોકરાએ ખુલાસો કર્યો. ગીતા શબ્દના ભાવાર્થ પરથી એમાં ગીત કે સંગીતની કળા વિશે જ કાંઈક કહ્યું હશે એવી કલ્પના કરીને તથા સંગીતસમ્રાટ મનાતા તાનસેનનું એની સાથે નામ જોડીને એ રીતે એણે સ્ટંટ જ માર્યો.

પરંતુ બ્રહ્માનંદને માટે એ સ્ટંટ ભારે દુઃખદાયક કે મર્મઘાતક થઈ પડ્યો. કોલેજિયનોની અધકચરી અને પોતાના જ રાષ્ટ્રની સંસ્કૃતિનું અજ્ઞાન બતાવતી કેળવણી જોઈને એમનું કાળજું કપાઈ ગયું. મનોમન એમણે પરમાત્માને એ દુર્દશાને દૂર કરવાની પ્રાર્થના કરી, ને પછી ધર્મ ને તત્ત્વજ્ઞાન વિષયક વિચારો રજૂ કર્યા. શ્રોતા વર્ગમાં બીજા પણ પાંચેક જિજ્ઞાસુ હતા. એ બધા એમના જ્ઞાનનો આનંદ એકચિત્તે લેવા માંડ્યા.

બ્રહ્માનંદનું જીવનકાર્ય જ એ હતું. દેશના જુદાજુદા સ્થાનોનો પ્રવાસ કરવો તથા લોકોને ઉપદેશ આપવો. ચાલીસ વરસની વયે એમણે એ કાર્યની શરૂઆત કરેલી, તે આજે સાઠ વરસની વયે પણ એવા જ

ઉત્સાહથી ચાલું રાખેલું. દક્ષિણ ભારતમાં જન્મીને દૈવયોગે એ અમૃતસરના એક મઠમાં દીક્ષા પામીને ઉપદેશક બનેલા. છ માસ એ મઠમાં રહેવું ને બીજા છ માસ અમુક નિશ્ચિત સ્થાનોમાં રહીને ઉપદેશ આપવો કે ધર્મપ્રચાર કરવો એ એમનો છેલ્લા વીસેક વરસનો કાર્યક્રમ થઈ પડ્યો હતો. મુખ્યત્વે એ વેદાંત પર પ્રવચન કરતા અને આવશ્યકતા લાગે ત્યાં અધ્યયન પણ કરાવતા. છેલ્લા દશ વરસોમાં એમની ખ્યાતિ ખૂબ જ વધી ગયેલી તથા એમના હજારો ભક્તો, સેવકો કે પ્રસંશકો થયેલા. સાધારણ માણસો તો ઠીક પરંતુ વિદ્વાનો પણ વાતો કરતા કે એના જેવો વેદાંતનો પારદર્શી, પ્રખર પંડિત દેશભરમાં બીજો કોઈ જ નથી. જેવી એમની ઊંડી વિદ્વતા છે એવું જ એમનું કઠોર વ્રતપાલન કે તપસ્વી જીવન છે. એ બધું હોવા છતાં એ એટલા બધા નિરભિમાની ને નમ્ર છે કે વાત નહિ. એક સાધારણ શિશુ જેવી જ એમનામાં સરળતા છે.

દહેરાદૂનમાં કાંવલી રોડ પરથી પસાર થઈને ગલીમાં થોડે દૂર જતાં એક સોસાયટી છે. ત્યાં મઠ તરફથી એક સત્સંગ ભવનની સ્થાપના થયેલી. દહેરાદૂનનાં હવાપાણી ને કુદરતી સૌન્દર્યનાં દૃશ્યો એમને ખૂબ જ પસંદ પડી ગયાં હોવાથી, છેલ્લા ત્રણેક મહિનાથી એ ત્યાં જ નિવાસ કરતા. સાંજે ચાર થી છ સુધી એમની કથા થતી તે વખતે લોકો કીડિયારાની જેમ ઉભરાતાં, ને શાંતિથી બેસીને એમના સદ્‌ઉપદેશનું પાન કરતાં. રાજપૂર ને મસૂરીની દૂરની પર્વતપંક્તિ પણ મસ્તકને ઊંચું કરી મંત્રમુગ્ધ થઈને, જાણે કે એમનું દર્શન કરતી, ને પોતાને બડભાગી ગણતી. પૂનમ અને અમાસને દિવસે કથા બંધ રહેતી. ત્યારે ભક્તોની મોટરમાં ઋષિકેશ જઈને એ ગંગાસ્નાન કરી આવતા ને પ્રફુલ્લિત થઈને પાછા ફરતા. ગંગાજી એમને અત્યંત પ્રિય હતી. મૃત્યુ આવે તો ગંગાના કિનારા પરના કોઈ સ્થળમાં આવે એવી કામના વેદાંતી હોવા છતાં પણ એ સેવી રહ્યા હતા, એનું કારણ એમનું હૃદય કેવળ જ્ઞાની નહિ પરંતુ એક ઉત્તમ કક્ષાના ભક્તનું પણ હતું. એ એમની વિશેષતા હતી.

ને ભગવાને એમની કામના પરિપૂર્ણ કરી. ભાદરવા સુદ પૂનમે એ ઋષિકેશ ગયા તે ફરી પાછા જ ના આવી શક્યા. ગંગામાં સ્નાન કરતી વખતે એમને ટાઢ ચઢી, એ થરથરવા માંડ્યા, ને બહાર આવ્યા કે તરત જ તમ્મર ખાઈને નીચે પડ્યા. સાથેના પાંચે ભક્તો એ જોઈને ગભરાઈ ગયા. પરંતુ એ દશા વધુ વાર ના ટકી. દસેક મિનિટે એમણે ભાનમાં આવતાં પાણી માગ્યું; ને પાણીનો પહેલો ઘુંટડો પીધો કે તરત જ એમને ગભરામણ થઈ, ને એમનો પ્રાણ શરીર છોડીને ચાલવા માંડ્યો. મરતી વખતે ઘણો પ્રયાસ કર્યો પરંતુ એ કાંઈ જ ના કહી શક્યા. એમના મુખમાંથી ફક્ત એક જ સૂર, એક જ શબ્દ કે પોકાર બહાર આવ્યો ''ગી...તા !''

દહેરાદૂનથી ભક્તો ને પ્રશંસકો હજારોની સંખ્યામાં ઋષિકેશ આવ્યા અને એ જ્ઞાની મહાપુરૂષના શરીરને ગંગામાં સમાધિ લેવડાવી. ભારતના આધ્યાત્મિક આકાશ પરથી એક પરમ પ્રકાશવાન, અણમોલ તારક ખરી પડ્યો એથી સૌને દુઃખ થયું. જેમના પર એમની પિતા તરીકેની પ્રીતિ તેમજ છત્રછાયા હતા તે એમને યાદ કરીને બાળકની પેઠે રડવા લાગ્યા. અત્યંત કરુણ છે એ વખતના દૃશ્યની સ્મૃતિ ! મરણ છે જ એવું કરુણ. એની સ્મૃતિ પણ સામાન્ય રીતે મંગલમય નથી થઈ શકતી. પ્રત્યક્ષ અથવા પરોક્ષ, ગમે તે અવસ્થામાં પણ એ અકારું જ લાગે છે. કોઈ એકાદ, વિરલ, ઈશ્વરદર્શી મહાપુરૂષને માટે એ મંગલમય બની

જતું હોય તો ભલે, સર્વસાધારણને માટે તો આનંદદાયક નથી જ થઈ શકતું. આરંભમાં પણ અને અંતમાં પણ.

દહેરાદૂનના સત્સંગ ભવનના મહંતને બ્રહ્માનંદના અંતકાલના ઉદ્ ગારની માહિતી મળી, ત્યારે તે વિચારે ચઢ્યા. તેમને થયું કે છેલ્લો શ્વાસ લેતી વખતે બ્રહ્માનંદના મુખમાંથી ‘ગીતા’ શબ્દ નીકળ્યો એનો અર્થ શો કરવો ? ગીતાનો સહજ અર્થ તો શ્રીમદ્ ભગવદ્ગીતા છે. બ્રહ્માનંદને એ પ્રિય હતી અને એના પર એ પ્રવચનો પણ કરતા. એનો નિયમિત સ્વાધ્યાય કરવા કરાવવાની એમને ખાસ ટેવ હતી. એટલે એમણે ગીતાની સ્મૃતિ કરી હોય એ સમજી શકાય તેમ છે. ગીતાના માહાત્મ્યમાં કહ્યું છે પણ ખરું કે ‘ગીતા’ એવા ઉચ્ચાર સાથે જે શરીર છોડે છે કે મરે છે તે ઉત્તમ ગતિની પ્રાપ્તિ કરે છે. એવા સંદર્ભમાં વિચારીએ તો બ્રહ્માનંદની વૃત્તિ માટે માન પેદા થાય છે. એવા જ્ઞાનીપુરૂષનું મરણ એવું મંગલમય જ હોઈ શકે. છતાં પણ, એમને કોઈ ગીતા નામની છોકરી સાથે સંબંધ હોય એવું પણ એમની કલ્પનામાં ઊગી આવ્યું. કદાચ એવી કોઈ છોકરી અહિં અથવા તો અમૃતસરમાં રહેતી હોય, એની સાથે એમને માયા હોય, ને ‘ગીતા’ કહીને એમણે એની જ સ્મૃતિ કરી હોય, એ પણ કાંઈ અશક્ય જેવું નથી, એવો એમને તર્ક થયો. એવા તર્કની શક્યતા સારુ કેટલાંક કારણો પણ હતાં. બ્રહ્માનંદ છોકરીઓને માટે ગીતાનો અલગ વર્ગ ચલાવતા, છોકરીઓને દીક્ષા આપતા, ને કેટલાંક કુટુંબોના ખાસ આમંત્રણથી એમને ત્યાં ભિક્ષા માટે જતા. લગભગ બધે જ ઠેકાણે એ એવો જ કાર્યક્રમ કરતા. એટલે એવી સંભાવના છેક નકારી કાઢવા જેવી નહતી. જોકે એમના વિશે એવો વિચાર કરવો એ પણ મહંતને માટે દુઃખકારક હતું. પરંતુ એ માનશાસ્ત્રના ઉત્તમ અભ્યાસી હતા. વળી અમૃતસરના મઠમાં રહેતા એક સાધુને એક સ્ત્રીના સંબંધમાં આવવાથી છેવટે હતાશ થઈને આપઘાત કરવો પડેલો તેની તેમને ખબર હતી. એટલે એવો વિચાર એમના મનમાં સહજ રીતે જ ઉત્પન્ન થયો.

આખરે એમણે એક નિર્ણય કર્યો. બ્રહ્માનંદની એક જૂની પેટી સત્સંગભવનના એમના ઉતારામાં પડી હતી. તેમાંથી કોઈ છોકરીનો પત્ર કે ફોટો મળી શકે તો આખીયે વાતનો ભેદ ઉકલી શકે એવી ઈચ્છાથી એ પેટીને તપાસી જોવાની એમણે તૈયારી કરી.

એમણે ચાવી લાગુ કરીને પેટીને ઉઘાડી એથી એમને આનંદ થયો. પરંતુ બીજી ક્ષણે એ ડરીને દૂર દોડી ગયા. તૂટેલી હાલતવાળી, કેટલાંક નાના મોટાં કાણાંવાળી, ઈસવી સન પહેલાંની હોય એવી, એ લાકડાની પેટીમાં એક કાળા શાહી જેવા સાપે ફણા ઊંચી કરીને એકાએક સુસવાટો કર્યો તેથી એ એકદમ ગભરાઈ ગયા. ‘સાપ, સાપ ’એવી એમની બૂમ સાંભળીને કર્મચારીઓ અને ચાર સંન્યાસી ભેગા થયા ને સાપને હઠાવવાનો પ્રયાસ કરવા લાગ્યા. સાપ પણ એ આકસ્મિક આક્રમણથી ગભરાઈ ગયો ને જીવ બચાવવા માટે પેટીમાંથી દોડીને બહાર નીકળ્યો. અકારણ જીવહિંસામાં ના માનનારા સંન્યાસી ને કર્મચારીઓએ એને સહીસલામત રીતે જવા દીધો.

મહંત ને બીજા બધા એ પછી પેટી પાસે ગયા. પેટીમાં બે ચાર જૂનાંપુરાણાં કપડાં અને એક ગીતાનું મોટું પુસ્તક હતું. મહંતે પહેલવહેલી પેટી ઉઘાડી ત્યારે એ પુસ્તકની આજુબાજુ વીંટળાઈને એ સાપ બેઠો હતો એ એમને યાદ આવ્યું. પેટીમાં કોઈ ફોટો ના દેખાયો તથા પત્રો પણ ના મળી શક્યા. પરંતુ ગીતાનું એ મોટું પુસ્તક હાથમાં લઈને ઉઘાડ્યું કે તરતજ સો રૂપિયાની દસ નોટો એમાંથી બહાર નીકળી પડી. એ નોટોને

ગજવામાં મૂકીને એ ચાલવા લાગ્યા ત્યારે દિવાલના છેદમાં ભરાઈ ગયેલો સાપ સુસવાટા પર સુસવાટા કરવા માંડ્યો; તથા રાત પડતાં બહાર નીકળીને મહંતની તીજોરીની આજુબાજુ આંટાફેરા કરવા લાગ્યો. ચારેક દિવસ એમ ચાલ્યું અને આખરે કર્મચારીઓએ એને ખતરનાક માનીને પાંચમે દિવસે મારી નાખ્યો. બ્રહ્માનંદના બારમા પર મહંતે ભંડારો કર્યો. તે વખતે તીજોરીમાંથી જરૂરી નોટો કાઢી, તો પેટીમાંથી નીકળેલી પેલી સો રૂપિયાની નોટો પર લોહીના છાંટા જેવા બે ડાઘ જોવામાં આવ્યા. જ્ઞાનવૃદ્ધ મહંત એનો મર્મ આખરે સહેલાઈથી સમજી શક્યા.

મહંત તો એ પછી દેહત્યાગ કરી ગયા. પરંતુ એમણે સાચવી રાખેલી બ્રહ્માનંદની ગીતા દહેરાદૂનના એમના સત્સંગભવનમાં આજે પણ જોઈ શકાય છે. એની સ્મૃતિ જીવનના શ્રેયને માટે જરૂરી લાગવાથી, એને સદાને સારુ સાચવી રાખવાની મહંતે આજ્ઞા કરેલી. એ આજ્ઞાનું પાલન એમના અનુગામી આજે પણ કરી રહ્યા છે.

* * *

## ૧૦. રોજનિશીનાં પૃષ્ઠ

વીણા તું ક્યાં છે ?

તું જ્યાં હો ત્યાં આનંદમાં તો છે ને ?

સુખી તો છે ને ?

થોડી નહિ પરંતુ સંપૂર્ણ સુખી છે ને ?

તારૂં હસતું મુખ હજુ પણ હસતું રહી શક્યું છે ? કે પછી કઠોર કાળે એને રડતું કરી મૂક્યું છે ?

તારા મધઝરતા મીઠા બોલ હજુ એવા જ મીઠા રહી શક્યા છે કે પછી એમાં સંસારની કટુતા આવી ગઈ છે ?

તું જીવે છે તો ખરીને ?

હા. જીવતી હોઈશ એની તો મને ખાતરી છે. છતાં પણ એ પ્રશ્ન પૂછાઈ જાય છે. સહજ રીતે જ પૂછાઈ જાય છે. કેમકે તારા મુખનું દર્શન કેટલાય વખતથી-દિવસોથી નથી કરી શક્યો ને તારી સુમધુર વાણી પણ નથી સાંભળી શક્યો. તારા કોઈ સારા કે નરસા, નાના કે મોટા, સમાચાર જ ક્યાં છે ? તારાં સંસ્મરણની માળા નિરંતર ગૂંથ્યા કરૂં છું. એ માળા નથી કરમાતી. એનાં ફૂલ કાયમને માટે તાજાં જ રહે છે. જેવાં વરસો પહેલાં હતાં તેવાં જ આજે છે. એજ શોભા, એજ સૌરભ, એજ કોમળતા, અને એવો જ રસ. સનાતન યૌવનને વરી હોય એવી ફૂલમાળા એવી ને એવી જ અક્ષય છે. કાળ એને કાંઈ જ નથી કરી શકતો. દેશ, વાતાવરણ કે સંજોગો એને કુરૂપ નથી કરી શકતા. જ્યારે જુઓ ત્યારે એનું સ્વરૂપ એવું જ અલૌકિક, એકસરખું, અસાધારણ અથવા અમૃતમય હોય છે. આત્માને આનંદ આપે છે, ને પ્રાણને પ્રફુલ્લ કરે છે. મનને કોઈ મોટા, મંગલ ઉત્સવમાં મગ્ન બનાવે છે, ને તનને તાજગી ધરે છે. જીવન એના આધારે આગળ વધે છે કે જ્યોતિર્મય બને છે. સંસ્મરણની એ સુમનમાળાને, સ્મૃતિમાંથી ટપકતા સ્નેહનું સુધામય સલિલ સીંચીને, જીવનની જેમ જતન કરીને મેં જાળવી રાખી છે. આજે એની સુવાસનો સ્વાદ લઉં છું ત્યારે, મારા દિલની દશા કેવી કરુણ બની જાય છે તે કેમ કરીને કહી બતાવું ? મારૂં રોમેરોમ એક પ્રકારના અનિર્વચનીય રાગથી રંગાઈ જાય છે; અને અંતર અનુરાગના અનેકાનેક આલાપે આવૃત અને આનંદમય બને છે. વીણા ! તારૂં નામ મારા જીવનમાં તો સાર્થક જ થયું છે. કેમકે વીણાની જેમ મારા જીવનમાં ઝંકૃત થઈને તું જાગી ને વાગી ઊઠી. તારા સંગીતમય, સુખદાયક, પ્રેરણાદાયક, સ્વરથી મારા હૃદયને રાગથી રંગી દઈને, તેં રસાળ કર્યું, ને જીવનમાં એવું તો જાદૂં ભર્યું કે પ્રત્યેક પ્રવૃત્તિ, ભાવ, કર્મ ને વિચારમાં એ ફરી વળ્યું. એ સ્વર અને એ જાદૂ આજે પણ અક્ષય છે અને અક્ષય રહેશે એ નક્કી છે. ફક્ત એ સ્વરને છોડનારી, એ જાદુને ભરનારી, તું નથી, એટલું જ.

મહાકવિ પ્રેમાનંદે દમયંતીનું કેવું વર્ણન કર્યું છે ? નળ રાજાએ એના હાથમાં મરેલાં માછલાં મૂક્યાં તો એ જીવતાં થઈને સરોવરમાં પાછાં જતાં રહ્યાં. એ વાત સાચી હોય કે કવિની કલ્પના હોય એ વિવાદાસ્પદ છે. પરંતુ એક વાતમાં તો વિવાદને માટે અવકાશ જ નહતો કે જડ કે મૃતપ્રાય માનવને તારા

સ્વર્ગીય સંસ્પર્શથી તું જીવતા કરી દેતી કે ચેતન દેતી. તું જેને સ્પર્શ કરતી, નિહાળતી, સ્નેહથી ભરેલી વાણી સંભળાવતી, સ્મિત સાથે સત્કારતી, કે સ્નેહ કરતી, તે તારું થઈ જતું, તારા મજબુત બંધનમાં સદાને માટે બંધાઈ જતું અને આમૂલ પરિવર્તન પામતું. દમયંતી જીવન દેતી પરંતુ જીવનના સંસ્કાર ના દઈ શકતી. તું એ રીતે વધારે શક્તિશાળી હતી. તું તો માનવના મનમાં, અંતરમાં, તથા પ્રાણના પ્રત્યેક પરમાણુમાં, પ્રવેશ કરતી અને એને ઉત્તમ બનાવતી.

હું તને વીણા કહેતો ત્યારે મારી આંખ આગળ તારો દેહ જ ના રહેતો. એ દેહ જાણે વીણામય હોય એવો અનુભવ થતો. તારી આંખમાંથી, વાણીમાંથી, ચાલમાંથી, નાની કે મોટી પ્રવૃત્તિમાંથી, તારા મીઠા સ્મિતમાંથી, સ્પર્શમાંથી, અને અંગાંગના પ્રત્યેક અણુમાંથી, વહાલની વીણાનું જે વાદન થતું તે હું સાંભળતો, એના શ્રવણથી મુગ્ધ બનતો, અને એથી જ, અંતરના અસાધારણ ઉમળકાથી, હું તને વીણા કહીને બોલાવતો, તારું મૂળ નામ તો બીજું જ હતું. વનદેવી, તું વનમાં નથી વસતી પણ વસ્તીમાં વાસ કરે છે. માટે હું તને વનદેવી નહિ કહું, પણ વસતીદેવી કહીશ, એવું મેં કહેલું ત્યારે તેં જ કહેલું કે સારું ત્યારે. તમને વનદેવી નામ ના ગમતું હોય તો વીણા કહીને બોલાવજો. હું તમારી વીણા ને તમે મારા વગાડનારા. બસ ? વીણાનો વગાડનાર પણ કોઈ જોઈએ ને ? એ કાંઈ એકલી અથવા એની મેળે થોડી જ વાગી શકે છે ? વીણા તો જડ છે. તમારા હાથમાં એ આવી જાય તથા તમારી અમૃત ભરેલી અંગુલિનો એને સ્પર્શ થાય તો જ તે વાગી શકે ને ?

તે વખતે હું તારા અતિથીરૂપે તારે ઘેર આવ્યો હતો. એ આપણી બીજી મુલાકાત હતી. તે યાદ છે ને ? કે ભૂલી ગઈ ? ના. ભૂલી તો નહિ જ હોય. જીવનમાં બધું જ ભૂલાય છે. સુખ ને દુઃખના પ્રસંગો પણ, પરંતુ પ્રેમ નથી ભૂલાતો. એમાંય વળી શરૂ શરૂનો પ્રેમ. એ તો અવિસ્મરણીય બનીને બેસી જાય છે. જીવનમાં તો ઠીક, પણ મરણ પછી પણ એ નથી ભૂલાતો. જો ભૂલાય તો એ પ્રેમ નહિ પણ બીજું કશુંક હતું એમ માની લેવું.

હા, ત્યારે મેં તને તે વખતે શું કહેલું તે યાદ હશે. મેં કહેલું કે વીણા ! તું કોઈ સાધારણ જડ વીણા નથી, ચિન્મયી છે. તને વગાડવા માટે કોઈની જરૂર નથી પડતી. તું તો સ્વતઃ જ વાગ્યા કરે છે. વાગવું એ તારો સ્વભાવ છે.

છતાં પણ મારે તમારા જેવા વગાડનારની જરૂર છે. તમારો સ્પર્શ મળતાં મારા સઘળા તાર ઝણઝણી ઉઠે અને એમાંથી કોઈક અવનવું સંગીત છૂટે એ તમને ખબર છે. લો, મને વગાડી લો.

એમ કહીને તું એકાએક ઉન્માદમાં આવી ગઈ. તારા ઘરની અગાસીમાં આપણે શરદપૂનમનો આસ્વાદ લેતા એકલાં બેઠાં હતાં. ત્યાં તું ગાંડી જેવી બનીને મને જોઈ રહી. એ દૃશ્યનો સાક્ષી ચંદ્ર હતો. અથવા એકમાત્ર ઈશ્વર હતો.

અંગ, અંતર, આત્મા, અને આપણા અસ્તિત્વના અણુઅણુમાં, એ વખતે જે વીણા વાગી ઊઠી, એ કેટલી બધી અજબ હતી ? એમ લાગ્યું કે તું વીણા છે, હું પણ વીણા છું, ને વાતાવરણ બધું જ વીણામય છે. ચંદ્ર પણ વીણામય, તારા, આકાશ, ચાંદની ને આસપાસનાં વૃક્ષો પણ વીણામય. અવનીનું અણુએ અણુ એ વીણાનાદથી ઓતપ્રોત હતું. એને વગાડનારો કોઈક બીજો જ હતો. વૃંદાવનમાં શરદપૂનમની રાતે જે વાંસળી

વાગી, ને જે રસ રેલાયો, તે વાંસળી ને રસ હજુયે કાયમ છે એમ લાગ્યું. વીણા એની પણ પહેલાંથી વાગી રહી છેઃ એના સ્વરથી સૃષ્ટિની સુતેલી ચેતના જાગી રહી છેઃ એવો ભાસ થયો. એ અનુભૂતિમાં કેટલો બધો કાળ જતો રહ્યો ? મેં પાડેલું વીણા નામ એ સમયે સાર્થક લાગ્યું.

મેં કહ્યું : વીણા ! વીણા બનીને તું મારા જીવનમાં સદા વાગ્યા કર, તનમાં, મનમાં અને અંતરમાં મોહિની ભર. શાંતિ, સુખ અને આનંદની અમીવર્ષા કર, જીવનનું સાફલ્ય ધર એમ ઈચ્છું છું. અંતઃકરણપૂર્વક ઈચ્છું છું. જીવન એક વહેતી નદી જેવું છે. એમાં ન જાણે કેટકેટલા કિનારા આવે છે ને કેટલા પસાર થાય છે ! નવાં દૃશ્યો, નવા રસ ને નવા પરિચય જાગ્રત થાય છે. એના પ્રવાહમાં આપણે ક્યાં જઈશું, ને ક્યારે મળીશું, તથા મળીશું તો કેવા રૂપે કે રંગે મળીશું તે કોણ કહી શકે તેમ છે ? છતાં પણ એક પ્રશ્ન પૂછવાનું મન થઈ જાય છે કે તું મારી રહીશ ?

તું તરત બોલી ઉઠીઃ ઈશ્વર રાખશે તો રહીશ.

મને એ ઉત્તર બહુ ના ગમ્યો. હું એવા ઉત્તરની આશા નહતો રાખતો પણ જુદી જાતનો જવાબ માગતો હતો. એ ઉત્તરમાં મને શંકા લાગી, ભય દેખાયો, અચોક્કસતા જણાઈ. હું તારો દોષ નથી કાઢતો : તારી આલોચના અથવા ટીકા પણ નથી કરતો. પરંતુ મારી છાપ, મારા દિલની પ્રતિક્રિયા, કહી બતાવું છું. મને થયું કે તેં મને સંતોષકારક જવાબ ના આપ્યો. હું એવો જવાબ ચાહતો હતો કે હા. હું તમારી જરૂર રહીશ. એક તમારી ને તમારી જ રહીશ તથા ગમે તે ભોગે પણ તમારી જ રહીશ. તું એવું સ્પષ્ટ બોલી હોત તો મારું હૃદય કેટલું બધું કૃતાર્થ થાત અથવા આનંદમાં આવી જાત તે ખબર છે ? કમળનાં દલ જેમ સૂર્યકિરણનો સંસ્પર્શ પામીને પ્રકટી ને ખીલી ઉઠે છે તેમ મારું સર્વકાંઈ એવા ઉત્તરથી ખીલી ઊઠત. તારી એ વાણી મને મુગ્ધ કરત. પરંતુ તેં કદાચ એવો વિચાર કર્યો હશે કે ઈશ્વર કરે ને આ સંબંધ આગળ ના વધે તો ? જીવનની મંગલ મુસાફરીમાં કોઈક કારણે ભેગા મળેલાં આપણે બંને કોઈક બીજા કારણે છૂટાં પડી જઈએ તો ? એ બધી ઘટનાની કાંઈ ખબર થોડી જ પડે છે ? એટલે જ તે એવો તોળેલો કે જાગ્રત જવાબ આપ્યો. છતાં પણ એ જવાબમાં એક વસ્તુ તો ચોક્કસ હતી કે તું જીવનભર મારી રહેવા તૈયાર હતી. તારી એ આકાંક્ષા ઈશ્વર પૂરી કરે એવી તારી ઈચ્છા હતી. એ જાણીને પણ મને આનંદ તો થયો જ.

*

વીણા ! આજે એ બધાં સંસ્મરણ રોજની જેમ તાજાં બનીને મારી આંખ આગળ ઊભાં રહે છે, અને અંતરને ભારે કરુણાથી ભરી દે છે. વાર્તા લખવી કાંઈ સહેલું કામ નથી. એમાં બહુ મોટું મનોબળ જોઈએ છે. છાતીને વજ્જર જેવી કરવી પડે છે. મનને મજબુત તથા પ્રાણને પોલાદી. ભાવની ભરતી આવે છે, લાગણીનું લાસ્યનૃત્ય શરૂ થાય છે, ને સૂતેલાં સ્મરણો બેઠાં થાય છે, ત્યારે હૈયાને હલાવી નાખે છે, રગેરગને રગદોળી દે છે; અંતરાત્માને વેદનામય કરી અવનવું કરે છે. હા, વાર્તા જો કોરો કલ્પનાવિલાસ હોય, વ્યવસાય હોય. શોખ હોય, આદત હોય, દિલ બહેલાવવાનું સાધન હોય, કે આજીવિકાને લક્ષ્ય કરીને જ લખાતી હોય, તો તો તેના વિશે મારે કાંઈક જ કહેવાનું નથી. તેવી વાર્તા કલમમાંથી લખાય છે; કાળજામાંથી નહિ. બુદ્ધિમાંથી જન્મે છે; અંતરાત્મામાંથી નહિ. એવી વાર્તા બીજાને અસર કદાચ કરી જાય, કે બીજાને માટે ક્રાંતિકારી થાય, પણ વાર્તાકાર એનાથી અછૂત રહે છે. પણ જે વાર્તા જીવનની નાની કે મોટી કથારૂપે લખાય

છે, અનુભવની સહજ અભિવ્યક્તિરૂપે બહાર આવે છે, અથવા અંતરના ઊંડાણમાંથી, અંગેઅંગમાંથી, અથવા અસ્તિત્વના અણુએ અણુમાંથી આકાર પામીને પ્રકટ થાય છે, તે વાર્તાકારની ગીતા હોય છે. એ વાર્તા નહિ પણ સાધનાની સામગ્રી હોય છે. અથવા કહો કે વાર્તાકાર પોતે હોય છે. એવી વાર્તા એક હતો રાજા ને એક હતી રાણી : એમણે ખાધું, પીધું, અને રાજ કર્યું : એવી હોય ત્યારે તો એને કહેવામાં વધારે પરિશ્રમ નથી પડતો. પરંતુ જ્યારે એમાં ભલે ભળતા નામે, પણ જો પોતાનું જ પાત્ર હોય, ને પોતાના જ અનુભવનો એક યા બીજા સ્વરૂપે ઈતિહાસ આપવાનો હોય; એ ઉપરાંત એ ઈતિહાસ જ્યારે કરુણ, વેદના ભરેલો કે નાજુક હોય, મનના મર્મસ્થાનને સ્પર્શતો હોય, તથા આપત્તિ અને અશ્રુથી આલેખાયલો હોય, ત્યારે તો એ વાર્તા કસોટી કરનારી બને છે. એવા કરુણ ઈતિહાસનું આલેખન કરનારા વાર્તાકારોને વાર્તા લખતાં લખતાં, કલમ હાથમાં રાખીને કે બાજુ પર મૂકીને, મેં નિસાસા નાખતા, પોકાર પાડતા, રડતા, શૂન્યમનસ્ક થઈ જતા, કે સૂધબૂધ ભૂલીને ઘડી લમણે હાથ દઈને બેસી રહેતા તો બીજી કોઈવાર ઉમંગમાં આવી જઈને નાચી ઊઠતા હસી પડતા, વાહ વાહ બોલતા, કે સ્વર્ગીય સુખાસ્વાદનો અનુભવ કરતા પણ જોયા છે. એવા વાર્તાકારો વધારે નથી હોતા, વિરલ હોય છે. વાર્તા એમને માટે કળા જ નથી રહેતી, પણ સ્વભાવ થઈ પડે છે. વાર્તા કહેવા કે લખવાથી એમના ઘા રુઝાય છે-અલબત્ત, કામચલાઉ વખતને માટે, અને એમની વેદના જરાક ઓછી થાય છે. કોઈવાર એવું પણ બને છે કે રુઝાવા માંડેલા ઘા એનાથી તાજા ને બળવાન બનીને પીડા પહોંચાડે છે. જે જીવન સંવાદપૂર્વક ચાલતું હોય તેમાં વિસંવાદ શરૂ થાય છે. આખું ચિત્તતંત્ર જ હાલી જાય છે. વાર્તા એ રીતે શાહીથી નથી લખાતી પરંતુ લોહીથી લખાય છે, કર કે કલમથી તૈયાર થવાને બદલે કાળજાથી તૈયાર થાય છે. એનું તટસ્થ, અનાસક્ત કે નિર્લેપ આલેખન એક પ્રકારની ઉત્તમ દશા માગી લે છે. ગીતાની ભાષામાં કહીએ તો સ્થિતપ્રજ્ઞ કે ગુણાતીત દશા. એવી દશા ના હોય તો વાર્તા લખવાનો વ્યવસાય ચંચલ કરનારો થઈ પડે. ભાવો કે વિચારો ને લાગણીઓનો કાબુ તો તેવા ઉત્તમ વાર્તાકારમાં હોવો જ જોઈએ. એવા કાબુને માટે પ્રયાસ પણ ચાલુ હોવો જોઈએ.

હવે તું વિચાર કર કે વાર્તાકાર એટલે કે જીવનના વાર્તાકાર બનવું એ કેટલું કઠિન કામ છે ? વળી એટલો વિચાર પણ કરી લે કે આ વાર્તાનું આલેખન કરતી વખતે મારી દશા કેવી હશે ? તું વાર્તા નથી લખતી તે વાતનો તને અફસોસ નહિ થાય. વાર્તા લખનારને પણ કાંઈ મિષ્ટાન નથી મળી જતું. આ તો તેં મારી શરૂઆતની વાર્તા વાંચીને તે દિવસે મારી પાસે માગણી કરેલી કે જ્યારે અવકાશ મળે ત્યારે મારા જીવન વિશે પણ એક વાર્તા લખજો : હું જ્યાં હોઈશ ત્યાં પણ એ વાર્તા વાંચી લઈશ ને રાજી થઈશ. એટલે તારી ઈચ્છાને પૂરી કરવા, અને એ રીતે મારા જીવન દ્વારા તારું એક ઋણ અદા કરવા, આ લીટીઓ લખી રહ્યો છું. તને તે ક્યારે વાંચવા મળશે તે નથી જાણતો. અરે, તું વાંચી શકીશ કે નહિ તે પણ નથી કહી શકતો. કેમકે છેલ્લા કેટલાય વખતથી તારા સમાચાર જ ક્યાં છે ? તું મને મળી છે જ ક્યાં ? છતાં તું હોઈશ અને આ લીટીઓ વાંચી શકીશ તો તને શાંતિ થશે કે અશાંતિ, સુખ થશે કે દુઃખ, અથવા સારું લાગશે કે ખરાબ, તે તો નથી કહી શકતો : પરંતુ એટલું તો લાગશે કે મેં મારું કર્તવ્ય બજાવ્યું છે કે વચન પાળ્યું છે. તારે માટે જેવી લાગણી મને પહેલાં હતી તેવી આજે પણ છે : વધારે નહિ તો ઓછી તો નથી જ : એની તને ખાતરી થશે.

*

મારા જીવનમાં હવે બીજું રહ્યું છે પણ શું ? તારાં સ્મરણ સિવાય બીજું કશું જ નથી રહ્યું. ને હવે એમની પ્રતિનિધિરૂપ આ વાર્તા રહેશે. મેં તને તે દિવસે તારા શબ્દો સાંભળીને શું કહ્યું હતું તે ખબર છે ? મેં કહેલું કે વીણા ! મારા જીવનમાં રસ ભરવા ને સંગીતના સૂર પ્રકટાવવા તારા જેવી પ્રેમમૂર્તિની જરૂર છે. તારા સ્વર્ગીય સહવાસમાં મારું જીવન ઉત્સવમય બનશે. મને અપાર આનંદ મળશે ને સુખ થશે. મારા જીવનમાં બધું છે, પણ પ્રેમને પાનારી દેવી નથી. એ દેવીની પધરામણી માટે હું ઝંખુ છું. એની પ્રાપ્તિ થતાં મારું સર્વકાંઈ એની સેવામાં અર્પણ કરી દઈશ. એને સંપૂર્ણપણે સુખી કરીશ ને સુખી થઈશ. તું મને નિરાશ ના કરતી. તું મને સમજે છે એટલે સારી રીતે સુખી કરી શકશે. તું મને જ વરવાનો સંકલ્પ કરી લે તો મારું અંતર આનંદી ઊઠે. મને સંપૂર્ણ સંતોષ મળે. વીણા ! હું તને જરાપણ દુઃખી નહિ કરું એની તું ખાતરી રાખજે.

એ પછી તું કશું જ ના બોલી ત્યારે પણ મને બહુ સારું તો ના જ લાગ્યું. હું વિચારમાં પડ્યો કે તું કેમ કાંઈ બોલતી નથી ? તને મારી વાત ગમી કે નહિ, ને તું તેની સાથે સંમત થઈ કે કેમ, તે મને ના સમજાયું. હું તારી પાસેથી એવા જવાબની આશા રાખતો હતો કે તમને વરવાનો મેં સંકલ્પ કર્યો છેઃ તમને સુખી કરવા તથા તમારા જીવનને મધુમય બનાવવા હું મારાથી બનતું બધું જ કરી છૂટીશ. તમે તેની જરા પણ ચિંતા ના કરતા. પરંતુ....તું મૂક જ રહી. તને કદાચ એમ થયું હશે કે તું મને એવું કાંઈ કહે ને તે પ્રમાણે ના થઈ શકે તો ? તારું જીવન પરાધીન છે ને તારા માબાપની મરજી મુજબ ચાલે છે એવું તો તે મને એક વાર પહેલાં પણ કહ્યું હતું. એવું પણ કહેલું કે તારાં માબાપ બહુ જ વહેમી તથા ટૂંકા મનનાં કે સંકુચિત વૃત્તિનાં છે. તે તારા લગ્ન માટે બીજે પ્રયત્ન કરી રહ્યાં છે. એ તો કોઈ મળતું નથી એટલે નહિ તો આજ સુધી તો તેમણે તારું ઠેકાણું ક્યારનુંય પાડી દીધું હોત. હજી તે કોઈ યોગ્ય વરને શોધવા માટે આકાશપાતાળ એક કરી રહ્યાં છે. તું તેમના વિચાર તથા તેમની પ્રવૃત્તિ ઘણી સારી રીતે જાણે છે. મારા કરતાં પણ વધારે સારી રીતે પછી મને મારો મનગમતો ઉત્તર કેવી રીતે આપી શકે ?

મેં તને કહ્યું પણ ખરું કે લગ્ન તારે કરવાનું છે ને તારાં માબાપને નહિ. વર તારે પસંદ કરવાનો છે ને તારાં માબાપને નહિ. તારાં માબાપને માટે લગ્ન એક લ્હાવો, કોડ કે અવસર હશે, પણ તારે માટે તો એ એક જીવનમરણનો પ્રશ્ન છે. એના પર તારા સમસ્ત જીવનનો આધાર છે. એના પર તારું સમગ્ર સુખ ને દુઃખ અવલંબે છે. એ એક એવી અસાધારણ ઘટના છે જેના પર તારા જીવનની ગતિવિધિ અવલંબે છે. માટે એનો નિર્ણય તારાં માબાપ નહિ પણ તું જ કરી શકે. ને તારે જ કરવો જોઈએ. માબાપની તું સલાહ લે તેમજ સંમતિ માગે એ બરાબર છે. છતાં સ્વીકૃતિની છેવટની મહોર તો તારી જ હોઈ શકે, ને બીજા કોઈનીયે નહિ. બીજું કોઈ તારા નિર્ણય સાથે સહમત ના થાય તો તારે એનો વિરોધ કરીને કે એની ઉપરવટ જઈને પણ તારા નિર્ણય પ્રમાણે વર્તવું જોઈએ. તારી અંદર એ માટેની હિંમત હોવી જોઈએ. કોઈની ઈચ્છાનો વિચાર કરીને તારી ઈચ્છાનો ત્યાગ ના કરી દેવાય : તારા સુખને તિલાંજલિ ના દઈ દેવાય. તું સારું કામ કરી રહી છે પછી તારે તારાં માબાપ કે કોઈનાથી પણ શા માટે ડરવું પડે ? જે ડરે છે તેને દુનિયા વધારે ને વધારે ડરાવે છે એ નિયમ છે. માટે નીડર થઈ જા. હિંમતવાન બની જા. કૃતસંકલ્પ થઈ જા. તું ઉંમરલાયક છે પછી ડરવાનું શું કારણ છે ? કાયદો તને રક્ષણ આપે છે. હું તને બધી રીતે મદદ કરવા તૈયાર છું. આપણે એવી

રીતે લગ્ન કરી દઈશું કે કોઈ વચ્ચે નહિ આવી શકે. તારાં માબાપ તને નહિ બોલાવે તો શું થઈ ગયું ? આપણે કોઈની જરૂર નથી. દુનિયામાં જે મનોબળવાળાં છે તે જ મોટાં કામ કરી શકે છે. ધાર્યું કરીને જીવનને સુખી પણ તે જ કરી શકે છે. બીજાથી કાંઈ જ નથી બની શકતું. તે પોતે તો દુઃખી થાય છે પણ બીજાનેય દુઃખી કરી દે છે.

*

વીણા ! તે દિવસે તું મને સ્ટેશને મૂકવા આવી ત્યારે કેટલા બધા ઉમંગમાં હતી તે યાદ કરી મારું હૈયું ઉછાળા મારે છે. તારા પિતાએ જ કહેલું કે વીણા તમને સ્ટેશને મૂકવા આવશે. એટલે તું તૈયાર થયેલી. તારો એ વખતનો પહેરવેશ ને તારી વીણા હું હજી પણ નથી ભૂલી શક્યો. તારો હાથ મને કેટલો બધો ગમતો હતો ? હું કેટલીય વાર કહેતો કે આ તો કળાકારનો હાથ છે. એવો નાનકડો ને સુકોમળ હાથ મેં બીજા કોઈનો નથી જોયો, જોવાની હવે તો ઈચ્છા પણ નથી. સ્ટેશન પર તું હાથ ઊંચો કરીને મને વિદાય આપતી'તી ત્યારે કેવી સુંદર દેખાતી'તી ? મેં તારા હાથને હાથમાં લઈને ટ્રેન ઉપડી ત્યારે કહેલું પણ ખરું કે સાથે આવવું છે ? આવવું હોય તો બેસી જા. પણ તારામાં તેટલી હિંમત ક્યાંથી હોય ? તું કરુણ બનીને નીચે જોઈ રહી ને ટ્રેન ચાલુ થઈ.

ફરી એકવાર આપણે છૂટાં પડ્યાં. જે ટ્રેને એક દિવસ આપણા આત્માને ભેગા કરેલા તે જ ટ્રેને આપણને છૂટાં પાડ્યાં. તને શું થયું તે તું જાણે પણ મારો આત્મા તો આક્રંદ કરી ઊઠ્યો. હવે ક્યારે મળીશું ? મળીશું તો ખરાં ને ? એવી રીતે હૈયું હેતાળ બનીને બોલી રહ્યું. મને એક પ્રસંગ યાદ આવ્યો. આપણે ત્યારે એકાંત બગીચામાં બેઠાં હતાં. શિવરાત્રીનો દિવસ હતો. મેં તને કહ્યું:

વીણા ! તું કેટલી બધી રૂપાળી લાગે છે ? તારા મધુરતાના મહાસદન સરખા મુખને જોઉં છું પણ ધરાતો જ નથી. તું મને મારી પત્ની થઈને મળીશ ત્યારે મને કેટલો બધો આનંદ થશે ? તારી સુધામયી સોડમાં હું સંપૂર્ણ સુખી થઈને સૃષ્ટિના સામ્રાજ્યથી પણ કોઈ મોટાં સામ્રાજ્યનો સ્વામી બનીને બેસી રહીશ.

તેં સ્મિત કર્યું. પરંતુ એકાદ મિનિટમાં પાછી ગંભીર બની ગઈ ને બોલી ઊઠી :

હવે ફરી વાર તો આ લોકો કોણ જાણે મળવા દેશે કે નહિ ?

મેં કહ્યું, કેમ ?

તો તું તરત બોલી : એમની વાતચીત પરથી તો એવું લાગે છે.

હું વિચારમાં પડ્યો. પણ તરત બોલ્યો :

એમાં શું ડરવાનું છે ? ના મળવા દે તો છૂપી રીતે મળવાનું ને પછી લગ્ન કરી નાખવાનું. એમાં કશું જ ચિંતા કરવા જેવું નથી.

તે વખતે પણ તું કાંઈ જ બોલી નહતી. તે યાદ છે ને ? તારું મૌન કેટલીકવાર મને મૂંઝવણમાં નાખનારું થઈ પડ્યું છે. તેથી તું અમુક વાત સાથે સંમત છે કે નહિ તેનો નિર્ણય મારાથી નથી થઈ શક્યો. તને હું ઉપદેશ નથી આપતો પણ નમ્રતાપૂર્વક સૂચવું છું કે મૌન કેટલીકવાર સદ્ગુણની પેઠે દુર્ગુણનું કામ કરી શકે છે ને કેટલા ખુલાસા માગતા પ્રસંગોના ખુલાસા ના આપીને એક જાતની ગેરસમજ પેદા કરે છે.

તારે માટે મને કોઈ જાતની ગેરસમજ નથી થઈ તેની તું ખાતરી રાખજે. છતાં પણ આટલું પ્રસંગોપાત કહી દઉં છું.

જતી વખતે મેં તને કહ્યું : તારાં માબાપ ના પાડે તો તું મને ના મળે ?

તેં ઉત્તર આપ્યો : માબાપથી પહેલેથી જ દબાઈ ગયાં હોઈએ તો શું થાય ?

હવે તો તું મોટી થઈ છે : મેં સ્પષ્ટીકરણ કર્યું : એટલે એમ દબાઈને બેસી ના રહેવાય. એવી રીતે બેસી રહીશ તો હાથે કરીને દુઃખી થઈશ. તારું જીવન ધૂળમાં મળી જશે. તું તારી ઈચ્છા પ્રમાણે કશું જ નહિ કરી શકે.

તારા સ્વભાવ પ્રમાણે ત્યારે પણ તું મૂંગી રહી.

*

ટ્રેનમાં એવા વિચારો કરતાં હું આગળ ને આગળ વધ્યે જતો હતો. આપણી બંને વચ્ચેનું અંતર વધ્યે જતું હતું. છેવટે મોડી રાતે મને ઊંઘ આવી ગઈ. ઊઠ્યો ત્યારે સ્ટેશન આવી ગયું હતું. જિંદગી પણ એક ટ્રેન જેવી જ છે ને ? એ ટ્રેનના એક ડબામાં હું બેઠો હતો ને બીજા ડબામાં તું. એક સોનેરી સવારે કાળદેવતાએ આપણને એકાએક ભેગાં કરી દીધાં. એ પછી તો દુન્યવી ટ્રેનમાં સાથે બેસીને પુના-મહાબળેશ્વર જઈ આવ્યાં. પરિચય પ્રેમમાં, પ્રેમ અનુરાગમાં ને અનુરાગ આસક્તિમાં પલટાયો. હૈયાં હેતે ભરાયાં અને એકમેકનાં થઈને આનંદ પામ્યાં. કારણ સિવાય કોઈયે કર્મ ક્યાં બને છે ? આપણા સ્નેહસંબંધની પાછળ પણ કોઈ પ્રબળ કર્મસંસ્કાર જ હોવો જોઈએ. નહિ તો આપણાં હૈયાં આટલાં બધાં ના જ ખેંચાઈ શકે.

*

ઘેર આવીને મેં તને કુશળતાપૂર્વક પહોંચી ગયાનો કાગળ લખી નાખ્યો. તેં મને કહ્યું જ હતું કે ઘેર જઈને સૌથી પહેલું કામ મને કાગળ લખવાનું કરજો. એ પછી બીજો કાગળ પણ લખ્યો ત્યારે તારો પ્રત્યુત્તર મને મળી શક્યો.

એ પછી ફરીવાર હું તારો અતિથિ બન્યો ત્યારે તારી દશા જરા જુદી લાગી. તું હવે મારી પાસે એકલી નહતી આવતી. તારી બા કે ઘરના કોઈની સાથે જ આવતી. મારો આત્મા તારી સાથે એકાંતમાં વાત કરવા તલસતો. તારો પણ એ રીતે જ તલસતો હશે. પરંતુ એ માટેનો અવસર બહુ મોડેમોડે મળી શક્યો. તે સાંજે જમી કરીને હું અંદરના ઓરડામાં ગયો ત્યારે તું એકાએક આવી પહોંચી ને મારી પાસે ઊભી રહી. તારું હૃદય પ્રેમથી ભરપૂર હતું એમાં શંકાને સ્થાન ન હતું.

ઘડીવાર તારા નયનમનોહર મુખ તરફ જોઈ રહ્યા પછી મેં કહ્યું : કોઈવાર એકલી તો આવ. આપણે દિલ ખોલીને વાતો કરી શકીએ. આ વખતે તું બહાર ફરવા પણ એકલી નથી આવી શકતી.

આ વખતે મને મનાઈ છે.

તારા એ શબ્દો સાંભળીને મારું માથું ભમી ગયું. બધું ચક્કર ચક્કર ફરી રહ્યું.

મેં પૂછ્યું : શેની મનાઈ છે ?

તું બોલવા જતી'તી પણ ત્યાં તો તારી બેન આવી અને વાતચીત અધુરી જ રહી ગઈ.

*

વીણા ! તું પ્રાર્થનામાં માને છે ? માનતી જ હોઈશ. કારણ કે તું ધાર્મિક વિષયોમાં રસ લેનારી ને જુદાં જુદાં વ્રત કરનારી છે તે જાણું છું. કદાચ પ્રાર્થનાની શક્તિમાં તને એટલો બધો વિશ્વાસ નહિ હોય. પણ મારામાં તો વિશ્વાસ છે ને ? હું જે કહું છું તે સાચું જ કહું છું. એટલી શ્રદ્ધા તો તને મારામાં છે ને ? મેં તારી સાથે કોઈવાર કપટ કર્યું નથી એ તો તું માને છે ને ? 'હૈયે તે જ હોઠે'ની મારી પ્રકૃતિ છે તેની તને ખબર છે. એટલે વાતમાં શંકા ના કરતી. તે દિવસે મેં આખી રાત ખૂબ પ્રાર્થના કરી. અંતરના ઊંડાણમાંથી તારે માટે પ્રાર્થના કરી. કોઈકોઈવાર તો આંખમાંથી આંસુ પણ ટપકતાં ગયાં. એ પ્રાર્થનાની પાછળ કેટલો બધો પ્રેમ હતો તથા તારે માટેની કેવી ઊંડી લાગણી હતી તેનો ચિતાર મારાથી નહિ આપી શકાય. કહે છે કે પ્રાર્થના જ્યારે સાચા દિલથી થાય છે ત્યારે ફળે છે. એ વાત મને સાચી લાગી. સવારે જ મને સ્વપ્નું આવ્યું કે વીણાની બધી મુસીબત દૂર થઈ જશે અને એ તમારા આત્માને આનંદ આપશે. તે પ્રમાણે તે જ દિવસથી કોણ જાણે તારા ઘરમાં શું પરિવર્તન થયું પણ તારો માર્ગ મોકળો થયો ને તું મારી પાસે એકલી જ આવવા માંડી. ફરવા માટે પણ પાછાં આપણે એકલાં જ જવા માંડ્યા.

*

એ પછીના પ્રસંગોમાંના કેટલાક આજે પણ એવા જ તાજા હોય તેમ આંખ આગળ તરવરી રહ્યા છે.

તે દિવસે મારું માથું દુઃખતું'તું, ત્યારે તું ઘરમાં એકલી હોવાથી મારી પાસે આવી પહોંચી ને કહેવા લાગી, કેમ માથું દુઃખે છે ?

મેં સંમતિસૂચક માથું હલાવ્યું એટલે તું મારી પાસે બેસી ગઈ ને મારા હાથને હાથમાં લઈને બોલી : બામ લગાડી દઉં ?

ના.

તો પછી ? એનેસીનની ટીકડી લેશો ?

ના. એ તો જરાક આરામ મળશે એટલે મટી જશે. કોઈવાર મને આવી રીતે માથાનું દર્દ થઈ આવે છે અને આરામ કરવાથી આપોઆપ જ મટી જાય છે.

એ તો બરાબર. પણ દર્દ દિલનું છે કે માથાનું એ પહેલાં નક્કી કરવું જોઈએ. દિલનું દર્દ ઘણીવાર મગજને પણ અસર પહોંચાડે છે. અને એવે વખતે બામ લગાડીએ કે એનેસીનની ગોળી લઈએ તો પણ, તે પ્રયોગ નથી ફળતા. તેની દવા જુદી હોય છે, ને ઠેક ઠેકાણે મળતી પણ નથી. એ તો પ્રેમાસ્પદ એવી કોઈક જ વ્યક્તિ પાસેથી મળી શકે છે. એના વિના એ દર્દ અસાધ્ય જ રહી જાય છે.

તારા ભાવથી ભરેલા શબ્દો મને અત્યંત અમૃતમય લાગ્યા. તું કેટલી બધી વિવેકી ને પ્રેમમયી છે તેનો મને એક વધારે પુરાવો મળ્યો ને સાચું કહું તો પ્રેમની એ પ્રતીતિએ માથાને સારું કરી દીધું. વાહ રે ડૉક્ટર, ને વાહ તારી દવા !

એ દિવસ આપણા પ્રેમમય જીવનનો એક અત્યંત ધન્ય દિવસ હતો એની ના નહિ. હૃદય એ દિવસે પૂરબહારમાં ખીલી ઉઠ્યા : અનેક જાતની રાગરાગિણીમાં વાગી ઊઠ્યાં.

*

મિત્રોએ તે દિવસે મારા સ્વાગત સારું સભા કરેલી ને મને માનપાત્ર આપેલું તે યાદ છે ને ? તે વખતે તું મારા કહેવાથી ખાસ હાજર રહેલી. કેટલાકે મને હારતોરા કર્યા ત્યારે તું પણ મારી પાસે આવી પહોંચી ને રૂમાલમાં રાખેલી ફૂલમાળા મને અર્પણ કરી. મેં તને કહ્યું પણ ખરું કે તારે મને હાર પહેરાવવાનો હોય ? પરંતુ તું ક્યાં માને તેમ હતી ? હું તારો હાથ પકડું તે પહેલાં તો સ્મિત કરતાં કરતાં તેં મને હાર પહેરાવી દીધો.

એ પછી તારી કોઈ બેનપણીના લગ્નમાં તું મને લઈ ગયેલી તે યાદ છે ને ? એ વખતે તારો પોશાક કેટલો બધો આકર્ષક હતો ? તારું એ વખતનું આકર્ષક, સોહામણું સ્વરૂપ આજે પણ મારી આંખ આગળ રમી રહ્યું છે.

એ દિવસ તું કેટલી બધી સુંદર દેખાતી હતી ? તારામાં એકલી સુંદરતા તથા પવિત્રતા બંનેનું સુભગ સંમિશ્રણ હતું એને લીધે તું વધારે આકર્ષક લાગતી તથા જૂદી તરી આવતી. લગ્નમંડપમાં બેસીને હું એજ વિચાર કર્યા કરતો'તો કે આવી રીતે આપણો હસ્તમેળાપ પણ ક્યારે થશે ? આપણું લગ્ન ક્યારે લેવાશે ? તું મને મારી જીવનસંગિનીના રૂપમાં ક્યારે મળીશ ? એ વિચારો કરતાં જ હું ઘેર આવ્યો હતો. તને પણ એવા જ વિચારો આવ્યા હશે એની મને ખાતરી છે. કેમકે ઘેર આવીને મેં તને કહ્યું કે વીણા ? તું મારી સાથે લગ્ન કરવા ક્યારે તૈયાર થઈશ ? તો તે ઉત્તર આપ્યો કે કોઈનાં લગ્નમાં જઉં છું ત્યારે મને તમારી જ સ્મૃતિ થાય છે. પણ કોણ જાણે ઈશ્વર એ ઘડી ક્યારે આપે છે ? લગ્ન કરવાની તો ઘણીયે ઈચ્છા છે. પણ કેવી રીતે કરવું એજ સવાલ છે. મારાં માબાપ બહું ટૂંકા દિલના છે. તેમને કેવી રીતે સમજાવવાં કે વિશ્વાસમાં લેવાં એજ સવાલ છે.

મને તારો ઉત્તર બહુ સંતોષકારક ના લાગ્યો. એમાં ભય દેખાયો. મેં કહ્યું :

હું તારાં માબાપને કહી જોઉં ?

જો જો એવું કરતા. નહિ તો એ આપણને મળવા જ નહિ દે. આપણી વચ્ચે આવો પ્રેમ છે તેની તેમને હજુ ગંધ જ નથી. નહિ તો તે આપણને મળવાયે ના દે. એતો વખત જોઈને હું જ વાત કરી જોઈશ.

પણ તે નહિ માને તો ?

તો પછી જોઈ લેવાશે.

તું મારી સાથે છૂપી રીતે લગ્ન કરવા તૈયાર થશે ખરી ?

બધું રાજીખુશીથી પતી જાય તો વધારે સારું.

પણ ધાર કે ના પતે તો ? ઈશ્વરની ઈચ્છા એવી ના હોય તો ? તારાં માબાપ તું કહે છે તેમ બહુ સંકુચિત મનોવૃત્તિનાં હોય તો તે તારી ઈચ્છાનો વિરોધ પણ કરે. તો તેવા સંજોગોમાં તું શું કરે ? બેસી રહે ?

તું વિચારમાં પડી. પરંતુ આવા પ્રશ્નો એકલો વિચાર નહિ ભારે મનોબળ ને હિંમત પણ માગે છે એ વાતનો ખ્યાલ તને કદાચ નહિ હોય. કેટલાંક કામો મજબૂત મનોબળ ને હિંમત માગી લે છે. અને એના અભાવમાં ગમે તેવી મોટી આકાંક્ષા અને યોજનાઓ પણ ભાંગી પડે છે. હું તારા મૌનને જોઈને માનવા માંડ્યો કે તારું હૃદય મારા કરતાં તારાં માબાપ તરફ વધારે ખેંચાય છે. એટલું જ નહિ, તું તેમનાથી ડરે છે

પણ ખરી. મને એથી જરા દુઃખ થયું. આવી રીતે જીવનના જરૂરી પ્રશ્નો હલ નથી થઈ શકતા : ના. લગ્ન જેવો અત્યંત અગત્યનો પ્રશ્ન તો નહિ જ !

વીણા ! આ વાક્યો વાંચીને તું એમ ના માનતી કે હું તારો દોષ કાઢું છું. તને નથી સમજી શક્યો કે તારે માટે મને કાંઈ ખરાબ લાગ્યું છે. કદાપિ નહિ. ઈશ્વરની ઈચ્છા પ્રમાણે બધું બન્યા કરે છે. એની જ યોજના કે ઈચ્છા. આપણે તો હથિયાર માત્ર છીએ. એવી સમજ થઈ જાય તો પછી કોઈનો દોષ કાઢવાનું કે કોઈની સાથે લડવા ઝઘડવાનું નથી રહેતું. જે થાય છે તેને તટસ્થ રીતે જોવાની શક્તિ આવે છે.

*

એ પછી જ્યારે આપણે ફરી મળ્યાં ત્યારે પરિસ્થિતિ જુદી થઈ ગઈ. તારા બાપુજીને થયું આપણો સંબંધ કદાચ લગ્નમાં પરિણમશે તો ? તેમને તે વાત પસંદ નહતી. એથી એમણે તારા અવરજવર પર પ્રતિબંધ મૂક્યો. હવે આપણે પ્રથમની પેઠે મળી શકતાં ને બહાર પણ ના જઈ શકતાં. તારા બાપુજીના અણગમાની ઝાંખી થતાં મેં તારે ત્યાં રહેવાને બદલે મારા એક સંબંધીને ત્યાં રહેવાનું શરૂ કર્યું હતું એટલે એકાદ મહિનાના ગાળા દરમ્યાન આપણે ફક્ત બેત્રણ વાર જ મળી શક્યાં. તે પણ ઉપરઉપરથી ફક્ત મળવા પૂરતું જ. ના કોઈ ઊંડી વાત કરી શક્યાં કે ના કોઈ ભાવોની સહજ એવી અભિવ્યક્તિ. છતાં પણ છેલ્લી મુલાકાત વખતે મેં તને કહ્યું :

વીણા, તું તૈયાર હોય તો આપણે લગ્નગ્રંથિથી જોડાઈ જઈએ. હવે તો તારા વિનાનું જીવન વધારે નથી ગમતું.

કેમ ? આટલાં બધાં વરસ એમને એમ કાઢ્યાં ને ?

એ તો કાઢ્યાં, તારો પરિચય નહતો થયો એટલે ! હવે તો તું મળી છે એટલે તારા વિના નથી ગમતું. તારા વિના એક ઘડી પણ મોટા યુગ જેવી થઈ પડે છે.

મને પણ તમારા વિના હવે નથી ગમતું. છતાં કોઈ ઉપાય નથી. એટલે મને થાય છે કે હવે તો મરી જ જવું છે. બસ છૂટકારો થાય.

એ તો કાયરતા છે, વીણા ! નિર્બળતા છે. હું તને બધી રીતે મદદ કરવા તૈયાર છું પછી તું આમ નિરાશ કેમ થાય છે ? તને શેની બીક ને શેની ચિંતા છે ? તું થોડીક હિંમત કર તો તારા આખા જીવનને સુખી કરી શકીશ ને સાથે સાથે મારા જીવનમાં પણ સુખનો ભંડાર ભરી શકીશ.

પરંતુ હિંમત કરવાની તારી તૈયારી નહતી એ વાત તું ત્યારે પણ તારી ખસિયત મુજબ મૂંગી રહી તે પરથી સ્પષ્ટ થઈ. છેવટે અનિશ્ચિત મનોદશામાં આપણે છૂટાં પડ્યાં.

*

થોડા દિવસમાં જરૂરી કામ પતાવીને હું ટ્રેનમાં બેઠો ત્યારે તારી ગેરહાજરી મને સાલ્યા વિના ના રહી. દર વખતે તું મને સ્ટેશને મૂકવા આવતી, અને આ વખતે ના આવી, એ વાતથી મને ઊંડી વ્યથા થઈ. તને હું વિદાય થવાનો છું એ વાતની જાણ હતી કે નહિ તે જુદી વાત છે. હું તો સ્ટેશન પર તારી હાજરી ચાહતો'તો. તું ના જણાવાથી મને જરા દુઃખ થયું. 'જરા' એટલા માટે કહું છું કે એ વખતે પણ મને એવો

વિચાર થયો કે ઈશ્વરની ઈચ્છા સ્ટેશન પર તું આવે એવી નહિ હોય. હરકત નહિ ઈશ્વરની ઈચ્છા હશે ત્યારે ભવિષ્યમાં મળીશું. એવી સમજ સાથે મેં વદનને હસતું રાખ્યું ને ટ્રેન પ્લેટફોર્મ છોડીને આગળ વધી.

એ પછી અત્યાર સુધીમાં મેં તને—અલબત્ત, બહુ લાંબે અંતરે, પણ બે ત્રણ પત્રો લખ્યા છે. પણ તારા તરફથી એકનો ઉત્તર નથી મળ્યો. પત્રો તને મળ્યા તો હશે જ. તેમાં ખાનગી અથવા અંગત જેવું કશું જ નહતું. ફક્ત કુશળ સમાચાર હતા. છતાં કોણ જાણે કેમ પણ તેં એક લીટી પણ નથી લખી. શિષ્ટાચાર, શિસ્ત, સભ્યતા કે સ્નેહના બધા જ નિયમોને તિલાંજલિ આપીને તું તદ્દન મૂક બનીને બેસી ગઈ છે. તેં મારામાંથી મનને પાછું વાળી લેવાનો પ્રયાસ કર્યો હોય એવું તો હું નથી માની શકતો. કેમકે તારે માટે એ વસ્તુ શક્ય નથી. કોઈયે લાગણીવાળી, સમજુ છોકરીને સારું શક્ય નથી. તારા બાપુજીએ તને ના પાડી હોય એ વાત સમજાય તેવી છે. તેમનો ભય વધારે હતો તે જાણું છું. પરંતુ વીણા ! તારે તારી પરિસ્થિતિની સ્પષ્ટતા કરતો એક કાગળ મને છૂપી રીતે તો લખી દેવો'તો ! તો મને જરાક શાંતિ તો મળત ! કે પછી હતાશ થઈને કે કોઈ બીજા કારણથી તેં જ કાગળ લખવાનું બંધ કર્યું છે ? મેં તને બેસતા વરસના ઉપલક્ષમાં બે લીટી લખી મોકલેલી તેનો જવાબ તો લખવો'તો ! બેસતા વરસ પર તો સાધારણ ઓળખાણ હોય એને પણ અભિનંદનનો કાગળ લખવાનો રિવાજ છે. તું તો તેમાંથી પણ ગઈ !

તો પણ મને તારે માટે એટલો જ પ્રેમ છે. તું મને કદાચ લાત મારીને, કે ગાળ દઈને, અથવા તો જેમતેમ બોલીને મારું અપમાન કરીને ચાલી જાય, તો પણ એ પ્રેમ નથી ઘટવાનો કે નથી મટવાનો. કેમકે એ કોઈ ક્ષણિક આવેશ કે ઊર્મિ નથી : પરંતુ એની પાછળ સમજ છે, સાચો સ્નેહ છે, અને આત્માનું આકર્ષણ છે. કદાચ તું કોઈ બીજાની સાથે પરણી જાય તોપણ એ પ્રેમ એવો જ અણિશુધ્ધ અને અનંત રહેશે. એમાં કોઈ ફેર નહિ પડે. જો કે આટલા બધા સંબંધ પછી તું કોઈ બીજાની સાથે પરણી જાય કે પરણવાનો વિચાર કરે તે પણ મને તો ના ગમે. મારું હૃદય એથી અપાર વેદના અનુભવે છતાં પણ આ તો એક વિચાર રજૂ કરું છું. બાકી સાચું કહું તો હું તો માનું છું કે એકની સાથે પ્રેમ થયા પછી બીજાને પરણી જવું એ કૃતઘ્નતા છે, દગો છે, વિશ્વાઘાત છે, અપરાધ છે, અને એના જેવું પાપ દુનિયામાં બીજું કોઈ જ નથી. તું એવો વિચાર કરી શકે એ નથી માનતો. પછી તો તારી જેવી મરજી.

વીણા ! તને મારા દિલની ખબર છે એટલે વધારે નથી લખતો. તું તેના ધબકારા જાણે છે. હવે તો તારે એને અનુકૂળ કામ જ કરવાનું છે. એક બાજુ તારે માટેનો પ્રખર પ્રેમ છે ને બીજી બાજુ તારાં માબાપ છે. જેને પસંદ કરવું હોય તેને કરી શકે છે. માબાપ જીવનનાં સારસર્વસ્વ નથી એ સમજી લે તો સારું છે. પ્રેમને ખાતર એમનો ત્યાગ કરવાની હિંમત હોય તો હજુ મારું લગ્ન માટેનું આમંત્રણ ઊભું જ છે. એમનો કામચલાઉ ને નછૂટકે ત્યાગ કરીને પણ એમને માટેની લાગણી તથા સ્નેહવૃત્તિને તો સાચવી જ શકાશે. હવે તને જેમ ઠીક લાગે તેમ કર.

આ વાર્તાનો અંત કેવી રીતે લાવવો તે તારા પર અવલંબે છે. એટલે જ મેં એને આટલે સુધી લાવીને અધુરી રાખી છે. તું ચાહે તો એનો અંત સુખદ રીતે લાવી શકે છે ને ચાહે તો દુઃખદ રીતે. હું મને ફાવે તેમ, કલ્પનાના આધાર પર એનો અંત લાવું તે ઠીક નહિ. કેમકે એ અંત એકલી વાર્તાનો જ નહિ પરંતુ

જીવનનો પણ સુખાંત કે દુઃખાંત હશે—એકના નહિ પરંતુ બંનેના જીવનનો. હા, એ ઉછરતા, ઉમળકા ભરેલાં, ઉમંગભીના, કોડીલાં, કામણગારાં, જીવનનો !

*

વીણા ! તું કેમ છે ?

જે દશામાં હો તે દશામાં પણ, આનંદમાં તો છે ને !

સુખી તો છે ને ?

થોડી નહિ પરંતુ સંપૂર્ણ સુખી છે ને ?

તારું હસતું મુખ હજુ પણ હસતું રહી શક્યું છે ? કે પછી કઠોર કાળે એને રડતું કરી મૂક્યું છે ?

તારા મધ ઝરતા, મીઠા બોલ હજુ એવા જ મીઠા રહી શક્યા છે ? કે પછી એમાં સંસારની કટુતા આવી ગઈ છે ?

તું મને મળી શકીશ ખરી ?

*

કોઈની રોજનીશીમાંથી મળી આવેલાં આ પૃષ્ઠો મેં એની અનુજ્ઞા લઈને એવાં ને એવાં જ રજૂ કર્યાં છે એ આશાએ કે એમણે મને આનંદ આપ્યો તેમ બીજા કોઈને પણ આનંદ આપી શકશે. પોતાની અંગત રોજનીશીમાંથી આટલું અવતરણ કરવાની છૂટ આપવા બદલ એ લેખક મહોદયનો હું છેલ્લે છેલ્લે આભાર માનું છું. એમની ઉદારતા વિના આ કથાનો આસ્વાદ આપણે ના લઈ શક્યા હોત.

આ પૃષ્ઠોને ઉતાર્યા પછી મને માહિતી મળી કે વીણાનું અચાનક અવસાન થયું છે, અંતરના અનુરાગને અક્ષરદેહમાં અંકિત કરનારાં લેખક મહોદયનો મેળાપ પણ એ પછી નથી થઈ શક્યો.

* * *

## ૧૧. પરમાત્માનું દર્શન

'સંસારમાં જે કાંઈ છે તે બધું શું પરમાત્માનું જ રૂપ છે ?'

'પરમાત્માનું રૂપ તો શું પરંતુ પરમાત્મા પોતે જ છે. જે કાંઈ દેખાય છે, સંભળાય છે, અથવા તો અનુભવાય છે, તે પરમાત્મા વિના બીજું કાંઈ જ નથી. માટે તો ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું છે કે વાસુદેવઃ સર્વમિતિ. મતલબ કે જે કાંઈ છે તે બધું-સમસ્ત જગત અથવા આ બ્રહ્માંડ-વાસુદેવ જ છે. તમે, હું, અને બીજું બધું જ. નરસૈંયાએ ગાયું છે કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી' તેને જ જો બીજી રીતે ગાઈએ તો એમ ગાઈ શકાય કે 'અખિલ બ્રહ્માંડ આ એક તું શ્રી હરી' સમજ્યા ને ?'

'હા. સમજ્યો તો ખરો. પરંતુ સમજવામાં અને અનુભવવામાં ફેર છે ને ઘણો મોટો ફેર છે એવું નથી ? અનુભવ વિના સંપૂર્ણ રીતે સમજાવું મુશ્કેલ છે—ખાસ કરીને તત્ત્વજ્ઞાન.'

'અમારે માટે તો કશું જ મુશ્કેલ નથી રહ્યું. અમે તો બધું સમજીને જ બેઠા છીએ અને એ પણ પરિપૂર્ણપણે. તમે પણ ધીરેધીરે અનુભવી ને સમજી શકશો. આ કાંઈ એક બે દિવસનો ખેલ છે ? આ તો વરસો ને યુગોનો ખેલ છે. એક બે દિવસમાં અનુભવાતું અથવા સમજાતું હોત તો તો પછી જોઈતું'તું જ શું ? બાર વરસ લગી એકાંતમાં રહીને એકધારી સાધના કરી છે ત્યારે હું પણ અનુભવની આવી અલૌકિક અવસ્થાએ પહોંચી શક્યો છું. આ કાંઈ રમત વાત થોડી જ છે ?'

'એ તો તમારા જેવા કોઈ અનુભવી મહાપુરૂષની કૃપા થશે ત્યારે જ એવા અનુભવજન્ય જ્ઞાનની પ્રાપ્તિ થઈ શકશે.'

'સાચું છે. ગુરૂ વિના જ્ઞાન છે જ ક્યાં? એટલે તો શાસ્ત્રોમાં ગુરૂનો આટલો બધો મહિમા ગાઈ બતાવ્યો છે. ગુરૂ પણ અમારા જેવા આત્માનુભવવાળા જોઈએ. એકલા વિદ્વત્તાવાળા ના ચાલે. શ્રોત્રીય અને બ્રહ્મનિષ્ઠ બંને જાતના ગુરૂ હોય તો જ શિષ્યનું કલ્યાણ કરી શકે. શ્રોતીય એટલે શાસ્ત્રના જ્ઞાનવાળા ગુરૂ તો મળી શકે છે પરંતુ બ્રહ્મને જાણીને બ્રહ્મમાં નિષ્ઠા કરી ચૂકેલા બ્રહ્મનિષ્ઠ ગુરૂ મળવા મુશ્કેલ છે. પૂર્વનાં પુણ્યોનો ઉદય થાય ત્યારે જ એવા સદ્ગુરૂ મળી શકે.'

'ઈશ્વરની કૃપાથી કોઈકવાર એવા ગુરૂ પણ મળી જશે. એની કૃપા છે તો જ તમારા જેવા મહાપુરૂષના દર્શનનો લાભ મળી શક્યો ને? નહિ તો તમારા જેવાનો પરિચય પણ ના થાય. તમારા જેવાની કૃપાથી કોઈવાર હું પણ બધે વ્યાપીને રહેલા કે સર્વરૂપ થયેલા પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકીશ.'

'મેં તો જ્યારથી એ પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો છે ત્યારથી મારું જીવન જ ધન્ય ધન્ય બની ગયું છે. કોઈ જાતની અશાંતિ, ઉપાધિ કે અવિદ્યા નથી રહી. જડ અને ચેતનમાં એકમાત્ર એને જ જોયા કરું છું. જગત હરિ છે ને હરિ જગત છે : 'જગદેવ હરિઃ' અને 'હરિરેવ જગત્' એવો મારો ભાવ થઈ ગયો છે. પર્વતોનાં આ ઉત્તુંગ, હિમાચ્છાદિત શિખરો, ગંગાનાં તરંગો, વૃક્ષો, વેલી, પુષ્પો ને પર્ણો, અને આ રસ્તાની રેતી ને પત્થર સર્વમાં મને એકમાત્ર નારાયણનું દર્શન થઈ રહ્યું છે. એના વિના મારી આંખે બીજું જોવાનું જ છોડી દીધું છે અને અંતરે છોડી દીધું છે બીજુ અનુભવવાનું.'

'હું આ બધું સાંભળીને મારી જાતને ધન્ય માનું છું કે મને બદરીનાથની આ દૈવી યાત્રામાં તમારા જેવા મહાન પરમાત્મદર્શી પુરૂષનો સાથ મળી શક્યો. આ યાત્રા મારા જીવનની એક ચિરસ્મરણીય ઘટના તરીકે મને કાયમને માટે યાદ રહી જશે. તમે યાત્રાએ આવ્યા જ ના હોત તો મને તમારું દર્શન પણ ક્યાંથી થાત ? ઈશ્વરની કૃપા વિના તમારું દર્શન પણ થોડુંજ થઈ શકે છે ?'

'છેવટની ઘડી સુધી બદરીનાથની યાત્રાએ નીકળવાનો મારો વિચાર નહતો. પણ આખરે નીકળી પડ્યો. આપણા સંસ્કાર હશે, અને એજ મને ખેંચી લાવ્યા એમ લાગે છે. મારા જેવા કૃતકૃત્ય થઈ ચૂકેલા પુરૂષને વળી યાત્રા કરવાની જરૂર જ ક્યાં છે ? એ તો જ્યાં જાય ને રહે ત્યાં તીર્થ. પરંતુ બદરીનાથની દૈવી ભૂમિનું દર્શન કરવાની ને બની શકે તો બદરીનાથ ભગવાનનું દર્શન કરવાની પણ મારી ભાવના છે. એ ભાવના જ મને અહિં સુધી ખેંચી લાવી છે એમ કહું તો ચાલે.'

'મારે માટે તો તે સારું જ થયું છે. કેમકે તમે એવી રીતે ખેંચાઈ આવ્યા તો મને પણ તમારો લાભ મળ્યો. નહિ તો હું તમને ઓળખી પણ ના શક્યો હોત. જોશીમઠથી આપણે પગરસ્તે ચાલવાનું શરૂ કર્યું ત્યારથી આપણો મેળાપ થયો અને એટલો બધો આનંદ આવે છે કે વાત નહિ. મહાપુરૂષનો સમાગમ સુખદાયક છે એવું શાસ્ત્રોએ કહ્યું છે તે સાચું જ છે.'

બદરીનાથની યાત્રાએ નીકળેલા, અને સંસ્કારવશ જોશીમઠથી ભેગા થઈ ગયેલા, સુરતના પંડિતપ્રવર તથા કોલેજના પ્રાધ્યાપક વચ્ચે એ પ્રમાણે રસિક વાર્તાલાપ ચાલી રહ્યો હતો. વાર્તાલાપના આનંદમાં બંને આગળ ને આગળ વધ્યે જતા હતા. રસમાં ને રસમાં રસ્તો ક્યાં કપાયે જતો'તો તેની ખબર નહતી પડતી. વાર્તાલાપ હજુ આગળ ચાલત પરંતુ ત્યાં તો પાંડુકેશ્વરથી દોઢેક માઈલના માર્ગ પર એમણે એક દૃશ્ય જોયું. કોઈ વૃદ્ધ પુરૂષ યાત્રામાર્ગની એક બાજુએ એકદમ અચેત થઈને પડ્યો હતો. એને ઉલટી થયેલી અને એના મોંઢા પર માખી બેઠેલી. બાજુમાં એક દંડો પડેલો. સાધારણ વસ્ત્રોમાં સજ્જ થયેલો એ વૃદ્ધ પુરૂષ કોઈ એકલદોકલ ગરીબ યાત્રી હોય એવું લાગતું. એને જોતાવેંત જ હૃદયમાં દયાની લાગણી પેદા થતી. પ્રાધ્યાપકે એને જોઈને પંડિતપ્રવરનું ધ્યાન ખેંચતાં કહ્યું :

'કોઈક ડોસો બિચારો બેહોશ બન્યો છે. એના સાથીદારો કોણ જાણે હશે કે નહિ ? અને હશે તો ક્યાં હશે ?'

'એવા તો કેટલાય ડોસાઓ બદરીનાથની યાત્રા કરે છે ને કેટલાય આમ ઢળી પડે છે, એવું મેં સાંભળ્યું છે. જેવા જેના સંસ્કાર. એમાં આપણે શું કરીએ ? શરીર છે જ વિનાશી. કોઈનું આજે તો કોઈનું કાલે જરૂર પડવાનું છે. એમાં હરખશોક શો ? '

'હરખશોક તો શા માટે કરીએ ? હરખશોકની વાત નથી. આપણા હરખશોકનો કોઈ અર્થ પણ નથી. એથી વળવાનું પણ શું છે ? પણ જરા જોઈએ તો ખરા કે ડોસો જીવતો છે કે મરેલો ? અને જો જીવતો હોય તો એની સારવાર થાય એવો પ્રબંધ કરીએ. પાંડુકેશ્વર ગામ મોટું છે એટલે ત્યાં હોસ્પિટલ જરૂર હશે. ડૉકટર પણ મળશે. હું બધી વ્યવસ્થા કરી આવીશ. જો ડોસો મરેલો જ હોય તો તો કોઈ પ્રશ્ન જ નથી.' પ્રાધ્યાપકે કહ્યું.

પરંતુ પંડિતજી ક્યાં ઉતરે એવા હતા ? તે તરત જ બોલ્યા :

'આનું નામ જ અજ્ઞાન અથવા માયા. જીવ શિવને નથી ઓળખતો એનું કારણ આ માયા જ છે. એને લીધે જ અસત્ પદાર્થમાં પ્રીતિ થાય છે ને સત્ય વસ્તુ કે પરમાત્માને ભૂલી જવાય છે. જ્ઞાન થાય છે પછી અસત્ પદાર્થોમાંથી મન પાછું વળીને કેવળ પરમાત્મતત્ત્વમાં લાગી જાય છે. તમે બધી વ્યવસ્થા કરવા રહેશો તો પછી યાત્રા ક્યારે કરશો ? ઉત્તમ કર્મમાં આવી તો કેટલીય ઉપાધિ આવ્યા કરે છે. એમને નગણ્ય માનીને આગળ વધવું જોઈએ. તો જ કામ સફળ થાય. નહિ તો વચ્ચે જ રહી જવાય.'

પ્રાધ્યાપક વિચારમાં પડ્યા. પંડિતજીનો સાથ છોડવા એ તૈયાર નહતા. એટલે મનને મારીને નિરુપાયે આગળ વધ્યા.

પંડિતપ્રવરે પ્રસન્ન થઈને કહેવા માંડ્યું :

'આવાં વિઘ્નો તો જીવનમાં કેટલાંય આવે છે. ખાસ કરીને આત્મોન્નતિની ઈચ્છાવાળા સાધકના જીવનમાં. એ બધાં વિઘ્નોને પાર કરવા માટે મજબૂત મનોબળની જરૂર પડે છે. એવા મનોબળના અભાવને લીધે જ લોકો પરમાત્માની પ્રાપ્તિ નથી કરી શકતા.'

બદરીનાથના પવિત્ર ધામમાં આવીને બંનેએ તપ્તકુંડમાં સ્નાન કર્યું ને પછી બદરી વિશાલના મંદિરમાં પ્રવેશ કર્યો. પંડિતજીએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીને હૈયાને હલાવી નાખતી ભાષામાં ભગવાનની ભાવભરી સ્તુતિ કરી. મંદિરના કર્મચારી એ સ્તુતિને સાંભળવા ભેગા થઈ ગયા. કેટલી સરસ સ્તુતિ ? સૌ કોઈ સ્તુતિ સાંભળીને પંડિતજીની પ્રસંશા કરવા લાગ્યા. પ્રાધ્યાપક પણ એથી મંત્રમુગ્ધ જેવા બની ગયા.

બે દિવસ પંડિતજીએ ભારે વેદનામાં વીતાવ્યા. બદરીનાથ ભગવાનનાં દૈવી દર્શન કરવાની ઈચ્છાથી તો એ આટલે દૂર આવ્યા હતા. એવા દર્શનને માટે એ પોતાને પરિપૂર્ણ અધિકારી પણ માનતા હતા. છતાં પણ બે દિવસ સુધી દર્શન ના થવાથી એમને દુઃખ થયું. બીજે દિવસે રાતે એમણે અત્યંત આતુરતા તથા વ્યથાપૂર્વક પ્રાર્થના કરી. એના પરિણામ રૂપે કહો કે બીજા ગમે તે કારણે કહો પરંતુ મધરાત પછી એમને એક સ્વપ્નું આવ્યું. એમાં બદરીનાથની યાત્રાનો રસ્તો દેખાયો અને એ રસ્તા પર એજ જગ્યાએ પેલો વૃદ્ધ પુરૂષ. વૃદ્ધ ધીમેથી બેઠો થયો ને બોલ્યો :

'પંડિત, તું કેમ આટલી બધી પ્રાર્થના કરે છે અને આટલો બધો દુઃખી થાય છે ?'

'ભગવાનના દર્શન માટે.' પંડિતે કહ્યું : 'મારે બદરીનાથ ભગવાનનું દર્શન કરવું છે. એટલા માટે પ્રાર્થના કરું છું.'

'પણ તું તો ચરાચરમાં બધે જ ભગવાનની ઝાંખી કરે છે એમ કહે છે ?'

'હા. એ સાચું છે. છતાં હજુ મારા દિલમાં ભગવાન બદરીનાથના સાક્ષાત દર્શનની ભાવના છે. એ ભાવનાથી પ્રેરાઈને જ હું અહિં આવ્યો છું.'

'તો પછી તું બદરીનાથ સુધી ગયો જ કેમ ? હું તો તને દર્શન આપવા અહિં જ સુઈ રહ્યો'તો. તેં મને ઓળખ્યો નહિ ને મારી સેવા પણ ના કરી. પેલા પંડિતને પણ મારી સેવા ના કરવા દીધી. '

એમ કહીને ડોસો ઊભો થયો. એનું અંગ એકાએક અલૌકિક બની ગયું. એના યૌવનથી ભરપૂર શરીરમાંથી પ્રકાશનાં કિરણો છૂટવા લાગ્યાં. એ મંદમંદ હસ્યો, અને બોલ્યો :

'પંડિત, તને જ્ઞાનનું ગુમાન અને અનુભવનો અહંકાર છે. પંરતુ જ્ઞાનની દૃષ્ટિએ તું હજુ કોરોધાકોર છે. આવ, મારા શ્રીચરણમાં પ્રણિપાત કર, ને જીવનને ઉજ્જ્વળતા ધર. હજુ મારા સાક્ષાત દર્શનની તારે ઘણી વાર છે.'

'પ્રભુ, પ્રભુ ! મારા અજ્ઞાન અને અવિનયને માટે માફ કરો ! તમે માફ કરશો તોજ મારું જીવન ઉત્તમ બની શકશે. મને માફ કરો !'

એમ જોરથી બોલતાં પંડિતજી પ્રણામ કરવા માટે આગળ વધ્યા. પરંતુ...એજ વખતે 'મને માફ કરો, માફ કરો !' કરતાં જાગી ગયા. પ્રાધ્યાપકને ઠંડીને લીધે ઊંઘ ન હતી આવતી. તે તરત બોલી ઊઠ્યા :

'શું છે પંડિતજી ? શી વાત છે ? કેમ આમ બૂમો પાડો છો ? કોઈ સ્વપ્નું આવ્યું કે શું ?'

પાંડુકેશ્વર પાસેની એ જગ્યા પર આવીને બંનેએ જોયું તો ત્યાં કોઈ જ નહતું. પંડિતે એ જગ્યાની રજને મસ્તક પર ધારણ કરી; ને પ્રાધ્યાપકે પણ એને ઘેર લઈ જવાની ઈચ્છાથી કપડે બાંધી.

* * *

## ૧૨. ગુમાન

ટિહરી ગઢવાલ પ્રદેશ જ્યાંથી શરૂ થાય છે તે ઋષિકેશના સુંદર સ્થાનમાં આવેલા કાલીકમલીવાળા ક્ષેત્રના સત્સંગ ભવનમાં લોકોની ભારે ભીડ જામી છે. સત્સંગ ભવનનો હોલ તાજેતરમાં જ બંધાયો છે અને એમાં દરરોજ કીર્તન ને પ્રવચનના કાર્યક્રમો ચાલી રહ્યા છે. એનો લાભ લેવા માટે લોકો ત્યાં સારી સંખ્યામાં એકઠા થાય છે. એમાંયે વળી છેલ્લા દસેક દિવસથી તો લોકો મોટી સંખ્યામાં ભેગા થવા માંડ્યા છે, કેમકે કાશીવાસી એક વિદ્વાન અથવા લોકોની ભાષામાં કહીએ તો મહાવિદ્વાન સંન્યાસી મહાત્મા છેલ્લા થોડાક દિવસથી ઋષિકેશના શાંત અને એકાંત સ્થાનનો લાભ લેવા માટે પધાર્યા છે, તેમની કથા થઈ રહી છે. કથાઓ તો કેટલીય થાય છે અને કાલીકમલીવાળા ક્ષેત્ર તથા પંજાબી ક્ષેત્રના હોલમાં વરસોથી રોજ થાય છે પરંતુ આ નવા આવેલા સંન્યાસી મહારાજની કથા બધા કરતાં ચઢિયાતી હોવાથી લોકો એમનાં ગુણગાન ગાતાં થાકતાં નથી.

‘કેટલી સરસ કથા ? કોઈ કોઈ ગુજરાતી યાત્રી પણ એ કથાને સાંભળીને વાતો કરે છે : એવી કથા તો ક્યાંય નથી સાંભળી.’

ત્યાંના લોકો પણ મંત્રમુગ્ધ બનીને કહ્યા કરે છે :

‘અરે ભાઈ ! કથા કરનેવાલે તો યહાં પર બહુત આયે. લેકિન ઐસા તો આજતક ના કોઈ દેખા, ના સુના, યહ તો અપની તરહકા એક હી હૈ.’

‘સારે ઋષિકેશમેં ઐસા કોઈ વિદ્વાન નહિ હોગા.’

‘તુમ તો કેવલ ઋષિકેશકી બાત કરતે હો; લેકિન મૈં તો કહતા હૂં કિ સારે ભારતવર્ષમેં ભી ઐસા વેદાંતકા પારદર્શી પંડિત ઔર વક્તા મિલના મુશ્કિલ હૈ.’

‘ભારતવર્ષમેં નહિ મિલેગા તો ક્યા ભારતકી બહાર મિલેગા ? મેરા તો ખ્યાલ હૈ કિ સમસ્ત સંસારમેં ઐસા કોઈ વક્તા નહિ  હોગા. ક્યોં જી ? આપકી ક્યા રાય હૈ ?’

‘સમસ્ત સંસારકી તો મૈં નહિ જાનતા. લેકિન ઋષિકેશમેં તો ઐસા એક ભી વિદ્વાન નહિ હૈ જો ઈસકા મુકાબલા કર સકે. મૈંને ભી શાસ્ત્રૌં કા અધ્યયન કિયા હૈ  લેકિન ઈતની ગહરાઈ તક તો મૈં ભી નહિ પહુંચા.’

જેમના સંબંધમાં આ બધી પ્રશસ્તિ થઈ રહી હતી તે સંન્યાસી મહારાજ કાનપુરના વતની હતા. કાશીમાં રહીને વરસો સુધી એમણે શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું. પોતાની પ્રશસ્તિ કોને નથી ગમતી ? શ્રૌતાઓના મુખથી કોઈકોઈવાર પ્રશસ્તિના શબ્દો સાંભળીને એ પણ આનંદ પામતા; એટલું જ નહિ, ગૌરવથી ફુલાઈ જતા. ભક્તોને કોઈવાર એ કહેતા પણ ખરા :

‘યહાંકે લોગ બહુત સેવાભાવી ઔર ભાવિક હૈ. ઐસે લોગ કહીં નહિ દેખે. વિદ્વાનકી અચ્છી તરહ કદર કર સકતે હૈં. કદર કરનેવાલે લોગ હી ના હો તો ફિર વિદ્વાન અકેલા ક્યા કરે ?’

અને લોકોએ કદર પણ કેવી કરી ? એક દિવસ આખા ઋષિકેશમાં એમનું સરઘસ કાઢ્યું : એમના સન્માનમાં ખાસ સભા ભરી : અને એમને માનપત્ર અર્પણ કર્યું. એ ઉપરાંત, દસેક હજારનો ફાળો કરી આપીને કહ્યું :

'હમારી હાર્દિક ઈચ્છા હૈ કિ આપ યહાં પર હી નિવાસ કીજિયે. આપ યહાં પર એક આશ્રમકા નિર્માણ કીજિયે જીસસે સબકો લાભ મિલે.'

સંન્યાસી મહારાજે સૌની વિનતિ માન્ય રાખી. વસુધારા તરફના શાંત, એકાંત ગંગાકિનારે એમણે જમીન પસંદ કરી ને કુસની કામચલાઉ ઝૂંપડીઓ તૈયાર કરાવી.

પછી તો રોજ સાંજે એ કથાની સમાપ્તિ પછી ભક્તમંડળ સાથે એ આશ્રમમાં ફરવા આવવા માંડ્યાં. થોડા દિવસોમાં કુસની કાચી ઝૂંપડીઓને બદલે પાકું વિશાળ મકાન બંધાવવાની યોજના પણ એમણે કરી દીધી.

એ દિવસોમાં હું ઋષિકેશ ફરવા માટે ગયો હતો. એ વિદ્વાન સંન્યાસી ગંગાકિનારે ફરવા આવતા ત્યારે હું તેમને જોતો. સાંજના વખતે ગંગાના તટપ્રદેશ પર બેસીને હું કુદરતી સૌન્દર્યનો આનંદ લેતો ને પ્રાર્થના કરતો. એ મને લગભગ રોજ ત્યાં બેઠેલો જોતા. મારી પાસેથી પસાર પણ થતા. મારી તરફ ઉપેક્ષાભરી નજર પણ નાખતા. પરંતુ અમારી વચ્ચે કોઈ વાર્તાલાપ ના થતો.

એક વાર સાંજનો સમય હતો અને હું ગંગાજીથી ઘર તરફ પાછો આવી રહ્યો હતો. સંન્યાસી મહારાજ એમના આશ્રમની મુલાકાત લઈને પાછા આવ્યા અને મને રસ્તામાં જ મળી ગયા. કોઈ દિવસ નહિ ને એ દિવસે, મને કોણ જાણે કેમ પણ, એકાએક ઈચ્છા થઈ ને મેં એમને કહ્યું :

'આપને ઋષિકેશકો આશ્રમકે લિયે પસંદ કિયા સો બહુત હી અચ્છા કિયા. ભૂમિ અત્યંત અલૌકિક હૈ.'

'ઈસમેં ક્યા શક હૈ ? એમણે કહ્યું : ભૂમિ તો અલૌકિક હૈ હિ લેકિન લોગ ભી બડે અચ્છે હૈં. ઈસીલિયે મુજે યહાં પર જ્યાદા અચ્છા લગા.'

'પરંતુ એક બાત જરૂર હૈ.' મેં કહ્યું : 'જો સ્થાન આપને આશ્રમકે લિયે પસંદ કિયા હૈ વો અચ્છા નહિ હૈ. નજદીકમેં ગંગા હોનેસે ખતરા હૈ. કભી બાઢ આવે તો સારા આશ્રમ ખતમ હો જાય. કિસી સલામત સ્થાનમેં આપ આશ્રમ કરતે તો બડા હી અચ્છા હોતા.'

સંન્યાસી મહારાજનાં ભવાં ચઢી ગયાં.

'આપકા ઉપદેશ મૈં નહિ ચાહતા. મૈં ખુદ ઉપદેશક હૂં. આપકે ઉપદેશકી મૈંને માંગ નહિ કી.' એ બોલી ઊઠ્યા.

'મૈં કોઈ ઉપદેશ નહિ દેતા. મૈં તો મેરા નમ્ર અભિપ્રાય દે રહા હૂં. મેરી રાય.'

'લેકિન ઉસકે લિયે ભી તો મૈંને નહિ પૂછા ? ફિર બેકારકા બકવાદ ક્યોં કર રહે હો ?'

'આપકો મેરે શબ્દ યદિ બકવાદ લગે હો તો માફ કરના. મૈંને તો જો ઠીક લગા વહી બતલાયા હૈ.'

'લેકિન બતલાનેકે લિયે મૈંને આપકો પૂછા તો નહિ થા ?'

અને એમ કહીને સંન્યાસી મહારાજ ચાલવા માંડ્યા. છેલ્લે છેલ્લે ભક્તોને ઉદ્દેશીને કહેતા ગયા :

'ન માલુમ ઐસે લોગ દુનિયામેં કિતને હોંગે ? બિલકુલ બુદ્ધિ હી નહિ હૈ. મેરે જૈસે સર્વમાન્ય ઉપદેશકકો ભી ઉપદેશ દેને લગે.'

*

એકાદ અઠવાડિયું થયું ત્યાં તો ગંગામાં ભયંકર પૂર આવ્યું. ચોમાસુ પૂરું થઈને હવે શરદ ઋતુ ચાલતી હતી. એટલે પૂર આવવાની કોઈને કલ્પના પણ નહતી. પણ બધું જ કાંઈ માણસની કલ્પના પ્રમાણે થોડું જ થાય છે ? દિવાળી ઉપર ભારે વરસાદ પડ્યો, પવન ફૂંકાયો, અને ગંગા તથા તેની બાજુમાં વહેનારી ચંદ્રભાગા હેલે ચઢી. માયાકુંડ પર રહેતા સાધુસંતોને માટે મુસીબત ઊભી થઈ. મકાન ખાલી કરી કરીને વધારે ભાગના સાધુસંતો ધર્મશાળાઓમાં રહેવા જતા રહ્યા. પેલા સંન્યાસી મહારાજનો આશ્રમ તો છેક ગંગાકાંઠે હતો. એ કેવી રીતે સલામત રહી શકે ? ગંગાનાં તોફાની તરંગો એના પર ફરી વળ્યાં ને બધું જ લઈ ગયાં. આશ્રમની કોઈ નિશાની બાકી ના રહી.

ત્રણેક દિવસ પછી પાણી ઉતર્યું ત્યારે સંન્યાસી મહારાજ ભક્ત મંડળ સાથે પોતાની જગ્યા જોવા આવ્યા. પરંતુ ત્યાં જગ્યા જેવું કશું હતું જ નહિ. પહેલાંના જેવી ઉજ્જડ જમીન માત્ર હતી. હું એ વખતે ગંગા સ્નાન કરીને પાછો આવતો હતો ત્યારે મારી અને એમની આંખ મળી. પરંતુ એ કશું બોલ્યા નહિ. એમણે મને જોઈને આંખ ફેરવી લીધી. કુદરતે એમને જે ઉપદેશ આપ્યો હતો તે ઘણો કીમતી હતો. એ ઉપદેશ એમણે ગ્રહણ કર્યો કે કેમ તેની સમજ ના પડી. પરંતુ એ બકવાદ નહોતો એટલું તો એ કદાચ સમજી શક્યા હશે. કદાચ એટલા માટે કે હજુ પણ એ એવા જ અક્કડ હતા અને એમનું ગુમાન ગળ્યું નહતું.



* * *

## ૧૩. પાગલ

કનૈયો કેટલે બધે વરસે મળ્યો ? મુંબાઈની વિલ્સન કોલેજમાં એ મારી સાથે ભણતો ત્યારે અમારી વચ્ચે મિત્રતા હતી. અમે સાથે સાથે કોલેજમાં આવતા, એક જ બેન્ચ પર બેસતા, ને કેટલીય રીતે આનંદ કરતા. એ દિવસો ખરેખર ઉત્તમ હતા. એમને હું આજે પણ નથી ભૂલી શક્યો. મારા સ્મૃતિપટ પર એ એવા ને એવા જ અંકિત છે. અને હું માનતો'તો કે કનૈયાના સ્મૃતિપટ પર પણ અંકિત હશે. પરંતુ કનૈયાને એ યાદ છે કે નહિ તે હું આજે પણ નક્કી નથી કરી શક્યો. એ કશું કહી શકવાની સ્થિતિમાં જ જાણે નથી રહ્યો. જાણે એ પેલો વિલ્સન કોલેજનો કનૈયો છે જ નહિ ! વરસોથી હું એને મળવાની ઈચ્છા કરતો'તો પરંતુ એનું કોઈ ચોક્કસ સરનામું કે ઠામઠેકાણું હોય તો મળી શકું ને ? એનું મગજ ઠેકાણે નહતું અને એ ક્યાંક નાસી જવા માગતો'તો ત્યારે મારી અને એની છેલ્લી મુલાકાત થઈ હતી. પછી તો એનો પત્તો જ ક્યાં હતો ? મારે એને મળવું હોય તો પણ ક્યાં મળી શકું ? આ તો આ વરસે હું હરિદ્વાર ગયો ને એકાદ અઠવાડિયું ત્યાંની ધર્મશાળામાં રહ્યો ત્યારે એકવાર રસ્તા પરથી પસાર થતી વખતે મારી ને એની ઉડતી મુલાકાત થઈ ગઈ. અમારી આંખ મળી. એનાં રૂપરંગ તદ્દન બદલાઈ ગયેલાં. દાઢીને લીધે એને ઓળખવાનું કામ મુશ્કેલ બની ગયેલું છતાં મેં એને ઓળખી કાઢ્યો. એણે કદાચ મને પણ ઓળખી કાઢ્યો. પણ એ મારી પાસે ઊભો રહ્યો નહિ ને દોડી ગયો.

'કનૈયા, કનૈયા !' મેં બૂમ પાડી.

થોડેક સુધી હું એની પાછળ ગયો. પરંતુ એને પકડી ના શક્યો. ઘડીના છઠ્ઠા ભાગમાં તો એ ક્યાંક અદૃશ્ય થઈ ગયો.

'ઉસકે પીછે ક્યોં દૌડ રહે હો ? વહ તો પાગલ હૈ પાગલ.' કોઈએ મને દોડતો જોઈને શિખામણ આપી.

'પાગલ હૈ ?' મેં નવાઈથી પૂછ્યું : 'વહ તો મેરા પુરાના દોસ્ત હૈ. હમ લોગ બમ્બઈકી કોલેજમેં એકસાથ પઢતે થે.'

'પઢતે હોંગે. વહ જમાના દૂસરા થા. અબ તો વહ પાગલ હો ગયા હૈ. ઉસે કોઈ હોશ હી નહિ હૈ.'

'અરે ભાઈ, વહ તો દિનભર ભટકતા રહતા હૈ.' કોઈ બીજાએ કહ્યું : 'ચાહે શરદી હો ચાહે ગરમી, વહ કોઈ કપડા હી નહિ રખતા. કોઈ કુછ દેતા હૈ તો ભી દૂસરેકો દે દેતા હૈ. કોઈ દયાવાલે લોગ ઉસે ખાના દેતે હૈ તો વહીં ખડા ખડા ખા લેતા હૈ. હરિદ્વારમેં ઉસે કરીબ ચાર મહિને હો ગયે. ન જાને કહાંસે આયા હૈ ? કિસીસે કુછ બોલતા ભી તો નહિ !'

'હોગા કોઈ સિદ્ધપુરૂષ.' કોઈ ત્રીજાએ કહ્યું : સિદ્ધોંકી ગતિ ઐસી હી હુઆ કરતી હૈ. ફિર યહ તો ઉત્તરાખંડ હૈ. સિદ્ધ લોગોંકી યહાં કમી નહિ હૈ. વે ઐસે હી નંગધડંગ રૂપમેં પાગલકી તરહ વિચરણ કિયા કરતે હૈં. ઉનકો પહચાનના ભી મુશ્કિલ હૈ. કોઈ વિરલે સંસ્કારી લોગ હી ઉન્હેં આસાનીસે પહચાન સકતે હૈં. દૂસરે તો ઉન્હેં મુર્ખ ઔર પાગલ હી સમજતે હૈ.

હરિદ્વારના કેટલાય લોકો કનૈયાને કોઈ મહાન સિદ્ધપુરૂષ, પરમહંસ કે સમર્થ યોગી સમજવા માંડ્યા હતા એ સાચું હતું. થોડા વખતમાં જ મને એ વાતની ખબર પડી. કનૈયાને એ પગે લાગતા, દૂધ કે મીઠાઈ આપવાનો, ને પુરીશાક ખવડાવવાનો પ્રયાસ કરતા, તો કોઈ હાર પણ પહેરાવતા. કોઈ એને વસ્ત્રો પહેરાવતા તો કોઈ ચાદર કે શાલ ઓઢાડતા. કોઈવાર એ એ બધી વસ્તુનો સ્વીકાર કરતો તો કોઈવાર અસ્વીકાર.

હરિદ્વારમાં પછી તો મેં એને ચારેક વાર જોયો. રેલ્વે સ્ટેશનની બાજુના રસ્તા પર જે શંકરની મોટી પ્રતિમા છે તે પ્રતિમાથી માંડીને 'હર કી પેડી' સુધીના માર્ગ પર મારી ને એની ઉડતી મુલાકાત થઈ ગઈ. છેલ્લી વાર મેં એને હરિદ્વારથી કનખલ જતાં દક્ષ પ્રજાપતિના યજ્ઞના સ્થાન પાસે બેઠેલો જોયો. હું એની પાસે ગયો ને બોલ્યો :

'કનૈયા ! તું મને ઓળખે છે ?'

'હું કોઈને ઓળખવા નથી માગતો. બધા બદમાશો છે.' એણે કહ્યું. મને દુઃખ ના થયું. કેમકે એનું ભૂત જીવન હું જાણતો હતો. છતાંપણ મેં કહ્યું :

'બધા બદમાશો નથી કનૈયા ! હું ક્યાં બદમાશ છું ? મેં તારી સાથે ક્યાં કશી બદમાશી કરી છે ? મને તો તારા પર આજે પણ એટલો જ પ્રેમ છે. તું આવે તો હું તને મારી સાથે મુંબાઈ લઈ જવા તૈયાર છું. ત્યાં તું મારે ઘેર રહેજે. હું તને જરાય દુઃખ નહિ પડવા દઉં. તારા વિના મને મુંબાઈમાં ગમતું પણ નથી.'

'પુરૂષો કરતાં સ્ત્રીઓ વધારે બદમાશ છે. ને સ્ત્રીઓમાં પણ સૌથી ભયંકર, સૌથી ખરાબ, સૌથી ક્રૂર, રૂપા છે. એ મળે તો એને હું મારી નાખું એમ થયા કરે છે.'

'રૂપાને માટે બધી જ સ્ત્રીઓને શા માટે દોષ દે છે ને ખરાબ ગણે છે ? બધી સ્ત્રીઓ રૂપા જેવી નથી હોતી. સારી પણ હોય છે. રૂપાનાં પણ તું પહેલાં કેટલા બધાં વખાણ કરતો'તો ?'

'કરતો'તો. કાંઈ જાણતો ન્હોતો એટલે. પહેલાં એને અમૃત જેવી માનતો'તો પણ પછી એણે એનું સાચું સ્વરૂપ પ્રકાશ્યું અને એ ઝેર જેવી થઈ.'

'પણ એનો એને પશ્ચાતાપ નહિ થતો હોય એ કેમ જાણ્યું ? એ એના વર્તનને માટે અફસોસ પણ કરતી હોય. તું એને મળ તો ખરો. માણસ છે, કોઈ વાર જાણ્યે અજાણ્યે એનાથી ભૂલ થઈ પણ જાય. એને મન પર લઈને તું આવો દુઃખી થઈ જાય એ સારૂં કહેવાય ?'

'હું દુઃખી નથી પણ સુખી છું.'

'એ હું કેવી રીતે માની શકું ? તારૂં જીવન એ વાતની સાક્ષી નથી પૂરતું. તને મુંબાઈ લઈ જઈશ ત્યારે જ મને શાંતિ વળશે.'

'હું મુંબાઈનું મોં પણ જોવા નથી માગતો. જ્યાં રૂપા રહે છે તે શહેરમાં મારે પગ પણ નથી મૂકવો.'

'રૂપાને લીધે તું તારા જીવનને બરબાદ ના કરી દે. જીવન છે. એમાં આવા તો કેટલાય આઘાત ને પ્રત્યાઘાત સહન કરવા પડે છે. એમ કાંઈ દુઃખી થઈને જીવન પ્રત્યેનો રસ ખોઈ દેવાય ?'

'વધારે ચર્ચા કરવા માટે મારું મન ના પાડે છે. હું જ્યાં છું ત્યાં મને રસ છે અને આનંદ છે. હું સુખી છું. ને નહિ હોઉં તો થઈશ. તું તેની ચિંતા ના કર. આટલી વાત પણ મેં કેટલેય વખતે આજે તારી સાથે જ કરી છે. હવે હું જઉં છું. તું આનંદમાં રહેજે !'

એમ કહીને ઊભો થયો ને દોડ્યો.

'અરે થોડીવાર તો ઊભો રહે !'

પરંતુ મારી વાતની અવગણના કરીને એ થોડીવારમાં તો ક્યાંય જતો રહ્યો.

પછી મેં એને ક્યાંય ના જોયો. કોઈકે કહ્યું કે વચ્ચે વચ્ચે કોઈવાર એ ઋષિકેશ પણ જાય છે ને ત્યાં આવી જ રીતે ફર્યા કરે છે. પરંતુ ઋષિકેશ જવાનું મારે માટે શક્ય નહતું. ઘેરથી એકાએક તાર આવ્યો. એટલે કનૈયાને ફરીવાર મળવાનું હાલ પૂરતું મુલતવી રાખીને હું મુંબાઈ જવા રવાના થયો.

*

કનૈયો શું ખરેખર પાગલ થઈ ગયો છે? લોકો એને એવો માને છે. પરંતુ હું નથી માનતો અથવા કહો કે નથી માની શકતો. મારી સાથે એણે જે થોડી ઘણી વાતચીત કરી તેના પરથી કોઈને પણ એવું નહિ લાગે કે તે પાગલ છે. છતાં તે પાગલ તરીકે ઓળખાય છે એ એક હકીકત છે. અને એ હકીકતની પાછળ કેટલાક પ્રસંગો પડ્યા છે, જે આજે મારી આંખ આગળ, અથવા તો મારા સ્મૃતિપટ પર, આવ્યા વિના નથી રહી શકતા.

કનૈયાનાં માતાપિતા બાળપણમાં જ મરણ પામ્યાં હોવાથી એમની દ્વારા મળતી માવજતથી એ વંચિત રહ્યો'તો એમ કહીએ તો ચાલે. સાત વરસની નાની ઉંમરે એના કાકાએ એને મુંબાઈના અનાથાશ્રમમાં દાખલ કરેલો. તે પછીનાં પંદરેક વરસ એ ત્યાં જ રહ્યો. મારી અને એની મિત્રતા આમ તો કોલેજમાં જ થઈ પરંતુ એ મિત્રતા દિવસે દિવસે એટલી બધી ગાઢ બનતી ગઈ કે અમે અમારું દિલ એકમેકની આગળ ખોલી નાખ્યું. એને લીધે તો હું એના જીવનની કેટલીક વાતો જાણી શક્યો.

સૌથી પહેલો ઘા એને એ વાગ્યો કે એની ભલમનસાઈ તથા નાની ઉંમરનો લાભ લઈને એના કાકાએ એની જમીન કાવાદાવા કરીને પચાવી પાડી. એને એની ખબર બહુ જ મોડેથી પડી : પરંતુ જ્યારે પડી ત્યારે એને બહુ જ ખરાબ લાગ્યું. એનાં નજીકનાં સગાંએ પણ એ કાકાનો જ પક્ષ લીધો. કોઈ એની તરફેણમાં ના બોલ્યું. કાયદાની કોર્ટનો આધાર લીધો તો ત્યાં પણ કાંઈ ના ચાલ્યું. કેમકે કાકાએ ધન ને લાગવગની મદદથી બધે જ માર્ગ કરી લીધો. એટલે ચુકાદો એમની તરફેણમાં આવ્યો. કનૈયાને તો ઉલટું દેવું થઈ ગયું. એને થયું કે સગાંસંબંધી કેવળ સ્વાર્થ વિના બીજું કાંઈ જ નથી જોતાં. સ્વાર્થની આગળ, ધનની આગળ, બીજું બધું જ ગૌણ ગણાય છે. પ્રમાણિકતા કે સચ્ચાઈ જેવું સંસારમાં કશું છે જ નહિ. અથવા છે તો ઘણું જ ઓછું.

બીજો ઘા એને મિત્રોએ માર્યો. બે છોકરાઓ સાથે એને ઘનિષ્ઠ મિત્રતા હતી. એ મિત્રો એની સાથે અનાથાશ્રમમાં જ ભણ્યા હતા. એ મિત્રોએ કોઈક વિષયમાં મતભેદ પડતાં એની સાથે બોલાચાલી કરી. એ તો જાણે ઠીક, પરંતુ એ પછી જ્યાં ત્યાં એની વગોવણી કરવા માંડી. એ વગોવણી પણ જેવી તેવી હતી ? એમણે જ્યાં ત્યાં, અથવા લાગતા વળગતામાં બધે જ, એને માટે અસત્ય એવા આક્ષેપો કરવા માંડ્યા. એ

અતિશયોક્તિ ભર્યા, આધાર વિનાના, આક્ષેપો પાછળ એક જ હેતુ હતો કે કોઈ એને સારો ના માને, સજ્જન ના ગણે, અને એની સાથે સંબંધ રાખીને એને કોઈયે પ્રકારની મદદ ના કરે. એમના મેલા, માણસાઈ વગરના, પ્રચારની જ્યારે એને ખબર પડી ત્યારે એને ભારે દુઃખ થયું, અને એનું હૃદય ઉપરામ બની ગયું. વધારે દુઃખ તો એને એ વાતનું થયું કે એમના જૂઠા આક્ષેપોને મોટા ભાગના લોકોએ તદ્દન સાચા માની લીધા : કેટલાકે તો એને ના કહેવા જેવા શબ્દો પણ કહી સંભળાવ્યા અને એનું અપમાન પણ કર્યું.

એ ઘાને પણ કદાચ એ જીરવી શક્યો હોત. પરંતુ એ પછીનો ઘા એને માટે ભારે મરણતોલ હતો. એ ઘાએ એના સમસ્ત ચિત્તતંત્રને હલાવી દીધું અને ડગાવી દીધું એમ કહીએ તો ચાલે. એ એને માટે અસહ્ય થઈ પડ્યો. એથી ઘાયલ થઈને એ મારી પાસે આવ્યો ત્યારે એની દશા ઘણી જ કરુણ હતી. એકદમ કરુણ. આંખમાં આંસુ સાથે એણે મને કહ્યું :

‘રૂપા પેલા ભાસ્કર સાથે પરણી ગઈ ! મારું બધું જ જતું રહ્યું.’

‘છો પરણી ગઈ.’ હું બધી વાત જાણતો હોવાથી, એને હિંમત તથા ધીરજ આપવા માટે મેં કહ્યું : ‘ એ પરણી ગઈ તો ભલે પરણી ગઈ. તારું એમાં કશું જ નથી જતું રહ્યું. તને કોઈ બીજી મળશે. દુનિયામાં રૂપા સિવાય બીજી કોઈ છોકરી જ નથી ? તું આમ શોક કરે છે અને આંસુ સારે છે તે મને નથી ગમતું.’

‘શોક ના કરું તો શું કરું?

દુનિયામાં બીજી છોકરીઓ કેમ નથી?

છોકરીઓ તો ઘણી છે. પરંતુ મારે માટે રૂપા વિના બીજી કોઈયે નહતી. મારા જીવનમાં તો એક રૂપા જ આવી હતી.’

‘બરાબર છે. પણ એ તો ભાગ્ય પ્રમાણે વળી બીજી પણ આવશે. એમ કાંઈ નિરાશ થઈ જવાય ?’

‘હવે મારે બીજી કોઈ જ નથી જોઈતી. બીજી કોઈ છોકરીની આશા જ નથી. સાચું કહું તો હવે મને દુનિયામાં કોઈના પર વિશ્વાસ જ નથી. એમ થાય છે કે દુનિયામાં બધા જ બેઈમાન છે, સ્વાર્થી છે. કોઈ કોઈને વફાદાર નથી.’

‘હું પણ ?’

‘તું એક એમાં જુદો તરી આવે છે. જરૂર. સાચું કહું તો હું તને આ દુનિયાનો માનતો જ નથી. તું તો કોઈ જુદી દુનિયાનો જ જીવ છે. છતાં મને હવે આ દુનિયામાં રસ નથી રહ્યો. હું ક્યાંક જતો રહેવા માગું છું : જ્યાં મને કોઈ જાણતું ના હોય, ઓળખતું ના હોય; સમજતું ના હોય, એવી કોઈ જગ્યામાં જતો રહેવા માગું છું. બે ટૂકડા ખાવાના તો મને ગમે ત્યાં મળી રહેશે : કોઈપણ આપી રહેશે. પણ હવે અહિં મારાથી નહિ રહેવાય.’

‘તું આવા વિચારો ના કર, કનૈયા ! જીવન બહુ જ મૂલ્યવાન છે. એને એવી રીતે જેમ તેમ બરબાદ નથી કરી દેવાનું. તું ભણેલો છે તો જરાક શાંતિ રાખ. મનને કાબુમાં રાખ. હજુ તો તારે ઘણું જીવવાનું છે ને ઘણાં ઘણાં કામ કરવાના છે.’

‘મારે મારું જો ચાલે તો વધારે જીવવું જ નથી. કામ કરવામાં પણ મને કાંઈ રસ નથી. રૂપાએ મારા બધા જ રસને મારી નાખ્યો છે.’

'રસ રૂપામાં છે કે તારામાં ? તારો રસ રૂપા કેવી રીતે મારી શકે ?'

'રૂપાને લીધે મારા જીવનમાં મને રસ લાગતો'તો. હવે રૂપા ગઈ એટલે એ પણ જતો રહ્યો.'

'આ તો એક કામચલાઉ તબક્કો છે, કનૈયા ! સંક્રાંતિકાળ છે. જરાક ધીરજ રાખ એટલે એ પણ વિદાય થશે ને જીવનમાં નવો કે બીજો રસ પેદા થશે.'

'મારા જીવનમાં તો હવે નહિ થઈ શકે. જે રસ જતો રહ્યો છે તે હવે પાછો નહિ આવી શકે.'

અને ખરેખર એવું જ થયું. કનૈયો વધારે ને વધારે ઉદાસ, ગંભીર ને ગમગીન બનતો ગયો. મારા ઉપદેશની એને કાંઈ અસર જ ના થઈ. એક દિવસ હું એને ઘેર ગયો, તો પડોશીએ કહ્યું કે એ બહારગામ ફરવા ગયો હતો. મને તરત જ શંકા થઈ કે એ નાસી ગયો છે. પરંતુ થાય પણ શું ? છોકરો ઘણો ડાહ્યો, ભણવામાં ખૂબ જ હોંશિયાર, રૂપાળો, સદ્ ગુણી ને મનોબળવાળો હતો. મહત્વાકાંક્ષી પણ ઘણો. પરંતુ જીવનના ઝંઝાવાતના ઉપરાઉપરી આવેલા ઝપાટાએ એની મહત્વાકાંક્ષાને મારી નાખી, એના મનોબળને ડગાવી દીધું. અને એને જુદે જ માર્ગે ચઢાવી દીધો. એ માર્ગ અનીતિ કે દુરાચારનો નહતો. પરંતુ વખાણવા જેવો કે આદર્શ અથવા અનુકરણીય પણ નહતો એમાં શંકા નહિ.

*

રૂપાની સાથે એની ઓળખાણ એ કોલેજના પહેલા વરસમાં હતો ત્યારે જ થઈ હતી. કોલેજના વાર્ષિક કાર્યક્રમમાં રૂપાની સાથે એણે નાટકમાં કામ કર્યું હતું. ત્યારથી એની અને રૂપાની મિત્રતા વધતી ગઈ અને એ મિત્રતા નાનામોટા કેટલાય પ્રસંગોમાંથી પોષાતી છેવટે પ્રેમમાં પરીણમી. એ પ્રેમ પૂરાં બે વરસ ચાલ્યો. પછી એમાં એક અંતરાય આવ્યો. રૂપાને કોલેજમાં ભણતા એક બીજા શ્રીમંત યુવકનો પરિચય થયો; એ પરિચય ગાઢ પ્રેમમાં પલટાયો; અને એક દિવસ એ બંનેએ ક્યાંક પલાયન થઈ જઈને લગ્ન કરી લીધું. છાપામાં આવેલો એ લગ્નનો ફોટો લઈને કનૈયો મારી પાસે આવ્યો ત્યારે જ મને તેની ખબર પડી. કનૈયાને માટે એ એક ભારેમાં ભારે આઘાત હતો. એને એ ના સહી શક્યો. ને છેવટે મનની અસ્થિરતામાં એ પણ કંયાંક ઉપડી ગયો. નહિ કાગળ કે નહી કોઈ સમાચાર.

હરિદ્વારમાં એ દિવસે અમારી ઓચિંતી વાતચીત થઈ તે પછી પણ એના ક્યાં કશા સમાચાર છે ? હું પણ એને ક્યાં કશું સમજાવી શક્યો ? છતાં પણ હું હિંમત નથી હાર્યો અને એક વાર ફરી હરિદ્વાર જવાનો કાર્યક્રમ કરી રહ્યો છું. વાર્તા એટલા માટે લખી રહ્યો છું કે રૂપા જ્યાં પણ હોય ત્યાં એને વાંચે. વાંચીને બેસી ના રહે પણ હરિદ્વાર ને ઋષિકેશનો પ્રવાસ કરે કેમકે કનૈયાને ઠેકાણે લાવવાનું જે કામ હું નથી કરી શક્યો તે કદાચ એ કરી શકે. એવી રીતે એક પાગલ કહેવાતા છતાં સાચેસાચ પાગલ નહિ એવા યુવાનનું બરબાદ થઈ ગયેલું જીવન વધારે બરબાદ થતું અટકી શકે. રૂપા જો મને સાથે લઈ જવા માગતી હોય તો હું તેની સાથે જવા તૈયાર છું. પરંતુ આ કામ વહેલું-જેટલું બની શકે એટલું વહેલું-કરવાની જરૂર છે. માટે જ આ વિજ્ઞપ્તિ કરી રહ્યો છું. રૂપાના કોઈ પરિચિત એને આ સંદેશો પહોંચાડશે તો પણ ઘણું છે.

* * *

## ૧૪. ફરજ

સાંજે સાત વાગે નીલેશ્વરીબેનની મુખાકૃતિ ફરી દેખાઈ. બે દિવસ પહેલાં એમણે આપેલા સમય પ્રમાણે એ મળવા માટે આવ્યાં ખરાં. મને ખાતરી જ હતી કે એ આવશે જ.

'આવો નીલેશ્વરીબેન !' મેં એમને આવકાર આપ્યો.

નમસ્કાર કરીને એ ફીકું હસ્યાં અને સામેની ખુરસી પર બેસી ગયાં. એમની સાથે એમનાં ચાર બાળકો ને શ્રીકાંતભાઈ પણ હતા.

'તમે સજોડે આવ્યાં તે ઘણું સારું થયું. શ્રીકાંતભાઈને મળવાની ઈચ્છા મારા મનમાં કેટલાય વખતથી હતી.'

'એમણે તમારું નામ સાંભળ્યું એટલે આવવા માટે તૈયાર થઈ ગયા.'

ત્યાં તો શ્રીકાંતભાઈ બોલ્યા :

'મને જમાડ્યા વિના ના મોકલશો હોં ! ખૂબ સારું અને પેટ ભરીને જમાડજો. અને સૌથી પહેલાં તો ચા પાવ : ત્રણ ચાર કપ ચા : એટલે થયું.'

નીલેશ્વરીબેનનું મોં બગડી ગયું. એમણે કહ્યું :

'ઘેરથી ચા પીને આવ્યા છો તો પણ પાછી ચાની માગણી કરો છો ? અને ખાવાનું તો આપણે ઘેર જઈને જ ખાઈશું.'

'ના. હું તો અહિં જ ખાવાનો અને ચા પણ પીવાનો. જુઓ, હેમંતભાઈ, બહુ સરસ ભોજન બનાવડાવજો હોં !'

હેમંતભાઈ એટલામાં આવી પહોંચેલા તે બોલી ઉઠ્યા :

'તમને જમાડ્યા વિના નહિ જવા દઉં હોં શ્રીકાંતભાઈ ! આજે તમારે બધાંએ અહિં જ જમવાનું છે : મારે ઘેર.'

'બસ ત્યારે તો મજા પડી. લહેર આવશે.'

'આમને બહાર લઈ જવાની આજ મુસીબત છે.' નીલેશ્વરીબેને કહ્યું : 'જેની તેની પાસે ખાવાનું જ માગ્યા કરે છે. શરમ પણ નથી આવતી.'

'એમાં શરમ શાની ? આ તો આપણું ઘર છે. કેમ હેમંતભાઈ ! તમે કોઈ સારી નોકરી અપાવી દો એટલે પછી નીલેશ્વરીને પણ આનંદમાં રાખું. કોઈ જાતની તકલીફ જ ના પડે.'

કહીને શ્રીકાંતભાઈ ખડખડાટ કરતા હસી પડ્યા.

મને એમને માટે અનુકંપા ઉત્પન્ન થઈ.

ચાર પાંચ દિવસથી હું મારા કામના અનુસંધાનમાં અમદાવાદ આવેલો ને મારા પુરાણા પરિચિત હેમંતભાઈનો મહેમાન બનેલો. ગુજરાત વિદ્યાપીઠની પાસે એક શાંત સોસાયટીમાં હેમંતભાઈનો પોતાનો બંગલો હતો. અમદાવાદ આવતો ત્યારે હું એમને ત્યાં જ ઉતરતો.

શ્રીકાંતભાઈ સાથેનો મારો પરિચય લાંબા વખતનો હતો. તે મદ્રાસમાં ધંધો કરતા તે વખતનો. એ વખતના શ્રીકાંતભાઈ અને આજના શ્રીકાંતભાઈમાં ઘણો ફેર હતો. આભ જમીનનો ફેર. એ વખતે એ એટલું બધું કમાતા કે વાત નહિ. કમાતા એટલું જ નહિ, ઉડાવતા પણ ખરા. નીલેશ્વરીબેનને હાથે રસોઈ બનાવવાનો અવસર તો અઠવાડિયામાં એકાદ બે વાર જ આવતો. મોટે ભાગે તો તે બહાર હોટેલમાં જ ખાતા. ટેક્ષી કરીને હોટેલમાં જતી વખતે એમના આનંદનો પાર ના રહેતો. નીલેશ્વરીબેન પણ દિવસમાં પાંચથી છ વાર સાડીઓ બદલતાં. એમનું જીવન દેખીતી રીતે સુખી હતું.

પરંતુ એ બહારથી દેખાતા સુખી જીવનમાં એક દિવસ દુઃખનો દાવાગ્નિ જાગી ઊઠ્યો.

શ્રીકાંતભાઈ છેલ્લા કેટલાય દિવસથી રાતે મોડા આવતા. નીલેશ્વરીબેન એમની પ્રતીક્ષા કરીને બેસી રહેતાં, પછી થાકતાં ઝોકાં ખાતાં, અને આખરે પથારીમાં પડતાં.

એક દિવસ તો વહેલી સવારે ચા પીતી વખતે એમણે પોતાની હૈયાવરાળ ઠાલવતાં કહ્યું પણ ખરું :

'હમણાં હમણાંથી તમે રાતે બહુ મોડા આવો છો. કાલે તો ક્યારે આવ્યા તેની મને ખબર પણ નથી પડી.'

'એટલે ?' શ્રીકાંતભાઈ તાડૂકી ઉઠ્યાં : 'શું હું તારો બંધાયેલો છું ?'

'બંધાયલા છો એવું ક્યાં કહું છું ?'

'તો પછી ?'

'તમને તમારી જવાબદારીનું ભાન તો હોવું જોઈએ ને !'

'મને મારી જવાબદારીનું ભાન પૂરેપૂરું છે.'

'એટલે જ આટલું બધું મોડું કરતા હશો.'

'મોડું થઈ જાય તેમાં હું શું કરું ? મને કાંઈ મોડું કરવાનું ગમતું હશે ? ઘેર આવીને નિરાંતે વાતો કરવાનું અને ઊંઘવાનું તો મને પણ ગમે છે, પણ ઓફિસે કામ એટલું બધું પહોંચે છે કે વાત નહિ. કામનો બોજો વધી પડ્યો છે. મોડી રાત સુધી બેસું છું ત્યારે કામનો માંડ નિકાલ થઈ શકે છે. અને એ પણ થોડો ઘણો. હજી થોડા દહાડા આવું જ રહેશે. તું અકળાઈ જાય છે તે જાણું છું, પણ લાચાર છું. બીજો કોઈ ઉપાય નથી. પૈસા કમાવાની અત્યારે તક છે એટલે એનો લાભ પણ પૂરેપૂરો લેવો પડે. આ બધી લીલાલહેર કરીએ છીએ તે પૈસાને લીધે, સમજી ? એટલે એનું ધ્યાન પણ રાખવું પડે.'

'એ તો સમજું છું. પણ મારું ધ્યાન તો તમે બિલકુલ નથી રાખતા. જીવનમાં એકલા પૈસા જ નથી કમાવાના. બીજું ઘણુંયે કરવાનું છે.'

'હમણાં કમાવાનો વખત છે તો કમાઈ લેવા દે. પછી બીજું કરીશું. હજી કાંઈ મરી થોડો જ જવાનો છું ? હજી તો ઘણીય જિંદગી બાકી છે. હજી જ્યાં ત્યાં મને થયાં છે તો પાંત્રીસ ?'

'પાંત્રીસ વરસના છો તો પાંત્રીસસોના થાવ એવું હું તો ઈચ્છું છું. પણ એ બધું કાંઈ આપણા હાથમાં થોડું છે ?'

'તું તો નકામી ચિંતા કરવા માંડી.' કહીને શ્રીકાંત ખુરસી પરથી ઉઠીને ચાલવા માંડ્યો ને વાત ત્યાં જ અટકી પડી.

*

તે દિવસે સાંજે શ્રીકાંતે મદ્રાસના મામ્બલમ લત્તાની મુલાકાત લીધી. પદ્મિનીએ એનું હસીને સ્વાગત કર્યું અને એને હાથ પકડીને અંદર લઈ ગઈ.

બંને અડોઅડ બેઠાં એટલે પદ્મિની બોલી :

‘આજે જરાક મોડું થયું.’

શ્રીકાંત બોલ્યો :

‘વહેલા આવવાનો વિચાર તો હતો જ પરંતુ એક અગત્યના કાગળનો જવાબ આપવાનો હતો એટલે જરા મોડું થયું.’

‘હરકત નહિ. પણ તું નથી આવતો ત્યાં સુધી મને ચેન નથી પડતું તે તો જાણે છે ને ?’

‘મારી દશા પણ એવી જ છે. તને જોઉં છું ત્યારે જ મારા શરીરમાં જીવ આવે છે. એટલે તો ઓફિસમાંથી રોજ રોજ વહેલો વહેલો દોડી આવું છું.’

‘નીલેશ્વરી કાંઈ કહેતી તો નથી ને ?’

‘કહેતી હોય તોપણ એને કોણ ગણકારે છે ? આજે સવારે જ એણે મોઢું ઉઘાડેલું. કહેતી’તી કે રાતે બહુ મોડું થાય છે !’

‘પછી ?’

‘પછી શું ? હું ક્યાં એમ ગાંજ્યો જઉં એમ છું ? એના કરતાં વધારે ચાલાક છું. કહી દીધું કે હમણાં કમાવાનો ટાઈમ છે, ઓફિસે કામ વધારે પહોંચે છે, એટલે મોડું જ થશે.’

‘પછી એણે બીજું કાંઈ ના કહ્યું ?’

‘કહે શું ? કહે તો એને સીધી દોર કરી નાખું. મારી આગળ એનું કશું ચાલે જ નહિને !’

પદ્મિની ઠાવકા સ્વરે બોલી :

‘બહુ પંચાત કરે તો એક રસ્તો છે.’

‘કયો ?’

‘એને મારી નાખવાનો. એનું કાસળ કાઢવાનો.’

‘એવું પણ થઈ શકે. અને હું બધું કરી શકું એમ છું. પરંતુ જ્યાં સુધી એ વચ્ચે ના આવે ત્યાં સુધી તેવું પગલું શા માટે ભરવું ? એ ભલેને બોલ્યા કરે.’

‘એને આપણા સંબંધની ગંધ આવી છે ખરી ?’

‘મને નથી લાગતું. એને ખબર પડે જ કેવી રીતે ? ખબર પડે તો એના સ્વભાવ પ્રમાણે એ બોલ્યા વિના રહે જ નહિ.’

એ પછી પદ્મિની તથા શ્રીકાંતે પોતાનાં જૂનાં સંસ્મરણો સંભાર્યાં,

છેલ્લા પાંચ વરસથી શ્રીકાંત પદ્મિનીના પ્રેમમાં પડ્યો હતો. પદ્મિની મદ્રાસમાં જ જન્મેલી. નૃત્ય તથા સંગીતમાં કુશળ હતી. એનો ધંધો વેશ્યાનો હતો. એ નિમિત્તે આજ સુધી એ કેટલાય પુરૂષોના સંપર્કમાં આવી ચૂકી હતી. શ્રીકાંતને એનો પરિચય એક મિત્રની મારફત થયો ત્યારથી જ, વીસેક વરસની પદ્મિનીને જોઈને

એ મુગ્ધ બન્યો હતો. આજ સુધીમાં એની પાછળ એણે પુષ્કળ ધન વેરેલું. એનાથી એને એક પુત્ર પણ થયેલો. પાછળથી એનું એકાએક મૃત્યુ નીપજેલું.

*

શ્રીકાંત અને પદ્મિની એવી રીતે રોજ મળતાં. પરંતુ એક દિવસ નીલેશ્વરીને એની ગંધ આવી ગઈ.

વાત એમ બની કે નીલેશ્વરી એ દિવસે સાંજે કોઈ કામ પ્રસંગે શ્રીકાંતની ઓફિસે ગઈ તો ત્યાં શ્રીકાંત ના દેખાયો.

ઓફિસના કારકુને કહ્યું :

'એ તો ઘેર ગયા છે.'

'ઘેર ? ઘેર નથી આવ્યા એટલે તો હું અહિં આવી. ક્યારના ગયા છે ?'

'એમનો ટાઈમ થયો ત્યારના. છ વાગ્યાના. હમણાં હમણાં એ રોજ છ વાગે નીકળીને ઘેર આવે છે.'

'છ વાગે નીકળીને ઘેર આવે છે ?' નીલેશ્વરી બોલી : 'હું તો એમને નથી જોતી. છેલ્લા બે અઢી મહિનાથી એ બાર ને સાડાબાર વગર ઘેર આવતા જ નથી.'

'એટલું બધું મોડું થાય છે ?'

'હા.'

'તો તો એ બીજે ક્યાંય જતા હશે. કોઈ કામે. બાકી અહિંથી તો એ સાંજે છ વાગે નીકળી જ જાય છે.'

નીલેશ્વરી વિચારમાં પડી.

એની શંકા મજબૂત થઈ.

રાતે બાર પછી શ્રીકાંત ઘેર આવ્યો એટલે એણે એને પૂછ્યું :

'રોજ રોજ આટલું બધું મોડું કેમ થાય છે ?'

શ્રીકાંત રોષે ભરાઈને બોલી ઉઠ્યો :

'તું મને કોણ પૂછનારી ?'

'કેમ મને પૂછવાનો અધિકાર જ નહિ ? હું તમારી પત્ની નથી ?'

'પત્ની હોય તો પત્નીને ઠેકાણે. બાકી મારી અંગત બાબતોમાં તારે માથું નહિ મારવાનું. સમજી ?'

'તમે મોડા આવો તો હું પૂછું પણ નહિ ?'

'બિલકુલ નહિ. એમાં પૂછવા જેવું છે જ શું ? ક્યારનું કહી તો દીધું છે કે આજકાલ ઓફિસમાં વધારે કામ પહોંચે છે !'

'ખોટી વાત છે !'

'શું ખોટી વાત છે ?'

'તમે ઓફિસમાં નથી રહેતા. ક્યાંક બીજે જાવ છો.'

'કોણે કહ્યું ?'

'કહે કોણ ? હું આજે ઓફિસમાં આવેલી. તમે ત્યાં હતા જ નહિ. કારકુને કહ્યું કે તમે રોજ છ વાગે ચાલ્યા જાવ છો. મને તમે બનાવો છો !'

'હું તને શા માટે બનાવું ?'

'તો પછી બીજું શું કરો છો ? હવે મને આ બધાની વાત સાચી લાગે છે કે તમે કોઈ મદ્રાસી છોકરીના પ્રેમમાં પડ્યા છો.'

'પડ્યો હોઈશ તો પણ તું શું કરવાની હતી ?'

'કરવાની તો બીજું શું હતી ? પણ તમારે માટે એ સારું ના કહેવાય.'

'તું મને ઉપદેશ આપનારી કોણ ?'

'હું તમને ઉપદેશ નથી આપતી પણ જે સાચી વાત છે તે કહી બતાવું છું.'

'મારે એ વાત નથી સાંભળવી.' કહીને શ્રીકાંતે ગડદાપાટુનો પ્રહાર ચાલુ કર્યો.

નીલેશ્વરી એ પ્રહારથી દિગ્મૂઢ બની ગઈ ને બોલી :

'લો આ બેઠી. તમારે મને મારવી હોય તો મારી નાખો.'

શ્રીકાંતે ગડદાપાટુ બંધ રાખીને કહ્યું :

'છાનીમાની મારી વાતોમાં ઊંડી ઊતરવાને બદલે જે મળે છે તે ખાઈને બેસી રહેને ! નહિ તો જોયા જેવી થશે. મારો એટલો ઉપકાર માન કે એને ઘરમાં નથી રાખતો.'

'તે રાખોને, હું ક્યાં ના કહું છું ?'

'બહુ પાછળ પડીશ તો એવું પણ કરવું પડશે. મને સતાવવામાં સાર નથી.'

'તમે ખોટે માર્ગે જતા હો તો હું તમને કાંઈ કહી પણ ના શકું ?'

'ના. તારે મૂંગી જ રહેવાનું. નહિ તો મરી ગઈ જ સમજજે.'

*

પરંતુ એ અઠવાડિયામાં જ શ્રીકાંતની સ્થિતિ કફોડી થઈ ગઈ.

રોજની જેમ એ પદ્મિનીને ત્યાં ગયો તો ખરો પરંતુ એણે પદ્મિનીને બીજા પુરૂષ સાથે પ્રેમાલાપ કરતી જોઈ.

એને આશ્ચર્ય થયું.

થોડોક આઘાત પણ લાગ્યો.

'આ શું ?' એણે પદ્મિનીને પૂછ્યું : 'આ પુરૂષ કોણ છે ?'

પદ્મિની છંછેડાઈને બોલી :

'કેમ ? તું કાંઈ મારો માલિક છે કે પૂછી શકે ?'

'માલિક નહિ તો પ્રેમી તો ખરો જ.'

'મારે તો એવા કેટલાય પ્રેમી છે. તારા પર કાંઈ છાપ મારી છે ? હું કોઈના બંધનમાં નથી રહેતી. તારે બેસવું હોય તો બેસ નહિ તો ચાલ્યો જા.'

'પદ્મિની !'

'મારે કહેવાનું હતું તે મેં કહી દીધું છે. તું જૂનો થયો છે. હું હમેશાં નવાની શોધમાં રહેતી હોઉં છું. ઈશ્વરે મને આ નવો યુવાન આપ્યો છે. તે તારા કરતાં પણ વધારે રૂપાળો ને પૈસાદાર છે.'

'એટલે ?'

'એનો અર્થ ચોક્ખો છે.'

'શું ચોક્ખો છે ? તારે મન પૈસા અને રૂપ કરતાં બીજી કોઈ વસ્તુનું મહત્વ છે કે નહિ ? વફાદારી જેવી કોઈ વસ્તુને સમજે છે કે નહિ ?'

'ના. તું સમજે એટલે ઘણું છે.' કહીને પદ્મિની ખડખડાટ કરતી હસી પડી.

શ્રીકાંતને કાંઈનું કાંઈ થઈ ગયું. એ દુઃખી સ્વરે બોલ્યો :

'હવે હું તારા ઘરમાં પગ નહિ મૂકું.'

'મારે તને જોઈતોય નથી.'

શ્રીકાંત ચાલી નીકળ્યો.

એ દિવસે એ મરીના બીચ પર ગયો. થોડાક દિવસથી એનું મગજ બગડવા માંડેલું. અતિ વિલાસને લીધે કે કોઈ બીજા કારણે એણે મગજની સ્થિરતા ગુમાવેલી.

એને ગાંડપણની અસર થઈ.

ઘેર આવીને એ જરૂર વગર હસવા માંડ્યો, જેમ ફાવે તેમ બોલવા લાગ્યો, ને ઘરની ચીજવસ્તુઓને આમતેમ નાખવા લાગ્યો.

નીલેશ્વરી તો એ દેખીને ડઘાઈ જ ગઈ.

'તમને થયું છે શું ?' એ બોલી ઉઠી : 'હજુ આજ સવાર સુધી તો સારી રીતે બોલતા ચાલતા'તા ! કે પછી કોઈકે કાંઈ કર્યું ? બીજું તો કોણ કરે ? પણ મને પેલી મદ્રાસી છોકરી પર શંકા આવે છે. એણે જરૂર કાંઈ કર્યું હોવું જોઈએ. પોતાની સ્વાર્થસિદ્ધિ માટે માણસ બધું જ કરી શકે. બીજાની એને કાંઈ ના પડી હોય. બીજાનો વિચાર પણ એ ના કરે. મારા ભાગ્યની પણ બલિહારી જ છે ને કે એક પછી એક મુસીબત આવતી જ જાય છે.'

નીલેશ્વરી રડી પડી.

એનું રડવું સાંભળીને બાજુના બંગલામાં રહેતા ગુજરાતી કુટુંબની સ્ત્રીઓ આવી પહોંચી.

બધી પરિસ્થિતિ જોઈને એકે કહ્યું :

'મને લાગતું જ હતું કે પરિણામ આવું જ આવશે. કોઈનું માને નહિ એને શું કરવું ?'

બીજી બોલી :

'મને તો લાગે છે કે પેલી છોકરીએ કાંઈક કરી દીધું. કાંઈ મંતરેલું ખવડાવ્યું હોય તો પણ આવું થઈ જાય.'

'મને પણ એમ જ લાગે છે.' ત્રીજી બેન બોલી.

બીજે દિવસે સવારે મુંબાઈમાં રહેતા શ્રીકાંતના મોટાભાઈને ટ્રંકકોલ કરીને બોલાવવામાં આવ્યા.

દસેક દિવસ મદ્રાસ રહી, જરૂરી વ્યવસ્થા કરીને, તે સૌને મુંબાઈ લઈ ગયા.

શ્રીકાંતની દવા કરાવી પરંતુ તેને સારું ના થયું. દાક્તરોએ હાથ ધોઈ નાખ્યા.

મોટાભાઈ પણ એ બધાંને ક્યાં સુધી રાખે ?

આશરે અઢી મહિના રહ્યા પછી નીલેશ્વરી ત્યાંથી અમદાવાદ આવી પહોંચી. બે મોટા છોકરા મુંબાઈમાં જ શ્રીકાંતના મોટાભાઈને ત્યાં ભણવા રહ્યા.

અમદાવાદમાં શ્રીકાંતનો બાલમિત્ર હેમંત હતો. એની સ્થિતિ ઘણી સારી હતી. એણે પોતાની દેખરેખ નીચે ચાલતા બાલમંદિરમાં નીલેશ્વરીને નોકરી અપાવી દીધી. પગાર તો ટૂંકો હતો, પરંતુ શ્રીકાંતના મોટાભાઈ મહિને સવા સો રુપિયા નિયમિત રીતે મોકલતા એટલી રાહત હતી. એટલે નીલેશ્વરીએ નવી પરિસ્થિતિમાં વખત વરતી લઈને જેમતેમ કરીને જીવવા માંડ્યું. શ્રીકાંતના માતાપિતા ગોંડલમાં રહેતાં. ખૂબ સુખી હતાં છતાં પણ શ્રીકાંતનો કે છોકરાંઓનો ભાવ ના પૂછતાં.

લાડકોડમાં ઉછરેલી કે સુખમાં મોટી થયેલી નીલેશ્વરીને એ વાતનું પણ ઓછું દુઃખ નહતું. તો પણ એ પોતાના દિવસો બનતી શાંતિ ને સહનશક્તિપૂર્વક પસાર કર્યે જતી.

મારો અને એમનો પરિચય બહુ જૂનો હતો. મારા વ્યવસાયના અનુસંધાનમાં મારે થોડો વખત મદ્રાસમાં રહેવાનું થયેલું ત્યારે હું એમના પરિચયમાં આવેલો. જોકે હવે હું વડોદરા રહેતો, છતાં પણ થોડા દિવસથી કામ પ્રસંગે અમદાવાદ આવેલો. એટલે આ કુટુંબને સહજ રીતે જ અને ફરીવાર મળવાનું થયું હતું.

કુદરતની કળાનો વિચાર કરીને મારું કાળજું કરુણ બની ગયું.

*

મેં કહ્યું : 'શ્રીકાંતભાઈને કાંઈ ફેર નથી લાગતો.'

નીલેશ્વરીએ ઊંડો નિસાસો નાખતાં કહ્યું : 'ફેર તો હવે શું પડે ? હવે તો આમ ને આમ જીવન પૂરું કરે એટલું જ. મગજ સાવ જડ બની ગયું છે. આખો દિવસ બસ ખાવાનું, ચા પીવાનું તથા ઊંઘવાનું જ ગમે છે. બહાર જઉં ત્યારે તાળું મારીને જઉં છું. ત્યારે ઘેરથી ચા પાઈને આવી છું તો પણ કેટલી બધી ધમાલ કરે છે ? મગજ સારું હોય તો આવું કરે ?'

'હવે સારું છે, હરીભાઈ !' શ્રીકાંતે કહેવા માંડ્યું : 'હવે તો કોઈ સારી નોકરી અપાવી દો એટલે થયું નહિ તો કોઈ ધંધો કરીએ. મદ્રાસ જઈને ફરી બંગલો બનાવીએ. ને પછી તો નીલેશ્વરીને લઈને પરદેશ પણ જવું છે. કેમ નીલેશ્વરી, જઈશું ને પરદેશ ?'

'હવે મૂંગા બેસો તો સારૂં.' નીલેશ્વરી બોલી.

'જોયું ? એ મને બોલવાયે નથી દેતી. સારૂં, નહિ બોલું. પણ મને ચા તો પીવડાવવી પડશે હોં ! ચા તો હજુ આવી નહિ.'

'હવે બની ગઈ છે.' હેમંતભાઈએ કહ્યું : 'તમારે માટે સરસ ચા બનાવી છે.'

એટલામાં ચા આવી પહોંચી.

'મને બે પ્યાલા વધારે પાજો.'

'તે શું ઘેર ચા નથી પીતા ?' નીલેશ્વરી ઠપકાભર્યા સ્વરે બોલી ઉઠી.

હેમંતભાઈએ કહ્યું :

'હરકત નહિ. તમને બે પ્યાલા વધારે ચા આપીશું.'

મને થયું કે નીલેશ્વરીની વાત સાવ સાચી છે. શ્રીકાંતમાં કશો સુધારો નથી થયો; અને સુધારો થાય એવી આશા પણ નથી લાગતી.

રાતે ભોજનવિધિ પતાવીને બધાં છૂટાં પડ્યાં.

*

બીજે દિવસે નીલેશ્વરી મને મળી ત્યારે મેં પૂછ્યું :

'આટલા પૈસામાં પૂરું થાય છે ?'

'થતું તો નથી.' એણે કહ્યું : 'આ મોંઘવારીમાં આટલી રકમ તો ચટણી થઈ જાય છે. પણ શું કરું ? મારાથી બીજું થઈ શકે પણ શું ? છોકરાં મોટાં થઈ જાય એટલે નિરાંત થાય. ત્યાં સુધી આમને આમ ચલાવ્યે રાખવાનું.'

થોડી વાર પછી એ ફરી બોલી :

'અહિં આવ્યા પછી બે ત્રણ માણસો મોટી રકમની લાલચ આપીને મને ફસાવવા માટે મારી પાછળ પડેલા. પરંતુ મારાથી એવે ખોટે માર્ગે પગલું ભરી શકાય ? ભલે ઓછું મળે પણ પ્રામાણિક રીતે મળે એજ મને વધારે ગમે છે. શ્રીકાંતના વર્તનથી કંટાળું છું પણ ખરી. છતાં પણ એને છોડી કેવી રીતે દેવાય ? એણે ગમે તેમ કર્યું પણ મારાથી મારી ફરજ છોડી દેવાય ?'

નીલેશ્વરીના શબ્દો સાંભળીને મને એને માટે માન ઉત્પન્ન થયું. એણે ઘણીયે આનાકાની કરી છતાંપણ મેં એને ખૂબ ખૂબ આગ્રહપૂર્વક સો રૂપિયાની મદદ કરી. મારી પણ એટલી તો ફરજ હતીને ?

* * *

## ૧૫. જીવદયા

જનાર્દનની દિલ્હીના ચાંદની ચોકમાં નાનીસરખી કાપડની દુકાન હતી. ચાંદની ચોક જેવા સરસ લત્તામાં દુકાન મેળવવાનું કામ ધાર્યા જેટલું સહેલું નહતું તેની જનાર્દનને ખબર હતી. પરંતુ એની દુકાન તો ઘણી જૂની હતી. પાકિસ્તાન થયા પછી તરત જ એ લાહોરથી દિલ્હી આવેલો અને સદ્‌ભાગ્યે એને ત્યાં દુકાન પણ મળી ગયેલી.

શરૂઆતની થોડીક મુશ્કેલી પછી દુકાન ચાલવા માંડી પણ સારી.

એ બધા દિવસોનું સ્મરણ કરતા કરતાં એ ઋષિકેશમાં બજારની વચ્ચે થઈને પસાર થતો હતો ત્યાં જ કોઈ ભિખારી એની પાસે આવી પહોંચ્યો ને હાથ લંબાવીને બોલ્યો :

'શેઠ સાહબ, ગરીબ પર કુછ દયા હો જાયગી ? કુછ મિલ જાયગા ?'

જનાર્દન બબડ્યો :

'તીર્થોમેં ન માલુમ ઐસે કિતને ભિખારી ઈકઠ્ઠે હુએ હૈં ? જહાં જાતે હૈં વહાં આગે હી હોતે હૈં. સુબહ આયા તો ભી મિલે ઔર અભી શામકો નિકલા તો ભી મિલ ગયે. ઉનકો માંગનેકે સિવા કોઈ ધંધા હી નહિ હૈ.'

ભિખારીએ ફરીવાર માગણી કરી એટલે જનાર્દનનો પિત્તો ઉછળી આવ્યો. એ રોષે ભરાઈને બોલ્યો :

'જાઓ, કુછ નહિ મિલેગા.'

ભિખારી વિદાય થયો એટલે જનાર્દન એક દુકાને ગયો. એને અડધા શેર જેટલો લોટ લેવો હતો.

તેજ વખતે એની પાસે કોઈ ડોસો આવી પહોંચ્યો ને કહેવા માંડ્યો :

'એક પાઉભાર આટા દિલા દોગે ? મૈં ભૂખા હૂં, ઔર ઘર પર મેરે દો બચ્ચે ભી ભૂખે હૈ. ઈશ્વર કે નામ પર કુછ દયા કરો.'

'અરે ભાઈ, દયા કરતે કરતે તો સારી જિંદગી કટ ગઈ. તુમ મુજે દયા કરનેકે લિયે કહનેવાલે કૌન હો ? તુમ ભૂખે હો તો તુમ્હેં ખિલાના કયા મેરા કામ હૈં ?' જનાર્દને સાફ સંભળાવી દીધું.

'મૈં ઐસા નહિ કહતા.' 'ડોસાએ કહેવા માંડ્યું : મેં તો ઈશ્વર કે નામ પર, માનવતા કે નામ પર, કુછ દેનેકી પ્રાર્થના કરતા હૂં.'

'મૈં કુછ ભી નહિ દે સકતા. જાવ, હઠો યહાંસે.'

'કુછ નહિ તો આધા શેર ચને દિલા દીજિયે. ખાકર પાની પીઉંગા.'

'ચને ભી નહિ દે શકતા.' કહીને જનાર્દન ચાલવા માંડ્યો.

ડોસો દીનતા ભરેલા વદને એની પાછળ ચાલી નીકળ્યો.

ત્રિવેણીઘાટ પર ગંગા કિનારે આવીને જનાર્દને લોટની ગોળી વાળીને પાણીમાં એકઠી થયેલી માછલીઓને ખવડાવવા માંડી.

ડોસો ત્યાં પણ પહોંચી ગયો એ જોઈને એ ક્રોધે ભરાયો ને બોલ્યો :

'યહાં ભી આ ગયા ? ગંગાકિનારે દયાધર્મ કરને બૈઠા તો ભી મેરા પીછા નહિ છોડા ? કિતની બાર કહા કિ કુછ ભી નહિ મિલેગા, ફીર ભી...'

ડોસો શાંતિથી કહેવા માંડ્યો :

'આપ કુછ દેના નહિ ચાહતે તો કોઈ બાત નહિ. મૈં આપકો પરેશાન કરને નહિં આયા.'

'તો ક્યા આનંદ દેને આયા હૈ ?'

'આનંદ તો મૈં કયા દે સકતા હૂં ? મૈં તો પૈસે દેને આયા હૂં.'

'પૈસે ?' જનાર્દનને કાંઈ સમજ ના પડી.

'હાં. પૈસે. આપ જબ દુકાન સે ચલે તો યહ દસ રૂપિયેકી નોટ આપકે હાથસે રાસ્તે પર ગિર ગઈ થી. મૈંને અવાજ લગાઈ લેકિન આપને નહિ સુના. ઈસીલિયે યહાં દેને આયા હૂં.'

ડોસાએ નોટ આગળ ધરી.

જનાર્દને લઈ લીધી છતાં એને આશ્ચર્ય થયું.

એનું દિલ બદલાઈ ગયું. ડોસાની પ્રામાણિકતાનો પ્રભાવ એના પર ઘણો ભારે પડ્યો.

દીન નેત્રે નિહાળી રહેલા ડોસાને દેખીને એની જીવદયાની ભાવના સળવળી ઉઠી.

બજારમાંથી થોડી પુરી ને શાક લઈને એણે ડોસાના હાથમાં મૂક્યું. ત્યારે ડોસાની આંખ તો ભીની થઈ જ પરંતુ એની પોતાની આંખ પણ ભીની થઈ ગઈ.



* * *

## ૧૬. યજ્ઞની આહુતિ

ઉનાળો, વૈશાખ મહિનો, અને એમાં પણ બપોરનો બે વાગ્યા પછીનો ટાઈમ. એવે વખતે મુસાફરી કરવાનું કેટલું બધું કપરું થઈ પડે છે, અને એ પણ એસ. ટી.ના વાહનમાં, એ તો જેને વ્યક્તિગત અનુભવ મેળવવાનો અવસર સાંપડ્યો હોય તેજ સમજી શકે. મોટરમાં મુસાફરોની ભીડ નથી માતી હોતી, અને બધા મુસાફરો પરસેવાથી રેબઝેબ થઈ ગયા હોય છે, અને મોટરની અંદર ને બહારથી લૂ વાવાને લીધે શેકાઈ જવા જેવું લાગતું હોય. છે.

એવા વિષમ વાતાવરણમાં મોટર અંબાજીથી આગળ વધી રહેલી. મુસાફરોએ અસહ્ય તાપથી બચવા માટે પડદા પાડી દીધેલા તોપણ એ તાપની અસરથી મુક્ત નહોતા થઈ શકતા.

એક પછી એક ગામો ને શહેરો આવ્યે જતાં હતાં.

ખેડબ્રહ્મા, વડાલી, ઈડર, હિંમતનગર.

હિંમતનગર સુધી મુસાફરોની ભીડ ઘણી હતી. લગ્નસરા હોવાને લીધે માણસોની અવરજવર વધી પડેલી. મોટરમાં ઊભા રહેવાની પણ પૂરતી જગ્યા નહતી. પરંતુ હિંમતનગર આવ્યા પછી ગિરદી ઓછી થઈ અથવા એમ કહો કે એકદમ ઘટી ગઈ.

મોટરને ઉપડવાનો સમય થયો એટલે મુસાફરો પોતપોતાના સ્થાનમાં ગોઠવાઈ ગયા.

ફક્ત બારેક વરસની વયનો એક છોકરો જ મોટરની આગળની સીટ આગળ જઈને ઊભો રહ્યો.

મોટરમાં બીજી કોઈ જગ્યા ખાલી નહોતી દેખાતી પરંતુ એ જ્યાં આગળ ઊભેલો ત્યાં સીટ પર બે જ માણસો બેઠેલા અને એ સીટ ત્રણ માણસોની હોવાથી એક બીજી વ્યક્તિ ત્યાં બેસી શકે તેમ હતી પરંતુ એ છોકરો ઊભો જ રહ્યો.

એની પાસે બેઠેલા બે માણસો પણ એ ઘટનામાં જાણે કશી જ વિશેષતા ના હોય અથવા એવાં દૃશ્યો એમને સદી ગયાં હોય તેમ અલિપ્ત ભાવે એને જોતાં બેસી રહ્યા.

એ બંને પુરૂષો શિક્ષિત દેખાતા.

એમનાં વસ્ત્રો પરથી એ કોઈ સમૃદ્ધિશાળી કુટુંબના છે એવું સ્પષ્ટ દેખાતું.

છતાંપણ આશ્ચર્ય એ હતું કે એ નાના છોકરાને માટે એ જરા પણ જગ્યા - જે જગ્યા એના હકની હતી તે પણ - કરી આપવા તૈયાર નહતા.

છોકરો સ્વભાવસહજ સંકોચને લીધે, ભયને લીધે, લઘુતાગ્રંથિને લીધે કે કોઈક બીજા કારણને લીધે, કશું બોલી શકતો નહતો. એની વેશભૂષા પરથી એ તદ્દન ગરીબ ઘરનો દેખાતો.

મોટર ગરમીમાંથી માર્ગ કરતી આગળ વધ્યે જતી.

કંડકટરે એ છોકરાની પાસેથી ટિકિટના પૈસા લીધા, પરંતુ એથી વધારે એને કશી જ ના પડી હોય તેમ એ મોટરમાં પોતાની સીટ પર આવીને બેસી ગયો ને પોતાનો હિસાબ કરવા લાગ્યો.

પેલા બંને માણસો અંદરઅંદર વાતો કરવા લાગ્યા :

'આ દુનિયામાં આટલું બધું દુઃખ શા માટે છે તેની ખબર છે ? યજ્ઞ નથી કરવામાં આવતા એટલે. ભારતમાં જ્યારે નિયમિત રીતે યજ્ઞો થતા ત્યારે નિયમિત રીતે વરસાદ વરસતા ને લોકો સુખી હતા.'

'સાચું છે. તમારું કથન સો ટકા સાચું છે. માટે તો આપણાં ધર્મશાસ્ત્રોમાં યજ્ઞનો આટલો બધો મહિમા બતાવવામાં આવ્યો છે. યજ્ઞનાં ગુણગાન કાંઈ ઓછાં અને એમનેમ નથી ગાવામાં આવતાં. હું આટલો બધો સુખી છું એના રહસ્યની તમને ખબર છે ? હું રોજ સવારે હવન કરું છું.'

'દેશમાં ઠેરઠેર યજ્ઞો થવા જોઈએ. યજ્ઞો થાય તો યજ્ઞદેવતા પ્રસન્ન થાય ને સુખ સમૃદ્ધિનો વરસાદ વરસે. આજકાલના નેતાઓ સમાજવાદની સુફિયાણી વાતો કરે છે તો પણ દેશમાં સમાજવાદ ક્યાં દેખાય છે ? સમાજવાદ કાંઈ વાતોથી આવવાનો છે ? યજ્ઞને મહત્વનું સ્થાન નહિ આપવામાં આવે ત્યાં સુધી સમાજવાદનાં સ્વપ્નાં અધુરાં રહેવા જ સરજાયલાં છે.'

છોકરાને માટે એ બધી વાતો અઘરી હતી. એની પાસેથી એવી એવી ગૂઢ વાતોને સમજવાની આશા રાખવી એ વધારે પડતું હતું.

મોટરની ઉપરના ચામડાના પટ્ટાને પકડીને પોતાના શરીરના સમતોલપણાને સાચવવાનો પ્રયાસ કરતો એ ઊભો રહેલો. આખી મોટરમાં એજ ઊભો રહેલો, ને મોટર આગળ વધ્યે જતી.

એ મોટરમાં એ દિવસે મારે પણ મુસાફરી કરવાની હતી.

એ કરુણ દૃશ્યને દેખીને મારા કાળજામાં કરુણા પેદા થઈ.

યજ્ઞની અને સમાજવાદની કોરી વાતો મને એટલી બધી આકર્ષક અને આનંદજનક ના લાગી.

મને એક નિર્દોષ છોકરાને અન્યાય થઈ રહ્યો હોય, એની સાથે સારો વ્યવહાર ના થતો હોય, એવું લાગ્યું.

પેલા ભાઈએ ફરીવાર પોતાની વાતના અનુસંધાનમાં કહ્યું :

'લક્ષચંડી મહાયજ્ઞ થતાં થતાં રહી ગયો. જો એ થઈ ગયો હોત તો દેશની સૂરત જ બદલાઈ જાત.'

એમની પાછળ બેઠેલા કોઈક પ્રવાસીએ ટીખળમાં કહ્યું :

'દેશની સૂરત બદલાઈ જાત પણ સારા માટે કે ખરાબ માટે ?'

'સારા માટે'

'એ તો તમે કહો છો ને ?'

'હું મારા અનુભવમાંથી કહું છું. યજ્ઞની એક અલૌકિક આહુતિ કેટલું બધું ચમત્કારિક કાર્ય કરે છે તેની ખબર તમને નથી લાગતી. આજના ભણતરની એજ દુર્દશા છે. એ નવી શ્રદ્ધાને પેદા નથી કરતું ને પુરાણી શ્રદ્ધાનો નાશ કરે છે.'

મને એ પ્રકારના વાર્તાલાપમાં ખાસ રસ ના લાગ્યો.

મારા મનમાં જુદી જ જાતના વિચારો રમતા હતા.

કંડકટર મારી બાજુમાં જ બેઠેલો.

મેં તેને ધીમેથી સૂચવ્યું :

'પેલો છોકરો ક્યારથી ઉભો છે. એની બાજુની સીટ પર બે જ માણસો બેઠા છે. ત્રીજાની જગ્યા છે. તમે જઈને એ છોકરાને બેસાડી આવો.'

પરંતુ કંડકટરે મારી સૂચના પ્રત્યે ધ્યાન ના આપ્યું.

એણે છોકરા તરફ જોયું ખરું પરંતુ એને માટે એ કશું કરવા નહોતો માગતો એ સ્પષ્ટ હતું.

એને પણ કદાચ પેલા સદ્ગૃહસ્થો પાસે જતાં સંકોચ થતો હતો.

એટલામાં તો મોટરને જોરથી આંચકો વાગ્યો ને છોકરો પોતાના શરીરની સ્વસ્થતાને સાચવવામાં માંડમાંડ સફળ થઈ શક્યો.

એ દૃશ્ય મારાથી ના જોઈ શકાયું.

મારા મનમાં કાંઈનું કાંઈ થઈ ગયું.

મને થયું કે એક નાનકડા છતાં મહત્વના યજ્ઞમાં આહુતિ આપવાની આ તક આવી છે તેને જતી ના કરવી જોઈએ—જતી ના જ કરી શકાય.

હું એકાએક ઊભો થયો. ઊભો થયા વિના ના રહી શક્યો.

પેલા બંને પુરૂષોમાંના એકની પાસે હું જઈ પહોંચ્યો ત્યારે એમને આશ્ચર્ય થયું. પરંતુ એમના આશ્ચર્યની પરવા કર્યા વિના મેં એમને કશું પણ બોલ્યા સિવાય સંકેત કરીને એ છોકરાને માટે જગ્યા કરી આપવા કહ્યું ત્યારે એ જરાક આઘા ખસ્યા તો ખરા પણ એમણે મોં બગાડ્યું.

'આને બદલે તમારો પોતાનો છોકરો હોત તો ના બેસાડત ? જોઈ રહેત ? તમે પોતે જ હોત તો શું ઊભા રહેત ?'

મને એવું કહેવાનું મન તો થયું પરંતુ કહેવાની ખાસ આવશ્યકતા ના હોવાથી મેં મૌન જ રાખ્યું.

મારૂં પ્રયોજન પુરૂં થયું એટલું મારા સંતોષને માટે પૂરતું હતું.

ચાલતી મોટરે મારી સીટ પર બેસીને મેં જોયું તો પેલા પુરુષે પોતાના પગ ધીરે ધીરે પહોળા કરેલા ને પેલા છોકરાને બેસવા માટે થોડીક જ જગ્યા બાકી રાખેલી. એ છોકરો લગભગ કિનારી પર બેઠેલો.

છતાંપણ એના મોઢા પર સંતોષ હતો.

લાંબા વખત લગી ઊભા રહ્યા પછી એને બેસીને થાક ઉતારવાની જગ્યા મળેલી એ હકીકત એને માટે ઓછી આનંદકારક નહોતી.

ઝડપથી ચાલી રહેલી, નાનાં સ્ટેશનો નહિ કરનારી, એ એક્ષપ્રેક્ષ બસ આખરે પ્રાંતીજ પહોંચી, ત્યારે કેટલાક પ્રવાસીઓ ઉતરી ગયા ને બીજા કેટલાક નવાએ એમાં સ્થાન લીધું. એ છોકરાની સામેની સીટ તદ્દન ખાલી થતાં એ એના પર બેસી ગયો. એના મુખમંડળ પર એ વખતે સંપૂર્ણ સંતોષ ફરી વળ્યો.

એ દૃશ્ય ખરેખર અનેરું હતું. મને એને જોઈને અતિશય આનંદ થયો.

પેલા બંને પુરૂષો મોટર ચાલતાં પહેલાં થોડાક વખત અગાઉ પ્રાંતીજ ઉતરી પડ્યા. એમણે ઉતરતી વખતે કહેવા માંડ્યું :

'યજ્ઞ વિના કોઈનું કલ્યાણ થયું કદી સાંભળ્યું છે ? આપણે આજ સુધી કેટલાય યજ્ઞો જોયા છે પરંતુ પ્રાંતીજમાં થનારો યજ્ઞ એકદમ અનોખો જ હશે. એના દર્શનનું સૌભાગ્ય સાંપડશે એ કાંઈ જેવીતેવી વાત નહિ હોય.'

'કહે છે ને કે કેટલાક સુધરેલા કહેવાતા લોકોએ એનો અત્યારથી જ વિરોધ કરવા માંડ્યો છે અને એ બંધ રહે એવો પ્રચાર ને પ્રયત્ન શરૂ કર્યો છે ?'

'એમના પ્રચારને કોણ માનવાનું છે ?'

'માનશે, માનશે, કાકા !' પ્રાંતીજથી મોટરમાં ચઢેલા કોઈક યુવાને કહ્યું: 'અમારા પ્રયત્નો સફળ થશે ને એ યજ્ઞ નહિ થઈ શકે. તમારે બદલાયલા જમાના પ્રમાણે બદલાઈને યજ્ઞની ભાવનાને બદલવી પડશે.'

'એમ ?'

'હા.'

'કાકા ' વધારે કશુંક બોલે એ પહેલાં તો મોટર ઉપડી.

યુવાનના શબ્દો વાતાવરણમાં અસ્પષ્ટ રીતે ગૂંજી રહ્યા :

'નવા જમાનામાં યજ્ઞની નવી આહુતિઓ આપવી પડશે. હવે જૂની પરંપરાગત પ્રથાઓ નહિ ચાલે.'

હું એ નવાગંતુક યુવાનને નેહપૂર્વક નિહાળી રહ્યો.

એના શબ્દો અને એમની પાછળના ભાવો કાંઈ હસી કાઢવા જેવા : કાઢી નાખવા જેવા કે ઉપેક્ષણીય નહોતા જ.

પેલો ગરીબ દેખાતો છોકરો પણ એ યુવાન તરફ તાકી રહ્યો.

એના અંતરમાં કેવા ગૂઢ ભાવો ઉછળતા હશે તે કોણ કહી શકે ? એની તો કેવળ કલ્પના જ કરવી રહી. પરંતુ એના મુખ પર અસાધારણ આનંદ હતો.

* * *

## ૧૭. મંગલમય મૃત્યુ

'મા, લગ્ન એજ જીવનનું ધ્યેય છે શું ?'

'લગ્ન કાંઈ જીવનનું ધ્યેય નથી ? પરંતુ જીવનની એક પવિત્ર પ્રવૃત્તિ કે પ્રક્રિયા છે. જીવનના મહાન ધ્યેય તરફ આગળ વધવામાં એ મદદ કરે છે એટલું જ.'

'મને તો એવું નથી લાગતું. શરીરના સુખની લાલસા જ લગ્નનું મુખ્ય કારણ છે. એ ના હોય તો લગ્નનો કશો જ અર્થ નથી રહેતો.'

'તું એવું માનતો હોય તો પણ લગ્ન એક ઉપયોગી અથવા આવશ્યક વસ્તુ છે અને રહેવાની એ તો સાચું જ છે.'

'હું તો લગ્ન નહિ જ કરું. મને એની આવશ્યકતા નથી લાગતી.'

'લાગે કે ના લાગે તોપણ તારે મારે માટે પણ લગ્ન તો કરવાનું જ છે. તું લગ્ન કરશે તે મને ગમશે.'

માતાના શબ્દો સાંભળીને ભાથી ખત્રી વિચારમાં પડ્યો. પણ પછી બોલ્યો :

'લગ્ન કરવાનું સારું કે બીજાને સુખી કરવા જીવવાનું સારું ?'

'બંને સારું.'

'બંનેમાંથી શું કરું તો તને વધારે ગમે ?'

'મને તો એ બંને કરે તે ગમે. લગ્ન કરીને પણ બીજાને માટે જીવી શકાય છે. તું મને વચન આપ કે તું એ બંનેને જીવનમાં અપનાવીશ, તો હું શાંતિથી મરી શકું. મારો જીવ હવે શરીર છોડવાની તૈયારીમાં છે.'

ભાથી ખત્રીએ માતાની શાંતિ માટે વચન આપ્યું અને મરણ પથારીએ પડેલી બિમાર માતાએ શરીર છોડી દીધું. શરીર છોડતાં પહેલાં એ આશીર્વાદ આપતી ગઈ :

'તને ઈશ્વરની દયાથી સ્ત્રી પણ સારી જ મળશે. અને તારું નામ દુનિયામાં અમર બનશે એવો મારો આશીર્વાદ છે. તને કોઈ જાતનું દુઃખ નહિ પડે. ઈશ્વર તને સુખી કરશે.'

'બે વરસ પછી ભાથી ખત્રીના લગ્નની વાત નક્કી ભૂમિકાએ પહોંચી એટલે ભાથી પોતાની ભાવિ પત્ની મેનાને મળ્યો ને કહેવા લાગ્યો '

'લગ્ન શા માટે કરવાનું છે તે તો સમજે છે ને ?'

'મારી બુદ્ધિ પ્રમાણે સમજું છું.' મેના કુવામાંથી પાણી કાઢતાં બોલી.

'એટલે ? શું સમજે છે ?'

'આ કુવામાંથી પાણી કાઢું છું તેમ, જિંદગીના કુવામાંથી સ્ત્રી ને પુરૂષ બંને સાથે મળીને પાણી કાઢે તથા શાંતિને માટેની તરસ છીપાવે તેનું નામ લગ્ન.'

'વાહ. તું તો કોઈક ફિલસુફ કે કવિ લાગે છે.'

'ના. એવું કાંઈ જ નથી. હું તો સાધારણ છોકરી છું.'

'છતાં પણ તારી સમજણ ઘણી ઊંચી છે. ભલભલા પંડિતોને પણ શરમાવે એવી. મારી માતાના આશીર્વાદ ફળશે એમ લાગે છે.'

'શેના આશીર્વાદ ?'

'એણે મને કહેલું કે ઈશ્વરની દયાથી તને સ્ત્રી પણ સારી જ મળશે. એને શાંતિ આપવા માટે જ હું લગ્ન કરવા તૈયાર થયો. નહિ તો લગ્નની મારી ઈચ્છા બિલકુલ નહતી. '

મેના નીચું જોઈને થોડીવાર ઉભી રહી અને પછી બોલી :

'લગ્નને તમે એટલું બધું ખરાબ સમજો છો ?'

'ખરાબ તો નથી સમજતો. પણ એટલું તો સાચું છે કે એને સારું કે સફળ કરવા પતિપત્ની બંનેના સહકારની જરૂર પડે છે. એવા સહકાર વિના એ મોટામાં મોટી કરુણતા કે નિષ્ફળતા બની રહે છે.'

'મારા તરફથી તમને બધી જાતનો સહકાર મળી રહેશે તેની હું ખાતરી આપું છું.'

'મને તો એમ જ થયા કરે છે, મેના ! કે આ જીવન કોઈને દુઃખમુક્ત તથા સુખી કરવા માટે ખરચી નાખું તો ઘણું સારું.'

'એ તો મને પણ ગમે છે.'

'તો તો આપણે સુખી થઈ શકીશું, મેના ! પરંતુ એક બીજી વાત પૂછી લઉં ? એમ થાય છે કે યાદ આવી છે ત્યારે પૂછી લઉં.'

'પૂછી લો.'

'બીજાની સેવા કરવા જતાં શરીરની આહુતિ આપવી પડે તો ?'

'તો શું ? આપી દેવાની. એથી વધારે રુડું બીજું શું હોઈ શકે ?'

'એ સંજોગોમાં તને કાંઈ દુઃખ ના થાય ?'

'દુઃખ તો થાય જ. પરંતુ મનને સમાધાન પણ થઈ જાય. જન્મ્યું તે એક દિવસ જવાનું તો છે જ ને ? એનો હર્ષશોક શો ? પણ આવી વાત શા માટે કરો છો ? તમે કાંઈ એમ એટલા વહેલા થોડા જવાના છો ? તમે તો અમર છો. દીર્ઘાયુ તો ખરા જ. દુઃખીને દુઃખમુક્ત કરવા માટે શરીરનું બલિદાન દેવું પડે તો તે દેવાનું મને પણ ગમે છે.'

એટલામાં દૂર બે ત્રણ પનિહારીઓ આવતી દેખાઈ એટલે ભાથી ખત્રી મેના તરફ સ્મિત કરી એને અભિનંદન આપતાં વિદાય થયો :

'આવી જ પત્નીની મને ઈચ્છા હતી. ઈશ્વરની મારા પર સાચેસાચ કૃપા છે.'

*

લગ્નનો દિવસ પણ આખરે આવી પહોંચ્યો.

ભાથી અને મેનાના આત્મા એકમેકને મળવા માટે થનગનાટ કરવા માંડ્યા.

સુંદર શણગારેલા મંડપમાં લગ્નની વિધિ ચાલુ થઈ.

સપ્તપદી તથા હસ્તમેળાપની વિધિ પણ પૂરી થઈ.

વડીલોએ આશીર્વાદ આપ્યા.

એટલામાં તો કેટલાક લોકો દોડતા આવી પહોંચ્યા.

‘ઉઠો, ઉઠો, બેસી શું રહ્યા છો ? ગામને પાદરે અધર્મીઓનું ટોળુ આવ્યું છે. તે ગાયોને તથા યુવાન સ્ત્રીઓને લઈ જાય છે. તેમને બચાવવાની હિંમત હોય તો ચાલો.’

વાત સાંભળતાં જ ભાથી ખત્રી અધર્મીઓનો સામનો કરવા તૈયાર થયો.

લગ્ન મંડપમાંથી નીકળી, તલવાર લઈને વડીલોના આશીર્વાદ સાથે એ ચાલી નીકળ્યો.

મેના એ હૈયામાંથી હસતાં-હસતાં એને વિદાય આપી.

પરંતુ...

ભાથીને એ ફરી જીવતો ના જોઈ શકી.

થોડાક શૂરવીર સાથીદારો સાથે ભાથીએ અધર્મીઓનો સામનો કર્યો, કેટલાયને ભોંયભેગા કરી દીધા, ને થોડાને ઘાયલ કર્યા.

છેવટે એ ઝપાઝપીમાં જીવલેણ ઘાથી એ પોતે પણ ધરતી પર ઢળી પડ્યો. ગાયો તથા સ્ત્રીઓની રક્ષા થઈ.

‘મેનાને કહેજો’ કે રડે નહિ.’ ભાથીએ છેલ્લો શ્વાસ લેતાં ભલામણ કરી.

*

મેનાને પતિની વીરગતિના સમાચાર મળ્યા ત્યારે એ શાંત સ્વરે બોલી ઉઠી :

‘આના કરતાં વધારે મંગલ મૃત્યુ બીજું કયું હોઈ શકે. ભાથીનું જીવન તો એની ઈચ્છા પ્રમાણે ઉત્સવમય બની ગયું, પરંતુ સાથે સાથે મારું સૌભાગ્ય પણ સફળ થયું.’

અને એ શાંત શબ્દોની સાથે એની આંખમાંથી અંજલિ આપતું અશ્રુબિંદુ ટપકી પડ્યું.

* * *

## ૧૮. પતન

પાવાગઢના પ્રશાંત પર્વત પર ઈન્દ્રભુવનશા રમણીય રાજપ્રાસાદમાં રહેનારા પતઈ રાવળે પૂજાના સુંદર ખંડમાંથી બહાર આવીને આસપાસની પર્વતમાળા પર દૃષ્ટિ ફેંકી.

કેટલી નયનમનોહર હતી એ પર્વતમાળા ?

‘પર્વતમાળા કેટલી બધી સુંદર દેખાય છે ?’ પતઈ રાવળ બબડ્યો : ‘અને શાંતિમય પણ કેટલી ? આવી સરસ પર્વતમાળાની વચ્ચે રહીને દેવીની સેવાપૂજા કે ભક્તિ કરવી એ પણ જીવનનો એક મોટો લહાવો છે. દેવીની કૃપા વિના કાંઈ જ નથી બનતું. એની કૃપાથી જ આવો ઉત્તમ અવસર આવી મળ્યો છે. પરંતુ ભાગ્ય હજુ કાચું છે. દેવીના જેવા જાજ્વલ્યમાન રમણીય રૂપને જોવાનો મારો મનોરથ છે. એ મનોરથ ફળે ત્યારે જ જીવન સફળ બની શકે. કોણ જાણે એ મનોરથ ક્યારે ફળે છે ! હવે તો ઉંમર પણ મોટી થઈ ગઈ. કાળ કાંઈ કોઈને માટે બેસી રહે છે ?’

પતઈની આંખમાંથી આંસુ ટપકી પડ્યું.

એ દેવીનો ભક્ત હતો. મહાકાલીનો ભક્ત. મહાકાલીની પૂજામાં એનો સારો એવો સમય વ્યતીત થઈ જતો. પૂજાની એ પ્રીતિ એને વારસામાં મળી હતી, અને એ પ્રીતિ દિનપ્રતિદિન વધતી જતી હતી. એને અંતરના અંતરતમમાં, ઊંડેઊંડે શ્રદ્ધા હતી કે એ પ્રીતિના પરિપાકરૂપે એક દિવસ દેવીનું દર્શન અવશ્ય થશે.

છતાં પણ હમણાં હમણાં છેલ્લા થોડાક દિવસોથી એનું મન ચિંતીત, વ્યથિત તથા ઉદાસ રહેતું. દેવી કાંઈ નહિ તો કૃપા કરીને એને સ્વપ્નમાં પણ દર્શન આપે એવી એની કામના હતી.

એ ચિંતામાં ને ચિંતામાં એણે પૂજાખંડમાં ફરી પ્રવેશ કર્યો.

બપોરે રાણીએ એને આપોઆપ પૂછ્યું;

‘હમણાંથી તમે કોઈ ઊંડી ચિંતામાં રહેતા લાગો છો તેનું કારણ ? તમને કોઈ દુઃખ છે ?’

‘મારા દુઃખને તું નથી સમજી શકી ?’

‘ના. હું તો તમને સુખી માનું છું. તમને કશુંક દુઃખ હોય એવી કલ્પના પણ હું નથી કરી શકતી.’

‘એ જ મુસીબત છે ને ! તું મને સમજી જ નથી શકતી.’

‘તમને કયી જાતનું દુઃખ છે ?’

‘મને દેવીના દર્શનની ઈચ્છા છે.’

‘દેવીનું દર્શન કોઈને થયું છે ખરું ?’

‘નથી કેમ થયું ? કેટલાયને થયું.’

‘એના દર્શન વિના પણ તમારા જીવનમાં બધી જાતનું સુખ છે. તમે હાથે કરીને દુઃખી થાવ છો એટલું જ.’

‘છતાંપણ મારે એનું દર્શન કરવું છે. અને હું કરીશ જ. મારે એનું દર્શન જરૂર કરવું છે.’

રાણી મૂક રહી. વાતને એણે આગળ ના વધારી.

પરંતુ રાજાને એની વાતની અસર બાણ જેવી ભારે થઈ. એને થયું અને એણે સંકલ્પ કર્યો કે દેવીનું દર્શન કરીને હું પણ રાણીને બતાવી આપું ત્યારે જ ખરો.

એ દિવસથી એણે વધારે મન લગાડીને પૂજા કરવા માંડી.

*

એમ કરતાં કરતાં એક દિવસ પતાઈ રાવળને સ્વપ્ન આવ્યું. સ્વપ્ન નાનું છતાં આનંદદાયક હતું.

એ એણે રાણીને કહી સંભળાવ્યું એટલે રાણીએ કહ્યું :

'સ્વપ્ન છે તો સારું. પણ બધાં સ્વપ્નાં કાંઈ સાચાં પડતાં હશે ? સ્વપ્નનો વિશ્વાસ શો ?'

પતઈએ કહ્યું :

'તને તો મારી કોઈયે વાત વિશ્વાસપાત્ર નહિ લાગવાની. બધી વાતમાં તને શંકા થયા કરવાની.'

'શંકાનો સવાલ નથી. પણ માણસ રોજરોજ જે વિચારે છે તેના પડઘા એના સ્વપ્નમાં પડે છે એ સાચું છે. તમારું સ્વપ્ન પણ તમારા દિવસરાતના ચિંતનમનનના પરિણામરૂપ જ છે.'

'જોજે ત્યારે, તે સાચું પડે છે કે નહિ ! દેવીનું દર્શન સ્વપ્નમાં કહ્યા પ્રમાણે થશે પછી તો તું સાચું માનીશ કે નહિ ?'

'સ્વપ્નમાં કહ્યા પ્રમાણે દેવીનું દર્શન થતું હોય તો તો પછી જોઈતું'તું શું ? દેવી તે વળી ગરબે રમવા આવતી હશે ?'

'મને સ્વપ્નમાં કહ્યું છે તે પ્રમાણે દેવી ગરબે રમવા જરૂર આવશે. મને તો વિશ્વાસ છે. નવરાત્રીના દિવસો હવે ક્યાં દૂર છે ? તું પણ ખાતરી કરી લેજે.'

'મને તો અત્યારથી જ ખાતરી છે.'

*

નવરાત્રીના પર્વદિવસો પણ આખરે આવી પહોંચ્યા.

પતઈ રાવળના રાજભવનના પ્રાંગણમાં ગરબા શરૂ થયા.

પતઈએ આતુર અંતરે કેટકેટલા દિવસો સુધી એની પ્રતીક્ષા કરેલી ?

આજે એનો આનંદ માતો નહતો.

આ દિવસો દરમ્યાન જ એને પેલા સ્વપ્ન પ્રમાણે દેવીનો દર્શનલાભ થવાનો હતો.

રોજ રાતે રસાળ હૃદયે એ ગરબા જોવા લાગ્યો.

ગરબામાં કુળવતી સુંદર સ્ત્રીઓ અને કન્યાઓ ભાગ લેતી.

રાજભવન અમરાપુરી જેવું અમૃતમય દેખાતું.

ચંદ્રમા પણ ગરબાનો રસાસ્વાદ માણતો લાંબા વખત લગી આકાશમાંથી એને એકીટસે મંત્રમુગ્ધ બનીને નિરખી રહેતો.

આઠમની રાતે તો ગરબાની રમઝટ જામી.

ગરબામંડળીએ ઓર રંગ ધારણ કર્યો.

પતઈ ગરબાને ધ્યાનપૂર્વક જોતો'તો, પરંતુ આજે એનું મન ઠેકાણે નહતું.

વાત એમ હતી કે ગરબામાં આજે એક નવી જ રૂપસુંદરી કુમારિકાએ ભાગ લીધેલો. પતઈ એને અવારનવાર જોતો—એમ કહો કે એને જ જોતો, પણ ધરાતો જ નહતો. એને જોતાંવેંત જ જાણે અમરાપુરીની કોઈ અપ્સરા ધરાતલ પર ઉતરી આવી હોય એવું લાગ્યા કરતું. પતઈને પણ એવું જ લાગ્યું. એના પર એ મોહિત થઈ ગયો. વારી ગયો.

અમરાપુરીની અપ્સરા ધરાતલ પર કાયમને માટે થોડી જ રહે છે ? એ અમરાપુરીમાં પાછી જાય તે પહેલાં એનો આનંદ લઈ લેવો જોઈએ. કે પછી સ્વપ્નમાં સૂચવ્યા પ્રમાણે દર્શન આપવા આવેલી આ દેવી પોતે જ છે ? હા. દેવી પોતે જ લાગે છે... દેવી પોતે જ. બીજું કોઈ આટલું બધું રૂપાળું ના જ હોઈ શકે.

વિચાર અને ભાવના ઉભરામાં પતઈ ઊભો થયો, ગરબામંડળમાં ઘૂમતી રૂપવતી કુમારિકા પાસે આવી પહોંચ્યો, અને એનો હાથ પકડીને ઊભો રહ્યો.

સમસ્ત ગરબામંડળીમાં સન્નાટો છવાઈ ગયો. મંડળી સ્તબ્ધ બની ગઈ. રંગમાં ભંગ પડ્યો.

પરંતુ ત્યાં તો પતઈ ચમકીને થોડો દૂર હઠી ગયો. એને અંગારાથી દાઝવા જેવો અનુભવ થયો.

'પતઈ, તારા પેટમાં પાપ છે. એણે તને દઝાડ્યો છે.' કુમારિકાએ કહ્યું.

'તું કોણ છે ?' પતઈએ પૂછ્યું.

'હજી મને ના ઓળખી ?' કુમારિકાએ સામે પૂછ્યું : 'હું દેવી છું. તારી ઈષ્ટદેવી કાલી માતા, મારા સંકેત પ્રમાણે હું પ્રકટ થઈ છું. આ બધી મારી સાથે ગરબે રમનારી સ્ત્રીઓ મારાં જ સ્વરૂપો છે. મેં જ એમનું રૂપ લીધું છે. આજે કોઈ બહારની સ્ત્રી નથી આવી. બહારની સ્ત્રીઓના રૂપમાં હું જ દેખાઈ રહી છું. જો !'

પતઈએ જોયું તો બીજી બધી જ સ્ત્રીઓ અદૃશ્ય થઈ. એક દેવી જ બાકી રહી.

પરંતુ પતઈના મનમાં બીજો જ વિચાર રમી રહ્યો હતો. એ આજે ભાન ભૂલેલો. એ બોલ્યો :

'તમે મારી પટરાણી બનીને મારા મહેલમાં વાસ કરો.'

'પટરાણી ? પતઈ, તારું મગજ બગડ્યું લાગે છે. હું તે કોઈની પટરાણી થઈ શકું ?'

'કેમ ના થઈ શકો ? તમે તૈયાર નહિ થાવ તો તમને હું બળજબરી પકડીને મારા મહેલમાં લઈ જઈશ. મારા બળની તમને ખબર છે ?'

દેવી હસીને બોલી :

'પતઈ, તું ભક્તિના મર્મને નથી સમજ્યો. તેથી તારી બુદ્ધિ બગડી ગઈ છે.'

'બગડી નથી ગઈ.'

તો પછી ?

બુદ્ધિ તો તમારી બગડી છે, માટે જ મારી પટરાણી થવાનો ઈન્કાર કરો છો.

રાણીએ પતઈને ઘણો સમજાવ્યો, પરંતુ એ એકનો બે ના થયો. દેવીને પકડવા માટે એ ફરી આગળ વધ્યો.

દેવીએ અંતર્ધાન થતાં થતાં કહ્યું :

'પતઈ, મારો શાપ છે કે તું થોડા જ વખતમાં તારા રાજ્યસુખને ખોઈ બેસીશ. દુશ્મનના હાથે તારો નાશ થશે. મરતાં પહેલાં બુદ્ધિ સુધારી લે. સદ્‌બુદ્ધિ અને શીલ જ કલ્યાણકારી છે.'

પતઈ શાપની ગંભીરતા ના સમજ્યો, પરંતુ રાણી વિલાપ કરવા લાગી.

એ પછી થોડા જ વખતમાં દુશ્મનદળના આક્રમણથી પાવાગઢનું પતન થયું ને પતઈનો નાશ થયો.

પાવાગઢની પર્વતમાળા આજે પણ એ ઈતિહાસની સાક્ષી બનીને ઊભી રહી છે. પતન એનું નહતું પરંતુ પતઈનું હતું એ સંદેશ એ આજે પણ આપી રહી છે.

* * *

## ૧૯. દમયંતીનું દિલ

કેટલીક સાહિત્યકૃતિ લોકોનું ખાસ ધ્યાન ખેંચે છે. એમની શક્તિ અજબ હોય છે. લોકો એમાંથી પ્રેરણા મેળવે છે, શક્તિની પ્રાપ્તિ કરે છે, નવજીવનની સામગ્રી પામે છે, અને એક પ્રકારના અસાધારણ અને અભૂતપૂર્વ રસાસ્વાદનો અનુભવ કરે છે. એની અંદર કોઈક એવું અસામાન્ય તત્વ હોય છે જે વાચકને તરત સ્પર્શી જાય છે, મંત્રમુગ્ધ કરી નાખે છે, અનેરો આનંદ આપે છે. એમ કહો કે વાચકને એ કોઈક નવા જ અનુભવપ્રદેશમાં પહોંચાડી દે છે. એ કૃતિ ગદ્યની હોય કે પદ્યની, એ વાત એટલી અગત્યની નથી હોતી. અગત્યની વાત તો એની અસર હોય છે. એ અસર એટલી બધી ગાઢ હોય છે કે વાત નહિ. વાચકનું સર્વકાંઈ એથી પ્રભાવિત થઈને હાલી ને નાચી ઊઠે છે. કહે છે કે કવિ કાલિદાસના શાકુંતલને વાંચીને જર્મન કવિ ગેટેનું એવું જ થયું હતું. એણે એ સુંદર, શકવર્તી પુસ્તકને પોતાના મસ્તક પર મૂક્યું ને પછી એ આનંદના અતિરેકમાં આવીને નાચવા માંડ્યો. જાણે સ્વર્ગસુખથી પણ વધારે મોટું સુખ મળ્યું હોય એવી એની દશા થઈ ગઈ. ઉપનિષદને વાંચીને પણ શોપનહોવર તથા પ્રસિદ્ધ જર્મન પંડિત મેક્ષમૂલરને એવા જ ભાવ થયા હતા. ઉપનિષદનું જ્ઞાન એમને દુનિયાભરના બધા જ ધર્મગ્રંથોમાં અજોડ લાગ્યું : એટલું જ નહિ, પણ જે દેશે એ સર્વોત્તમ જ્ઞાનનો આવિષ્કાર કર્યો તે દેશની સંસ્કૃતિનાં એમણે સર્વશ્રેષ્ઠ કહીને મુક્ત કંઠે વખાણ કર્યાં. ઉત્તમ કૃતિની અસર એવી અસાધારણ હોય છે. એ વ્યક્તિની સાથે દેશની મહત્તાને પણ વધારનારી થઈ પડે છે. એ વિશે જો લખવા બેસીએ તો એક મોટો નિબંધ કે મહાનિબંધ પણ લખાઈ જાય. પણ આપણો ઉદ્દેશ એવો નથી. આપણો ઉદ્દેશ તો કેવળ એવી ઉત્તમ સાહિત્યકૃતિની શક્ય અસરો પ્રત્યે અંગુલિનિર્દેશ જ કરવાનો છે. એ પણ એટલા માટે કે દમયંતીના હાથમાં કોઈક અપરિચિત કવિનાં તાજેતરમાં પ્રસિદ્ધ થયેલાં ગદ્યકાવ્યોનું એક પુસ્તક છે. એની અસર પણ એના પર એવી જ ભારે થઈ રહી છે. એ પુસ્તક હજુ તો એની પાસે ગઈકાલે જ આવ્યું છે. પરંતુ એને એમાં એટલો બધો રસ પડ્યો છે કે આ બે દિવસમાં એણે એને આખું વાંચી લીધું છે. એ એની શૈલી, વાક્યરચના ને ઉત્તમ વિચારધારાથી એટલી બધી મુગ્ધ થઈ ગઈ છે કે વાત નહિ. એ પુસ્તક વાંચીને એણે પોતાના યજમાન મિત્રને કહ્યું પણ ખરું :

'કેટલું સરસ પુસ્તક છે, ઉપેન્દ્રભાઈ ? આવાં ઉત્તમ પ્રકારનાં પુસ્તકો હવે લખાય છે જ ક્યાં ? આવા પુસ્તકને તો વિવેચકોએ ખાસ વખાણીને બહાર લાવવું જોઈએ. એના પર સરસ વિવેચન લખવું જોઈએ. હજુ સુધી આના પર તો કોઈએ વિવેચન પણ નથી લખ્યું. તમે આ પુસ્તકનો પરિચય કરાવીને મારા પર ઘણો મોટો ઉપકાર કર્યો છે. હું તમારી ખરેખર ઋણી છું. હુંય પુસ્તકો તો લખું છું. પરંતુ આ પુસ્તક તો બધી રીતે અલગ પડી જાય એવું છે. હું આને મારી સાથે જ લઈ જઈશ. તમને હરક્ત ના હોય તો મને આપી દો.'

'જરૂર. મને કાંઈ જ હરકત નથી. મને આ પુસ્તક ઘણું જ ગમી ગયું છે. છતાં તમે આને લઈ જાવ. હું આની બીજી કોપી મંગાવી લઈશ. હું કોલેજમાં કેટલાંય પુસ્તકો ભણાવું છું તથા ભણાવી ગયો છું. પરંતુ આટલું બધું સરસ તથા પ્રેરણાત્મક પુસ્તક તો મેં એક પણ નથી જોયું. આપણા કાવ્ય સાહિત્યમાં આ પુસ્તક એક નોંધપાત્ર ઉમેરો કરે છે. આ ગદ્યકાવ્યો ગુજરાતી જ નહિ, વિશ્વની કોઈપણ ભાષાના સાહિત્યને સુશોભિત કરે અને અમર બનાવે એમ છે.'

'ત્યારે તમે જ આના પર એક વિસ્તારપૂર્વકનો, આની ખૂબીઓ જણાવતો, વિવેચનલેખ લખી કાઢોને, ઉપેન્દ્રભાઈ ! કોઈ છાપા કે માસિકમાં પછી એને પ્રસિદ્ધ કરો. એથી લોકોનું ધ્યાન તો આ ઉત્તમોત્તમ સંગ્રહ તરફ ખેંચાશે ! તમે તો એક સારા લેખક ને વિવેચક પણ છો. કાવ્યશાસ્ત્રના આદર્શ અભ્યાસી છો.'

'આ સંગ્રહ મને એક ભાઈએ ભેટ આપ્યો છે જ એટલા માટે કે હું આના પર એક લેખ લખું. મેં એવો લેખ લખ્યો પણ છે. તે તમને પછી બતાવીશ. તેને ક્યાં છપાવવો તેનો વિચાર પણ આપણે કરી લઈશું.'

'વાહ, તો તો ઘણું સારું. કોઈ નવોદિત કવિ કે લેખકની કોઈક નોંધપાત્ર કૃતિ બહાર પડે તો પહેલાં તો વિવેચકો એને પ્રકાશમાં લાવતા. એ હમેશાં જાગ્રત રહેતા ને સાહિત્યના સંતરીનું કામ કરતા. આ કાવ્યસંગ્રહને નરસિંહરાવ, રામનારાયણ, વિજયરાય, બળવંતરાય ઠાકોર, વિશ્વનાથ ભટ્ટ કે રમણલાલ વસંતલાલ દેસાઈ જેવા કોઈ ઉત્તમ કોટિના વિવેચકે જોયો હોત તો તે આનાં ગુણગાન કર્યા વિના રહેત નહિ; અને અત્યારે તો એણે આખા ગુજરાતનું ધ્યાન ખેંચ્યું હોત. છેલ્લા છ મહિનાથી બહાર પડ્યો છે તોય મેં તો આના વિશે આજે જ જાણ્યું—ગઈકાલે તમે આપ્યો ત્યારે. કવિએ એને વિવેચન માટે છાપામાં કે બીજે મોકલ્યો તો જરૂર હશે. પણ એના સંબંધી કોઈ લખે ત્યારે ને ? કોઈ લખનારાની એને ઓળખાણ નહિ હોય. નહિ તો સાવ સાધારણ પુસ્તકો માટે લખાય છે ને આવો ઉત્તમ ગદ્યકાવ્યોનો સંગ્રહ અંધારામાં રહી જાય ?'

એ પછી ઉપેન્દ્રભાઈએ એ સંગ્રહ પરની પોતાની લખેલી સમીક્ષા બતાવી.

દમયંતી એ વાંચીને રાજી થઈ.

'ખૂબ સુંદર લખાણ છે, હોં ઉપેન્દ્રભાઈ ! સંગ્રહની ખૂબીને એનાં અવતરણો ટાંકીટાંકીને તમે ભારે કુશળતાપૂર્વક કહી બતાવી છે. તમે લખ્યું છે કે ટાગોરની ગીતાંજલી કરતાં આ સંગ્રહ જરા પણ ઉતરતો નથી : બલ્કે કેટલીક દૃષ્ટિએ તો એથીયે ચઢી જાય એવો છે : એ લખાણ મને બહુ જ ગમ્યું. એના સમર્થનમાં તમે કહી બતાવેલા મુદ્દા પણ ગમ્યા. તમે ઘણું સારું કામ કર્યું, ઉપેન્દ્રભાઈ ! ગુજરાતી સાહિત્યની તમે આ લેખ લખીને મોટી સેવા કરી. એને કોઈ સારા છાપામાં છપાવજો.'

'છાપામાં છપાવવા કરતાં કોઈ સુંદર સામયિકમાં છપાવીશ. છાપા કરતાં સામયિક દ્વારા એ લાંબા વખત લગી વધારે લોકોનું ધ્યાન ખેંચી શકે. કોઈ સામયિક લે તો પ્રયાસ કરી જોઈશ. કેટલીકવાર સામયિકના તંત્રી આવા કવિ વિશે લખાયલા લેખ નથી લેતા. કેમકે એ કવિ હજુ અજ્ઞાત હોય છે. કોઈ જાણીતા કે પરિચિત કવિ વિષે લખ્યું હોત તો તે તરત લઈ લે. આજ સુધી મેં એવું લખ્યું છે પણ ખરું. છતાંપણ મારાથી બનતો પ્રયત્ન તો કરી જ જોઈશ.'

દમયંતી એ સાંભળી જરા વિચારમાં પડી. એના ચહેરા પર થોડી ગમગીની ફરી વળી. કાવ્યસંગ્રહ ને કવિ માટે એને ઊંડી લાગણી થઈ ગઈ હતી. એમની પ્રસિદ્ધિ થાય એ માટે એ સાચેસાચ આતુર હતી.

*

બે દિવસ બાદ, ભાવનગરથી અમદાવાદ આવીને, સૌથી પહેલું કામ દમયંતીએ કાવ્યસંગ્રહના કવિને પત્ર લખવાનું કર્યું. એણે લખ્યું :

શ્રીમાન કવિશ્રી,

મારા લખેલા આ પત્રથી આપને આશ્ચર્ય તો થશે જ. પરંતુ હૈયું હાથમાં ના રહી શકવાથી મારા આપને માટેના અપાર અનુરાગ અને આદરભાવથી અભિવ્યક્તિ કરવાના એકમાત્ર ઉદ્દેશથી આ પત્ર લખી રહી છું. વાત એમ બની કે થોડા દિવસો પહેલાં ભાવનગરમાં એક કલાકારોનું સંમેલન ભરાયું હતું. તેમાં હું પણ ગઈ હતી. તે વખતે મારા એક યજમાન મિત્રને ત્યાં આપનું તાજેતરમાં પ્રસિદ્ધ થયેલું પુસ્તક વાંચવાનું મને સદ્ભાગ્ય મળ્યું. એને હું સદ્ભાગ્ય કહું છું તે કાંઈ કેવળ કહેવા ખાતર નહિ : એ એક સાચેસાચું ને સર્વોત્તમ સદ્ભાગ્ય હતું. આપના એ ગદ્યકાવ્યોના પુસ્તક જેવું સુંદર ને શિષ્ટ તથા પ્રેરણાત્મક પુસ્તક મેં હજુ સુધી બીજું નથી જોયું. ગુજરાતી જ નહિ, દુનિયાની કોઈપણ ભાષાના સાહિત્યને સુશોભિત કરવાની સામગ્રીવાળા આવા સર્વોત્તમ સંગ્રહની પ્રસિદ્ધ માટે હું તમને અનેકાનેક અને અંતઃકરણ પૂર્વકનાં અભિનંદન આપું છું.

ટૂંકા સરસ કાવ્યો નિર્મળ ભાવનાથી ભર્યા હોઈને, રસાપ્લાવિત સરળ શૈલીને લીધે, અંતરને એકદમ અસર કરે છે અને અદ્ભુત ભાવથી ભરી દે છે. ખરેખર, મેં તો એ કાવ્યોના વાચનને પરિણામે કોઈ અનેરો જ સ્વર્ગીય આનંદ અનુભવ્યો. આપને જાણીને આશ્ચર્ય થશે તોપણ જણાવું છું, કે એ આખોયે સંગ્રહ મેં બે દિવસમાં જ સમાપ્ત કર્યો. એ કાવ્યોના વાચનમાં મને કેટલો બધો અસાધારણ રસ પડ્યો હશે એની કલ્પના કરવા માટે આટલી હકીકત પર્યાપ્ત થઈ પડશે.

વિલાસ કરતાં સંયમની કવિતા આપે વધારી કરી છે. અને દુન્યવી જીવનને ઉદાત્ત બનાવીને વધારે ને વધારે આનંદમય, સ્નેહમય તથા શાંતિમય કરવાની જડીબુટ્ટી ધરી છે. કેવળ વ્યક્તિગત સુખપ્રાપ્તિ અને ઉદ્ધારના મોહક મંત્રોનો જયઘોષ કરવાને બદલે સમષ્ટિગત સુખ, શાંતિ તથા સમૃદ્ધિ અને સ્વતંત્રતાના મંત્રધ્વનિ સંભળાવીને કર્તવ્યની ઉત્તમોત્તમ દીક્ષા પૂરી પાડી છે. અને એવું તો બધું કેટલુંય છે જેનો ઉલ્લેખ કરવા બેસું તો મોટું મહાભારત લખવું પડે. વળી હું કોઈ નિષ્ણાતવિવેચક પણ નથી. આ તો મારા પર એ કાવ્યોએ કરેલી અસરની આછી પાતળી અભિવ્યક્તિ માટે સંક્ષેપમાં આટલું લખી લીધું. વધારે પડતું લખાયું હોય તો ક્ષમા કરશો.

મારા વિશે બે લીટી લખું તો એ અસ્થાને નહિ ગણો એમ માનીને લખી રહી છું. હું પણ એક સારી એવી સાહિત્યકાર છું : કવયિત્રી નહિ પણ લેખિકા, કાવ્યો લખું છું પણ હજુ એ આપના સંગ્રહ સાથે સરખાવતાં અત્યંત સાધારણ જેવાં લાગે છે; એટલે કવયિત્રી તરીકે હું મને નથી ઓળખાવી શકતી. વાર્તાઓ તથા નવલકથાના ક્ષેત્રે મેં સારી પ્રગતિ કરી છે તેમજ સુપ્રસિદ્ધ સાક્ષરોની પ્રશંસા પામી શકી છું. લેખનકળા મને બાળપણથી જ વરી છે તથા અત્યંત પ્રિય છે. માસિકો અને સાપ્તાહિકોમાં મારી વાર્તાઓ અવારનવાર પ્રસિદ્ધ થયા કરે છે. એને લીધે લોકચાહના પણ સારી મેળવી શકી છું.

આપના ઉત્તરની આશા તો રાખી શકું ને ? ઉત્તરની રાહ તો જરૂર જોઈશ. ઉત્તર આપશો—છેવટે બે લીટી કે બે શબ્દોમાં પણ, તો મને અત્યંત આનંદ થશે. હું એને મારું મોટું સદ્ભાગ્ય માનીશ.

સરનામું અલગ કાપલીમાં લખી મોકલ્યું છે. આપનું સરનામું મેં કાવ્યસંગ્રહમાંથી મેળવ્યું છે.

કુશળ હશો.

દમયંતીના વંદન.

કાગળ એણે ફરીફરીને બે વાર વાંચી કાઢ્યો ને પછી સંતોષ પામીને ટપાલમાં રવાના કર્યો.

*

એ પછીનું અઠવાડિયું એણે ભારે મંથનમાં વીતાવ્યું. રાતદિવસ એ કવિના ને એની કવિતાના જ વિચારો કર્યા કરતી. કવિના હૃદય પર એના પત્રની કેવી પ્રતિક્રિયા થશે; કવિને એનો પત્ર ગમશે કે નહિ ગમે : ને ગમશે તો પણ એ એનો ઉત્તર આપશે કે નહિ આપે : એ વિચારો એના મનને વીંટી વળીને એને બેચેન બનાવવા લાગ્યા. સરનામું લખતી વખતે કોણ જાણે કયા ભાવથી પ્રેરાઈને પણ દમયંતી લખવાને બદલે કુમારી દમયંતી લખ્યું હતું. એ કુમારી હતી એની ના નહિ: છતાંપણ એવી રીતે લખવું એ કોઈ અકસ્માત નહતો. એણે એ હાથે કરીને લખ્યું હતું અથવા કહો કે એનાથી એવું લખાઈ ગયું હતું. એ લખતી વખતે એનું હૈયું કેવા ભાવો અનુભવી રહ્યું હતું તે તો તેને જ ખબર હતી. એ ઉછાળા મારતું હતું. પ્રેમથી પરિપ્લાવિત બની જતુ'તું. ને કલ્પનાની પાંખ પર ચઢીને, આજુબાજુ નજર નાખતાં પૂછતુ'તું કે કવિ, એનો માનીતો કવિ, પરિણીત હશે કે અપરિણીત ? જો એ અપરિણીત હોય તો...

પરંતુ ત્યાં તો બુદ્ધિ તેની તંદ્રાને તોડી નાખીને કહેતી હતી.

'અરે ! તું પણ ખરું છે ! જ્યાં આવે ત્યાં લાગી જવું અથવા રાગી થવું એથી વિશેષ તારે કોઈ ધંધો છે કે નહિ ? કવિ પરિણીત હોય કે અપરિણીત એની સાથે તારે શી નિસ્બત ? તું તો કવિનાં સરસ કાવ્યોનું અનુરાગી છે. એનાથી મુગ્ધ થયેલું છે. કવિ પરિણીત હશે તો એ મુગ્ધતા મટી કે ઘટી જવાની છે ? અને ધાર કે એ અપરિણીત હશે તો એ મુગ્ધતામાં કાંઈ વધારો થવાનો છે ? અથવા તો એથી ઉલટું થવાનું છે ? તારે આવા વિચાર શા માટે કરવા પડે છે ? તારે તો સાહિત્યના રસાસ્વાદ સાથે સંબંધ છે, સાહિત્યકાર સાથે નહિ. છતાં સાહિત્યકારના અંગત જીવનમાં ઉતરવાની ધૃષ્ટતા તું શા માટે કર્યા કરે છે ? આ કાંઈ પહેલો જ પ્રસંગ નથી. તે દિવસે પેલા વિખ્યાત વાર્તાકારની વાર્તા વાંચીને દમયંતીએ પત્ર લખેલો ત્યારે પણ તેં આવા જ ભાવનો અનુભવ કરેલો. અને પછી એ ભાવ તને કેટલા બધા ભારે પડી ગયા તે તું જાણે છે ને ? વાર્તાકાર પરણેલો નીકળ્યો ને તારો બધો જ ઉત્સાહ ઓસરી ગયો. એ પછી એનામાં અને એની વાર્તામાં તારો રસ ના રહ્યો. હવે પાછું તું એજ ભૂલની પુનરાવૃત્તિ કરી રહ્યું છે, કવિનાં કાવ્યોનો આસ્વાદ લઈને બેસી રહેને ! આ તો તું એક ભયજનક માર્ગે આગળ વધે છે. પછી પાછો પહેલાંના જેવો આઘાત લાગે ત્યારે બેસી રહેજે !'

સાચું હતું. દમયંતીના જીવનમાં આજથી ચાર વરસ પર એવો જ બનાવ બન્યો હતો. દમયંતી એ વખતે ત્રીસ વરસની હતી. કોલેજમાંથી બી. એ. કરીને છૂટક ટ્યુશનો કરતી હતી. એ વખતે એણે એક વાર્તાસંગ્રહ વાંચ્યો. એ એને એટલો બધો ગમી ગયો કે વાત નહિ. બસ, પછી તો શું કહેવું ? એણે એ વાર્તાકારનું સરનામું શોધી કાઢ્યું. અને પછી એ વાર્તાકારને આજના જેવા જ ઉમળકાથી ઉભરાઈને એક સુંદર કાગળ લખી કાઢ્યો.

વાર્તાકારે એને ઉત્તર આપ્યો. એથી ઉત્સાહમાં આવીને એ એમને મળવા ગઈ. વાર્તાકાર વિશે એણે કેવીકેવી કલ્પના કરી રાખી હતી ? પરંતુ એમને પ્રત્યક્ષ મળ્યા પછી એ કલ્પના પર પાણી ફરી વળ્યું. એક તો એ પરિણીત હતા અને અહંકારી પણ એવા જ. વળી સ્ત્રીઓને એ કઠપુતળી જેવી માનતા. ભોગવિલાસમાં મદદરૂપ થનારા એક મહત્વના સાધન તરીકે જ એ સ્ત્રીઓનો ઉલ્લેખ કરતા. બાકી એમને મન સ્ત્રીની કશી જ

મહત્તા નહતી. પોતાની સ્ત્રી તરફ એ અત્યંત બેદરકાર રહેતા ને બીજી સ્ત્રીઓની પાછળ ફર્યા કરતા. એ કહેતા કે સ્ત્રીનો જન્મ જ પુરૂષને આનંદ આપવા માટે છે. નીતિના નિયમો તો પુરૂષે પાછળથી પેદા કર્યા છે. એ નિયમોને વળગી રહેવાની જરૂર નથી. એ નિયમો સમાજની સ્વતંત્રતામાં નડતરરૂપ છે. માટે એમને ફગાવી દેવાની ને સ્વેચ્છાપૂર્વક વર્તવાની જરૂર છે. દમયંતીને ભોળવવાનો એમણે પ્રયાસ કરી જોયો. પરંતુ દમયંતી નીતિનિયમમાં માનતી હોવાથી, એમના સકંજામાં ના સપડાઈ શકી. એ કટુ અનુભવને દમયંતી હજુ ભૂલી નહતી ગઈ. છતાંપણ કવિના કાવ્યસંગ્રહને વાંચીને એજ જાતના ભાવોનો અનુભવ કરી બેઠી. કદાચ એટલા માટે પણ કે એ હજુ અપરિણીત હતી અને એનું હૈયું કોઈક સાથીની ઝંખના કરતું હતું. એવો સાથી જો સાહિત્યકાર હોય તો તે તેને વધારે ગમે. કેમકે તે પોતે સાહિત્યકાર હતી. સાહિત્યસ્વામી એના હૃદયનો સ્વામી પણ બની જાય તો એવો યોગ અત્યંત અમુલખ અથવા વિરલ થાય એવા યોગ માટે એ અનેકવાર સ્વપ્નાં સેવતી.

સાહિત્યકાર પતિ કે પત્ની મળે તો જીવન કેવું થાય ? સુખી કે દુ:ખી, અથવા સફળ કે અસફળ ? એ એક વિચારવા જેવો પ્રશ્ન જરૂર છે. અને એણે એવો વિચાર નહતો કર્યો એમ નહિ. કોઈકવાર એવું જીવન સુખી કે સફળ થાય છે ને કોઈકવાર દુ:ખી અથવા અસફળ. એ વિશે કાંઈ ચોક્કસપણે ના કહી શકાય ને ધારો કે કહીએ તોપણ એ કથન કદાચ બધા જ લેખકોને લાગુ પડશે કે કેમ તે કહેવું તો મુશ્કેલ છેજ. પુરૂષ કે સ્ત્રી બંનેમાં એક જ રુચિવાળા વિષયમાં જો સ્પર્ધા જાગે ને વધારે ઉત્તમ સિદ્ધ થવાની લગની લાગે, તો બંનેમાં કટુતા જાગવાનો ને ક્લેશ કે ઘર્ષણ થવાનો સંભવ છે. એથી ઉલટું જો બંને ગુણગ્રાહી હોય અને એકમેક પ્રત્યે અસીમ આદર રાખીને એકમેકનાં પૂરક બળ થઈને રહેતાં હોય તો જીવન સફળ, સુખી તથા સ્વર્ગીય થઈ શકે એમાં શંકા નહિ. એટલે આખોયે પ્રશ્ન માનસશાસ્ત્રનો ને વ્યક્તિના સ્વભાવ પર આધાર રાખતો હોઈને એ સંબંધી એકધારો નિર્ણય ના આપી શકાય. એનો નિર્ણય તો વ્યક્તિ પોતે જ ને તે પણ પોતાને માટે કરી શકે.

દમયંતી એ બધું પણ વિચારી ચૂકી હતી. છતાં આખો વિષય જ એવો હતો કે એ બાબત વ્યક્તિગત પ્રયોગની જરૂર હતી. એટલે પરિચય કરવાનું જોખમ—જો એને જોખમ કહીએ તોપણ—ખેડ્યા વિના છૂટકો નહતો.

*

દમયંતીનો પત્ર વાંચીને કવિએ એક પ્રકારની અનેરી લાગણી અનુભવી. કેટલો સરસ પત્ર ? એનું હૈયું બોલી ઊઠ્યું. એ પત્રને એ એકવાર નહિ, બેવાર વાંચી ગયો. પત્રને લખનાર દમયંતી કુમારી છે એ જાણીને એના અંતરમાં વીણાવાદન શરૂ થયું. એના પ્રાણનું પ્રત્યેક પરમાણુ પ્રેમથી ઝંકૃત થઈ ગયું. એને લાગ્યું કે આ છોકરીએ ગમે તે કારણથી પણ પત્ર લખવામાં ઘણો સંયમ જાળવ્યો છે. એ સ્વયં એક કવયિત્રી છે, સાહિત્યકાર છે ને પ્રમાણમાં ઠીકઠીક પ્રસિદ્ધિ પામેલી સાહિત્યકાર છે! ખાસ કરીને વાર્તા કે નવલકથાના ક્ષેત્રમાં છતાંપણ, એ કેટલી ગુણદર્શી છે ? એ ઉપરાંત, પત્રની પૂર્ણાહુતિ કેટલી બધી નમ્રતાથી કરે છે ? મારા ઉત્તરની સહજ રીતે આશા હોવા છતાં એને માટે એ કોઈ દુરાગ્રહ નથી કરતી : કેવલ નમ્રતાપૂર્વકની પ્રાર્થના જ કરે છે ! એ છોકરી કવિને બહુ ઊંચા સંસ્કાર તથા હૃદયવાળી લાગી. એ કુમારી છે એ જાણીને કવિનું દિલ બીજી જાતના ભાવો પણ અનુભવવા લાગ્યું. એ પોતે પણ હજુ એકલો અથવા અપરિણીત, કોઈ

યોગ્ય સંગિનીની શોધમાં હતો. એવી સંગિની કોઈ મળતી ન હતી. એ માટે કોઈ પ્રયાસ પણ એ નહતો કરતો. કોઈવાર કોઈ છોકરીનો પરિચય થાય તો એને એ પોતાની રીતે મૂલવતો. પરિણામે કોઈ છોકરી એને માટે યોગ્ય નહોતી દેખાતી. હવે એને થયું કે ઈશ્વરે એની લાંબા વખતની પ્રતીક્ષાનું ફળ આપવા માટે જ આ દમયંતીનો પરિચય કરાવ્યો છે કે શું ? છોકરી ઘણી સારી લાગે છે. વળી એક જ પંથે પ્રવાસ કરનારી. એક જ રુચિ, રસ ને સાધનાવાળી...આવી છોકરી જીવનને અજવાળી શકે. એ જો પત્ની તરીકે પ્રાપ્ત થાય તો...

પરંતુ ત્યાં તો મન દલીલ કરવા માંડ્યું :

તુંય ખરો છે ! એક અજાણી, સંસ્કારી છોકરીએ પોતાની ગુણગ્રાહકતાને લીધે બે શબ્દો પ્રેમના લખીને પત્ર લખ્યો ત્યાં તો તને કેવાકેવા વિચારો આવી ગયા ? છોકરી બિચારી પત્ર પણ ના લખે ? અને પત્ર લખે એટલે એમ માની લેવું કે એ પ્રેમમાં પડી છે ને જીવનસંગિની થવા સર્જાયલી છે ? એમ તો પેલી મુક્તાના પત્ર પણ નથી આવતા ? ને પેલી હંસાના ? આ પત્ર જરા જુદી જાતનો છે ને જુદા હેતુથી પ્રેરાઈને લખાયો છે એ સાચું; પરંતુ એટલા જ પરથી એ સંબંધી આવીઆવી લાગણી ધરાવવાનું શોભાસ્પદ છે ? કોઈ જાણે તો પણ કેવું કહે ? એ છોકરી જ જાણે તો ? તેને કેવું લાગે ? એના પર કેવી અસર થાય ?

દિલ પણ કાંઈ હારીને બેસી રહે તેવું નહતું. એ તરત બોલી ઊઠ્યું :

બસ ? તારી દલીલબાજી પૂરી થઈ ? સાચું કહું તો આવી દલીલોની મારા પર કશી જ અસર નથી થતી. આવી દલીલો કરીને તેં મુક્તા તથા હંસા સાથે કોઈ વિશેષ પરિચય કરતો તો મને અટકાવ્યો છે ને હવે આ એક સમાન વ્યસનવાળી છોકરી મળી છે ત્યારે પણ તુંજ વકીલાત કરવા આગળ આવ્યું ? તારી કેટલીયે વકીલાત મને ભૂતકાળમાં ભારે પડી ગઈ છે. મને અત્યાર સુધી કુંવારો રાખવામાં એ વકીલાતનો હિસ્સો પણ કાંઈ ઓછો નથી. છતાં તું હજુ શાંત નથી રહેતું એ સાચે જ નવાઈની વાત છે. સાહિત્ય ગમવું એ એક વાત છે અને એ માટે લેખકને પત્ર લખવો એ બીજી જ વાત છે. એવા પત્રો તો તેજ લખી શકે છે જે હૃદયમાં સહાનુભૂતિ કે સ્નેહ અનુભવે છે. હા, સ્નેહ ! એના વિના કલમને હાથમાં ના લેવાય, ને પ્રશંસાના બે શબ્દો પણ ના લખાય. કદાપિ નહિ. દમયંતીના દિલમાં પ્રેમ છે. નહિ તો એ આવો પત્ર લખી જ ના શકે. તુંજ કહેને, મારા કાવ્યસંગ્રહને બહાર પડ્યે આટલા બધા દિવસ થયા તોપણ કોઈયે એ વિશે એક અક્ષર પણ લખ્યો ? દમયંતી પણ કાંઈ જેને તેને લખતી હશે ? જન્મ્યા પછી આજ સુધીમાં એણે અનેક પુસ્તકો વાંચ્યા હશે : એમાંથી કેટલાંક એને ગમ્યા પણ હશે. એ બધાંના લેખકને એણે કાગળો લખ્યા હશે ? આ તો એક ઈશ્વરપ્રેરિત વસ્તુ લાગે છે. એની પાછળ મને કૃતકામ અથવા સફળ મનોરથ કરવાની ભાવના છે.

મન બોલ્યું :

પરંતુ બધા નહિ તો કોઈ એકાદ બે મનપસંદ લેખકોને એણે કાગળ—ને કૈંક અંશે આવા જ ભાવભરેલા કાગળ નહિ લખ્યા હોય તેની શી ખાતરી ? એની માહિતી વિના આ વસ્તુને ઈશ્વરપ્રેરિત માનવી બરાબર નથી. આ તો એક અકસ્માત છે અને આવા અકસ્માત તો જીવનમાં બીજા કેટલાય બનતા હોય છે. એમાં આટલા બધા ભાવુક બની જવું બરાબર નથી. દમયંતી વિશે એક બીજી વાત પણ વિચારવા જેવી છે. એ સમાન વ્યસનવાળી છે એ સાચું : પરંતુ સમાન ગુણ, ધર્મ કે સંસ્કારવાળી છે ખરી ? એ વિશે કાંઈ જાણી શકાયું છે ? એ મુદ્દો તો અત્યંત અગત્યનો છે. છતાં એની તરફ ધ્યાન જ નથી દેવાયું. એ મુદ્દા વિના જીવન

કેવી રીતે સંવાદ સાધે, સુખી બને, સફળ થાય, ને જીવનસંગિની જેવા મહામૂલ્યવાન મહાપદે પણ કોઈને કેવી રીતે પ્રતિષ્ઠિત કરી શકાય ? વાહ કવિ, વાહ ! કવિતામાં કદાચ આવી કલ્પના ને ભાવના ચાલી શકે પણ વાસ્તવિક જીવનમાં નહિ. કલ્પનાનાં કુસુમો કેટલીકવાર સુંદર લાગે છે તથા સુવાસ આપે છે; પરંતુ વાસ્તવિકતાની દુનિયામાં એ કદરૂપાં દેખાય છે, ફીકાં થઈ પડે છે, ને કોઈકવાર દુર્ગંધ પણ મારે છે. એની દુર્ગંધથી કોઈવાર માથું પણ ફાટી જાય છે.

દિલ કહેવા લાગ્યું :

તારી પદ્ધતિ જ મને પસંદ નથી. જ્યારે ને ત્યારે કોઈ વિષય પર વાત કરવાની અથવા અભિપ્રાય આપવાનો હોય ત્યારે તું હુમલો જ કરે છે. દમયંતીને તેં જોઈ પણ નથી. ત્યાં સુધી તે સુવાસ આપશે કે નહિ તે કેવી રીતે કહી શકાય ? દમયંતી સમાન ગુણ, ધર્મ ને સંસ્કારવાળી ના હોય તોપણ શું થઈ ગયું ? આ દુનિયામાં બધાં જ દંપતી કાંઈ સમાન ગુણ, ધર્મ કે સંસ્કારવાળાં નથી હોતાં. એકસરખા શીલ ને સ્વભાવવાળાં તો કોઈક જ હોય છે. છતાં તેમની વચ્ચે પ્રેમ રહેતો હોય છે. જો બીજી જાતના ગુણધર્મમાં ભેદ હોય અને એક પરસ્પરના પ્રેમનો ગુણ જ અભેદરૂપ ધારણ કરીને સર્વોપરી પદે વિરાજી રહ્યો હોય તો પણ જીવન સફળ થાય છે. પ્રેમના એ પરમતત્ત્વથી પ્રાપ્ત થતા અભેદમાં જાતિ, વય, રૂપ, કુળ, વિદ્યા, ધર્મ તથા અવસ્થાના બીજા બધા જ ભેદ ગૌણ બની જાય છે : સ્નેહના સુધાસભર સંગમસ્થાનમાં સ્નાન કરીને આત્મા એક થાય છે ને ધન્યતાનું ગીત ગાય છે. ને મુખ્ય વાત તો એ છે કે કોણ કેવું છે એની ખબર એકાદ પત્ર પરથી કેવી રીતે પડી શકે ? એને માટે તો પ્રત્યક્ષ પરિચય જોઈએ. તોજ કાંઈક સમજી શકાય.

મન હવે બોલતું બંધ થયું. તોપણ છેવટનો ગણગણાટ કરી રહ્યું :

પરિચય કરવાની હું ક્યાં ના પાડું છું ? પણ ગાફેલ રહ્યે નહિ ચાલે. સાવધાન રહેવું પડશે. કેમકે અત્યાર સુધી થોડાક કડવા અનુભવો થયા છે—લેખિકાના નહિ પણ સામાન્ય છોકરીઓના—એટલે હવે ફરી એવો કડવો અનુભવ ના થાય અને આઘાત પણ ના લાગે એને માટે જાગ્રત તો રહેવું જ પડશે. પછી મારો દોષ કાઢીશ તો નહિ ચાલે !

જાગ્રત તો છું, ને રહીશ : દિલ બોલી ઊઠ્યું : પણ એમાં આટલું બધું બીવડાવવાનું શું છે ? હું કોઈ પાપ કરું છું ? એ છોકરી ગમે તેવી હશે તોપણ મારા પર ભાવ રાખે છે. મારી બે લીટીના પ્રત્યુત્તરની એને ઈચ્છા છે. તેને મારે કાગળનો ઉત્તર તો આપવો જોઈએને ? કવિ થઈને કાંઈ માનવસહજ શિષ્ટાચારને ભૂલી જવાય છે ?

કવિએ કલમ હાથમાં લીધી ને લખવા માંડ્યું :

પ્રિય દમયંતી,

તમારો પત્ર મળ્યો છે. અત્યંત આનંદ થયો. તમે મારા કાવ્યસંગ્રહની જે ખુલ્લા દિલે પ્રશસ્તિ કરી તે માટે ધન્યવાદ. તમારું પોતાનું હૃદય કેટલું બધું સંસ્કારી અને ઉચ્ચ છે તેની તે પરથી પ્રતીતિ થાય છે. એક હૃદય ગુણગ્રાહી અથવા ઉત્તમ હોય તોજ બીજાના ભાવોની કદર કરી શકે છે.

તમે પોતે એક સારા સાહિત્યકાર છો એ જાણીને વિશેષ હર્ષ થયો. સાહિત્યક્ષેત્રે તમે સાધેલી પ્રગતિનો ઉલ્લેખ વાંચીને અંતર આનંદી ઊઠ્યું. ગુજરાતી સાહિત્યમાં તમારા જેવી લેખિકાઓનો ફાળો બહુ

ઓછો છે. એ દૃષ્ટિએ તમારું સ્થાન ખરેખર આદરણીય ગણાય. ઈચ્છું છું કે તમે વધારે ને વધારે સુંદર સાહિત્યકૃતિઓ ગુજરાતી સાહિત્યને અર્પણ કરો. ગુજરાતી સાહિત્ય તમારી સેવાથી વધારે ને વધારે સમૃદ્ધ બનો અને તમને મીરાં જેવું ગૌરવ ધરો !

તમારા પત્રને માટે ફરીવાર તમારો આભાર માનું છું.

કવિ કમલેશનાં વંદન

આઠમે દિવસે દમયંતી બહારથી ઘેર આવી ત્યાં જ એના બાપુજીએ એના હાથમાં કાગળ મૂક્યો. એનું હૈયું ધડકધડક થઈ રહ્યું. મુખમંડળ આનંદમાં આવી ગયું. સરનામા પરથી એ સમજી ગઈ કે કાગળ કવિનો હતો. કાગળનો ઉત્તર આટલો વહેલો આવશે એવી એને આશા જ નહતી. કેમકે એ માનતી કે કવિ તો મસ્ત હોય છે : કોઈની પરવા વિના અથવા નફિકરા. ઈચ્છા થાય તો કોઈને તરત લખી દે ને ના થાય તો એ ઉત્તર એક મહિના, વરસ કે આખી જિંદગી સુધીયે ના લખે. કવિ એટલે કોઈ બીજી જ દુનિયાના જીવ. એને આ દુનિયાની સાથે કાંઈ લાગેવળગે જ નહિ. એ તો સદા ભાવની દુનિયામાં જ રમતા હોય : કલ્પનાની પ્રભુદીધી પાંખે જ વિહરતા હોય. એને કોઈનું બંધન જ નહિ. એટલે એને શી ખબર કે એનો માનીતો કવિ કમલેશ એવો નહિ હોય ? એ એક કવિતા લખનાર જીવ જ નથી પરંતુ એક આદર્શ જીવન જીવતો અથવા જીવવાનો પ્રયાસ કરતો ઉત્તમ માનવ પણ છે એની કલ્પના એને ક્યાંથી હોય ?

અંદર જઈને એણે કપડાં બદલ્યાં ને પછી બીજી રૂમમાં જઈને એણે પત્રને વાંચી લીધો. વાંચતાં વેંત જ એની નસેનસ નાચી રહી, એનું હૈયું હરખાઈને હિલોળે ચઢ્યું; એના રોમરોમમાં રસના ફુવારા ફૂટી નીકળ્યા. વાહ કવિ, વાહ ! કેટલો સરસ કાગળ ? કેટલો બધો સંયમ. કેટલો સ્નેહ, કેટલી નમ્રતા ? મારા તને વારંવાર પ્રણામ છે ! હાર્દિક ધન્યવાદ છે ! તારો ઉપકાર હું નહિ ભૂલી શકું. મારા જેવી એક સાધારણ સાહિત્યકાર છોકરીને ઉત્સાહથી ભરેલી બે લીટી લખીને તેં જે કદર કરી તે હું નહિ ભૂલી શકું. તારી પ્રેમ ને ધન્યવાદથી ભરેલી બે લીટી મારે માટે ચ્યવનપ્રાશનું કામ કરશે, વિટામિનનું, અથવા તો શક્તિના સરસ ઈન્જેકશનનું. મને તે કેટલી પ્રેરણા પાશે, શક્તિ પૂરી પાડશે, ને સંજીવની ધરશે તે તું કવિ હોવા છતાંપણ નહિ કલ્પી શકે. ના. એ કલ્પવાની નહિ પરંતુ અનુભવવાની વસ્તુ છે. હું એકલવાયી અથવા અટૂલી હતી અને જીવનમાં કોઈ કર્ણધારની ઝંખના કરતી. અંતરનું મારું આસન ખાલી હતું. એના પર કોઈને આસીન કરવાની અપેક્ષા સાથે, પ્રિયતમના સ્વરૂપમાં પધારનારા કોઈક પ્રવાસીની હું પ્રતીક્ષા કરતી. મનના મંગલ મંદિરમાં, પ્રેમની જ્યોતિને જગાવીને, કોઈક દેવતાની રાહ જોઈને, હું બેઠી હતી. ભાવો ને વિચારોનાં પરિમલભર્યાં પુષ્પો પાથરેલા અને લાગણીના ધૂપની સુવાસ ફેલાવેલી. આરાધના માટે અર્પણ થયેલા મહામૂલ્યવાન દિવસો એક પછી એક, એમ ને એમ વીતી જતા'તા. સુમન સુકાતાં તો નહતાં : ધૂપ પણ એવો જ તાજો હતો : પ્રેમની જ્યોતિ પણ એવી જ અખંડ હતી : અને અંતર પણ એવું જ અનુરાગમય. પરંતુ, ધીરજ હવે ઓછી થતી જતી'તી. હિંમત તૂટતી'તી. આશાના અનેરા ઉપવનમાં વિષમય વાયુ વાવા માંડ્યો'તો. આખરે ધીરજ પણ ક્યાં લગી રહી શકે ? યુવાનીના પ્રથમ પ્રભાતના પ્રાકટ્ય સમયથી જ પીયૂષથી પણ વધારે સ્વાદુ એવા પ્રેમની પરબ માંડીને હું બેઠી'તી. તાપ કે છાયા, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં, બેસવાનું મારું વ્રત હતું. પરંતુ કોઈ પિપાસુ પ્રવાસી આવે ત્યારેને ? એકાદ બે આવ્યા પરંતુ

મારૂં મનડું ના માન્યું. હવે એ મનને એનો દેવતા મળી ગયો. જીવનને એનો સૂત્રધાર સાંપડી ગયો. પ્રાણને પોતાના પ્રિયતમ પરમેશ્વરની પ્રાપ્તિ થઈ. સુમન હવે સફળ બનશે, આરાધના અમર, ધૂપ ને દીપ અજર; અને જીવનનું આખુંયે ઉપવન એની આરાધના કરવા પોતાનું સર્વસ્વ અર્પણ કરશે. પરમ ધન્ય બનશે. એ પોતાના પ્યારા વહાલસોયા પ્રવાસીને પ્રેમપીયૂષના પ્યાલેપ્યાલા પાશે ને બદલામાં પોતે પણ પ્રેમના પીયૂષનું પાન કરશે. કવિ ! તારા પ્રેમને માટે તારી ઋણી છું. ધીખતા રણમાં રવડતી એક મૃગલીને તેં છાયા આપી ને ઘાસ તેમજ પાણી પૂરૂં પાડ્યું. દવથી દાઝનારા એક દિલને તેં આરામ આપ્યો, કે દિલાસો દીધો. એક પ્યાસી પ્રાણને પરમામૃત પાયું. એકલવાયા આત્માને આશ્રય આપ્યો.

ભાવે ભરાઈને એણે પત્રને છાતી સાથે દબાવી દીધો.

*

એમાં સુતેલું દિલ સળવળી ઊઠ્યું ને બોલ્યું

અરે, આ શું ? કવિનો કાગળ સારો લાગ્યો એમાં છાતીએ લગાડવાનું શું કામ ? આટલો બધો પ્રેમ ને આટલો બધો ઉમળકો ? આવું તો આટલાં વરસોમાં મને કોઈયે વાર નહતું થયું. આ તો જુદો જ અનુભવ છે. કાગળો તો કેટલાય આવે છે પણ કોઈને માટે મેં આવો વર્તાવ નથી કર્યો. કોઈયે મારી અંદર આટલી અસાધારણ અસર નથી ઉપજાવી શક્યો કોઈ જોઈ જાત તો તેને કેવું લાગત ? આજુબાજુ જોયું પણ નહિ કે કોઈ જુએ છે કે નહિ. બાપુજી, બા, ભાઈ, સારૂં છે કે કોઈ આ રૂમમાં છે નહિ : નહિ તો એ શું ધારત ? ફરીથી કવિને કોઈ પત્ર લખી શકાત ખરો કે ? દૈવની ઈચ્છાથી પ્રાપ્ત થયેલો કવિનો આ પરિચય અહિંજ અટકી જાત. બીજમાંથી ફૂટેલો અંકુર તાપથી અથવા તો પ્રતિકૂળતાના પવનથી આવો ને આવો જ કરમાઈ જાત. એ નવપલ્લવિત થઈને પરિમલપાવન પુષ્પની અંદર ના પરીણત : અને એમાંથી ફળની સૃષ્ટિ પણ ના થાત.

ધીમેથી એ પત્ર એણે કબાટમાં એક પુસ્તકમાં મૂકી દીધો ને પછી એ બહાર આવી.

‘કોનો કાગળ હતો, બેન ?’ એના બાપુજીએ પૂછ્યું : ‘સરનામું બહુ સરસ અક્ષરે લખેલું. ઊડીને આંખે વળગે એવું.’

‘એ તો કવિ કમલેશનો હતો. ઉત્તમ કોટિના કવિ છે. બહુ જ ઉત્તમ કોટિના. છતાં નમ્ર પણ એવા છે કે વાત નહિ. એમના કાવ્યસંગ્રહ માટે મેં એમને અભિનંદન આપતો કાગળ લખ્યો ત્યારે એમણે સામેથી મને ધન્યવાદનાં બે વાક્યો લખ્યાં છે ને મારી ગુણગ્રાહકતાનાં વખાણ કર્યાં છે. કવિ તો છે જ પણ ઉત્તમ કોટિના આદર્શ મહાપુરૂષ પણ છે.’

‘આદર્શ મહાપુરૂષ હોય તો જ લખી શકે, દમયંતી !’ બાપુજી બોલી ઊઠ્યા : ‘એમની ઓળખાણ થઈ એ પણ એક મહાન સદ્‌ભાગ્ય કહેવાય. દુનિયામાં અત્યારે કેવા માણસો છે તે તું જાણે છે ને ? તેમાં આવા આદર્શ માનવનું દર્શન પણ દુર્લભ છે. આવો પરિચય વધારવો તો તને સાહિત્યના કામમાં પણ મદદરૂપ થાય.’

દમયંતીનું દિલ ઉછાળા મારવા માંડ્યું. બાપુજીની સંમતિ એને મન બહુ કીમતી હતી. તે મળી ગઈ એટલે એને ખૂબ આનંદ થયો.

બે મિનિટ શાંતિમાં વીતી ગઈ.

'પણ કવિની ઉંમર કેટલી છે ? એ કુંવારા છે કે પરણેલા ?'

બાપુજીએ આ પ્રશ્ન શા માટે પૂછ્યો હશે ? એ પૂછવા પાછળ એમની શી દૃષ્ટિ હશે ?

'એ તો મને પણ ખબર નથી, બાપુજી !'

વળી પાછી શાંતિ.

દિલ કહેવા માંડ્યું :

ખોટું બોલી ? તને ખબર નથી કે કવિની ઉંમર કેટલી છે ? તું પોતે કવયિત્રી છે. તો નથી જાણતી કે કવિ કે કવયિત્રીની કોઈ ઉંમર જ નથી હોતી ? ઉંમરની મર્યાદાથી એ પર હોય છે. એને અને ઉંમરને શું લાગેવળગે ? ઉંમર પરથી એની કીંમત કાંઈ થોડી જ કરવાની હોય છે ? એ તો કાળાતીત કહેવાય છે. કાયમને માટે યુવાન હોય છે. એટલે યૌવન એની સનાતન ઉંમર છે એમ કહેવું હોય તો કહી શકાય.

તો તેં એવું કેમ ના કહ્યું ? અને એવું પણ કેમ ના કહ્યું કે એ કુંવારો છે કે પરણેલો. એની સાથે આપણે શો સંબંધ ? એ કવિ છે એટલી માહિતી આપણે માટે પૂરતી નથી ? કવિતાને એ સદા પરણેલો કે વરેલો જ છે. છતાંપણ એ કુંવારો કે પરણેલો હોય તો પણ કવિતાના સ્વાદ સાથે જ આપણે તો કામ છે ને ? બીજી ખણખોદમાં શા માટે પડવું ? એવું તું કહી શકત. છતાં મને ખબર નથી કહીને મૂંગી કેમ રહી ?

ત્યાં તો એનું મન સૂર છોડવા માંડ્યું :

વ્યાવહારિક રીતે તારો ઉત્તર જ બરાબર છે, દમયંતી ! જેમતેમ બોલીને નકામી ગેરસમજ કરવી એથી ટૂંકામાં પતાવવું સારૂં. તારા બાપુજી તો કોઈ બીજી ભાવનાથી યે પૂછતા હોય. કવિ કુંવારા હોય ને ઉંમરમાં તારાથી મોટા હોય તો કદાચ એ લગ્નને માટે શક્ય ઉમેદવાર થઈ શકે, એમ પણ એમનું માનવું હોય. એવી કલ્પના એમને ના થઈ હોય એવું માનવાનું કોઈ કારણ નથી. નહિ તો એમને વળી કવિની ઉંમર વિશે ને કવિ પરણેલા છે કે કુંવારા એ વિશે શા માટે પૂછવું પડે ? જો સાચેસાચ એવું જ હોય તો તો...

તો શું ?—દિલ કહેવા લાગ્યું

એવી કલ્પનાથી પ્રેરાઈને જ એ પૂછી રહ્યા છે એમ કેમ માન્યું ? એની પાછળ બીજી જાતની કલ્પના કે વિચારસરણી પણ હોઈ શકે. કવિ કુંવારા હોય તો સંભવ છે કે એમની સાથેનો સંબંધ વધે એ બાપુજી ને પસંદ ના પણ પડે. અને જો એવું થાય તો તો...

દમયંતી એ ભાવથી હાલી ઊઠી. તો તો બાપુજી કદાચ એમ પણ કહે કે હવે કવિને કાગળ ના લખતી. કવિની સાથે બહુ સંબંધ વધારવો સારો નહિ. લોકોને ખબર પડે તો વાતો થાય ને બદનામ થવાનો વખત આવે.

અને એમ કહે તો પોતાની દશા કેવી થાય ? બાપુજી સામે કાં તો બળવો જગાવવો પડે કાં તો કવિને કાગળ લખવાનું બંધ કરવું પડે. બળવો જગાવીને પણ કવિને ઘરમાંથી તો કાગળ લખી જ ના શકાય. એ તો ચોરીછૂપીથી બહારથી જ લખવો પડે.

મન બોલ્યું :

પરંતુ એટલી હદે બાપુજી જાય એવા છે ? અને જાય તોપણ કવિ મને ચાહે છે કે નહિ તે તો જાણવું જ જોઈએ ને ? તે સિવાય સાહસ કરીને બાપુજી સામે બળવો જગાવું તો ના ઘરની રહું કે ના ઘાટની. કવિ પર મને પ્રેમ છે પણ કવિને મારા પર પ્રેમ થયો છે ? એના કાગળમાં એ પ્રેમના પ્રતિધ્વનિ પડેલા છે ? દેખાતા તો નથી. હા, કવિએ ખાસ કાળજી રાખીને એમને પડવા ના દીધા હોય એ પણ બનવાજોગ છે.

ત્યાં તો દમયંતીના બાપુજીએ કહ્યું :

'જો બેન ! કવિ જો કુંવારા હોય તો કાગળનો બહુ સંબંધ સારો નહિ. મન છે. ક્યારે પલટો લે તે કહેવાય નહિ. એક બે કાગળનો વાંધો નહિ પણ વધારે કાગળ લખવાનું ચાલુ ના રાખીએ તેજ સારું.'

દમયંતી ધ્રૂજી ગઈ.

દિલમાં ધરતીકંપ થઈ રહ્યો. દિલ પોકારી ઊઠ્યું :

મેં કહેલું તેવું જ છે ને ? કવિ કુંવારો છે કે પરણેલો તે પૂછવાનું કારણ બીજું હોય જ શું ? આજ. બાપુજીને એ વાત સાથે આટલો જ સંબંધ. તેં તો કેવાકેવા વિચાર કર્યા ! લગ્ન કરાવવાની કલ્પના બાપુજીને થઈ હોય એમ પણ માની લીધું. પણ હજી તારો અનુભવ કાચો છે. તને ખબર નથી કે સંસારી લોકોને બે જાતના દાંત હોય છે : ચાવવાના જુદા તથા દેખાડવાના જુદા. એ લોકોએ કઠોર થઈને તારા જેવી કેટલીયે કોમળ કળીઓને ક્લેશ કરાવ્યો છે, તીખા તાપે તપાવી છે, ને મૃત્યુના મુખમાં ધકેલી દીધી છે. એમને કોઈ દયા નથી હોતી. પારકાં કે પરાયાંની ગણતરી યે નથી હોતી. કોઈની શરમ પણ નહિ. એ તો એક જ ગજ રાખે છે અને એથી જ બધાંને માપે છે, સ્વાર્થનો ગજ. એની સાથે બંધ બેસે તેને રાખે છે ને બીજાને ઉખાડીને ફેંકી દે છે. પછી તે દીકરી હોય કે દીકરો હોય.

દમયંતી એમ કાંઈ ગાંજી જાય તેવી નહતી. એણે કહ્યું :

'કવિ કુંવારા છે કે પરણેલા તેની મને માહિતી જ ક્યાં છે ? કાગળ તો હજુ એક જ લખ્યો છે. એમનો ઉત્તર પણ હજુ હમણાં જ આવ્યો. એ પણ ઘણો જ સદ્ભાવભર્યો છે. એટલે એની પહોંચ તો લખવી જોઈએ ને ?'

'હા, તે લખજે. હું ક્યાં ના કહું છું ? મારું કહેવું તો એટલું જ છે કે વધારેમાં મજા નહિ.'

'તમને મારામાં વિશ્વાસ તો છે ને ?'

'વિશ્વાસ છે એટલે તો કવિનો કાગળ તને બીડેલો જ વાંચવા આપ્યો. નહિ તો હું ફોડત જ નહિ ?'

દમયંતી સહમી ગઈ. બાણ વાગ્યું હોય એમ ઘવાઈને બોલી :

'કાગળમાં કાંઈ ખાનગી નહતું, બાપુજી કાગળ શિષ્ટાચાર પૂરતો લખાયેલો ને સામાન્ય હતો.'

અને એટલા ખુલાસાથી શાંતિ ના વળી હોય એમ એણે પેલો કાગળ લાવીને એમના હાથમાં મૂક્યો.

'લો, વાંચી જુઓ !'

પત્ર વાંચતાં જ દમયંતીના બાપુજીની આંખ બદલાઈ રહી. મન ગણગણ્યું :

શું લખ્યું છે ? પ્રિય દમયંતી ? વાહ રે લખનાર ! તું પણ કોઈ કાચો કવિ નથી લાગતો. દમયંતીને હજુ તેં જોઈયે નથી અને એને પ્રિય દમયંતી કરીને સંબોધવા માંડ્યો ? આ તે કાગળ છે કે કવિતા ? દમયંતીને તારે પ્રિય દમયંતી લખવાનું હોય કે દમયંતીબેન ? આશ્ચર્યની વાત તો એ છે કે દમયંતીને આ

શિષ્ટાચાર ભર્યો સામાન્ય પત્ર લાગે છે ! લાગે જ ને ? પ્રેમ છે જ એવો આંધળો. એને બધું જુદું જ દેખાય છે. પરંતુ... આ રીતે ચાલે તો કવિ દમયંતીના પ્રેમમાં પડે ને દમયંતી કવિના.

દિલ બોલ્યું :

તો શું જગત ઊથલી પડે ? બે હૃદયને પરસ્પર પ્રીતિ થાય ને બંને એકમેકને લીધે સુખી થાય તો ધરતી રસાતળમાં જતી રહેવાની છે ? એ સારું છે કે ખોટું ? એથી આનંદવાનું હોય કે શોકિત થવાનું ? અને એમાં મદદરૂપ થવાનું હોય કે વિઘ્નરૂપ ? બે દિલ એકમેકની પ્રત્યે ખેંચાય એ શું પાપ છે ? યુવાનીમાં મનેય પેલી પડોશમાં રહેતી સંગીતા સાથે સ્નેહ થયેલો. પણ બાપે વચ્ચે પડીને અમને મળવાય ના દીધાં ને દમયંતીની બા સાથે લગ્ન લીધું. ત્યારે હૃદય કેટલું રડેલું ? સંગીતા તો એ પછી આપઘાત કરીને મરી ગઈ. પરંતુ એને યાદ કરીને આજેય એ નથી રડતું ? કોઈ દિવસ ખાલી ગયો છે ? એના ફોટાને મેં હજુ સુધી સાચવી રાખ્યો છે. ઘરમાં કોઈને ખબર પણ નથી.

મન બોલ્યું :

એ વાત જૂદી છે અને આ વાત જૂદી. આ તો દમયંતીનો પ્રશ્ન છે. સંગીતાની સમજ કેવી, સંગીતાનો પ્રેમ કેવો, ને સંગીતાનું રસથી લથપથ થતું રૂપ ? હું એનો આરાધ્યદેવ બની ગયેલો. છૂપી રીતે અમે પત્રો લખતાં, મળતાં, ને બધી રીતે આનંદ કરતાં. લગ્ન પણ કરી લેત. પણ સંગીતા જરાક ડરપોક નીકળી. એના કુટુંબીજનોનો વિચાર કરીને બેસી રહી. છેવટે એને બળજબરી કરીને બીજે પરણાવી દીધી અને એ ક્લેશથી કંટાળીને કૂવે પડીને મરી ગઈ. દમયંતી તો હજુ પ્રેમને પંથે પા પા પગલી કરે છે. એને વધારે છૂટ લેવા દઊં ત્યારે ને ?

'કવિ તને પ્રિય દમયંતી લખે એ વધારે પડતું ના કહેવાય ? હજુ તો તે તને બરાબર જાણતા પણ નથી.'

'વધારે પડતું શું છે ? એ તો લખવાની એક પદ્ધતિ છે. બીજું લખે પણ શું ?'

એના બાપુજી કાંઈ ના બોલ્યા. બા બાજુમાં જ હતી. તેણે કહ્યું :

'એમાં વળી વધારે પડતું શું લાગ્યું ? દમયંતી આવા મોટા કવિની આગળ તો નાનું બાળક કહેવાય. એમ કહો ને કે આવા મોટા માણસે એને ઉત્તર આપ્યો. નહિ તો એ મહેનત કરીને મરી જઈએ તોય કાગળ જ ના લખે.'

*

પાંચેક દિવસ પછી દમયંતીએ બીજો કાગળ લખ્યો :

શ્રીમાન કવિશ્રી,

તમારો કાગળ પામીને ખરેખર આનંદ પામી છું. એ આનંદનું વર્ણન નહિ કરી શકું. મારા પર કૃપા કરવા માટે તમારો હાર્દિક આભાર માનું છું.

પત્ર પરથી છાપેલા અક્ષરો જોતાં લાગે છે કે તમે કોઈ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ પણ છો. મુંબાઈના જીવનમાં ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ તરીકે રહેવું ને સાહિત્યોપાસના કરવી એ ખરેખર વિરલ વસ્તુ છે. એની સિદ્ધિ તમે સંપૂર્ણપણે

કરી શક્યા છો એ જાણી આનંદ થાય છે. તમારું સાહિત્ય એટલું બધું સુંદર છે કે વાત નહિ સંસ્કારી હ્રદયોને એથી કોઈ નવા જ પ્રકાશની પ્રાપ્તિ થશે.

વિશેષ તો શું લખું ?

કુશળ હશે.

તમારા જેવા સમર્થ કવિનો પરિચય થવો એ પણ મારું મોટું સદ્‌ભાગ્ય છે એમ માનું છું.

- દમયંતીનાં વંદન.

*

કવિ કમલેશે કાગળ વાંચીને એવી જ આનંદની લાગણી અનુભવી.

દમયંતીના કાગળની એ રાહ જ જોતો હતો. દમયંતીને એ એક જાતના જુદા જ ભાવથી જોવા લાગેલો. એના દિલમાં ભાવનો દરિયો ઊછળવા લાગ્યો. દમયંતી પોતાને માટે જ નિર્મિત થઈ છે કે શું ? એ માટે જ ઈશ્વર એને આવી રીતે વધારે ને વધારે નજીક લાવી રહ્યા છે ? કેટલી અજબ રીતે એનો પરિચય થયો છે ? એ પરિચય વધતો વધતો કોને ખબર કે એક દિવસ એને મારી તદ્દન નજીક નહિ લાવી દે અને...

મન બોલ્યું : વાહ રે કવિ વાહ ! છોકરીએ પત્રની પહોંચ લખી ત્યાં તો કેવા કેવા વિચારો આવી ગયા ? ચિત્ત ચકડોળે ચઢ્યું. આવી રીતે કલ્પનાના મિનારા ઊભા કરજે અને એ તૂટી જતાં દુઃખી થજે, આંસુ સારજે. અને પછી કવિતા કર્યા કરજે. હાથે કરીને દુઃખી થવાનો માર્ગ નહિ તો બીજું શું છે ?

કવિએ દમયંતીના બંને કાગળો સાચવી રાખ્યા. પરંતુ એ પછી બીજો કાગળ ના લખ્યો. દમયંતીએ થોડા દિવસ રાહ જોઈ. પછી આશા છોડી દીધી.

કવિ લખે પણ શું ? એના મને દલીલ કરી : મારા પત્રમાં ઉત્તર આપવા જેવું કાંઈ હતું જ ક્યાં ? એક પત્ર લખ્યો તે પણ ઘણું છે ને ! હવે તો ફરી કોઈવાર વાત.

એ પછી એક દિવસ અચાનક એના પર કવિનો કાગળ આવ્યો : પૂરા દસ મહિને.

કવિએ લખ્યું હતું :

પ્રિય દમયંતી,

કાગળ લાંબે વખતે લખી રહ્યો છું. નવાઈ લાગશે. પણ નવાઈ પામવા જેવું કાંઈ જ નથી. વાત એમ છે કે એક અગત્યના કામે હું આવતા શનિવારે અમદાવાદ આવી રહ્યો છું. તે વખતે તમને મળવા આવવાનો વિચાર છે. આશા છે કે એકમેકને મળીને આપણને આનંદ આવશે.

મારો એક બીજો કાવ્યસંગ્રહ પ્રકટ થયે મહિનો થયો છે. તે તમને રુબરુ જ આપીશ.

- કવિ કમલેશનાં વંદન

*

દમયંતી કાગળ વાંચીને અતિશય આનંદ પામી. કેટલાક દિવસથી એ પોતે મુંબાઈ જવાનો ને કવિને મળવાનો વિચાર કરતી હતી. પણ જવું કેવી રીતે ? એક લગ્નપ્રસંગ હતો પણ તેને તો હજુ વાર હતી. હવે તો કવિ પોતે જ અહિં આવશે એટલે આનંદ થઈ રહેશે. એમને રૂબરૂ મળી શકાશે.

રાતે જમતી વખતે કાગળના સમાચાર એણે બાપુજીને કહી સંભળાવ્યા.

'એમ ?' એ બોલી ઊઠ્યા : 'ત્યારે તો આપણને એમનો પરિચય થશે. એવા મોટા માણસનાં પગલાં આપણે ઘેર ક્યાંથી હોય ? એમનું સારી પેઠે સ્વાગત કરજે.'

દમયંતીની બા પણ રાજી થઈ.

દમયંતી શનિવાર સવારથી જ કવિની પધરામણીની પ્રતીક્ષા કરવા લાગી. આજે એણે સારામાં સારો સાલ્લો પહેર્યો હતો. હૈયામાં ઉમંગ માતો નહતો. કવિના રૂપમાં એના હૃદયદેવતા—પધારવાના હોય એવો આનંદ એને થઈ રહ્યો. એનું મુગ્ધ મન હિલોળે ચઢ્યું.

શનિવારની રાતના દસ વાગ્યા એટલે એની આશા તૂટી ગઈ.

દિલ બોલ્યું :

કવિ કાંઈ તારે માટે જ અમદાવાદ આવ્યા છે કે આવતાંવેંત તારી પાસે જ દોડી આવે ? એ તો એમના અંગત કામે આવ્યા હશે. એટલે તારી પાસે તો નિરાંત મળે ત્યારે જ આવે ને ? તારી જેમ એ કાંઈ થોડા જ મુગ્ધ થયા છે ? તું એમના જપ જપે છે. એ તો તને યાદ પણ નહિ કરતા હોય.

રવિવારે સાંજે અગત્યનું કામ હતું ને ખાસ જવું પડે એમ હતું તોપણ એ બહાર ના ગઈ. પેટમાં સારું નથી કહીને એ ઘેર જ રહી. એના ઘરનાં બધાં જ છૂટકો નહતો એથી બહાર ગયાં.

બધાં બહાર ગયાં એટલે કવિનો કાગળ એ ફરી વાંચી ગઈ. કવિ કદાચ આ નહિ ને આવતા શનિવારે આવવાના હશે તો ? કાગળ વાંચવામાં કાંઈ ભૂલ તો નથી થઈ ? ત્યાં તો કોઈએ બારણું ખખડાવ્યું.

એનું આખું શરીર ધ્રૂજી ઊઠ્યું : કવિ તો નહિ હોય ?

બારણું ઊઘાડ્યું ત્યાં જ કોઈએ એને પૂછ્યું :

'દમયંતી અહિં રહે છે ?'

'હા. એણે ઉત્તર આપ્યો, તમે...'

'હું કવિ કમલેશ.'

'આવો, અંદર આવો; હું જ દમયંતી છું.'

'એમ ? ત્યારે તો મારો ફેરો ફળ્યો ખરે.'

દમયંતીએ કવિને પાણી આપ્યું ને પછી કવિની સામેની ખુરસી પર બેસીને એ કવિને જોવા લાગી. કવિનું શરીર ઘઉંવર્ણું ને મધ્યમ કદનું હતું. કફની ને ધોતીયાનો પહેરવેશ હતો. પગમાં ચંપલ ને ઉઘાડા માથા પર કાળાભમ્મર વાળ. દમયંતીએ એની કલ્પનામાં જે છબી પાડી હતી એના કરતાં આ છબી જુદી જ હતી. એણે કલ્પ્યા કરતાં કવિની ઉંમર પણ ઘણી નાની દેખાઈ. આટલી નાની ઉંમરે આટલું સરસ સાહિત્ય લખનારા કવિને નિહાળીને એ મંત્રમુગ્ધ બની ગઈ.

'આ મારો બીજો કાવ્યસંગ્રહ છે.' કવિએ કાવ્યસંગ્રહ ધરતાં કહ્યું : 'તમને ભેટ આપું છું. મારા પહેલાં સંગ્રહની જેમ આશા છે કે આ પણ તમને ગમશે.'

'એ સંગ્રહ તો હું વારંવાર વાંચું છું. મને તો ખૂબ જ ગમી ગયો છે. તમે આટલું બધું સરસ કેવી રીતે લખી શકો છો ?'

'પ્રભુની કૃપા છે. એના વિના કાંઈ બની શકે છે ?'

'તોપણ જરા નવાઈ તો કહેવાય. મુંબાઈના વાતાવરણમાં ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ તરીકે વસવું ને આદર્શ સાહિત્ય લખવું એ કાંઈ સાધારણ કામ તો નથી જ.'

'ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ કાંઈ સાહિત્યકાર ના હોય એવું થોડું છે ? એ તો કુદરતી બક્ષીસ કે પ્રભુની કૃપાની વાત છે. વધુમાં તમે માનો છો એમ હું કોઈ ઈન્ડસ્ટ્રીયાલીસ્ટ નથી, પણ સ્પીરીચ્યુઆલીસ્ટ છું. ઈશ્વર, ધર્મ કે આધ્યાત્મિકતામાં મને રસ છે.'

દમયંતી તો આશ્ચર્યચકિત થઈ ગઈ.

'હું તો તમને કોઈ મોટા ઉદ્યોગપતિ માનતી'તી. તમે કોઈ સાધારણ ઉદ્યોગપતિ નહિ પણ આવા મહાન પુરૂષ હશો તેની તો મને કલ્પના જ નહિ. નહિ તો...નહિ તો મારો તમારે માટેનો પ્રેમ તથા પૂજ્યભાવ અનેકગણો વધી જાત. મને પણ આધ્યાત્મિક્તામાં રસ છે.'

થોડીક ક્ષણો શાંતિની ગઈ.

'એક પ્રશ્ન પૂછું તો માઠું તો નહિ લગાડો ને ?'

'ખુશીથી પૂછો. મને જરાય માઠું નહિ લાગે.'

'તમે લગ્ન કર્યું છે કે એકલા છો ?'

'એકલો જ છું. કેમ ?'

દમયંતીનું હૃદય હાલી રહ્યું. કવિએ આવું કેમ પૂછ્યું ?

'લગ્ન તો મેં પણ નથી કર્યું.'

'કેમ ? હરકત ના હોય તો પૂછી શકું ? ઉંમર તો તમારી ત્રીસની આસપાસ લાગે છે.'

'હા. ચોત્રીસમું ચાલે છે. કોઈ યોગ્ય પાત્ર ના મળ્યું તેજ કારણ છે. હવે તો આશા પણ નથી રહી.'

'આશા તો સદાયે અમર છે અને રહેવી જોઈએ. કેટલીવાર લગ્ન મોટી ઊંમરે પણ થતાં હોય છે. ઈશ્વરના હાથની વાત છે. એમાં માણસનું ધાર્યું કશું જ નથી થતું.'

'તમારા લગ્ન વિશેના વિચારો કેવા છે ?'

'મેં કહ્યા તેવા જ. લગ્ન જો યોગ્ય વ્યક્તિઓ વચ્ચે થાય તો તો શ્રેયનું પરમ સાધન બની જાય છે. સાચું લગ્ન એજ છે. બાકી તો બધાં જોડાણ છે. જોડાણ અનેક થાય છે : લગ્ન કોઈક જ.'

'ત્યારે તો કોઈ યોગ્ય કન્યા મળે તો તમે લગ્ન કરો ખરા ?'

'ઈશ્વરની ઈચ્છાની વાત છે. એ વિશે કોઈ હઠાગ્રહ નથી.'

દમયંતીને ઘણુંયે થયું કે આવો સરસ મોકો મળ્યો છે તો પૂછી લઉં કે મને તમે સ્વીકારી શકશો ખરા ? પરંતુ દિલને દાબીને એ બેસી રહી. છતાં મન માન્યું નહિ એટલે એજ પ્રશ્ન એણે જરા જુદી રીતે પૂછી કાઢ્યો :

'મને તમે કેવી માનો છો ? આપણે બંને યોગ્ય પાત્રની પ્રતીક્ષામાં છીએ એટલું સામ્ય તો આપણામાં છે જ. ઉંમરનો તફાવત પણ વધારે નહિ હોય.'

'ઉંમર તો મારી આડત્રીસ છે. એ તો ઠીક. ઉંમરનો તફાવત મારે મન મહત્વનો મુદ્દો નથી.'

'ત્યારે રુચિ કે રસ ? એ પણ આપણાં સરખાં છે.'

‘એ વસ્તુને પણ હું બહું મહત્વની નથી માનતો.’

‘તો પછી ? ભણતર ?’

‘ના. એ પણ મારી દૃષ્ટિમાં ગૌણ છે. મારી દૃષ્ટિએ સૌથી મહત્વનો મુદ્દો પારસ્પરિક પ્રેમનો છે.’

દમયંતીને શાંતિ થઈ. એને થયું કે કહી દઉં કે કાગળમાં નથી લખી શકી પણ મને તમારા પર અપાર પ્રેમ છે : છતાં એણે કહ્યું :

‘પ્રેમ તો મને તમારા પર છે જ, અને હું ધારું છું કે તમને પણ છે.’

‘હા કાગળ વાંચીને મને પ્રેમ તો થયો જ હતો. છાપ પણ ઘણી સારી પડેલી. સાચું કહું તો હું આજે આવ્યો છું પણ જોવા માટે જ કે કાગળની લખનારી દમયંતી કેવી છે ? અરે, કાગળનાં લખનારાં દમયંતી !’

‘ના. મને એ રીતે જ સંબોધો. મને માનવાચક પ્રયોગ કરતાં આવો પ્રયોગ સારો લાગે છે.’

‘પરંતુ હું કોઈ ઉદ્યોગપતિ નથી એ જાણીને તમારા ભાવમાં કાંઈ ફેર નથી પડ્યો ?’

‘ફરી પાછું તમારા કહ્યું ? તમારાને બદલે તારા કહો તે મને વધારે ગમશે. તમને હું કોઈ ઉદ્યોગપતિ નહિ પરંતુ સાહિત્યપતિ જાણીને પ્રેમ કરતી થઈ છું. એટલે મારા ભાવમાં ફેર નથી પડ્યો. ઉલટું, તમે અધ્યાત્મ પ્રેમી છો એ જાણીને મારો પ્રેમ વધ્યો છે.’

‘પણ અધ્યાત્મપ્રેમી અને સાહિત્યપ્રેમી પાસે વધારે ધન ના હોય તો ? તો ધનની લાલસાવાળી કોઈ કન્યા એને માટે જીવનને હોડમાં મૂકવા તૈયાર થાય ખરી ?’

‘હું તો જરૂર તૈયાર થઉં. ધન કાંઈ જીવનનું સર્વસ્વ નથી. એ તો એક જરૂરત છે. એના સિવાય જીવનમાં એવું ઘણું છે જે જીવનને સુખી કરી શકે.’

‘એમ હોય તો તમે મારી કસોટીમાં સફળ થઈ શક્યાં.’

દમયંતીના હરખનો પાર ના રહ્યો. જે કામ કરોડો કાગળોથી ના થઈ શકત તે ઈશ્વરની કૃપાથી આટલી સરળ ને સરસ રીતે પતી ગયું.

‘તો પછી તમારી કસોટીમાં સફળ થયેલી દમયંતીને હવે તમારી તરીકે સ્વીકારી શકશો ?’

‘મને કાંઈ જ હરકત નથી. પણ તમારા વડીલોને ગમશે ?’

‘નહિ ગમે તો હું કાંઈ બેસી રહીશ ? મારા જીવનમાં આવો ધન્ય અવસર આવે ને હું એ ના માને તો એને ખોઈ નાખું ? એમને નહિ ગમે તોપણ હું તમારી પાસે આવી પહોંચીશ ને તમારી થઈને જ રહીશ.’

‘ધન્ય છે. આવા મનોબળવાળાં જ કાંઈક કરી શકે.’

‘મારાં માબાપ નહિ માને તો આ ઉનાળામાં હું તમારી પાસે આવી જઈશ અને આપણે લગ્ન કરી લઈશું. મારું સ્થાન હવે તમારા ચરણોમાં જ રહેશે.’

ભાવાવેશમાં આવીને દમયંતીએ કવિના ચરણે મસ્તક મૂક્યું.

‘ઈશ્વર તારી ઈચછા પૂરી કરે. આજનો દિવસ ખરેખર નહિ ભૂલાય. દમયંતી ! ભીમકસુતા દમયંતીએ નળની પ્રશંસા હંસ દ્વારા સાંભળીને નળને પોતાનું મન અર્પણ કરેલું એવું વર્ણન કરતી કવિતા યાદ છે ? તેં પણ મારા કાવ્યસંગ્રહ પરથી તારું કાળજું મને અર્પણ કર્યું. ઈશ્વર આપણા અનુરાગને અમર રાખે. હું નળ જેવો કોઈ રાજા નથી : પરંતુ હૃદયનો રાજા તો છું જ. તને સુખી કરવા બનતું બધું જ કરી છૂટીશ.’

દમયંતીએ કહ્યું :

'ભવોભવ લગી હું તમારી રહું એવું ઈચ્છું છું. મારા જીવનમાં આજે સુખનો સૂર્યોદય થયો. હવે મને શાંતિ થઈ.'

ત્યાં તો બારણું ખખડ્યું. 'દમયંતી !'

*

દમયંતીનું આખું અંગ હાલી ઉઠ્યું. ઈશ્વરે આવી અભૂતપૂર્વ આનંદની ઉત્તમ તક પૂરી પાડી ત્યારે આ વિક્ષેપ ક્યાંથી આવ્યો ?

'દમયંતી !' બારણું ફરી ખખડ્યું.

'આવી.'

અવાજ એના બાપુજીનો હતો.

કવિના હાથને પકડીને દમયંતી ધીરે સ્વરે બોલી :

'કાલે આજ વખતે આવી શકશો ? હું ઘરમાં એકલી રહીશ.'

'જરૂર.'

દમયંતીએ બારણું ઉઘાડ્યું ત્યાં જ બાપુજીએ પૂછ્યું :

'કેમ ? કાંઈ કામ કરતી'તી ?'

'કવિ કમલેશ આવ્યા છે એટલે....'

'એમ ?' એમનાં ભવાં ઊંચા ચઢી ગયાં : 'કવિ આવ્યા છે ? ક્યારના આવ્યા છે ?'

દમયંતીએ આ પ્રશ્નો એમના શક્ય ઉત્તર સાથે મનમાં ઘડી જ રાખ્યા હતા. એટલે સત્વર બોલી :

'હમણાં જ આવ્યા છે. હજુ તો ચા પણ નથી પાઈ. ચા બનાવવાનો વિચાર કરતી'તી ત્યાં જ તમે આવ્યા.'

'તારું શરીર ક્યાં સારું છે કે દોડાદોડ કરવી છે ? ચા તો તારી બા મૂકશે. તું તારે બેસ. શરીર વધારે બગડશે તો પાછી હેરાન થઈશ ને હેરાન કરીશ.'

અંદર દિવાનખાનામાં બેઠેલા કવિએ આ બધું સાંભળ્યું. બધાં અંદર આવ્યાં એટલે કવિએ ઊભા થઈને પ્રણામ કર્યા.

'કેમ છો કવિરાજ ? તમને મળવાની ઘણી ઈચ્છા હતી. દમયંતીને તો તમારો કાવ્યસંગ્રહ એટલો બધો ગમી ગયો છે કે વાત નહિ. તેનાં વખાણ કરતાં થાકતી જ નથી. '

'સંસ્કારની વાત છે. એના વિના ઉત્તમ સાહિત્ય સારું લાગે છે ? આજે ઉત્તમ સાહિત્યના વાચકો જ ક્યાં મળે છે ? એમાંય વળી કાવ્યો તો કોઈક જ વાંચતું હશે.'

'કાવ્યો લખાય છે પણ એવાં અઘરાં અને છીછરાં કે લોકો એના તરફ આકર્ષાતા જ નથી. સરળ ભાષાવાળાં છતાં ભાવથી ભરપૂર રસવાળાં કાવ્યો લખાય તો લોકો તે વાંચવા પ્રેરાય ખરા.' દમયંતીએ કહેવા માંડ્યું : 'તમારાં કાવ્યો એવાં સુંદર છે. કાન્ત, કલાપી કાલિદાસ, ટાગોર, જીબ્રાન કે શેલી ને વડ્ઝવર્થની યાદ આપે એવાં : છતાં એમનાથી અનેરાં' દમયંતી બોલી.

'પણ વિવેચકોમાં કેટલાય એવા છે જે એમને આધુનિક કવિતા સાથે બંધ બેસે નહિ તેવાં કહે છે.'

'એ તો કહ્યા કરવાના. કવિએ કોઈ અમુક જ ચીલે ચાલવું એવું થોડું છે ? કવિતામાં આધુનિક ને પ્રાચીન એવું કશું જ નથી. એ ભેદ તો અભ્યાસીએ સગવડ માટે ઊભા કરેલા છે. કવિતા કવિતા છે એટલું જ. વિવેચકો તો પોતપોતાની બુદ્ધિ પ્રમાણે કહ્યા કરે. એમના કથનને કાંઈ વેદવાક્ય ના માની લેવાય.'

'ક્યારે, કાલે આવ્યા ? દમયંતીના બાપુજીએ વાત પલટાવતાં  પૂછ્યું.'

'હા. કામ હતું એથી આવ્યો છું. એકાદ બે દિવસમાં જવાનો વિચાર છે.'

'ત્યારે કાલે અહિ જમવાનું રાખો.'

'બીજે કહી દીધું છે એટલે નથી આવી શકાય એવું. ત્યાં પણ તમારું જ છે ને ?'

''ત્યારે ચા તો પીશોને ?'

'ચા પણ પીને જ નીકળ્યો છું. વધારે પીવાની ઈચ્છા નથી.'

'ચા તો પીવી જ જોઈએ. ચા યે ના લો તો અમારે તમારું સ્વાગત શી રીતે કરવું ? દમયંતી બોલી ઊઠી. '

'હું તો ચા નહિ પણ ચાહ કે ચાહના અથવા તો ભાવનો ભૂખ્યો છું. આટલો ભાવ છે એ ઘણું છે.'

'પણ કાંઈ એકલો ભાવ કામ લાગે ? દમયંતીના બાપુજી બોલ્યા : કાઈક તો લેવું જોઈએ ને ? ચા નહિ તો નાસ્તો લો.'

દમયંતી રસોડામાંથી નાસ્તો લઈ આવી.

ઊઠતી વખતે કવિએ સૌને હાથ જોડ્યા. દમયંતી ગળગળી થઈ ગઈ.

*

બીજે દિવસે દમયંતી તબિયતનું બહાનું કાઢીને બહાર ના ગઈ. બધાં લગ્નમાં ગયાં અને એ કવિની પ્રતીક્ષા કરતી ઘરમાં જ રહી. ગઈ કાલના વખતે જ બારણું ખખડ્યું.

કવિની બાજુમાં કોચ પર બેસીને એણે કહ્યું :

'સવારથી જ તમારી રાહ જોયા કરું છું. એમ થતું'તું કે ઈશ્વરે સવારને બદલે સીધી સાંજ જ બનાવી કાઢી હોત તો કેવું સારું ?'

'આટલી બધી માયા કરીશ તો ઘરમાં રહેવું ભારે થઈ પડશે. વળી તારા પિતાજીને ખબર પડશે તો મળવા કે કાગળ લખવાનું યે ભારે પડશે.'

'હવે મારે ઘરમાં રહેવું છે જ ક્યાં ? આટલાં વરસ તો રહી : હવે કેટલુંક રહું ? બહાર કાઢનારા મળી ગયા છો પછી શા માટે રહું ? પિતાજીની મને નથી પડી. એ તો કાલે રાતે મને કેવુંકેવું કહી ગયા. બારણું જરા ઉઘાડવામાં વિલંબ કર્યો તથા તમને વિદાય આપતી વખતે ગળગળી થઈ ગઈ એટલા પરથી તો એમણે મને કેટલું બધું સંભળાવ્યું ? એ હવે કાગળ નહિ લખવા દે. મારી બાએ કેટલીયવાર સમજાવ્યા પણ એમણે તો મને ધમકાવી કાઢી. આપણી વચ્ચે પ્રેમ છે એવી એમને શંકા થઈ છે. તમે અધ્યાત્મવાદી છો એમ જાણીને તો એ વધારે રોષે ભરાયા. એ તો અધ્યાત્મવાદને ફારસરૂપ માને છે. ઈશ્વર ને ધર્મની વાતોને

નકામી કહી બતાવે છે. એમને લાભકારક નહિ પરંતુ નુકશાનકારક ગણાવે છે. એમના સંસ્કાર જ એવા છે. તમને આજે એ અહિં જુએ તો તો એ મને ઘરમાંથી બહાર જ કાઢી મૂકે.'

'એમ ? તો પછી હું અહિં નકામો આવ્યો. મારે લીધે તારા જીવનમાં મુસીબત...'

'મુસીબત જેવું કશું જ નથી. ને હોય તોય હું એથી ડરું એવી નથી. એમ તો હું બહાદુર છું. પણ તમારી પાસેથી એક વાતની ચોખવટ કરી લેવા માગું છું કે મારી સાથે લગ્ન કરવા તમે ખરેખર તૈયાર છો ?'

'જરૂર. તું તૈયાર હોય તો મને કાંઈ જ હરકત નથી.'

'આ વાત હું એટલા માટે જાણી લેવા માગું છું કે મારે માટે આ જીવનભરનો પ્રશ્ન છે. કદાચ પિતાજીનો સામનો કરીને મારે આ ઘર છોડી દેવું પડે. તો તમે મને પત્ની તરીકે અપનાવી લેશો ખરા ?'

'જરૂર.'

એ પછી બંનેએ વ્યવસ્થિત યોજના ઘડી કાઢી.

'ઠીક ત્યારે હવે હું જઉં. જરા વહેલો જઉં એ સારું.'

દમયંતી બોલી :

'થાય છે તો એમ કે જવા જ ના દઉં. પરંતુ ઈશ્વર એવો દિવસ પણ આપશે જ્યારે આપણે કાયમને કાજે મળીશું ને પછી છૂટાં જ નહિ પડીએ.'

'હવે તો ઈશ્વર મેળવશે ત્યારે મુંબાઈમાં જ મળીશું.'

કવિ ઊભો થયો. ત્યાં જ બારણું ખખડયું.

'દમયંતી !'

દમયંતી ચમકી. અવાજ એના બાપુજીનો જ હતો.

બારણું ઊઘાડ્યા વિના છૂટકો ન હતો.

અંદર દાખલ થતાંવેંત જ કવિને પ્રણામ કરતો જોઈને દમયંતીના પિતાજી તડૂકી ઊઠ્યા. :

'આ શું ? દમયંતીને એકલા મળવાનો જ કાર્યક્રમ ગોઠવ્યો'તો કે શું ? મારી ગેરહાજરીમાં જ...'

દમયંતી વચ્ચે જ બોલી ઊઠી :

'ઘરમાં બીજું કોઈ હતું જ નહિ તો એ શું કરે ? રાતે ટ્રેનમાં જવું છે એટલે હવે જઈ રહ્યા છે. આપણને મળવા આવ્યા ત્યારે તમે તો ....'

'અમને મળવા આવ્યા કે તને ? તારી હોશિયારીથી હું ઠગાઉં તેમ નથી. સમજી ? મેં પણ જુવાની જોઈ છે ને પ્રેમ..'

'એટલે જ તમે આવા કઠોર બની ગયા છો. જો જુવાની ને પ્રેમનો પરિચય કર્યો હોત તો હજુ વધારે કોમળ હોત.'

'એટલે જ આજે વહેલો અને એકલો આવ્યો. મને લાગતું જ હતું કે કવિની પધરામણી થઈ હશે.'

એ બધી વાતચીતમાં કવિ ક્યારે વિદાય થયો તેની કોઈને જાણ ના રહી.

'હવે તારી વાત છે. તું કવિને મળી કે કાગળ તો લખી જો ! કવિ હોય તો કવિતા લખે. એની સાથે કાંઈ સંબંધ ના હોય. સવારથી વેણી એટલા જ માટે પહેરી હશે, કવિને રૂપ બતાવવા, ખરું ને ? '

'હા હા. એટલા માટે જ પહેરી છે : કેમ ? ' કહીને દમયંતી મોં ધોવા માટે બાથરૂમમાં જતી રહી.

'જોઈ લેજે હવે તારી વાત.' એ ગણગણ્યા.

*

એ રાતે માથું દુઃખે છે કરીને દમયંતીના પિતાજી વહેલા સુવા ગયા. શયનખંડનાં બારણાં બંધ કરીને એમણે સંગીતાનો ફોટો કાઢ્યો અને એને પડખે લઈને લાંબા વખત લગી સુઈ રહ્યા.

'સંગીતા !' એમનું દિલ બોલી ઊઠ્યું : 'તું હોત તો હું આજે કેટલો બધો સુખી હોત ? તારા સ્નેહથી મારું જીવન સ્વર્ગીય બની ગયું હોત. દમયંતી જેટલી હતી ત્યારે તું આપઘાત કરીને મરી ગઈ. એક મારા પ્રેમને માટે સંગીતા ! હું તને નથી ભૂલી શકતો ને કદીપણ નહિ ભૂલી શકું.'

આંખ ટપકવા લાગી.

મન એટલામાં આગળ આવીને કહેવા લાગ્યું :

'દમયંતી તથા એનામાં કેટલો બધો ફેર છે ? દમયંતી તો નાદાન છે. એને પ્રેમની શી સમજ પડે ? બાપ થઈને એને પેલા કવિના પ્રેમમાં પડતી હું નહિ જોઈ શકું. નાતમાંથી એ ગમે તેને પસંદ કરી લે પણ આવા અધ્યાત્મવાદી કવિને તો નહિ જ.'

'દમયંતી તથા સંગીતામાં ફેર હોય તોપણ હૃદય બંનેનાં એક છે. બંને સ્ત્રી છે. હૃદયમાં જે પ્રેમ હોય છે તે કાંઈ વ્યક્તિ જોઈને જુદો નથી પડી જતો. એટલે દમયંતી તરફ કઠોર થવાની જરૂર નથી. એને દુઃખ થાય તો એ કદાચ આપઘાત પણ કરી બેસે. તો પછી...'

'અરે, આપઘાત તે શું કરે ? દમયંતી દીકરી છે એટલે એને કઠોર થઈને વધારે પડતી છૂટ લેતાં અટકાવવીયે પડે.' મન વકીલાત કરવા માંડ્યું : હજી તો શરૂઆત છે. એટલે કાંઈ બગડી નથી ગયું. પાછળથી પછી વાત હાથમાંથી જતી રહે ને કશું જ ના થઈ શકે.

સંગીતાનો ફોટો એકવાર ફરી છાતીએ દાબ્યો અને ઠેકાણે મૂકી દીધો. શયનખંડનાં બારણાં પછી ઊઘાડી દીધાં.

દમયંતીની બા બહાર જ ઊભી હતી.

'હું તો બે વાર આંટા મારી ગઈ. પણ બારણાં બંધ હતાં.'

'ઊઘાડાં રાખું તો કોઈ આવે ને મને નિરાંતે ઊંઘ ના આવે. એટલે બંધ કરીને સુઈ ગયેલો. ઊંઘ તો ના આવી પણ આરામ મળ્યો.'

'માથુ ઊતર્યું કે હજુ એવું જ દુઃખે છે ?'

'હજુ તો કાંઈ ફેર નથી પડ્યો.'

'દબાવી દઉં ?'

'એ તો ઊંઘી જઈશ એટલે મટી જશે.'

કહીને એ પલંગ પર સૂઈ ગયા. બોલવું ના પડે એટલા માટે ઊંઘ નહતી આવતી તોપણ આવ્યાનો અભિનય કરીને એ સુઈ ગયા.

*

દમયંતીની એ રાત ભારે ગડમથલમાં ગઈ. અઢી વાગ્યા સુધી એને ઊંઘ જ ના આવી. કવિની કમનીય મુખાકૃતિ એની આંખ આગળ ઊભી રહી. કવિની શાંતિદાયક સ્મૃતિ એને બેચેન બનાવી રહી. સાથે સાથે એના પિતાજીના વર્તનને વારંવાર યાદ કરીને એનો અંતરાત્મા વલોવાઈ રહ્યો. એને થયું કે બાપુજી સામે બળવો જગાડ્યા વિના ચાલે તેમ નથી. બનતાં લગી બળવો જગાવવો ના પડે ને બહુ મોડું થાય તે પહેલાં જ આ પ્રશ્ન પતી જાય એવું કરી દેવું. જીવનની કેટકેટલી ઉષા ને સંધ્યા, કેટકેટલી શરદ, વસંત, ગ્રીષ્મ ને વર્ષા, પોતાને યોગ્ય એવા પ્રિયતમની પ્રતીક્ષા કરતાં પસાર કરી ! હવે એ પ્રિયતમની જીવનમાં પધરામણી થઈ છે ત્યારે એને અનુરાગની અમૃતમય અંજલિ આપતાં શા માટે ડરવું ? શા માટે એના સ્નેહના સલિલમાં સ્નાન કરતાં સંકોચ કરવો ? અને એના પ્રેમના પરમરસના સ્વાદથી ધન્ય થવામાં વિલંબ પણ શા માટે કરવો ? કવિનાં તથા મારાં બંનેનાં દિલનાં દ્વાર ઊઘડી ગયાં છે. એ દિલના મંગલ મંદિરમાં વિરાજેલા દેવતાઓએ એકમેકનો પરિચય કરી લીધો છે. એકમેકને આલિંગન આપવા એ આતુર બન્યા છે. તો પછી એ શુભ કાર્યમાં વિલંબ શા માટે કરવો ? પ્રેમની મારી પરબને એનો પ્યાસી પ્રવાસી મળી ગયો છે. એ પ્રવાસીને પ્રેમના પ્યાલે પ્યાલા પાઈને કૃતાર્થ કરું એજ બરાબર છે.

કવિને પણ કાંઈ આરામ થોડો જ હતો ? એ પણ દોડતી ટ્રેનમાં ઉજાગરો કરતો જ આગળ વધ્યે જતો હતો. દમયંતીની મૂર્તિ એની આંખ આગળથી ક્ષણ માટે પણ દૂર નહતી થતી. દમયંતીના પિતાજીના વિચારે એ જરા ઉદાસ થઈ જતો. પરંતુ દમયંતીના પ્રબળ પ્રેમ તથા નીડર સ્વભાવનું સ્મરણ કરીને પાછો આશાવાદી બનતો. દમયંતી એને માટે ઘર છોડવા પણ તૈયાર હતી એટલે એને શાંતિ હતી.

*

વહેલી સવારે ચા પીતી વખતે જ દમયંતીના પિતાજીએ શ્રીગણેશ કર્યા :

‘કાલે કવિ કેટલા વાગે આવેલા ?’

‘તમે આવ્યા તે પહેલાં અર્ધા કલાકે કેમ ?’

‘શું વાત થઈ’તી ?’

‘ખાસ કાંઈ નહિ, સાધારણ.’

‘જો દમયંતી ! હું કાંઈ છોકરું નથી.’

‘એ તો હું પણ જાણું છું.’

‘એટલે ? મારા ઘરમાં તું એક જેવાતેવા માણસ સાથે જેમ તેમ વર્તે તે હું જોયા કરું ?’

દમયંતીની બા બોલી ઊઠી :

‘એમાં આટલા ગરમ શું થઈ જાવ છો ? કોઈ મળવા આવે તો છોકરી મળે ય નહિ ? આવી ભણેલી છોકરીને આપણે આવું કરીએ તે સારું કહેવાય ?’

'મારે કોઈનો ઉપદેશ નથી જોઈતો. છોકરીને આમ જ ચઢાવી ચઢાવીને બગાડી મૂકી છે. તુંય હવે એનું તાણે પછી એ વશમાં રહે જ કેવી રીતે ?'

'પણ આમાં વશમાં રાખવા જેવું છે જ શું ? કવિ એને મળવા આવ્યા અને એમની સાથે એણે બે વાત કરી એમાં બગડી શું ગયું ?'

'કાંઈ જ નહિ. કાલે ઊઠીને બંને જણાં પરણી જાય ત્યારે રહેજે માથું ખંજવાળતી ?'

'એમ કાંઈ કોઈ પરણી જાય છે ? તમે તો ના હોય ત્યાંથી વાતને ઊપજાવી કાઢો એવા છો.'

'ના. હવે તારે કવિને કાગળે નથી લખવાનો. ને મળવા આવશે તો અમે મળનારાં બેઠાં છીએ.'

'એ મળવા આવવા નવરા જ ક્યાં છે ? આ તો કોઈ કામ હતું એટલે ભેગાભેગી આવ્યા'તા. તે આપણું શું લઈ ગયા ? ઉલટું, પાંચ રૂપિયાની કીમતનો એમનો એક સંગ્રહ આપી ગયા છે.' દમયંતી બોલી.

'આપે એ તો. એ તો બધુંયે આપે. બધું એમજ શરૂ થાય.'

દમયંતી મૂંગી રહી. એટલે વાત ત્યાં જ અટકી પડી.

*

અઠવાડિયું અશાંતિમાં જ વીતી ગયું. આઠમે દિવસે દમયંતીએ કવિને કાગળ લખ્યો.

વહાલા કવિવર,

તમે અહિંથી ગયા પછી તમારી દમયંતીની દશા કેવી છે તેનો તમને ખ્યાલ નહિ હોય. કદાચ એની કલ્પના તમને હોય પણ ખરી કેમકે જતી વખતે મારા પિતાજીના સ્વભાવની ઝાંખી તમે કરી શકેલા.

તમારી યાદ દિવસે દિવસે વધારે ને વધારે બળવત્તર બનતી જાય છે એમ કહું તો તમે માની શકશો ? તમારા વિનાનું જીવન હવે જરા પણ નથી ગમતું. તમારા સુખપ્રદાયક અંકમાં હંમેશ માટે માથુ મૂકી શકું એ દિવસની રાહ જોઊં છું.

બાપુજીનો ત્રાસ એટલો બધો છે કે હવે આ ઘરમાં એકપણ દિવસ રહી શકાય તેમ નથી. કડવું ઝેર લાગે છે. એ મને દબાવી દેવા માગે છે. પણ હું દબાઈ જઊં એવી નથી. હું એમને બતાવી આપવા માગું છું કે મારા હૃદયને એ ગૂંગળાવી નહિ શકે. પ્રેમ હંમેશ માટે વિજેતા બનશે અને આપણા આત્મા એક થશે.

વહાલા કવિ ! પરમ દિવસે રાતે ગુજરાત મેલમાં નીકળીને આવી રહી છું. દાદર સ્ટેશને જરૂર આવજો. ઘરમાંથી પહેરેલે કપડે જ નીકળી જઈશ. તમે મળશો એટલે બધું જ મળી રહેશે.

મારી ચિંતા ના કરશો. લગ્નની તૈયારી કરી રાખજો.

એજ દિવસે પતાવી દઈશું.

ઈચ્છા તો હતી કે બાપુજીની સંમતિથી લગ્નનું પતાવી દેવું. પરંતુ એ નથી માને તેમ. આ સંજોગોમાં મારા જીવનને કચરી નાખવા કરતાં હું રસ્તો કરી લઊં એજ યોગ્ય છે. તમે મારા તારક છો પછી મારે કશી જ ચિંતા નથી.

તમારી થવા કૃતનિશ્ચય થયેલી દમયંતીના વંદન.

*

આઠમે દિવસે ઘરની બહાર બેનપણીને મળવાનું હોવાથી મોડું થશે એમ કહીને દમયંતી નીકળી પડી. જરૂર જેટલા પૈસા તો એની પાસે હતા જ.

મોડી રાત સુધી એ ઘેર ના આવી એટલે એના પિતાજી ઊંચનીચા થઈ રહ્યા.

'કયી બેનપણીને ત્યાં ગઈ છે ?'

'કાંઈ કહ્યું હોય તો ખબર પડે ને ?' દમયંતીની બાએ કહ્યું.

'અગિયાર તો વાગ્યા. હજુ ક્યાં હોય ? આવી રીતે તો કોઈવાર બહાર નથી રહેતી. જાય તોપણ દસ વાગ્યામાં તો આવી જાય છે.'

'તમે હમણાંના એની પાછળ પડ્યા છો તે કંટાળી હોય તો ક્યાંય વધારેયે બેઠી હોય. કે પછી...'

'કે પછી શું ? બીજું શું કરવાની છે ? આપઘાત બાપઘાત થોડો જ કરવાની છે ? હવે એને બહાર જવા દઊં તો ને !'

સંગીતાનું મુખ એમની આંખ આગળ તરી આવ્યું.

દિલ બોલ્યું :

એ તો બહાદુર હતી બહાદુર. એ ઉપરાંત પ્રેમની દેવી હતી. આને પ્રેમની શી ખબર પડે ? હમણાં આવે એટલે એની વાત છે.

ત્યાં તો દમયંતીની નાની બેન કોઈક કાગળ લઈ આવી.

'બાપુજી ! આ બેનની પથારી નીચે હતો. હમણાં જ હાથ આવ્યો.'

કાગળ વાંચીને એમનું માથું ફરી ગયું. ક્રોધનો પાર ના રહ્યો.

અંદર લખેલું :

'આજે રાતના હું પાછી નથી આવવાની. મારી રાહ ના જોશો. કવિ સાથે મને પ્રેમ છે એ જાણવા છતાં તમે તેમની ને મારી સાથે જે કઠોર વર્તાવ કર્યો છે તેથી ખૂબ જ દુઃખી દિલે ઘર છોડી જઊં છું. મારી રાહ ના જોતા તથા તપાસ પણ ના કરતા.'

દમયંતીની બાને ઘણું દુઃખ થયું. પણ છોકરી ગઈ ક્યાં ? એણે આપઘાત કર્યો ?

*

દાદર સ્ટેશને કવિને જોઈને દમયંતી અત્યંત આનંદ પામી. ઈશ્વરના કોઈક અવતારને જોઈને ધરતીને શાંતિ વળે એવી જ શાંતિ એને થઈ રહી. હર્ષોલ્લાસમાં કવિને એ ભેટી પડી પણ ખરી.

આનંદપૂર્વક વાતો કરતાં બંને આગળ વધ્યાં. પરંતુ એ આનંદ લાંબો વખત ના ટક્યો. સ્ટેશનની બહાર જ દમયંતી ભૂલથી કોઈ મોટરના અકસ્માતનો ભોગ બની. જો કે એ મરી નહિ પરંતુ વાગ્યું તો એને ખરું જ. કવિએ બીજા માણસોની મદદથી પોતાની લાગવગવાળી હરકીસનદાસ હોસ્પીટલમાં એને દાખલ કરી.

ભાન આવતાં એણે કવિને કહ્યું :

'મેં તમને બહુ દુઃખી કર્યા. તમારો હાથ મારા હાથમાં મૂકી દો. તમારી દમયંતીને સ્વીકારી લો. ઈશ્વરની સાક્ષીએ આપણે લગ્ન કરી લઈએ. જીવનનો ભરોંસો...'

કવિની આંખ ટપકી પડી.

*

'તું સાજી થઈ જઈશ. નકામી ચિંતા ના કર. ચિંતાથી દર્દ વધે છે.' દમયંતીનો હાથ હાથમાં લઈને એ બોલ્યો.

દમયંતીના પિતાજીએ થોડાક દિવસો ભારે મંથન અનુભવ્યું. એમને થયું કે દમયંતી કવિ પાસે તો નહિ ગઈ હોય ? શા માટે પોતે એના આત્માને દુઃખી કર્યો ? કવિ પર એને અનુરાગ હતો તો શું થઈ ગયું ? એમ તો સંગીતા પર શું પોતાને અનુરાગ નહોતો ને હજુયે નથી ? અનુરાગ શું ખરાબ છે ? પોતાનો પ્રેમ સાચો ને દમયંતીનો ખોટો એવું કાંઈ હોઈ શકે ? પાત્રો જુદાં પણ પ્રેમ તો એક જ હોય છે.

હૃદયની સદ્ભાવના જાગ્રત થઈ. દમયંતીની બાને એમણે કહ્યું :

'હું મુંબાઈ જવા માગું છું.'

'શા માટે ? હવે એ ગઈ તો ભલે ગઈ. એની પાછળ શા માટે પડવું છે ?'

'હું પાછળ પડવા નથી જતો. દમયંતીની ક્ષમા માગવા જઉં છું.'

'શું કહો છો ?'

'સાચું જ કહું છું. કાલે કાવ્યસંગ્રહમાંથી કવિનું સરનામું મળ્યું ત્યારથી મને આજ વિચાર થયા કરે છે. કવિને ત્યાં એ નહિ હોય તો એણે આપઘાત કર્યો હશે એમ માનીને પાછો આવીશ.'

શિવાજી પાર્ક પાસેના કવિના બ્લોકમાં એ આવ્યા ત્યારે કવિ દમયંતીને લઈને ઘેર જ આવી રહેલો. ટેક્ષીમાં તેનો એક મિત્ર પણ હતો. દમયંતીને હવે સારું હોવાથી ડૉક્ટરે ઘેર જવાની રજા આપી.

'દમયંતી !' દમયંતીને ટેક્ષીમાંથી ઊતરતી જોઈને એના પિતાજી બોલી ઊઠ્યા.

કવિ ને દમયંતી ચમકી ઊઠ્યાં.

'દમયંતી ! હું તારી ક્ષમા માગવા ને તારું તથા કવિનું લગ્ન કરી આપવા આવ્યો છું.'

'લગ્ન તો અમારું આત્મિક રીતે થઈ જ ગયું છે. કેવળ બહુ મહત્વની નહિ એવી બહારની વિધિ જ બાકી રહે છે.'

'તે વિધિ હું કરાવી દઈશ. સંગીતાનું ને મારું થયું એવું તારું તથા કવિનું ના થાય એવી મારી ઈચ્છા છે. એટલે જ હું આવ્યો છું : તારા પ્રતિસ્પર્ધી તરીકે નહિ પરંતુ પિતા તરીકે.'

'સંગીતા કોણ ? તથા તમારે ને તેને શો સંબંધ ?'

'એ વાત કહેવા જેવી નથી, દમયંતી !' એ ગદ્ગદ્ બની ગયા. એટલામાં બધાં કવિના બ્લોકમાં આવી ગયાં. સૌનો સત્કાર થયો.

*

દમયંતીના પિતાએ અમદાવાદ આવવાનો અતિશય આગ્રહ કર્યો છતાં પણ કવિ અને દમયંતીએ અત્યંત સાદાઈથી મુંબાઈમાં જ લગ્ન કરી દીધું. એમને એટલો જ વસવસો રહી ગયો.

* * *

## ૨૦. જન્મદિવસ

મસૂરીના મુખ્ય માર્ગ પરના સુંદર શાંત સુવિશાળ મકાનમાં રામ રાજમણિદેવી સાથે રહેવા આવેલો. રાજમણિદેવીએ એને અનાથ બાળકોની કલકત્તાની સંસ્થામાંથી પાલનપોષણ માટે સ્વેચ્છાએ પસંદ કરેલો. એના ઘરમાં કોઈ બાળક ના હોવાથી, એ બાળવિધવા હોવાથી, અને એને બાળકો પ્રત્યે સવિશેષ પ્રેમભાવ હોવાથી, પાંચેક વરસ પહેલાં એ એને અનાથાશ્રમના સંચાલકની અનુમતિથી લઈ આવેલી. કલકત્તામાં એ એને ઘેર રહેતો અને બહાર ભણવા જતો. અત્યારે વેકેશનનો વખત હોવાથી એને એ મસૂરી લાવેલી.

એજ મકાનમાં દિલ્હીના એક વ્યાપારી રહેતા. એ પણ થોડાક દિવસને માટે પોતાના પરિવાર સાથે દિલ્હીથી હવાફેર માટે આવેલા. એમના સાતેક વરસના છોકરાનું નામ રાજ હતું.

બંને છોકરાઓ કોઈ કોઈવાર મળતા ને બીજા છોકરાઓ સાથે રમતા.

એકવાર રાજના જન્મદિવસે પેલા વ્યાપારીએ મસૂરીનાં કેટલાંક બાળકોને બોલાવ્યાં, જમાડ્યાં, ને વિવિધ વસ્તુઓથી પુરસ્કૃત કર્યાં.

રાજમણિદેવીને પણ એ અવસર પર આમંત્રણ આપવામાં આવ્યું. રામે એને કુતૂહલવશ પૂછ્યું, ‘મા, જન્મદિવસ એટલે શું ?’

‘જન્મદિવસ એટલે જે દિવસે જન્મ થયો હોય તે દિવસ.’ રાજમણિદેવીએ ઉત્તર આપ્યો.

‘એ દિવસ આટલો બધો પવિત્ર મનાય છે ને ઊજવી શકાય છે ?’

‘હા.’

રામ વિચારમાં પડ્યો ને બોલ્યો : ‘મારો જન્મદિવસ કયો છે, મા ! મને તો તેની માહિતી જ નથી.’

‘મને પણ ક્યાં છે ? તારાં માતાપિતાથી કોણ જાણે તું ક્યારે બચપણમાં જ વિખૂટો પડેલો, તે પછી તને અનાથાશ્રમમાં મૂકેલો, ત્યાંથી હું લઈ આવી છું. એટલે તો મને પણ તારા જન્મદિવસની માહિતી નથી મળી શકી. તારા શરીર પરથી લાગે છે કે તું આઠેક વરસનો થયો હોઈશ.’

‘ત્યારે તો મારો જન્મદિવસ કોઈ જ નથી ઉજવતું ?’

‘ના.’

‘મારા માતાપિતાના કોઈ સમાચાર જ નથી ? એ કેવાંક હતાં ? કયા પ્રદેશનાં ?’

‘કોઈ જ નથી જાણતું. તારાં માતાપિતા તથા સર્વ કાંઈ પરમાત્મા જ છે.’

‘પરમાત્મા ?’

‘હા.’

રામ વિચારમાં પડ્યો.

જન્મદિવસના ઉત્સવમાં એ પેલા વ્યાપારીને ત્યાં રાજમણિદેવી સાથે જઈ પહોંચ્યો. રાજે સામેથી આવીને ઉલ્લાસમાં કહ્યું : ‘આજે મારો જન્મદિવસ છે.’

એણે સ્વચ્છ, સુંદર, નવાં, રેશમી કપડાં પહેરેલા. બધાં એને એના જન્મદિવસના આશીર્વાદ આપતા’તા.

પેલા વ્યાપારીએ બધાં બાળકોને જમાડીને એની દ્વારા પુરસ્કૃત કર્યાં. એ વખતે રામનું મોઢું થોડુંક ઉદાસ બની ગયું.

એની આંખમાં આંસુ આવ્યાં.

એ આખાય દિવસ દરમિયાન એને જન્મદિવસના જ વિચારો આવ્યા કર્યાં.

રાતે પૂરતી ઊંઘ પણ ના આવી.

બીજે દિવસે સવારે એણે રાજમણિદેવીને જણાવ્યું : 'મારો પણ કોઈક જન્મદિવસ હોય તો કેવું સારું ! હું પણ એનો ઉત્સવ કરી શકું.'

રાજમણિદેવીએ એના મનોભાવોને માપીને બોલી ઊઠી : 'તારા જન્મદિવસનો પણ ઉત્સવ કરીશું.'

'પરંતુ મારો જન્મદિવસ જ ક્યાં છે ?'

'તું જે દિવસે મારી પાસે આવ્યો તે દિવસ તારો જન્મદિવસ.'

રામને સંતોષ થયો. એ બોલી ઊઠ્યો : 'હા. હા. બરાબર છે. એ દિવસ મારો જન્મદિવસ'

'તેરમી એપ્રિલ.'

'હા. તેરમી એપ્રિલ. એ દિવસે આપણે પણ બીજાને બોલાવીશું અને આનંદ કરીશું. એ દિવસને મહત્વનો માનીશું.' એનું મુખમંડળ ખીલી ઊઠ્યું.

એ દિવસે એને નિરાંતની નિંદ્રા આવી.

* * *

## ૨૧. સ્વાનુભવ

પત્રો કોણ લખે છે ? કોઈપણ પ્રકારના કામ વગરના નવરા લોકો ? ના. એવું ભાગ્યે જ કહી શકાશે. છતાં પણ રેવતી એવું માનતી અને અવારનવાર કહેતી કે કાગળો લખવાનું કામ જ શું છે ? લોકો નકામા કાગળો લખે છે. કોઈ ખાસ કામ ના હોય એટલે શોખને લીધે કે મનોરંજન ખાતર કાગળો લખવાનું શરૂ કરે છે. દેશને એ કાગળોને પહોંચાડવાની વિશેષ વ્યવસ્થા કરવી પડે છે. એવી રીતે બહુમૂલ્ય માનવશક્તિનો, સાધનસામગ્રીનો ને સમયનો દુરૂપયોગ કે દુવ્યર્ય થાય છે.

કોઈ એને પૂછતું કે તું કોઈને કાગળ નથી લખતી, કે તારા પર કોઈનો કાગળ નથી આવતો, તો એ એક વિપળના પણ વિલંબ વિના જણાવતી કે મારી પાસે કોઈને કાગળ લખવાનો વ્યર્થ વધારે પડતો વખત જ ક્યાં છે. કોઈ એવું કામ નથી, કોઈને માટે મમતા નથી કે મારે કાંઈ લખવું પડે. બીજાને પણ મેં સૂચના આપી દીધી છે કે કોઈએ ભૂલેચૂકે પણ મને કાગળ ના લખવો; અને કદાચ કોઈ લખશે તો એનો ઉત્તર નહિ આપું.

રેવતીની વિચારધારા એવી રીતે એકદમ અભિનવ હતી. એ ટપાલીને જોઈને મોં બગાડતી ને ઘૃણા દર્શાવતી. એમને સમાજને માટે ભારરૂપ સમજતી.

એકવાર તો એણે એક ઓળખીતા ટપાલીને કહ્યું પણ ખરું : ‘ટપાલ ખાતાને કાયમને માટે બંધ કરી દેવામાં આવે તો કેટલો બધો લાભ થાય ?’

‘તમને લાભ થાય કે ના થાય એ જુદી વાત છે, પરંતુ બીજાને તો ભયંકર નુકસાન થાય.’ ટપાલીએ જણાવ્યું.

‘કશું જ નુકસાન ના થાય.’

‘એ તો તમે એ ખાતામાં કામ કરતાં હોત કે એનો લાભ લેતાં હોત તો વધારે સારી રીતે સમજી શકત.’

‘હું બધું જ સમજું છુ અને એ પણ સારી રીતે.’

‘સમજતાં હોત તો આવું બોલત જ નહીં.’

‘મારું ચાલે તો હું ટપાલ ખાતાને બંધ કરી દઉં.’

‘તમારું ચાલે તો ને ? તમારી કોઈ ટપાલ આવે તો ના લેતાં.’

‘મારી ટપાલ કદી આવવાની જ નથીને ! ભૂલેચૂકે કોઈવાર આવે, તો મને ના આપતા.’

‘મારાથી એવું ના થાય. એવું કરું તો મોટામાં મોટો અક્ષમ્ય અપરાધ ગણાય. જે ટપાલ આવે તે અમારે આપવી જ પડે. તમે પછી તેનું ગમે તે કરો એની સાથે અમારે લેવાદેવા નહીં.’

‘હું તો કોઈ કાગળ આવે તો ફાડી જ નાખું.’

‘તે તમે જાણો. તમારી ખુશીની વાત છે.’

*

પાંચેક વરસ પછી એ ટપાલીની રેવતીના લત્તામાં જ બદલી થઈ.

ટપાલીને રેવતીના વ્યવહારને જોઈને વિસ્મય થયો. એની વિચારધારા કે ભાવના બદલાયલી લાગી. એ એને લગભગ રોજ પૂછવા લાગી : 'મારો કોઈ કાગળ છે '

'મારી મશ્કરી કરો છો ?'

'મશ્કરી નથી કરતી.'

'તો પછી ? તમને તો કાગળમાં રસ જ નહતો. એ રસ વળી ક્યારથી પેદા થયો ? તમે વળી કોના કાગળની રાહ જુઓ છો ? તમે તો કહેતા'તાં કે બધાને કાગળ લખવાની ના પાડી છે !'

'હું મીનાના કાગળની રાહ જોઉં છું. મીનાનો દિલ્હીથી કોઈ કાગળ જ નથી. અમદાવાદમાં બેઠે બેઠે એના સમાચાર મેળવવાની ઈચ્છા તો થાય ને ?'

'કાગળ આવશે તો તમે તપાસ નહીં કરો તો પણ આપીશ.'

મીના રેવતીની એકની એક પુત્રી હતા. પચાસ દિવસ પહેલાં એનું લગ્ન થયેલું, એના પતિને દિલ્હીમાં નોકરી હોવાથી એ ત્યાં રહેતી. વચ્ચે એનો તાર તથા ટેલીફોન આવેલો. પરંતુ વિગતવાર પત્રની ઈચ્છા રેવતીને રહેતી જ. એણે એને અઠવાડિયામાં એક પત્ર લખવાની સુચના આપેલી.

અઠવાડિયા પછી ટપાલીએ મીનાનો કાગળ આપ્યો ત્યારે રેવતીને સ્વર્ગસુખ લાગ્યું. ટપાલીએ જણાવ્યું : 'તમે તો ટપાલખાતાને બંધ કરવાની વાત કરતા'તા.'

'એ મારી ભૂલ હતી. એ ભલે ચાલુ રહે.' રેવતી બોલી.

'ટપાલ નવરા લોકો લખે છે એ વાત...'

'એ વાત પણ ખોટી છે. હવે મને સમજાયું.'

'સ્વાનુભવ સિવાય શી રીતે સમજાય ?'


'સાચું છે.'

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબાઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ ▪ પૂજા |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ અંતરનો અનુરાગ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ ▪ અર્પણ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ (રામકૃષ્ણ) રસામૃત |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | **રોશની** |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**